ISP-2 Islam Parichay

ઇસ્લામ પરિચય

:લેખક:

મૌલાના સૈયદ અબુલઆ'લા મૌદૂદી

• અનુવાદ •

મુહમ્મદ જમાલ પટીવાલા

અનુક્રમણિકા

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

થોડુંક પુસ્તક વિશે...

પ્રસ્તુત પુસ્તક 'ઈસ્લામ પરિચય' આદરણીય મૌલાના સૈયદ અબુલ આ'લા મૌદૂદી (રહ.)ના જગ-વિખ્યાત ઉર્દૂ પુસ્તક 'દીનિયાત'નું ગુજરાતી રૂપાંતર છે. ૨૦મી સદીના ખ્યાતિપ્રાપ્ત ઈસ્લામી ચિંતક મૌલાના મૌદૂદી નાના-મોટાં ૧૦૦ ઉપરાંત પુસ્તકોના લેખક છે. તેમણે ઈસ્લામી સભ્યતા અને સંસ્કૃતિના પ્રત્યેક વિષય ઉપર પુસ્તકો અને લેખો લખ્યા છે. આ પુસ્તક પણ તેમની મહત્ત્વપૂર્ણ રચનાઓમાંથી એક છે:

ઈ.સ. ૧૯૩૭માં પ્રસિદ્ધ થયેલ લેખકના મૂળ ઉર્દૂ પુસ્તક 'રિસાલ-એ-દીનિયાત'નો ગુજરાતી અનુવાદ ઈસ્લામી સાહિત્ય પ્રકાશન તરફથી ઘણી આવૃત્તિઓમાં અગાઉ 'ઈસ્લામ દર્શન'ના નામથી પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. તે પછી મૂળ ઉર્દૂ પુસ્તકનું પણ નવીન અને સંશોધિત સંસ્કરણ પ્રકાશિત કરવામાં આવ્યું. આ પુસ્તક નવીન ઉર્દૂ સંસ્કરણનું ગુજરાતી રૂપાંતર છે અને તેનું નામ પણ બદલીને પુસ્તકને અનુરૂપ 'ઈસ્લામ પરિચય' રાખવામાં આવ્યું છે. મરકઝી મક્તબા ઈસ્લામી પબ્લિશર્સ, નવી દિલ્હીએ તેના દ્વારા પ્રકાશિત મૂળ ઉર્દૂ પુસ્તકનું નવું સંસ્કરણ પ્રસિદ્ધ કર્યું, ત્યારે 'રિસાલ-એ-દીનિયાત'ના બદલે નવું નામ 'દીનિયાત' રાખ્યું. આ જ પુસ્તકના મૌલાના ફારૂકખાં દ્વારા હિન્દી રૂપાંતરિત સંસ્કરણનું નામ 'ઈસ્લામ ધર્મ' અને આદરણીય ખુર્રમ મુરાદ દ્વારા અંગ્રેજી રૂપાંતરિત સંસ્કરણનું નામ 'Towards Understanding Islam' છે. આ પુસ્તકના દુનિયાભરમાં અરબી, પર્સીયન, અંગ્રેજી, જર્મન, ફ્રેંચ, ઈટાલિયન, પોર્ટુગી, જાપાની, સ્વીડીશ, તુર્કી, ઈન્ડોનેશિયન, બંગાળી, હિન્દી વગેરે અનેક ભાષાઓમાં અનુવાદ થયા છે અને કેટલીયે આવૃત્તિઓમાં લાખોની સંખ્યામાં પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. આ પુસ્તક ઘણી ઈસ્લામી શાળાઓ અને કૉલેજોના અભ્યાસક્રમમાં પણ સામેલ છે. ઉર્દૂ ભાષામાં માત્ર ભારતમાં તેની ૧૧ ઉપરાંત આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે.

આ પુસ્તક વાસ્તવમાં કુર્આનની શિક્ષાનો સારાંશ છે. ઈસ્લામ શું છે ? તે જીવનનો કયો ઉદ્દેશ્ય નિર્ધારીત કરે છે ? તે મનુષ્યને કયો માર્ગ દેખાડે છે ? તેની આસ્થાઓ અને મૌલિક ધારણાઓ શું છે ? ઈસ્લામમાં બંદગી અને ઉપાસનાનું સ્થાન શું છે ? ઈસ્લામી જીવન વ્યવસ્થાની રૂપરેખા શું છે ? વગેરે ઈસ્લામથી સંબંધિત તમામ પ્રશ્નોનો ઉત્તર લેખકે પોતાના આ પુસ્તકના રૂપમાં આપ્યો છે. આ પુસ્તકની વિશેષતા એ છે કે તેમાં મન અને મસ્તિષ્ક બંનેને એકી સાથે સંતુષ્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, અને ઉદ્દેશ્યની પૂર્તિ માટે તાર્કિક દલીલોની તે જ સરળ અને સ્વાભાવિક

રીત અપનાવવામાં આવી છે, જે કુર્આનમાં જોવા મળે છે. આ પુસ્તકમાં ઈસ્લામના આચાર-વિચાર, બંદગી અને ઉપાસના, ઈસ્લામી જીવન-વ્યવસ્થા વગેરેનો માત્ર પરિચય જ કરાવવામાં નથી આવ્યો, બલ્કે તેના પાછળ જોવા મળતી 'હિકમત' (તત્ત્વ-દર્શિતા, Wisdom) અને શુભ-હેતુને પણ સ્પષ્ટ રૂપે દર્શાવવામાં આવ્યો છે.

અગાઉ જ્યારે મૂળ ઉર્દૂ પુસ્તક પ્રસિદ્ધ થયું ત્યારે આદરણીય લેખકે પુસ્તકનો પરિચય કરાવતાં પ્રસ્તાવનામાં નોંધ્યું હતું કે,

''આ નાનું-સરખું પુસ્તક વિશેષતઃ એ નવયુવાનો માટે લખવામાં આવ્યું છે, જેઓ હાઈસ્કૂલના અંતિમ વર્ગો અથવા કૉલેજોના આરંભિક વર્ષોમાં અભ્યાસ કરી રહ્યા છે, તેમના ઉપરાંત બીજા લોકો પણ તેનાથી લાભ પ્રાપ્ત કરી શકે છે....''

તે પછી તેના Revised Editionની દ્વિતીય આવૃત્તિના આમુખમાં, જે ઈ.સ. ૧૯૬૦માં 'ધી ઈસ્લામિક ફાઉન્ડેશન' દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ, લેખકે લખ્યું કે,

''આ પુસ્તક લખવાનો મારો હેતુ તે મુસ્લિમો અને બિનમુસ્લિમો, જેમના માટે ઈસ્લામના મૂળ સ્રોત (કુર્આન અને હદીષ)ને પ્રત્યક્ષ રીતે સમજવું મુશ્કેલ છે, તેમને એક નાનકડાં પુસ્તકમાં ઈસ્લામ વિશે સ્પષ્ટ, સર્વગ્રાહી અને સર્વમાન્ય સારાંશ સમજાવી દેવાનો છે. સૂક્ષ્મ વિગતોના વર્ણનથી દૂર રહીને સર્વગ્રાહી રીતે ઈસ્લામના વિવિધ પાસાઓના સાપેક્ષ ચિત્રાંકનનો પ્રયાસ કર્યો છે. મુસલમાનો શું માને છે અને શું કરે છે તે દર્શાવવાના બદલે તાર્કિક અને બુદ્ધિગમ્ય રીતે આપણી માન્યતાઓ શું છે તેને વર્ણવવાનો પણ પ્રયત્ન કર્યો છે. તે જ રીતે ઈસ્લામી બંદગીની રીત અને ઈસ્લામી જીવન-પદ્ધતિની રૂપરેખા રજૂ કરવાની સાથે તેના પાછળની વિવેકદર્શિતા, શાણપણ અને હેતુ શું છે તેને પણ સ્પષ્ટ કરવાની કોશિશ કરી છે. મને આશા છે કે આ નાનકડું પુસ્તક મુસ્લિમ નવયુવાનોની બૌદ્ધિક તૃષ્ણાને પરિતૃપ્ત કરશે અને સાથે-સાથે, બિનમુસ્લિમ ભાઈ-બહેનોને પણ આપણી સાચી સ્થિતિને સમજવામાં મદદરૂપ બનશે.''

આ પુસ્તકનો પ્રસ્તુત ગુજરાતી અનુવાદ મૂળ પુસ્તકના નવીન અને સંશોધિત સંસ્કરણ 'દીનિયાત'નું રૂપાંતર છે. મોટાભાગે જ્યાં-જ્યાં ઈસ્લામી પરિભાષા પ્રયુક્ત થઈ છે, તેને યથાવત રાખીને તેની સરળ સમજૂતી આપવાની કોશિશ કરવામાં આવેલ છે. આવશ્યકતાનુસાર આ જ પુસ્તકના અંગ્રેજી અને હિન્દી સંસ્કરણોની ફૂટનોટ્સને સમાવવામાં આવી છે, જેથી વિદ્વાન અનુવાદકો મૌલાના ફારૂકખાં અને આદરણીય ખુર્રમ મુરાદના ઊંડા જ્ઞાનનો પણ લાભ મળી રહે. આ નવીન પુસ્તકને બધી રીતે એક નવા સ્વરૂપમાં રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. આશા છે કે આ પુસ્તક જીવનના સત્ય અને મૂળ તત્ત્વોને અને સમસ્યાઓને સમજવામાં ઉપયોગી પુરવાર થશે.

ચેરમેન
ઈસ્લામી સાહિત્ય પ્રકાશન

પ્રકરણ – ૧

ઈસ્લામ શું છે ?

વિશ્વમાં જેટલા પણ ધર્મો છે, તેમાંથી પ્રત્યેકનું નામ કાં તો કોઈ વ્યક્તિ-વિશેષના નામ પર રાખવામાં આવ્યું છે અથવા તે જાતિના નામ પર જેમાં તે ધર્મનો ઉદ્ભવ થયો. જેમ કે, ખ્રિસ્તી ધર્મનું નામ એટલા માટે 'ખ્રિસ્તી' ધર્મ છે કે તેનો સંબંધ હઝરત ઈસા (અ.સ.)થી છે. બૌદ્ધ મતનું નામ 'બૌદ્ધ' મત એટલા માટે છે કે તેના પ્રવર્તક મહાત્મા બુદ્ધ હતા. જરથુષ્ટ્ર ધર્મ (Zoroastrianism)નું નામ તેના પ્રવર્તક જરથુષ્ટ્રના નામ પર છે. યહૂદી ધર્મનો ઉદ્ભવ એક વિશિષ્ટ કૂળમાં થયો, જેનું નામ 'યહૂદાહ' (Judha) હતું. આવી જ સ્થિતિ બીજા ધર્મોના નામોની પણ છે, પરંતુ ઈસ્લામની વિશેષતા એ છે કે તે કોઈ વ્યક્તિ કે જાતિથી સંબંધિત નથી, બલ્કે તેનું નામ એક વિશિષ્ટ ગુણને પ્રગટ કરે છે, જે 'ઇસ્લામ' શબ્દના અર્થમાં જોવા મળે છે. આ નામ સ્વયં જાહેર કરે છે કે તે કોઈ વ્યક્તિ-વિશેષની ઉપજ નથી, ન કોઈ એક વિશેષ જાતિ સુધી સીમિત છે. તેનો સંબંધ વ્યક્તિ, દેશ કે જાતિથી નહિં, કેવળ 'ઇસ્લામ'નો ગુણ લોકોમાં ઉત્પન્ન કરવો એ જ તેનો ઉદ્દેશ્ય છે. પ્રત્યેક યુગ અને દરેક જાતિના જે સત્યનિષ્ઠ અને સદાચારી લોકોમાં આ ગુણ જોવા મળ્યો છે, તે તમામ 'મુસ્લિમ' હતા, 'મુસ્લિમ' છે અને ભવિષ્યમાં પણ હશે.

'ઈસ્લામ' શબ્દનો અર્થ :

ઇસ્લામનો અર્થ અરબી ભાષામાં આત્મ-સમર્પણ (Surrender) અને આજ્ઞાપાલન (Submission) થાય છે.[૧] ઇસ્લામ ધર્મનું નામ 'ઇસ્લામ' એટલા માટે રાખવામાં આવ્યું છે કે તે અલ્લાહના આદેશોનું અનુસરણ અને આજ્ઞાપાલન છે.

ઈસ્લામની હકીકત :

તમે જુઓ છો કે સૃષ્ટિમાં જેટલી વસ્તુઓ છે, બધી એક નિયમ અને કાનૂનને આધીન છે. ચંદ્ર અને તારાઓ એક શક્તિશાળી નિયમમાં બંધાયેલા છે, તેના વિરુદ્ધ તેઓ સહેજ પણ ખસી શકતા નથી. પૃથ્વી પોતાની એક વિશિષ્ટ ગતિની સાથે પરિભ્રમણ

૧. 'ઇસ્લામ' શબ્દનો એક બીજો અર્થ છે સુલેહ, શાંતિ (Peace), કુશળતા, સુરક્ષા અને સલામતી, શરણ વગેરે. મનુષ્યને વાસ્તવિક શાંતિ તે જ વખતે મળે છે, જ્યારે કે તે પોતાને અલ્લાહને સમર્પિત કરી દે અને તેના જ આદેશો અનુસાર જીવન વ્યતીત કરે. આવા જ જીવનથી હૃદય પણ શાંતિ અનુભવે છે અને સમાજમાં પણ તેનાથી જ વાસ્તવિક શાંતિની સ્થાપના થાય છે.

કરી રહી છે, તેના માટે જે સમય, ગતિ અને કક્ષા નિશ્ચિત કરવામાં આવેલ છે, તેમાં કણ બરાબર ફરક આવતો નથી. પાણી અને વાયુ, પ્રકાશ અને ગરમી, બધાં એક કાનૂન અને નિયમના પાબંદ છે. જડ પદાર્થો, વનસ્પતિ અને પ્રાણીઓમાં પ્રત્યેક માટે જે નિયમ નિર્ધારીત કરવામાં આવ્યો છે, તે અનુસાર તે બધાં જન્મે છે, વધે છે અને ઘટે છે, જીવે છે અને મરે છે. સ્વયં મનુષ્યની સ્થિતિ વિશે પણ જો તમે વિચારશો, તો તમને જણાશે કે તે પણ પ્રાકૃતિક નિયમને આધીન છે. જે નિયમ તેના જન્મ માટે નિર્ધારીત કરવામાં આવેલ છે, તે મુજબ જ તે શ્વાસ લે છે, પાણી, ખોરાક, ગરમી અને પ્રકાશ પ્રાપ્ત કરે છે. તેના હૃદયની ગતિ, તેના રુધિરનું ભ્રમણ અને તેના શ્વાસોશ્વાસની ક્રિયા તે જ નિયમને આધીન થાય છે. તેનું મસ્તિષ્ક, તેનું જઠર, તેના ફેફસાં, તેના સ્નાયુ અને માંસપેશીઓ, તેના હાથ-પગ, જીભ, આંખો, કાન અને નાક, તાત્પર્ય એ છે કે તેના શરીરનું એક-એક અંગ તે જ કાર્ય કરી રહ્યું છે, જે તેના માટે નિશ્ચિત છે, અને તે જ રીતે કરી રહ્યું છે, જે તેને બતાવી દેવામાં આવેલ છે.

આ પ્રબળ કાનૂન જેમાં મોટાં-મોટાં ગ્રહોથી લઈને ધરતીનું એક નાનામાં નાનું કણ સુદ્ધાં જકડાયેલ છે, તે એક મહાન શાસકનો બનાવેલ નિયમ છે. સમસ્ત સૃષ્ટિ અને સૃષ્ટિની દરેક વસ્તુ તે શાસકની આજ્ઞાંકિત છે, કેમ કે તે તેના જ બનાવેલ કાનૂનનું અનુસરણ અને પાલન કરી રહી છે. આ સંદર્ભમાં સમગ્ર સૃષ્ટિનો ધર્મ ઈસ્લામ છે. કેમ કે અમે ઉપર વર્ણવી ગયા છીએ કે અલ્લાહના આદેશોના પાલન અને આજ્ઞાપાલનને જ ઈસ્લામ કહેવામાં આવે છે. સૂર્ય, ચંદ્ર અને તારાઓ બધાં મુસ્લિમ છે. પૃથ્વી પણ મુસ્લિમ છે. હવા અને પાણી અને પ્રકાશ પણ મુસ્લિમ છે. વૃક્ષ, પથ્થર અને પશુ પણ મુસ્લિમ છે, અને તે મનુષ્ય પણ જે અલ્લાહને નથી ઓળખતો અને અલ્લાહનો ઈન્કાર કરે છે, જે અલ્લાહ સિવાય બીજાઓની પૂજા કરે છે, જે અલ્લાહના સાથે અન્યોને ભાગીદાર બનાવે છે. હા, તે પણ પોતાની પ્રકૃતિ અને મનોવૃત્તિની દૃષ્ટિએ મુસ્લિમ જ છે. કેમ કે તેનું પેદા થવું, જીવંત રહેવું અને મરવું એ બધું જ ઈશ્વરીય નિયમને અંતર્ગત હોય છે. તેના બધા અંગો અને તેના શરીરના એકે-એક રૂવાંનો ધર્મ ઈસ્લામ છે, કેમ કે તે તમામ ઈશ્વરીય નિયમાનુસાર બને છે, વધે છે અને હલનચલન કરે છે; ત્યાં સુધી કે તેની તે જીભ પણ વાસ્તવમાં મુસ્લિમ છે, જેનાથી તે અણસમજમાં શિર્ક (અનેકેશ્વરવાદ) અને કુફ્ર (અધર્મ) સંબંધી વિચારો વ્યક્ત કરે છે. તેનું તે માથું પણ જન્મજાત મુસ્લિમ છે, જેને તે બળજબરીપૂર્વક અલ્લાહ સિવાય બીજાઓની સામે ઝુકાવે છે. તેનું તે હૃદય પણ સ્વભાવતઃ મુસ્લિમ છે, જેમાં તે અજ્ઞાનતાવશ અલ્લાહ સિવાય બીજાઓનો આદર અને પ્રેમ રાખે છે. કેમ કે આ તમામ વસ્તુઓ ઈશ્વરીય કાનૂનનું પાલન કરે છે અને તેની પ્રત્યેક ક્રિયા ઈશ્વરીય નિયમાનુસાર જ થાય છે.

હવે એક બીજા પાસાથી વિચારો :

મનુષ્યની એક હેસિયત તો એ છે કે તે સૃષ્ટિની અન્ય વસ્તુઓની જેમ પ્રકૃતિના પ્રબળ નિયમોમાં જકડાયેલ છે અને તેની પાબંદી માટે વિવશ છે.

બીજી હેસિયત એ છે કે તે બુદ્ધિ ધરાવે છે, વિચારવા-સમજવાની અને નિર્ણય કરવાની શક્તિ રાખે છે. તે સ્વતંત્રતાપૂર્વક એક વાતને માને છે અને બીજી વાતને નથી માનતો. એક રીતને પસંદ કરે છે, બીજી રીતને પસંદ નથી કરતો. જીવન સંબંધે મામલાઓમાં પોતાની ઈચ્છાનુસાર સ્વયં એક નિયમ બનાવે છે અથવા બીજાઓએ બનાવેલ નિયમને અપનાવે છે. આ હેસિયતથી તે વિશ્વની બીજી વસ્તુઓની જેમ કોઈ નિશ્ચિત નિયમને આધીન કરવામાં આવ્યો નથી, બલ્કે તેને પોતાના વિચાર, પોતાના અભિપ્રાય અને પોતાના વ્યવહારમાં પસંદગીની સ્વતંત્રતા પ્રદાન કરવામાં આવી છે.

મનુષ્યના જીવનમાં આ બે હેસિયતો અલગ-અલગ જોવા મળે છે :

પ્રથમ હેસિયતમાં તે જગતની તમામ બીજી વસ્તુઓની સાથે જન્મજાત મુસ્લિમ છે અને મુસ્લિમ હોવા માટે વિવશ છે, જેમ કે હમણાં જ તમને તેની જાણ થઈ ગઈ છે.

બીજી હેસિયતમાં મુસ્લિમ હોવું કે ન હોવું તેના અધિકારમાં છે અને આ જ અધિકારના કારણે મનુષ્ય બે વર્ગોમાં વહેંચાઈ જાય છે.

એક મનુષ્ય એ છે કે જે પોતાના સૃષ્ટા અને સર્જનહારને ઓળખે છે, તેને પોતાનો સ્વામી અને પ્રભુ માને છે અને પોતાના જીવનના ઐચ્છિક કાર્યોમાં પણ તેના પસંદ કરેલાં કાનૂનનું જ પાલન કરે છે. તે પૂર્ણ મુસ્લિમ છે, તેનો ઈસ્લામ સંપૂર્ણ થઈ ગયો; કેમ કે હવે તેનું જીવન પૂર્ણરૂપે ઈસ્લામ જ છે. હવે તે સભાનપણે પણ તેનો આજ્ઞાંકિત બની ગયો, જેનું આજ્ઞાપાલન તે અજાણતાં પણ કરી રહ્યો હતો. હવે તે પોતાના ઇરાદાથી પણ તે અલ્લાહનો આજ્ઞાંકિત બની ગયો, જેની આજ્ઞાનું પાલન તે જાણ્યા-સમજ્યા વિના પણ કરી રહ્યો હતો. હવે તે પોતાના ઇરાદાથી પણ તે જ અલ્લાહનો આજ્ઞાંકિત છે, જેનો આજ્ઞાંકિત તે ઇરાદા વગર હતો. હવે તેનું જ્ઞાન સાચું છે, કેમ કે તેણે તે અલ્લાહને જાણી લીધો, જેણે તેને જાણવા અને જ્ઞાન મેળવવાની શક્તિ આપી છે. હવે તેની બુદ્ધિ અને અભિપ્રાય સાચા છે, કેમ કે તેણે સમજી-વિચારીને તે અલ્લાહના અનુસરણનો નિર્ણય કર્યો, જેણે તેને વિચારવા-સમજવા અને મત નિર્ધારીત કરવાની યોગ્યતા પ્રદાન કરી છે. હવે તેની જબાન સાચી છે, કેમ કે તે એ જ અલ્લાહનો સ્વીકાર કરી રહી છે, જેણે તેને બોલવાની શક્તિ આપી છે. હવે તેના જીવનમાં સત્યતા-જ-સત્યતા છે, કેમ કે ઐચ્છિક હોય કે અનૈચ્છિક બંને સ્થિતિઓમાં તે ઈશ્વરીય નિયમોનો પાબંદ છે. હવે સમગ્ર સૃષ્ટિ સાથે તેની આત્મીયતા થઈ ગઈ, કારણ કે સૃષ્ટિની બધી જ વસ્તુઓ જેની બંદગી કરી રહી છે, તેની જ બંદગી તે પણ કરી રહ્યો છે. હવે તે ધરતી પર અલ્લાહનો પ્રતિનિધિ (ખલીફા) છે. સમગ્ર જગત તેનું છે અને તે અલ્લાહનો છે.

'કુફ્ર'ની વાસ્તાવિકતા :

આની સરખામણીમાં બીજો મનુષ્ય તે છે, જે મુસ્લિમ જન્મ્યો અને જીવનભર અજાણપણે મુસ્લિમ રહ્યો; પરંતુ પોતાના જ્ઞાન અને બુદ્ધિ-શક્તિનો ઉપયોગ કરીને તેણે અલ્લાહને ન ઓળખ્યો અને પોતાની સ્વતંત્રતાની સીમામાં તેણે અલ્લાહના આજ્ઞાપાલનનો ઈન્કાર કરી દીધો. આ વ્યક્તિ 'કાફિર' છે. કુફ્રનો સાચો અર્થ છે 'છુપાવવું' અને 'આવરણ નાંખવું'. આવી વ્યક્તિને એટલા માટે 'કાફિર' કહેવામાં આવે છે કે તેણે પોતાની સહજ પ્રકૃતિ ઉપર અજ્ઞાનતાનું આવરણ નાંખી રાખ્યું છે. તેની જન્મજાત પ્રકૃતિ અને સ્વભાવ ઈસ્લામની પ્રકૃતિને અનુરૂપ છે. તેનું આખું શરીર અને શરીરનો પ્રત્યેક અવયવ ઈસ્લામની પ્રકૃતિ અનુસાર કામ કરે છે. તેની ચોમેર આખી દુનિયા ઈસ્લામ ઉપર ચાલી રહી છે; પરંતુ તેની બુદ્ધિ પર પરદો પડી ગયો છે. સમગ્ર જગતની અને સ્વયં તેની પ્રકૃતિ તેનાથી છૂપાઈ ગઈ છે. તે તેના વિરુદ્ધ વિચારે છે અને તેના વિરુદ્ધ ચાલવાનો પ્રયત્ન કરે છે.

હવે તમે સમજી શકો છો કે જે માણસ 'કાફિર' છે, તે કેટલી મોટી પથભ્રષ્ટતામાં પડેલો છે.

'કુફ્ર'નું નુકસાન :

'કુફ' એક પ્રકારની અજ્ઞાનતા છે, બલ્કે ખરી અજ્ઞાનતા કુફ જ છે. તેનાથી વધીને અજ્ઞાનતા બીજી શું હોઈ શકે કે મનુષ્ય અલ્લાહથી અપરિચિત હોય ! એક માણસ સૃષ્ટિના આટલા મોટા કારખાનાને રાત-દિવસ કાર્યરત જુએ છે, પરંતુ નથી જાણતો કે આ કારખાનાનો બનાવવાવાળો અને ચલાવવાવાળો કોણ છે અને તે કોણ કારીગર છે, જેણે કોલસો અને લોખંડ, કેલ્શિયમ અને સોડિયમ તથા એવી જ કેટલીક વસ્તુઓને મેળવીને મનુષ્ય જેવા અનુપમ પ્રાણીની રચના કરી દીધી. એક વ્યક્તિ દુનિયામાં ચારે તરફ એવી વસ્તુઓ અને એવા કાર્યો જુએ છે, જેમાં અદ્વિતીય એન્જિનીયરિંગ, ગણિતજ્ઞતા, રસાયણ જ્ઞાન અને સમસ્ત બુદ્ધિમત્તાઓના ચમત્કારો દૃષ્ટિગોચર થાય છે. પણ તે નથી જાણતો કે તે જ્ઞાન, તત્ત્વજ્ઞાન અને બુદ્ધિમત્તાવાળી હસ્તી કોણ છે, જેણે સૃષ્ટિમાં આ બધા કામો કર્યા છે. વિચારો અને ચિંતન-મનન કરો ! જેને જ્ઞાનનો પ્રથમ છેડો જ ન મળ્યો હોય, તેવી વ્યક્તિ માટે વાસ્તવિક જ્ઞાનના દ્વાર કેવી રીતે ખુલી શકે છે. ચાહે તે ગમે તેટલું વિચારે અને ચિંતન-મનન કરે અને ગમે તેટલી શોધ અને તપાસમાં બુદ્ધિ કસે, તેને કોઈ ક્ષેત્રમાં જ્ઞાનનો સીધો અને નિશ્ચિત માર્ગ નહીં મળે, કેમ કે તેને આરંભમાં પણ અજ્ઞાનતાનો અંધકાર દેખાશે અને અંતમાં પણ તે અંધકાર સિવાય બીજું કંઈ પણ જોઈ શકશે નહીં.

કુફ એક અત્યાચાર છે, બલ્કે સૌથી મોટો અત્યાચાર કુફ જ છે. તમે જાણો છો

કે અત્યાચાર કોને કહે છે ? અત્યાચાર એ છે કે કોઈ વસ્તુ પાસેથી તેના સ્વભાવ અને પ્રકૃતિ વિરુદ્ધ બળજબરીપૂર્વક કામ લેવામાં આવે. તમને ખબર પડી ગઈ છે કે દુનિયામાં જેટલી વસ્તુઓ છે, બધી જ અલ્લાહની આજ્ઞાને આધીન છે અને તેમની પ્રકૃતિ જ ઈસ્લામ, અર્થાત્ ઈશ્વરીય કાનૂન અને નિયમનું પાલન છે. સ્વયં મનુષ્યનું સંપૂર્ણ શરીર અને તેનો પ્રત્યેક અવયવ આ જ પ્રકૃતિ ઉપર પેદા થયેલ છે. અલ્લાહે આ વસ્તુઓ પર શાસન કરવાનો થોડોક અધિકાર મનુષ્યને જરૂર આપ્યો છે, પણ દરેક વસ્તુની પ્રકૃતિ એવું ઇચ્છે છે કે તેનાથી ઈશ્વરીય ઇચ્છા અનુસાર કામ લેવામાં આવે; પરંતુ જે વ્યક્તિ 'કુફ્ર' કરે છે, તે આ બધી વસ્તુઓથી તેમની પ્રકૃતિ વિરુદ્ધ કામ લે છે. તે પોતાના હ્રદયમાં બીજાઓની મહાનતા, પ્રેમ અને ભયની મૂર્તિઓ સ્થાપે છે. જો કે હ્રદયની પ્રકૃતિ એવું ઇચ્છે છે કે તેમાં અલ્લાહની મહાનતા, પ્રેમ અને ભય હોય. તે પોતાના બધા શારીરિક અંગોથી અને જગતની તે તમામ વસ્તુઓથી જે તેના અધિકારમાં છે, ઈશ્વરીય ઇચ્છા વિરુદ્ધ કામ લે છે, જ્યારે કે પ્રત્યેક વસ્તુની પ્રકૃતિ એવું ચાહે છે કે તેનાથી ઈશ્વરીય નિયમાનુસાર કામ લેવામાં આવે. બતાવો, આવા માણસથી વધારે અત્યાચારી બીજો કોણ હશે, જે પોતાના જીવનમાં દરેક સમયે દરેક વસ્તુ પર, ત્યાં સુધી કે પોતાની જાત પર પણ અત્યાચાર કરતો રહે ?

કુફ્ર કેવળ અત્યાચાર જ નથી; વિદ્રોહ, અકૃતજ્ઞતા અને વિશ્વાસઘાત પણ છે. જરા વિચારો, મનુષ્ય પાસે તેની પોતાની કઈ વસ્તુ છે ? પોતાના મગજને તેણે સ્વંય પેદા કર્યું છે કે અલ્લાહે ? પોતાના હ્રદય, પોતાની આંખો અને પોતાની જીભ અને પોતાના હાથ-પગ અને પોતાના તમામ અવયવોને બનાવવાવાળો તે સ્વયં છે કે અલ્લાહ ? તેના આસપાસ જેટલી વસ્તુઓ છે, તેને પેદા કરનાર સ્વયં મનુષ્ય છે કે અલ્લાહ ? આ તમામ વસ્તુઓને મનુષ્ય માટે લાભદાયી અને ઉપયોગી બનાવવાનું અને મનુષ્યને તેના ઉપયોગની શક્તિ આપવી માનવીનું પોતાનું કામ છે કે અલ્લાહનું ? તમે કહેશો કે આ બધી વસ્તુઓ અલ્લાહની છે, અલ્લાહે જ તેમનું સર્જન કર્યું છે, અલ્લાહ જ તેનો સ્વામી છે અને અલ્લાહના જ પ્રદાન કરવાથી તે મનુષ્યને ઉપલબ્ધ થઈ છે. જ્યારે ખરી હકીકત આ છે, તો તેનાથી વધીને બીજો વિદ્રોહી કોણ હશે, જે અલ્લાહે આપેલ મગજથી અલ્લાહના જ વિરુદ્ધ વિચારવાનું કામ લે ? અલ્લાહે આપેલા હ્રદયમાં અલ્લાહથી જ વિરોધી ભાવનાઓને રાખે ? અલ્લાહે જે આંખો, જે જીભ, જે હાથ-પગ અને જે બીજી વસ્તુઓ તેને પ્રદાન કરી છે, તેમનો ઉપયોગ અલ્લાહની જ પસંદ અને તેની મરજી વિરુદ્ધ કરે ? જો કોઈ નોકર પોતાના માલિકનું લૂણ ખાઈને તેનાથી વિશ્વાસઘાત કરે છે, તો તેને તમે નમકહરામ કહો છો. જો કોઈ સરકારી અધિકારી, સરકારે આપેલ અધિકારોનો ઉપયોગ સ્વયં શાસન જ વિરુદ્ધ કરે, તો તમે તેને બળવાખોર કહો છો. જો કોઈ વ્યક્તિ પોતાના ઉપર ઉપકાર કરનાર સાથે અપકાર કરે તો તમે તેને અપકારી કે કૃતઘ્ન કહો છો.

પરંતુ મનુષ્ય સામે મનુષ્યની નમકહરામી, વિદ્રોહ અને કૃતઘ્નતાની શું હકીકત છે? એક મનુષ્ય બીજા મનુષ્યને આજીવિકા ક્યાંથી આપે છે? તે અલ્લાહે આપેલ આજીવિકા જ તો છે. સરકાર પોતાના કર્મચારીઓને જે અધિકાર આપે છે, તે ક્યાંથી આવ્યા છે? અલ્લાહે જ તો તેને સત્તા પ્રદાન કરી છે. કોઈ પણ ઉપકાર કરનાર બીજા ઉપર ઉપકાર ક્યાંથી કરે છે? બધું જ અલ્લાહે પ્રદાન કરેલું છે. મનુષ્ય પર સૌથી વધુ અધિકાર તેના માતા-પિતાનો છે. પરંતુ માતા-પિતાના હૃદયમાં સંતાન-પ્રેમ કોણે ઉત્પન્ન કર્યો? માતાની છાતીમાં દૂધ કોણે ઉતાર્યું? પિતાના હૃદયમાં એ ભાવના કોણે નાખી કે માંસના એક વ્યર્થ ટુકડા ઉપર પોતાના ગાઢ પરસેવાની કમાણી ખુશી-ખુશી લુંટાવી દે અને તેના પાલન-પોષણ અને શિક્ષણ-પ્રશિક્ષણમાં પોતાનું ધન, સમય, આરામ બધું જ કુરબાન કરી દે? હવે બતાવો કે, જે અલ્લાહ, મનુષ્યનો સાચો ઉપકારક છે, સાચો સમ્રાટ છે તેમજ સૌથી મોટો પાલનહાર છે, જો તેના જ સાથે મનુષ્ય 'કુફ્ર' કરે, તેને ઈશ્વર ન માને, તેની બંદગીનો ઇન્કાર કરે અને તેના આજ્ઞાપાલનથી વિમુખ થાય, તો આ કેવો ઘોર વિદ્રોહ છે, કેવી મોટી કૃતઘ્નતા અને નમકહરામી છે?

ક્યાંક એવું ન સમજી લેજો કે કુફ્રથી મનુષ્ય અલ્લાહનું કંઈક બગાડે છે. જે સમ્રાટનું રાજ્ય એટલું વિશાળ છે કે મોટાં-મોટાં દૂરબીનો લગાવીને પણ હજુ સુધી આપણે એ નથી જાણી શક્યા કે તે ક્યાંથી શરૂ થાય છે અને ક્યાં પૂરું થાય છે.[૨] જે સમ્રાટની શક્તિ એટલી જબરજસ્ત છે કે આપણી પૃથ્વી, સૂર્ય, મંગળ અને આવાં જ કરોડો ગ્રહો તેના ઇશારા પર દડાની જેમ ફરી રહ્યાં છે. જે સમ્રાટની સંપત્તિ એટલી અસીમ છે કે સમગ્ર સૃષ્ટિમાં જે કાંઈ છે તેનું જ છે. તેમાં કોઈ ભાગીદાર નથી. જે સમ્રાટ એવો નિરપેક્ષ—બેનિયાઝ છે કે બધા તેના મોહતાજ છે. છેવટે મનુષ્યની હસ્તી શું છે કે તેના માનવા કે ન માનવાથી આવા સમ્રાટને કોઈ નુકસાન થાય? તેનાથી કુફ્ર કે વિદ્રોહનું વલણ અપનાવીને મનુષ્ય અલ્લાહનું કંઈ જ બગાડતો નથી, અલબત્ત તે સ્વયં પોતાના વિનાશનું પ્રયોજન કરે છે.

કુફ્ર અને અવજ્ઞાનું અનિવાર્ય પરિણામ એ છે કે મનુષ્ય હંમેશ માટે નિષ્ફળ

---

૨. સૃષ્ટિના વિરાટ વિસ્તારનું અનુમાન તેનાથી લગાવી શકાય છે કે જે સૌર-જગતમાં આપણી પૃથ્વી સામેલ છે, તેના સૌથી દૂરના ગ્રહનું અંતર સૂર્યથી ઓછામાં ઓછું ૨ અબજ ૭૯ કરોડ ૩૦ લાખ હશે. આ સૌર-જગત એક આકાશ-ગંગા (Galaxy)નો એક લઘુ-અંશ માત્ર છે. આ આકાશ-ગંગામાં, જેનાથી આપણા સૌર-જગતનો સંબંધ છે, આશરે ૩ અબજ સૂર્ય વર્તમાન છે. તેમાં નિકટતમ્ સૂર્ય પણ એટલા અંતરે છે કે તેનો પ્રકાશ આપણા સુધી ૪ વર્ષમાં પહોંચી શકે છે, જ્યારે કે પ્રકાશની ગતિ પ્રતિ સેકંડ ૧,૮૬,૦૦૦ માઈલ છે. ઉપરાંત આ આકાશ-ગંગા, જેનાથી આપણા સૌર-જગતનો સંબંધ છે, તે જ આખી સૃષ્ટિ નથી, બલ્કે તે આશરે ૨૦ લાખ નિહારિકાઓ (Spiral Nebulas)માંથી એક છે, જેમાંથી નિકટતમ્ નિહારિકાનું અંતર પણ એટલું છે કે તેનો પ્રકાશ આપણા સુધી ૧૦ લાખ વર્ષમાં પહોંચી શકે છે. રહ્યા તે ગોળાઓ, જે ખૂબ દૂર આવેલાં છે, જેને અત્યંત શક્તિશાળી દૂરબીનોથી જોઈ શકાય છે, તેમનો પ્રકાશ પૃથ્વી સુધી પહોંચવામાં ૧૦ કરોડ વર્ષ લાગી જાય છે. એ પણ યાદ રહે કે મનુષ્ય આજ પર્યંત જે કંઈ જોઈ શક્યો છે, તે ઈશ્વરના રાજ્યનો ખૂબ નાનો ભાગ છે. (હિન્દી અનુવાદમાંથી, મૌલાના ફારૂકખાં)

અને નિરાશ થઈ જાય. આવી વ્યક્તિને જ્ઞાનનો સીધો માર્ગ ક્યારેય મળી શકશે નહીં, કેમ કે જે જ્ઞાન સ્વયં પોતાના સર્જનહારને જ ન ઓળખે, તે કઈ વસ્તુને સાચી રીતે ઓળખી શકે ? તેની બુદ્ધિ હંમેશા અવળા માર્ગે જ જશે, કારણ કે જે બુદ્ધિ સ્વયં પોતાના બનાવનારને ઓળખવામાં ભૂલ કરે, તે બીજી કઈ વસ્તુને સાચી સમજી શકે છે ? તે પોતાના જીવનના બધા મામલાઓમાં ઠોકરો ખાશે. તેનું ચરિત્ર ખરાબ થશે, તેની સભ્યતા ખરાબ થશે, તેનો સમાજ ખરાબ થશે. તેનું આર્થિક જીવન ખરાબ થશે, તેનું શાસન અને રાજકારણ ખરાબ થશે. તે દુનિયામાં અશાંતિ ફેલાવશે, રક્તપાત કરશે, બીજાઓના અધિકારો છીનવી લેશે, જુલ્મ અને અત્યાચાર કરશે, સ્વયં પોતાના જીવનને પોતાના કુવિચારો તથા પોતાની બૂરાઈ અને દુષ્કૃત્યોથી કટુ અને અરુચિકર બનાવશે. પછી જ્યારે તે આ દુનિયા (આલોક)થી આખિરત (પરલોક)માં પહોંચશે, ત્યારે તે તમામ વસ્તુઓ, જેના પર જીવનભર તે અત્યાચાર કરતો રહ્યો હતો, તેના વિરુદ્ધ ફરિયાદ કરશે. તેનું મગજ, તેનું હૃદય, તેની આંખો, તેના કાન, તેના હાથ-પગ, ટૂંકમાં તેનું રૂવે-રૂવું ઈશ્વરીય ન્યાયાલયમાં તેના વિરુદ્ધ દાવો કરશે કે આ અત્યાચારીએ તારા વિરુદ્ધ વિદ્રોહ કર્યો અને આ વિદ્રોહમાં બળજબરીપૂર્વક અમારાથી કામ લીધું. તે જમીન જેના પર તે અવજ્ઞાપૂર્વક ચાલ્યો અને વસ્યો, તે આજીવિકા જેને તેણે અનુચિત રીતે કમાવી; અને તે દોલત, જે હરામથી (અવૈધથી) આવી અને હરામ ઉપર જેનો ખર્ચ થયો, તે તમામ વસ્તુઓ જેનો તેણે વિદ્રોહી બનીને બળજબરીપૂર્વક ઉપયોગ કર્યો; તે તમામ સાધનો અને ઉપકરણો, જેનાથી આ વિદ્રોહમાં કામ લીધું, તેના વિરુદ્ધ ફરિયાદી બનીને આવશે અને અલ્લાહ, જે સાચો ન્યાયાધીશ છે, આ પીડિતોની ફરિયાદમાં આ વિદ્રોહીને અપમાનજનક સજા કરશે.

ઈસ્લામના વરદાનો :

આ છે કુફ્રની હાનિઓ. આવો, હવે એક નજર એ પણ જુઓ કે ઈસ્લામની રીત અપનાવવામાં શું ફાયદો છે. ઉપર તમે એ જાણી લીધું છે કે આ જગતમાં ચોમેર અલ્લાહના પ્રભુત્વની નિશાનીઓ પથરાયેલી છે. સૃષ્ટિનું આ વિરાટ કારખાનું, જે એક સંપૂર્ણ વ્યવસ્થા અને અચળ કાયદા અનુસાર ચાલી રહ્યું છે, જે એ વાતની સાક્ષી આપે છે કે તેને બનાવવાવાળો અને ચલાવવાવાળો એક અપાર શક્તિશાળી શાસક છે, જેના શાસન વિરુદ્ધ કોઈ પણ વસ્તુ માથું ઊંચકી શકતી નથી. આખી સૃષ્ટિની જેમ મનુષ્યની પ્રકૃતિ પણ એ જ છે કે તેનું આજ્ઞાપાલન કરે. તેથી અચેતન રૂપે તે રાત-દિવસ તેનું આજ્ઞાપાલન કરી રહ્યો છે, કેમ કે તેના પ્રાકૃતિક નિયમોનું ઉલ્લંઘન કરીને તે જીવંત જ રહી શકતો નથી.

પરંતુ અલ્લાહે મનુષ્યને જ્ઞાન સંબંધી યોગ્યતા, વિચારવા-સમજવાની શક્તિ તેમજ ભલાઈ અને બૂરાઈને પારખવાની કાબેલિયત આપીને ઈરાદા અને અધિકારમાં

થોડીઘણી સ્વતંત્રતા પ્રદાન કરી છે. આ સ્વતંત્રતામાં ખરેખર મનુષ્યની પરીક્ષા છે, તેના જ્ઞાનની પરીક્ષા છે, તેની બુદ્ધિની પરીક્ષા છે, તેની વિવેક-શીલતાની પરીક્ષા છે અને એ વાતની પરીક્ષા છે કે તેને જે સ્વતંત્રતા આપવામાં આવેલ છે, તેનો તે કેવી રીતે ઉપયોગ કરે છે, અને આ પરીક્ષામાં કોઈ એક રીત અપનાવવા માટે મજબૂર કરવામાં આવેલ નથી, કેમ કે મજબૂર કરવાથી પરીક્ષાનો હેતુ જ માર્યો જાય છે. તમે સમજી શકો છો કે પરીક્ષામાં પ્રશ્નપત્ર આપ્યા પછી, જો તમને કોઈ ચોક્કસ ઉત્તર આપવા માટે વિવશ કરી દેવામાં આવે તો આવી પરીક્ષાનો કોઈ ફાયદો નહીં થાય. તમારી વાસ્તવિક યોગ્યતાનું પ્રદર્શન તો તે જ વખતે થશે, જ્યારે તમને દરેક પ્રકારનો ઉત્તર આપવાનો અધિકાર પ્રાપ્ત હોય. જો તમે સાચો ઉત્તર આપ્યો, તો તમે સફળ થઈ ગયા અને ભવિષ્યની ઉન્નતિના દ્વાર તમારા માટે ખૂલી જશે, અને જો ખોટો જવાબ આપ્યો તો નિષ્ફળ થશો અને પોતાની અયોગ્યતાથી પોતે જ પોતાની ઉન્નતિના માર્ગ બંધ કરી લેશો. બરાબર આવી જ રીતે અલ્લાહે મનુષ્યને પોતાની પરીક્ષામાં સ્વતંત્ર રાખ્યો છે કે જે રીત ચાહે તે અપનાવે.

હવે એક માણસ તો એ છે કે જે સ્વયં પોતાની અને સૃષ્ટિની પ્રકૃતિને નથી સમજતો, પોતાના સર્જનહારની હસ્તી અને ગુણોને ઓળખવામાં ભૂલ કરે છે અને અધિકારની જે આઝાદી તેને આપવામાં આવી છે, તેનાથી અનુચિત લાભ ઉઠાવીને અવજ્ઞા અને વિદ્રોહની રીત અપનાવે છે. આ માણસ જ્ઞાન અને બુદ્ધિ તેમજ વિવેક અને કર્તવ્યનિષ્ઠાની પરીક્ષામાં નિષ્ફળ થઇ ગયો. તેણે પોતે જ એ પુરવાર કરી દીધું કે તે બધી રીતે નિમ્ન કોટિનો માણસ છે, એટલે તેનો તે જ અંજામ હોવો જોઈએ, જે તમે ઉપર જોઈ ગયા.

તેની તુલનામાં એક બીજો માણસ છે, જે આ પરીક્ષામાં સફળ થઈ ગયો. તેણે જ્ઞાન અને બુદ્ધિથી સાચું કામ લઈને અલ્લાહને ઓળખ્યો અને માન્યો, જો કે તેને એવું કરવા માટે વિવશ કરવામાં આવ્યો ન હતો. તેણે ભલાઈ અને બૂરાઈને પારખવામાં પણ ભૂલ ન કરી અને સ્વતંત્ર રૂપે તેણે ભલાઈને જ પસંદ કરી, જો કે બૂરાઈ તરફ પ્રવૃત થવા માટે પણ તેને સ્વતંત્રતા પ્રાપ્ત હતી. તેણે પોતાની પ્રકૃતિને સમજી, પોતાના અલ્લાહને ઓળખ્યો અને અવજ્ઞાની સ્વતંત્રતા હોવા છતાં પણ તેણે અલ્લાહના આજ્ઞાપાલનને જ અપનાવ્યું. આ માણસને પરીક્ષામાં એ કારણે તો સફળતા મળી કે તેણે પોતાની બુદ્ધિથી બરાબર કામ લીધું, આંખોથી સાચું જોયું, કાનથી બરાબર સાંભળ્યું, મગજથી યોગ્ય મત નિર્ધારીત કર્યો અને હૃદયથી તે જ વાત ઉપર ચાલવાનો નિર્ણય કર્યો, જે યોગ્ય હતી. તેણે સત્યને ઓળખીને એ પણ સાબિત કરી દીધું કે તે સત્યને ઓળખે છે અને સત્ય સામે માથું નમાવી એ પણ દર્શાવી દીધુ કે તે સત્યનો ઉપાસક છે.

સ્પષ્ટ છે કે જે માણસમાં આ ગુણો હોય, તેને દુનિયા (આલોક) અને આખિરત

(પરલોક) બંનેમાં સફળતા મળવી જ જોઈએ.

તે જ્ઞાન અને વ્યવહારના પ્રત્યેક ક્ષેત્રમાં સાચો માર્ગ અપનાવશે. કારણ કે જે વ્યક્તિ અલ્લાહને ઓળખે છે અને તેના ગુણોને જાણે છે, તે વાસ્તવમાં જ્ઞાનના આરંભને પણ જાણે છે અને તેના અંતને પણ. આવી વ્યક્તિ કદી ખોટા માર્ગે ભટકી શકતી નથી. તેનું પ્રથમ પગલું પણ બરાબર મૂકાયું છે અને જે અંતિમ મંજિલ પર તેને જવાનું છે, તેને પણ તે વિશ્વાસપૂર્વક જાણે છે. હવે તે દાર્શનિકની જેમ ચિંતન-મનન દ્વારા સૃષ્ટિના રહસ્યોને સમજવાનો પ્રયાસ કરશે, પરંતુ એક 'કાફિર' દાર્શનિકની જેમ કદી શંકા-કુશંકાની ભુલભુલામણીમાં ભટકશે નહીં. તે વિજ્ઞાન દ્વારા પ્રકૃતિના નિયમોને જાણવાની કોશિશ કરશે. સૃષ્ટિના ગુપ્ત ખજાનાઓને શોધી કાઢશે. અલ્લાહે જે શક્તિ દુનિયામાં અને સ્વયં મનુષ્યના અસ્તિત્વમાં ઉત્પન્ન કરી છે, તેને શોધી-શોધીને તેની જાણકારી મેળવશે. ધરતી અને આકાશમાં જેટલી વસ્તુઓ છે, તે બધાથી કામ લેવાની સારામાં સારી રીતો શોધી કાઢશે. પરંતુ આસ્તિકતા દરેક પ્રસંગે તેને વિજ્ઞાનના દુરુપયોગથી રોકશે. તે ક્યારેય એ ગેરસમજમાં નહીં પડે કે હું આ વસ્તુઓનો માલિક છું, મેં પ્રકૃતિ ઉપર વિજય મેળવ્યો છે, હું મારા લાભ માટે વિજ્ઞાનથી મદદ લઈશ, જગતને ઉપર-તળે કરી નાખીશ, લૂંટમાર અને રક્તપાત કરીને આખા જગતમાં પોતાની શક્તિનો સિક્કો જમાવી દઈશ. આ એક 'કાફિર' (અનાસ્તિક) વૈજ્ઞાનિકનું કામ છે.[૩] મુસ્લિમ વૈજ્ઞાનિક વિજ્ઞાનનો જેટલો અધિક પારંગત હશે, તેટલો જ તેનો અલ્લાહ ઉપર વિશ્વાસ વધશે અને તેટલો જ વધારે તે અલ્લાહનો કૃતજ્ઞ બંદો બનશે. તેની શ્રદ્ધા એ હશે કે મારા સ્વામીએ મારી શક્તિ અને મારા જ્ઞાનમાં જે અભિવૃદ્ધિ કરી છે, તેનાથી હું મારા અને બધા મનુષ્યોના કલ્યાણ માટે પ્રયત્ન કરીશ અને આ જ તેની સાચી કૃતજ્ઞતા છે.

---

૩. કંઈક આવી જ પરિસ્થિતિ છે, જેનો સામનો આજનો મનુષ્ય કરી રહ્યો છે. Dr. Joadએ કેટલું સાચું કહ્યું છે કે – ''વિજ્ઞાને આપણને એવી શક્તિઓ પ્રદાન કરી છે, જે દેવતાઓને મળવા યોગ્ય છે, અને આપણે તેના પ્રયોગમાં વિદ્યાર્થી અને અયોગ્ય વ્યક્તિ જેવી મનોવૃત્તિ અને બુદ્ધિ (Mentality)થી કામ લઈએ છીએ.''

પ્રસિદ્ધ દાર્શનિક Bertrand Russelએ લખ્યું છે કે – ''વિસ્તૃત રૂપે કહેવામાં આવે તો આપણે એક એવી દોડના મધ્યમાં છીએ, જેનું સાધન તો મનુષ્યની કુશળતા અને ચતુરાઈ છે અને જેનો અંત માનવ-મૂર્ખતા પર થાય છે, જેને મેળવવાની ઇચ્છિત કુશળતા અને કુશાગ્રતાની પ્રત્યેક વૃદ્ધિ ખરાબ પરિણામ સુધી લઈ જાય છે. માનવ-જાતિની દોડે અજ્ઞાન અને અનિપુણતાના મુકાબલામાં જીવવા માટે અહીં સંઘર્ષ કર્યો છે, પરંતુ મૂર્ખતાથી મિશ્રિત પ્રાપ્ત જ્ઞાન અને કુશળતાએ જીવનને અવિશ્વસનીય બનાવી દીધું છે. જ્ઞાન શક્તિ છે, પરંતુ આ શક્તિ બૂરાઈમાં પણ તેટલી જ લગાવી શકાય છે, જેટલી ભલાઈમાં. તેનાથી એ પરિણામ આવે છે કે જો મનુષ્ય તત્ત્વદર્શિતા (Wisdom)માં એટલી ઉન્નતિ નથી કરતો, જેટલી તે જ્ઞાન (Knowledge)ને વધારવામાં કરે છે, તો આ જ્ઞાનની વૃદ્ધિ વાસ્તવમાં દુઃખની વૃદ્ધિ હશે.'' (40 Impact of Science on Society, p.120-121)

એક બીજા વિચારકનું કથન છે : ''આપણે હવામાં પક્ષીની જેમ ઉડતાં અને પાણીમાં માછલીની જેમ તરતાં શિખી લીધું છે, પરંતુ આપણે એ નથી જાણતા કે જમીન ઉપર કેવી રીતે રહેવામાં આવે.''

– Quoted by Joad in Counter Attack from the East, p. 28

(હિન્દી અનુવાદમાંથી, મૌલાના ફારૂકખાં)

તે જ રીતે ઇતિહાસ, અર્થશાસ્ત્ર, રાજકારણ, કાનૂન અને અન્ય વિદ્યાઓ અને કળાઓમાં પણ એક મુસ્લિમ પોતાના સંશોધન અને સંઘર્ષની દૃષ્ટિએ એક કાફિરની સરખામણીમાં પાછળ નહીં રહે, પરંતુ બંનેની નજરમાં મોટું અંતર હશે. મુસ્લિમ પ્રત્યેક વિદ્યાનું અધ્યયન સાચા દૃષ્ટિકોણથી કરશે, સાચા હેતુ માટે કરશે અને સાચા પરિણામ ઉપર પહોંચશે. ઇતિહાસમાં તે માનવીના અગાઉના અનુભવોમાંથી યથાર્થ બોધપાઠ ગ્રહણ કરશે, માનવ-જાતિઓની ઉન્નતિ અને અધોગતિના કારણો જાણશે, તેમની સભ્યતા અને સંસ્કૃતિની લાભદાયી વસ્તુઓનું જ્ઞાન પ્રાપ્ત કરશે, તેમના સંતપુરૂષોના જીવન-વૃત્તાંતોથી ફાયદો ઉઠાવશે, અને તે તમામ બાબતોથી બચશે જેના કારણે અગાઉની માનવ-જાતિઓ નષ્ટ થઈ ગઈ. અર્થશાસ્ત્રમાં ધનના ઉપાર્જન અને વ્યયની એવી પદ્ધતિઓનું જ્ઞાન પ્રાપ્ત કરશે, જેનાથી માનવતાનું કલ્યાણ થાય, એવું નહીં કે એકને ફાયદો અને ઘણાબધાને નુકસાન થાય. રાજકારણમાં તેનું સમગ્ર ધ્યાન એ તરફ હશે કે દુનિયામાં શાંતિ, ન્યાય અને સમાનતા, ભલાઈ અને સજ્જનતા અને સુશીલતાનું શાસન હોય. કોઈ વ્યક્તિ કે વર્ગ અલ્લાહના બંદાઓને પોતાના બંદા ન બનાવે. શાસન અને તેની તમામ શક્તિઓને અલ્લાહની અમાનત સમજવામાં આવે અને અલ્લાહના બંદાઓના કલ્યાણ માટે તેનો ઉપયોગ કરવામાં આવે. કાનૂનમાં તે એ દૃષ્ટિથી વિચારશે કે ન્યાય અને સમાનતાથી લોકોના અધિકારો નિશ્ચિત કરવામાં આવે અને કોઈ પણ પ્રકારે કોઈના ઉપર અત્યાચાર થવા ન પામે.

મુસ્લિમના નૈતિક જીવનમાં ઈશભય, સત્યનિષ્ઠા અને સત્યપાલન હશે. તે દુનિયામાં એવું સમજીને રહેશે કે તમામ વસ્તુઓનો સ્વામી અલ્લાહ છે. મારા પાસે અને બધા મનુષ્યો પાસે જે કાંઈ છે, તે અલ્લાહે જ આપેલ છે. હું કોઈ વસ્તુનો, ત્યાં સુધી કે સ્વયં મારા શરીર અને શારીરિક શક્તિઓનો પણ માલિક નથી. બધું જ અલ્લાહની અમાનત છે અને આ અમાનતમાંથી ઉપયોગ કરવાનો જે અધિકાર મને આપવામાં આવ્યો છે, તેનો અલ્લાહની જ મરજી પ્રમાણે ઉપયોગ કરવો જોઈએ. એક દિવસ અલ્લાહ મારાથી આ અમાનત પાછી લઈ લેશે, અને તે સમયે મારે એક-એક વસ્તુનો હિસાબ આપવો પડશે.

આવું સમજીને જે વ્યક્તિ દુનિયામાં રહે, તેના ચરિત્રનું અનુમાન કરો. તે પોતાના હૃદયને ખોટા વિચારોથી પવિત્ર રાખશે, તે પોતાના મગજને બૂરાઈના વિચારથી બચાવશે. તે પોતાની આંખોને કુદૃષ્ટિથી રોકશે, તે પોતાના કાનને બૂરું સાંભળવાથી બચાવશે. તે પોતાની જીભ ઉપર સંયમ રાખશે, જેનાથી કોઈ સત્ય વિરુદ્ધ વચન ન નીકળે. તે પોતાના પેટને હરામ (અવૈધ) આજીવિકાથી ભરવાના બદલે ભૂખ્યા રહેવાનું પસંદ કરશે. તે પોતાના હાથોને અત્યાચાર માટે કદી નહીં ઉઠાવે. તે પોતાના પગને બૂરાઈના રસ્તા ઉપર કદી નહીં ચલાવે. તે પોતાના માથાને અસત્ય સામે કદી નહીં

ઝુકાવે, ભલે પછી તેનો શિરચ્છેદ જ કેમ કરવામાં ન આવે. તે પોતાની કોઈ ઇચ્છા અને કોઈ જરૂરત અત્યાચાર અને અન્યાયનો માર્ગ અપનાવીને પૂરી નહીં કરે. તે સદાચાર અને સૌજન્યનું પ્રતીક હશે. સત્ય અને ન્યાયને દરેક વસ્તુથી વધારે પ્રિય રાખશે અને તેના માટે પોતાના દરેક ફાયદા અને હૃદયની પ્રત્યેક ઇચ્છાને, બલ્કે પોતાની જાતને પણ ન્યોછાવર કરી દેશે. તે અન્યાય અને અસત્યને બીજી બધી વસ્તુઓથી વધારે અપ્રિય સમજશે અને કોઈ નુકસાનના ભયથી કે કોઈ લાભની લાલચમાં તેનો સાથ આપવા માટે તૈયાર નહીં થાય. દુનિયાની સફળતા પણ આવી જ વ્યક્તિનો હિસ્સો છે.

તેનાથી વધીને સંસારમાં કોઈ પ્રતિષ્ઠિત અને સજ્જન નહીં હોય, કેમ કે તેનું મસ્તિષ્ક અલ્લાહ સિવાય કોઈના સામે ઝુકનાર નથી અને તેનો હાથ અલ્લાહ સિવાય કોઈના સામે ફેલાનાર નથી. અપમાન અને નામોશી આવા માણસ પાસે કેવી રીતે આવી શકે છે ?

તેનાથી વધીને દુનિયામાં કોઈ શક્તિશાળી પણ નહીં હોય, કેમ કે તેના હૃદયમાં અલ્લાહ સિવાય કોઈનો ડર નથી અને તેને અલ્લાહ સિવાય કોઈની કૃપા અને ઇનામની લાલચ પણ નથી. કઈ શક્તિ છે, જે આવા મનુષ્યને સત્ય અને સાચાં રસ્તાથી ચલિત કરી શકતી હોય અને કઈ દોલત છે, જે તેનું ઈમાન ખરીદી શકે ?

તેનાથી વધીને જગતમાં કોઈ નિઃસ્પૃહ, સંપન્ન અને ધનવાન પણ નહીં હોય, કેમ કે તે વિલાસપ્રિય નથી, વાસનાઓનો ગુલામ નથી, લોભી અને લાલચું પણ નથી. પોતાના ઉચિત પરિશ્રમથી જે કંઈ કમાય છે, તેટલા ઉપર તેને સંતોષ હોય છે અને નિષિદ્ધ (હરામ) સંપત્તિના ઢગલા પણ તેના સામે કરી દેવામાં આવે, તો તેને તુચ્છ સમજીને ઠુકરાવી દે છે. આ સંતોષનું ધન છે, જેનાથી વધીને કોઈ ધન મનુષ્ય માટે હોઈ શકતું નથી.

તેનાથી વધીને વિશ્વમાં કોઈ પ્રિય-પાત્ર અને લોકપ્રિય પણ નહીં હોય, કેમ કે તે દરેક વ્યક્તિનો હક્ક અદા કરશે અને કોઈનો હક્ક નહીં મારે. દરેક વ્યક્તિ સાથે સદ્-વર્તન કરશે અને કોઈના સાથે બૂરાઈ નહીં કરે, બલ્કે દરેક વ્યક્તિની ભલાઈ માટે કોશિશ કરશે અને તેના બદલામાં પોતાના માટે કંઈ નહીં ઇચ્છે. લોકોના હૃદય આપોઆપ તેના તરફ આકર્ષાશે અને દરેક વ્યક્તિ તેનું સન્માન અને તેને પ્રેમ કરવા માટે વિવશ હશે.

તેનાથી વધીને દુનિયામાં કોઈ વિશ્વાસપાત્ર પણ નહીં હોય, કેમ કે તે અમાનતમાં ખયાનત નહીં કરે. સચ્ચાઈથી મોઢું નહીં ફેરવે, વચનનો દૃઢનિશ્ચયી અને વ્યવહારમાં સાચો હશે અને દરેક કાર્યમાં એમ સમજીને ઈમાનદારી રાખશે કે, કોઈ બીજો જોવાવાળો હોય કે ન હોય, પણ અલ્લાહ તો બધું જ જોઈ રહ્યો છે. આવી વ્યક્તિની શાખનું—આબરૂનું શું કહેવું ! કોણ છે, જે તેના પર ભરોસો ન મૂકે ?

એક મુસલમાનના ચરિત્રને જો સારી રીતે સમજી લો, તો તમને વિશ્વાસ થઈ

જશે કે મુસ્લિમ ક્યારેય દુનિયામાં અપમાનિત, પરાજિત અને પરાધીન બનીને રહી શકતો નથી. તે હંમેશા પ્રભાવશાળી અને શાસક જ રહેશે; કેમ કે 'ઇસ્લામ' જે ગુણો તેનામાં પેદા કરે છે, કોઈ શક્તિ તેના ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકતી નથી.

આ રીતે જગતમાં સન્માન અને ગૌરવશાળી જીવન વ્યતીત કર્યા પછી, જ્યારે તે પોતાના અલ્લાહ સમક્ષ ઉપસ્થિત થશે, તો તેના ઉપર અલ્લાહ નેઅ્મતો (કૃપાઓ) અને દયાળુતાની વર્ષા કરશે, કેમ કે જે અમાનત તેને સુપ્રત કરવામાં આવી હતી, તેનો પૂર્ણરૂપે હક તેણે અદા કરી દીધો અને જે પરીક્ષામાં અલ્લાહે તેને નાખ્યો હતો, તેમાં તે પૂરે-પૂરા ગુણ સાથે ઉત્તીર્ણ થયો. આ શાશ્વત સફળતા છે, જે આલોકથી પરલોક સુધી અવિરત ચાલી આવે છે અને ક્યાંય તેનો ક્રમ સમાપ્ત થતો નથી.

આ ઈસ્લામ છે, મનુષ્યનો પ્રાકૃતિક ધર્મ. આ કોઈ જાતિ કે દેશના સાથે વિશેષ નથી. પ્રત્યેક યુગમાં, દરેક જાતિમાં અને દરેક દેશમાં જે અલ્લાહને ઓળખનાર અને સત્યનિષ્ઠ લોકો થયા છે, તે સૌનો આ જ ધર્મ હતો. તે બધાં 'મુસ્લિમ' હતા, ભલે પછી તેમની ભાષામાં તે ધર્મનું નામ 'ઇસ્લામ' હોય કે બીજું કંઈ.

•

પ્રકરણ – ૨
ઈમાન અને આજ્ઞાપાલન

આજ્ઞાપાલન માટે જ્ઞાન અને વિશ્વાસની આવશ્યકતા

ગત પ્રકરણમાં તમને જાણ થઈ ગઈ છે કે ઈસ્લામ વાસ્તવમાં પાલનહાર (અલ્લાહ)ની આજ્ઞાપાલનનું નામ છે. હવે અમે તમને એ બતાવવા માગીએ છીએ કે મનુષ્ય અલ્લાહનું આજ્ઞાપાલન ત્યાં સુધી નથી કરી શક્તો, જ્યાં સુધી તેને કેટલીક બાબતોનું જ્ઞાન ન હોય અને તે જ્ઞાન શ્રદ્ધા (Faith)ની સીમા સુધી પહોંચી ગયેલ ન હોય.

સૌપ્રથમ તો મનુષ્યને અલ્લાહના અસ્તિત્વ પર પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ, કેમ કે જો તેને એ જ વિશ્વાસ ન હોય કે અલ્લાહ છે, તો તે તેનું આજ્ઞાપાલન કેવી રીતે કરશે ? તેના સાથે અલ્લાહના ગુણોનું જ્ઞાન પણ આવશ્યક છે. જે વ્યક્તિને એ ખબર ન હોય કે અલ્લાહ એક છે અને તેના પ્રભુત્વમાં અન્ય કોઈ ભાગીદાર નથી, તો તે બીજાઓ સામે માથું નમાવવા અને હાથ ફેલાવવાથી કેવી રીતે બચી શકે છે ? જે વ્યક્તિને એ વાત પર વિશ્વાસ ન હોય કે અલ્લાહ બધું જોવા અને સાંભળવાવાળો છે અને દરેક વસ્તુની ખબર રાખે છે, તો તે પોતાને અલ્લાહની અવજ્ઞાથી કેવી રીતે રોકી શકે છે ? આ વાત ઉપર જ્યારે તમે વિચાર કરશો, તો તમને જણાશે કે વિચારો, ચારિત્ર્ય અને વ્યવહારમાં ઈસ્લામના માર્ગ ઉપર ચાલવા માટે મનુષ્યમાં જે ગુણોનું હોવું જરૂરી છે, તે ગુણો ત્યાં સુધી તેનામાં પેદા થઈ શક્તા નથી, જ્યાં સુધી તેનામાં અલ્લાહના ગુણોનું સાચું જ્ઞાન ન હોય, અને આ જ્ઞાન પણ માત્ર જાણી લેવા પૂરતું સીમિત ન રહે, બલ્કે તેને વિશ્વાસપૂર્વક હૃદયમાં ઊતરી જવું જોઈએ, જેથી માણસનું હૃદય તેના વિરુદ્ધ વિચારોથી અને તેનું જીવન તેના જ્ઞાન વિરુદ્ધ આચરણથી સુરક્ષિત રહે.

તે પછી મનુષ્યને એ પણ ખબર હોવી જોઈએ કે અલ્લાહની ઈચ્છાનુસાર જીવન જીવવાની સાચી રીત કઈ છે ? કઈ વાતને અલ્લાહ પસંદ કરે છે, જેથી તેને અપનાવવામાં આવે અને કઈ વાત અલ્લાહને પસંદ નથી, જેથી તેનાથી બચવામાં આવે. આ હેતુસર જરૂરી છે કે મનુષ્યને અલ્લાહના કાનૂન અને નિયમોની પૂરેપૂરી જાણકારી હોય. તે અંગે તે પૂર્ણ શ્રદ્ધા ધરાવતો હોય કે આ જ ઈશ્વરીય કાનૂન અને ઈશ્વરીય નિયમ છે, અને તેના જ અનુસરણથી અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત થઈ શકે છે;

કેમ કે જો તેને આનું જ્ઞાન જ ન હોય, તો તે અનુસરણ કઈ વસ્તુનું કરશે ? અને જ્ઞાન તો હોય, પણ પૂર્ણ શ્રદ્ધા ન હોય અથવા હૃદયમાં એવો ખ્યાલ હોય કે આ કાનૂન અને આ નિયમ સિવાય કોઈ અન્ય કાનૂન અને નિયમ પણ સાચો હોઈ શકે છે, તો તે તેનું સંપૂર્ણપણે પાલન કેવી રીતે કરી શકે છે ?

પછી મનુષ્યને એ પણ ખબર હોવી જોઈએ કે અલ્લાહની મરજી વિરુદ્ધ ચાલવા અને તેણે પસંદ કરેલ નિયમનું પાલન ન કરવાનું પરિણામ શું છે અને તેની આજ્ઞાપાલનનું ઈનામ શું છે ? આ માટે જરૂરી છે કે તેને આખિરત (પરલોક)ના જીવનનું, અલ્લાહની અદાલતમાં રજૂ થવાનું, અવજ્ઞાની સજા મળવાનું અને આજ્ઞાપાલન માટે ઈનામ મળવાનું પૂરૂં જ્ઞાન અને વિશ્વાસ હોય. જે વ્યક્તિ આખિરતના (પારલૌકિક) જીવનથી અપરિચિત છે, તે આજ્ઞાપાલન અને અવજ્ઞા બંનેને વ્યર્થ સમજે છે. તે તો એવું સમજે છે કે આખિરતમાં આજ્ઞાપાલન કરનાર અને અવજ્ઞા કરનાર બંને બરાબર જ રહેશે, કારણ કે બંને માટી બની જશે. પછી તેનાથી કેવી રીતે આશા રાખી શકાય કે તે આજ્ઞાપાલનની પાબંદીઓ અને તકલીફો સહન કરવાનું સ્વીકારશે, અને એ પાપોથી બચશે, જેનાથી આ જગતમાં કોઈ હાનિ પહોંચવાનો તેને ભય નથી. આવી માન્યતા સાથે મનુષ્ય ઈશ્વરીય કાનૂનનો પાલન કરવાવાળો કદાપિ બની શકતો નથી. તે જ રીતે તે માણસ પણ અનુસરણ અને આજ્ઞાપાલનમાં મક્કમ રહી શકતો નથી, જેને પારલૌકિક જીવન અને ઈશ્વરીય અદાલતમાં રજૂ થવા અંગે જાણકારી તો છે, પણ વિશ્વાસ નથી. એટલા માટે કે સંદેહ અને દ્વિધા સાથે મનુષ્ય કોઈ વાત પર અડગ રહી શકતો નથી. તમે એક કામ હૃદયપૂર્વક ત્યારે જ કરી શકશો, જ્યારે તમને વિશ્વાસ હોય કે તે કામ લાભદાયી છે અને બીજા કામથી બચવામાં પણ ત્યારે જ અડગ રહી શકો છો, જ્યારે તમને વિશ્વાસ હોય કે આ કામ નુકસાનકારક છે. આનાથી જાણવા મળ્યું કે એક પદ્ધતિના અનુસરણ માટે તેના અંત અને પરિણામનું જ્ઞાન હોવું પણ આવશ્યક છે અને આ જ્ઞાન એવું હોવું જોઈએ, જે શ્રદ્ધા (Faith)ની સીમા સુધી પહોંચેલું હોય.

'ઈમાન'નો અર્થ :

ઉપરના વર્ણનમાં જે વસ્તુને અમે જ્ઞાન અને વિશ્વાસ કહેલ છે, તેનું જ નામ 'ઈમાન' છે. ઈમાનનો અર્થ જાણવું અને માનવું છે. જે માણસ અલ્લાહના એકત્વ અને તેના વાસ્તવિક ગુણો તથા તેના કાનૂન તેમજ તેના ઈનામ અને સજાને જાણતી હોય અને હૃદયપૂર્વક તેના ઉપર વિશ્વાસ રાખતી હોય તેને 'મોમિન' કહે છે; અને ઈમાનનું પરિણામ એ છે કે મનુષ્ય 'મુસ્લિમ' અર્થાત્ અલ્લાહનો આજ્ઞાંકિત અને અનુવર્તી થઈ જાય છે.

ઈમાનની આ પરિભાષાથી તમે પોતે સમજી શકો છો કે ઈમાન વગર કોઈ

વ્યક્તિ 'મુસ્લિમ' નથી હોઈ શકતી. ઈસ્લામ અને ઈમાનનો સંબંધ એ જ છે, જે વૃક્ષનો સંબંધ બીજથી હોય છે. બીજ વિના તો વૃક્ષ ઊગી જ શકતું નથી. અલબત્ત, એવું બની શકે કે બીજ જમીનમાં વાવવામાં આવે, પણ જમીન ખરાબ હોવાને કારણે કે આબોહવા સારી ન મળવાને કારણે વૃક્ષ ખામીવાળું ઊગે. બિલકુલ આવી જ રીતે જો કોઈ માણસ મૂળેથી ઈમાન જ ન રાખતો હોય, તો એ કોઈ રીતે સંભવ નથી કે તે 'મુસ્લિમ' હોય. અલબત્ત, એ જરૂર શક્ય છે કે કોઈ માણસના હૃદયમાં ઈમાન હોય, પણ પોતાના ઈરાદાની કમજોરી અથવા ક્ષતિપૂર્ણ શિક્ષા અને પ્રશિક્ષણ અને ખોટી સોબતના પ્રભાવથી તે પૂર્ણ અને પાકો મુસ્લિમ ન હોય.

ઈમાન અને ઈસ્લામની દૃષ્ટિએ તમામ મનુષ્યોના ચાર દરજ્જાઓ છે :

(૧) જેઓ ઈમાન રાખે છે અને તેમનું ઈમાન તેમને અલ્લાહના આદેશોના પૂર્ણરૂપે પાલન કરનાર બનાવી દે છે. જે વાતને અલ્લાહ નાપસંદ કરે છે, તેઓ તેનાથી એવી રીતે બચે છે, જેમ કે કોઈ માણસ આગને સ્પર્ષ કરવાથી બચે છે અને જે વાતને અલ્લાહ પસંદ કરે છે, તેને તેઓ એવી લગન અને ઉત્કંઠાથી કરે છે, જેમ કે કોઈ માણસ ધન કમાવવા માટે લગનથી કામ કરે છે. આ સાચા મુસલમાન છે.

(૨) જેઓ ઈમાન તો ધરાવે છે, પણ તેમનું ઈમાન એટલું દૃઢ નથી કે તેમને પૂર્ણરૂપે અલ્લાહના આજ્ઞાંકિત બનાવી દે. આ જો કે નિમ્ન કોટિના લોકો છે, તેમ છતાં મુસ્લિમ છે. તેઓ જો અવજ્ઞા કરે છે, તો પોતાના અપરાધની દૃષ્ટિએ સજાને પાત્ર છે. પરંતુ તેમની સ્થિતિ અપરાધીની છે, વિદ્રોહીની નથી. એટલા માટે કે તેઓ સમ્રાટને સમ્રાટ તો માને છે અને તેના કાનૂનને કાનૂન તરીકે પણ સ્વીકારે છે.

(૩) તેઓ, જેઓ ઈમાન રાખતાં નથી, પરંતુ જાહેરમાં એવાં કાર્યો કરે છે, જે ઈશ્વરીય કાનૂનના અનુકૂળ દેખાય છે. આ લોકો વાસ્તવમાં વિદ્રોહી છે. તેમનાં આ બાહ્ય સત્કર્મો વાસ્તવમાં અલ્લાહનું આજ્ઞાપાલન અને અનુસરણ નથી. તેથી તેનું કોઈ મૂલ્ય નથી. તેઓનું દૃષ્ટાંત એવા માણસ જેવું છે, જે સમ્રાટને સમ્રાટ નથી માનતો અને તેના કાનૂનને કાનૂન તરીકે સ્વીકારતો જ નથી. આ માણસ બાહ્ય રીતે એવું કામ કરી રહ્યો હોય છે, જે કાનૂન વિરુદ્ધ ન હોય, તો તમે એવું ન કહી શકો કે તે સમ્રાટનો વફાદાર અને તેના કાયદાનું પાલન કરનાર છે. તેની ગણના તો પ્રત્યેક સ્થિતિમાં વિદ્રોહીઓમાં જ થશે.

(૪) તેઓ, જેઓ ઈમાન પણ નથી રાખતા અને આચરણની દૃષ્ટિએ પણ દુષ્ટ અને દુરાચારી છે, આ સૌથી ખરાબ પ્રકારના લોકો છે, કારણ કે તેઓ વિદ્રોહી પણ છે તેમજ ફિતૂર ઊભો કરનાર અને ઉપદ્રવી પણ છે.

માનવીય દરજ્જાઓના આ વર્ગીકરણથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે ઈમાન જ વાસ્તવમાં મનુષ્યની સફળતાનો આધાર છે. ઈસ્લામ ચાહે પૂર્ણ હોય કે

અપૂર્ણ, કેવળ ઈમાનના બીજથી પેદા થાય છે. જ્યાં ઈમાન નહીં હોય, ત્યાં ઈમાનની જગ્યાએ કુફ્ર હશે. જેનો બીજો અર્થ અલ્લાહથી વિદ્રોહનો છે, ચાહે સૌથી ખરાબ પ્રકારનો વિદ્રોહ હોય કે ન્યૂનતમ્ સ્તરનો.

અલ્લાહનું જ્ઞાન (ઈશ્વરીય જ્ઞાન) કેવી રીતે પ્રાપ્ત થાય ?

આજ્ઞાપાલન માટે ઈમાનની આવશ્યકતા તો તમે જાણી ગયા. હવે પ્રશ્ન એ છે કે અલ્લાહના ગુણો, તેને પ્રિય કાનૂન અને આખિરતના જીવન સંબંધે સાચું જ્ઞાન અને એવું જ્ઞાન, જેના ઉપર ભરોસો કરી શકાય, કેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે ?

આ પહેલા અમે વર્ણવી ગયા છીએ કે સૃષ્ટિમાં સર્વત્ર અલ્લાહની કારીગરીની નિશાનીઓ (ચિહ્નો) પથરાયેલ છે, જે એ વાતની સાક્ષી આપે છે કે કારખાનાને કોઈ એક જ કારીગરે બનાવ્યું છે અને તે જ તેનું સંચાલન કરી રહ્યો છે. આ નિશાનીઓમાં અલ્લાહના તમામ ગુણોની છબી દૃષ્ટિગોચર થાય છે. તેની તત્ત્વદર્શિતા (Wisdom), તેનું જ્ઞાન, તેનું સામર્થ્ય, તેની દયાળુતા, તેની સારસંભાળ અને પાલનહારી, તેનો પ્રકોપ, તાત્પર્ય એ છે કે ક્યો ગુણ છે, જેની ગરિમા તેના કામોમાં પ્રદર્શિત ન થતી હોય ? પરંતુ મનુષ્યની બુદ્ધિ અને તેની યોગ્યતાએ આ વસ્તુઓને જોવા તથા સમજવામાં મહદ્અંશે ભૂલ કરી છે. આ બધી નિશાનીઓ આંખો સામે મોજૂદ છે, તેમ છતાં કોઈએ કહ્યું કે ઈશ્વર બે છે અને કોઈએ કહ્યું કે ઈશ્વર ત્રણ છે, કોઈએ અસંખ્ય ઈશ્વર માની લીધાં, કોઈએ ઈશ્વરત્વના ટુકડે-ટુકડાં કરી નાખ્યા અને કહ્યું કે એક વરસાદનો ઈશ્વર છે, એક હવાનો ઈશ્વર છે અને એક અગ્નિનો ઈશ્વર છે, ટૂંકમાં જુદી-જુદી શક્તિઓના જુદા-જુદા ઈશ્વર છે અને એક ઈશ્વર આ બધાનો નાયક છે. આ રીતે અલ્લાહની હસ્તી અને તેના ગુણોને સમજવામાં લોકોની બુદ્ધિએ ઘણા ધોખાઓ ખાધા છે, જેનું વિવરણ અહીં કરી શકાય તેમ નથી.

આખિરતના (પારલૌકિક) જીવન અંગે પણ લોકોએ અનેક ખોટા ખ્યાલો ઊભા કરી દીધા. કોઈએ કહ્યું કે મનુષ્ય મરીને માટી થઈ જશે, પછી તેના પશ્ચાત્ કોઈ જીવન નથી. કોઈએ કહ્યું, મનુષ્ય વારંવાર આ દુનિયામાં જન્મ લેશે અને પોતાના કર્મોની સજા કે ઈનામ મેળવશે.

અલ્લાહની મરજી અનુસાર જીવન જીવવા માટે જે કાનૂનની પાબંદી જરૂરી છે, તેને તો સ્વયં પોતાની બુદ્ધિથી નિર્ધારીત કરવું ત્તેનાથી પણ વધુ મુશ્કેલ છે.

જો મનુષ્ય ખૂબ સાચી બુદ્ધિ ધરાવતો હોય અને તેની જ્ઞાન સંબંધે યોગ્યતા અત્યંત ઉચ્ચ કોટિની હોય, તો પણ વર્ષો-વર્ષના અનુભવો અને ચિંતન-મનન પછી તે અમુક હદ સુધી આ બાબતો વિશે કોઈ મત નિર્ધારીત કરી શકશે અને તેમ છતાં તેને પૂર્ણ વિશ્વાસ નહીં હોય કે તેણે સંપૂર્ણપણે સત્ય જાણી લીધું છે. જો કે જ્ઞાન અને બુદ્ધિની પૂરી પરીક્ષા તો એ જ રીતે થઈ શકતી હતી કે મનુષ્યને કોઈ માર્ગદર્શન વિના છોડી

દેવામાં આવ્યો હોત. પછી જે લોકો પોતાના પ્રયત્ન અને યોગ્યતાથી સત્ય અને સચ્ચાઈ સુધી પહોંચી જતા, તેઓ જ સફળ થતા અને જે ન પહોંચતા તેઓ નિષ્ફળ રહેતા, પરંતુ અલ્લાહે પોતાના બંદાઓને આવી કઠીન પરીક્ષામાં નથી નાખ્યા. તેણે પોતાની દયાથી સ્વયં મનુષ્યોમાંથી જ એવાં મનુષ્યો પેદા કર્યા, જેમને પોતાના ગુણોનો સાચું જ્ઞાન આપ્યું. તે પદ્ધતિ પણ બતાવી, જેનાથી મનુષ્ય દુનિયામાં અલ્લાહની મરજી મુજબ જીવન વ્યતીત કરી શકે છે. આખિરતના (પારલૌકિક) જીવન વિશે પણ સાચું જ્ઞાન આપ્યું અને તેમને આદેશ આપ્યો કે બીજા મનુષ્યો સુધી પણ આ જ્ઞાન પહોંચાડી દે. આ મનુષ્યો અલ્લાહના પયગંબરો (ઈશદૂતો) છે. જે માધ્યમથી અલ્લાહે તેમને જ્ઞાન આપ્યું છે તેનું નામ વહી (Revelation, દિવ્ય પ્રકાશના) છે અને જે ગ્રંથમાં તેમને આ જ્ઞાન આપવામાં આવ્યું છે, તેને અલ્લાહનો ગ્રંથ (ઈશ-ગ્રંથ) અને અલ્લાહની વાણી કહે છે. હવે મનુષ્યની બુદ્ધિ અને તેની યોગ્યતાની પરીક્ષા તેમાં છે કે તે પયગંબરના પવિત્ર જીવનને જોયા અને તેની ઉચ્ચ શિક્ષા ઉપર વિચાર કર્યા પછી તેના ઉપર ઈમાન લાવે છે કે નહીં? જો તે ન્યાયપ્રિય, સત્યને ઓળખનાર અને સત્યનિષ્ઠ છે, તો તે સાચી વાત અને સાચા માણસની શિક્ષાને માની લેશે અને પરીક્ષામાં સફળ થઈ જશે, અને જો તેણે આ ન માન્યું, તો ઇન્કારનો અર્થ એ જ થશે કે તેણે સત્ય અને સચ્ચાઈને સમજવા અને સ્વીકારવાની ક્ષમતા ગુમાવી દીધી છે. આ ઇન્કાર તેને પરીક્ષામાં નિષ્ફળ બનાવી દેશે તથા અલ્લાહ અને તેના કાનૂન અને આખિરતના (પારલૌકિક) જીવન વિષે તે કદાપિ કોઈ સાચું જ્ઞાન પ્રાપ્ત કરી શકશે નહીં.

'ગેબ' (અદ્રશ્ય કે પરોક્ષ) પર ઈમાન :

જુઓ, જ્યારે તમને કોઈ વસ્તુનું જ્ઞાન નથી મળતું, તો તમે જ્ઞાન ધરાવનારને શોધો છો અને તેની સૂચના ઉપર અમલ કરો છો. તમે બીમાર થાઓ છો, તો સ્વયં પોતાનો ઇલાજ નથી કરી લેતા, પરંતુ ડૉક્ટર પાસે જાઓ છો. ડૉક્ટરનું પ્રમાણિત હોવું, તેનું અનુભવી હોવું, તેના હસ્તે ઘણાબધા બીમારોનું સાજું થવું, આ એવી વાતો છે જેના કારણે તમે 'ઈમાન' (વિશ્વાસ) લઈ આવો છો કે તમારા ઇલાજ માટે જે યોગ્યતાની આવશ્યકતા છે, તે આ ડૉક્ટરમાં મોજૂદ છે. આ જ 'ઈમાન'ને કારણે, તે જે દવાનું, જે રીતે સેવન કરવાની સૂચના આપે છે, તેનું તમે સેવન કરો છો અને જે વસ્તુથી બચવાનો તે આદેશ આપે છે, તેનાથી બચો છો. તે જ પ્રમાણે કાનૂનના મામલામાં તમે વકીલ ઉપર 'ઈમાન' લાવો છો અને તેના આદેશોનું પાલન કરો છો. શિક્ષણના વિષયે શિક્ષક પર 'ઈમાન' લાવો છો અને જે કાંઈ તે તમને બતાવે છે, તેને માનતા ચાલ્યા જાઓ છો. તમારે ક્યાંક જવું હોય અને રસ્તાની ખબર ન હોય, તો જાણકાર ઉપર 'ઈમાન' લાવો છો અને જે રસ્તો તે તમને બતાવે છે, તેના ઉપર જ ચાલો છો. તાત્પર્ય એ છે કે દુનિયાના દરેક મામલામાં તમને જાણકારી અને જ્ઞાન

મેળવવા માટે કોઈક જાણકાર વ્યક્તિ ઉપર 'ઈમાન' લાવવું પડે છે (વિશ્વાસ કરવો પડે છે) અને તેમના અનુસરણ માટે તમે વિવશ હોવ છો. આનું જ નામ 'ઈમાન બિલ-ગૈબ' (પરોક્ષ કે અદૃષ્ય પર ઈમાન) છે.

પરોક્ષ પર ઈમાનનો અર્થ એ છે કે જે કાંઈ તમને ખબર નથી, તેનું જ્ઞાન તમે જાણવાવાળાથી પ્રાપ્ત કરો અને તેના પર વિશ્વાસ કરી લો. અલ્લાહની હસ્તી અને તેના ગુણોથી તમે પરિચિત નથી. તમને એ પણ ખબર નથી કે તેના ફરિશ્તાઓ તેના આદેશ અંતર્ગત સમગ્ર સૃષ્ટિનું કામ કરી રહ્યા છે અને તેમણે તમને દરેક બાજુથી ઘેરીને રાખ્યા છે. તમને એ પણ જાણકારી નથી કે અલ્લાહની મરજી અનુસાર જીવન વ્યતીત કરવાની રીત શું છે ? તમને આખિરતના જીવન અંગેની સ્થિતિની પણ ખબર નથી. આ બધી વાતોનું જ્ઞાન તમને એક એવા મનુષ્ય પાસેથી મળે છે, જેની સત્યનિષ્ઠા, સત્યવાદિતા, ઈશપરાયણતા, અત્યંત પવિત્ર જીવન અને અત્યંત તત્ત્વદર્શિતાભરી વાતો જોઈને તમે સ્વીકારી કરી લો છો કે તે જે કંઈ કહે છે, સાચું કહે છે અને તેની તમામ વાતો વિશ્વાસ કરવાને લાયક છે. આ જ પરોક્ષ અને અદ્રશ્ય પર ઈમાન છે. અલ્લાહના આજ્ઞાપાલન અને તેની ઈચ્છાનુસાર આચરણ કરવા માટે પરોક્ષ ઉપર ઈમાન જરૂરી છે, કારણ કે પયગંબર સિવાય કોઈ અન્ય માધ્યમથી તમને સાચું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી અને સાચા જ્ઞાન વગર તમે ઈસ્લામની પદ્ધતિ પ્રમાણે બરાબર ચાલી શકતા નથી.

●

પ્રકરણ – ૩

નુબૂવત (ઈશદૂતત્વ)

પાછલા પ્રકરણમાં તમને ત્રણ વાતો દર્શાવવામાં આવી છે :

એક એ કે અલ્લાહના આજ્ઞાપાલન માટે અલ્લાહની જાત અને ગુણો તથા તેના પસંદગીના માર્ગ અને આખિરત (પરલોક)ના ઈનામ અને સજા સંબંધે સાચા જ્ઞાનની જરૂર છે અને આ જ્ઞાન એવું હોવું જોઈએ, જેના પર તમને પૂર્ણ વિશ્વાસ અર્થાત્ 'ઈમાન' હોય.

બીજું એ કે અલ્લાહે મનુષ્યને એટલી કઠિન પરીક્ષામાં નથી નાખ્યો કે તે સ્વયં પોતાના પ્રયત્નોથી આ જ્ઞાન પ્રાપ્ત કરે, બલ્કે તેણે મનુષ્યોમાંથી જ કેટલાક ચૂંટી કાઢેલા બંદા અર્થાત્ પયગંબરોને 'વહી' (દિવ્ય પ્રકાશના) દ્વારા આ જ્ઞાન પ્રદાન કર્યું અને તેમને આદેશ આપ્યો કે બીજા લોકો સુધી આ જ્ઞાનને પહોંચાડે.

ત્રીજું એ કે સામાન્ય મનુષ્યો ઉપર હવે માત્ર એટલી જવાબદારી છે કે તેઓ અલ્લાહના સાચા પયગંબરોને ઓળખે. જ્યારે તેમને ખબર પડી જાય કે અમુક માણસ વાસ્તવમાં અલ્લાહનો સાચો પયગંબર છે, તો તેમનું કર્તવ્ય છે કે તે જે કંઈ શિક્ષા આપે, તેના ઉપર ઈમાન લાવે અને જે કંઈ આદેશ આપે તેને સ્વીકારે અને જે પદ્ધતિ ઉપર તે ચાલે તેનું અનુસરણ કરે.

હવે સૌપ્રથમ અમે તમને એ બતાવવા માગીએ છીએ કે પયગંબરી (નુબૂવત, ઈશદૂતત્વ)ની વાસ્તવિકતા શું છે ? અને પયગંબરોને કેવી રીતે ઓળખી શકાય ?

પયગંબરીની હકીકત અને જરૂરત :

તમે જુઓ છો કે જગતમાં મનુષ્યને જે-જે વસ્તુઓની આવશ્યકતા હોય છે, અલ્લાહે તે બધાનો પ્રબંધ પોતે જ કરી દીધો છે. જ્યારે બાળક જન્મ લે છે, ત્યારે જુઓ કે કેટલી સામગ્રી તેને આપીને દુનિયામાં મોકલવામાં આવે છે. જોવા માટે આંખો, સાંભળવા માટે કાન, સૂંઘવા અને શ્વાસ લેવા માટે નાક, સ્પર્શ-જ્ઞાન માટે આખા શરીરની ત્વચામાં અનુભવ-શક્તિ, ચાલવા માટે પગ, કામ કરવા માટે હાથ, વિચારવા માટે મગજ અને આવી જ અસંખ્ય બીજી વસ્તુઓ, જે પહેલાથી જ તેની બધી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેના નાનકડા શરીરમાં લપેટીને મૂકી દેવામાં આવી છે. પછી જ્યારે તે દુનિયામાં પગ મૂકે છે, ત્યારે જીવન-નિર્વાહ માટે એટલી સામગ્રી તેને

મળે છે, જેની તમે ગણના પણ કરી શકતા નથી. હવા છે, પ્રકાશ છે, ગરમી છે, પાણી છે, જમીન છે, માતાના સ્તનોમાં પહેલાંથી જ દૂધ મોજૂદ છે; માતા-પિતા અને સગા-સંબંધીઓ, ત્યાં સુધી કે બીજા લોકોના હૃદયોમાં પણ તેના માટે પ્રેમ અને વહાલ પેદા કરી દેવામાં આવેલ છે, જેનાથી તેનું પાલન-પોષણ થાય છે. તે પછી જેમ-જેમ તે મોટો થતો જાય છે, તેની જરૂરિયાતો પૂરી કરવા માટે દરેક પ્રકારની સામગ્રી તેને મળતી જાય છે અને એવું પ્રતીત થાય છે કે જાણે ધરતી અને આકાશની તમામ શક્તિઓ તેના પાલન-પોષણ અને સેવા માટે કામ કરી રહી છે !

તે પછી હજુ આગળ વધો. દુનિયામાં કામ કરવા માટે જેટલી યોગ્યતાઓની આવશ્યકતા છે, તે બધી મનુષ્યને આપવામાં આવી છે. શારીરિક શક્તિ, બુદ્ધિ, સૂઝ-બૂઝ, બોલવાની શક્તિ અને આવી જ ઘણી યોગ્યતાઓ ઓછા-વત્તા પ્રમાણમાં દરેક માણસમાં જોવા મળે છે. પરંતુ અહીં અલ્લાહે અદ્‌ભૂત પ્રબંધ કર્યો છે કે તમામ યોગ્યતાઓ બધા મનુષ્યોને સરખી નથી આપી. જો આવું હોત તો કોઈ કોઈનો મોહતાજ ન હોત, કોઈને કોઈની જરૂર ન પડતી, ન કોઈ કોઈની પરવા કરતો. એટલા માટે અલ્લાહે તમામ મનુષ્યોની સામૂહિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બધી યોગ્યતાઓ પેદા તો કરી મનુષ્યોમાં જ, પણ એવી રીતે કે કોઈને એક યોગ્યતા વધારે આપી દીધી અને બીજાને બીજી યોગ્યતા. તમે જુઓ છો કે કેટલાક લોકો શારીરિક પરિશ્રમની શક્તિઓ બીજાઓથી વધારે લઈને આવે છે. કેટલાક લોકોમાં કોઈ ખાસ કળા-કૌશલ્ય કે વ્યવસાયની જન્મજાત યોગ્યતા હોય છે, જેનાથી બીજા વંચિત હોય છે, અને કેટલાક લોકોમાં બુદ્ધિની તીવ્રતા અને બૌદ્ધિક શક્તિ બીજાઓથી વધારે હોય છે. કેટલાક જન્મજાત સૈનિક હોય છે, કેટલાકમાં પ્રશાસનની વિશેષ યોગ્યતા હોય છે, કેટલાક વકતૃત્વની અસામાન્ય શક્તિ લઈને જન્મે છે. કેટલાકમાં લખવાની સ્વાભાવિક પ્રતિભા જોવા મળે છે. કોઈક માણસ એવો જન્મે છે, જેનું મગજ ગણિતમાં વધુ કામ કરે છે, ત્યાં સુધી કે તેના મોટાં-મોટાં જટિલ પ્રશ્નોને એવી રીતે ઉકેલી નાંખે છે કે બીજાઓની બુદ્ધિ ત્યાં સુધી પહોંચતી નથી. એક બીજો માણસ એવો હોય છે, જે અદ્‌ભૂત ચીજ-વસ્તુઓનો આવિષ્કાર કરે છે અને તેના આવિષ્કારોને જોઈને દુનિયા દંગ રહી જાય છે. એક બીજો માણસ એવું અનુપમ કાનૂની દિમાગ લઈને આવે છે કે કાનૂનની જે સૂક્ષ્મ અને માર્મિક વાતો વર્ષો સુધી વિચાર કર્યા છતાં પણ બીજાઓની સમજમાં નથી આવતી, તેની દૃષ્ટિ આપોઆપ ત્યાં સુધી પહોંચી જાય છે, આ ઈશ્વરીય દેણ છે. કોઈ વ્યક્તિ પોતાનામાં સ્વયં આ યોગ્યતાઓ પેદા નથી કરી શકતી. ન તો શિક્ષા-દીક્ષાથી આ વસ્તુઓ પેદા થાય છે. વાસ્તવમાં આ જન્મજાત યોગ્યતાઓ છે અને અલ્લાહ પોતાની તત્ત્વદર્શિતા (Wisdom)થી જેને ચાહે છે, પ્રદાન કરે છે.

અલ્લાહની એ બક્ષિસ ઉપર પણ વિચાર કરીશું, તો તમને જણાશે કે માનવ-

સંસ્કૃતિ માટે જે યોગ્યતાઓની આવશ્યકતા વધુ હોય છે, તે વધારે મનુષ્યોમાં પેદા કરવામાં આવે છે અને જેની આવશ્યકતા જેટલી ઓછી હોય છે, તે તેટલા જ ઓછા મનુષ્યોમાં પેદા કરવામાં આવે છે. સૈનિક વધારે પેદા થાય છે. ખેડૂત અને સુથાર અને લુહાર અને આવા જ બીજા કામો કરનારા માણસો વધારે પેદા થાય છે. પરંતુ જ્ઞાન-સંબંધી અને બૌદ્ધિક શક્તિઓ રાખનારા તથા રાજકારણ અને સેનાપતિની યોગ્યતા ધરાવનારા ઓછા જન્મે છે. પછી તે લોકો તેનાથી પણ વધુ ઓછા મળે છે, જેઓ કોઈ વિશિષ્ટ વિદ્યા અને કળા-કૌશલ્યમાં અસાધારણ યોગ્યતા ધરાવતા હોય, કેમ કે તેમના મહાન કાર્યોને કારણે સદીઓ સુધી લોકોને તેમના જેવા કુશળ કળાકારોની જરૂરત નથી પડતી.

હવે વિચારવું જોઈએ કે દુનિયામાં માનવ-જીવનને સફળ બનાવવા માટે માત્ર આ જ એક આવશ્યકતા તો નથી કે મનુષ્યોમાં એન્જિનીયર, ગણિતશાસ્ત્રી, વૈજ્ઞાનિક, કાયદાશાસ્ત્રી, રાજનીતિજ્ઞ, અર્થશાસ્ત્રી અને વિભિન્ન ધંધા-વ્યવસાયની યોગ્યતાઓ ધરાવનાર લોકો જ પેદા થાય. આ બધાથી વધીને એક અન્ય આવશ્યકતા પણ તો છે, અને તે એ કે કોઈ એવું હોય જે લોકોને ઈશ્વરીય-માર્ગ બતાવે. બીજા લોકો તો માત્ર એટલું જ બતાવનારા છે કે આ દુનિયામાં મનુષ્ય માટે શું છે અને તેનો ઉપયોગ કેવી રીતે થઈ શકે છે. પરંતુ કોઈ એ બતાવનાર પણ હોવો જોઈએ કે મનુષ્ય સ્વયં કોના માટે છે ? અને મનુષ્યને દુનિયામાં આ સઘળી સામગ્રીઓ કોણે આપી છે ? અને તે આપનારની મરજી શું છે ? જેથી મનુષ્ય તેના જ અનુસાર દુનિયામાં જીવન જીવીને નિશ્ચિત અને શાશ્વત સફળતા પ્રાપ્ત કરે. આ મનુષ્યની વાસ્તવિક અને સૌથી મોટી જરૂરત છે, અને બુદ્ધિ એ માનવાનો ઇન્કાર કરે છે કે જે અલ્લાહે આપણી નાનામાં નાની આવશ્યકતાઓને પૂરી કરવાનો પ્રબંધ કર્યો છે, તેણે આવી મહત્ત્વપૂર્ણ આવશ્યકતાની પૂર્તિમાં બેદરકારી દાખવી હશે. ના, આવું કદાપિ નથી. અલ્લાહે જે રીતે એક-એક હુન્નર અને એક-એક વિદ્યા અને વિજ્ઞાનમાં વિશેષ યોગ્યતા ધરાવનાર માણસો પેદા કર્યા છે, તે જ રીતે એવા માણસો પણ પેદા કર્યા છે, જેમનામાં સ્વયં અલ્લાહને ઓળખવાની ઉત્તમ યોગ્યતા હતી. તેણે તેમને દીન (ધર્મ), નૈતિકતા અને શરીઅત (આચારશાસ્ત્ર)નું જ્ઞાન પોતાના પાસેથી આપ્યું, અને તેમને એ સેવા-કાર્ય પર નિયુક્ત કર્યા કે બીજા લોકોને આ વસ્તુઓનું શિક્ષણ આપે. આ જ તે લોકો છે જેમને આપણી ભાષામાં 'નબી' કે 'રસૂલ' કે 'પયગંબર' (ઈશદૂત કે સંદેશવાહક) કહેવામાં આવે છે.

પયગંબરની ઓળખ :

જેવી રીતે અન્ય વિદ્યાઓ અને કળાઓમાં નિષ્ણાંત લોકો એક વિશિષ્ટ પ્રકારની બુદ્ધિ અને એક વિશેષ પ્રકારની મનોવૃત્તિ લઈને જન્મે છે, તે જ રીતે પયગંબર પણ

એક વિશેષ પ્રકારની મનોવૃત્તિ લઈને આવે છે.

એક જન્મજાત કવિની કવિતા સાંભળતાં જ આપણને ખ્યાલ આવી જાય છે કે તે કવિતાની વિશેષ યોગ્યતા લઈને જન્મ્યો છે, કેમ કે બીજા લોકો ચાહે ગમે તેટલાં પ્રયત્નો કરે, તેની જેમ પદોની રચના કરી શકતા નથી. તે જ રીતે એક જન્મજાત વક્તા, એક જન્મસિદ્ધ લેખક, એક જન્મજાત સંશોધક, એક જન્મજાત નેતા પણ પોતાના મહાન કાર્યોથી સ્પષ્ટપણે ઓળખી લેવામાં આવે છે, કેમ કે તેમનામાંથી પ્રત્યેક પોતાના કામમાં અસાધારણ યોગ્યતાનું પ્રદર્શન કરે છે, જે બીજાઓમાં નથી હોતી. આવી જ સ્થિતિ પયગંબરની પણ છે. તેના મનમાં તે વાતો આવે છે, જે બીજા લોકો વિચારી પણ શકતા નથી. તે એવા વિષયોનું વર્ણન કરે છે, જે તેના સિવાય બીજો કોઈ માણસ વર્ણન કરી શકતો નથી. તેની દૃષ્ટિ એવી સૂક્ષ્મ વાતો સુધી આપોઆપ પહોંચી જાય છે, જ્યાં સુધી બીજાઓની નજર વર્ષોના ચિંતન-મનન પછી પણ નથી પહોંચતી. તે જે કંઈ કહે છે, તેને આપણી બુદ્ધિ સ્વીકારે છે. આપણું હૃદય સાક્ષી આપે છે કે ચોક્કસ આવું જ હોવું જોઈએ. સાંસારિક અનુભવો અને સૃષ્ટિના નિરીક્ષણોથી તેની એક-એક વાત સાચી પુરવાર થાય છે. પરંતુ જો આપણે સ્વયં એવી વાત કહેવા ઈચ્છીએ તો નથી કહી શકતા. પછી તેનો સ્વભાવ અને મિજાજ એટલો પવિત્ર હોય છે કે તે દરેક મામલામાં સાચી, સીધી અને સજ્જનતાની રીત અપનાવે છે. તે ક્યારેય કોઈ ખોટી વાત નથી કહેતો, કોઈ ખરાબ કામ નથી કરતો. હંમેશા સદાચાર અને સચ્ચાઈનું શિક્ષણ આપે છે અને જે કંઈ બીજાને કહે છે, તેના ઉપર સ્વયં આચરણ કરીને બતાવે છે. તેના જીવનમાં કોઈ એવું ઉદાહરણ નથી મળતું કે તે જે કંઈ કહે તેના વિરુદ્ધ આચરણ કરે. તેની વાણી અને વ્યવહારમાં કદી કોઈ વ્યક્તિગત સ્વાર્થ નથી હોતો. તે બીજાઓના હિત માટે સ્વયં નુકસાન સહન કરે છે અને પોતાના હિત માટે કોઈને નુકસાન નથી પહોંચાડતો. તેનું સંપૂર્ણ જીવન સચ્ચાઈ, સજ્જનતા, સુશીલતા, પવિત્રતા, ઉચ્ચ વિચાર અને સર્વોચ્ચ માનવતાનો નમૂનો હોય છે, જેમાં શોધવા છતાં પણ કોઈ દોષ જોવા મળતો નથી. આ જ વસ્તુઓને જોઈને સ્પષ્ટપણે ઓળખાઈ જાય છે કે આ માણસ અલ્લાહનો સાચો પયગંબર છે.

પયગંબરનું આજ્ઞાપાલન :

જ્યારે એ ખબર પડી જાય કે અમુક વ્યક્તિ અલ્લાહનો સાચો પયગંબર છે તો તેની વાત માનવી, તેનું આજ્ઞાપાલન કરવું અને તેના માર્ગનું અનુસરણ કરવું આવશ્યક છે. એ વાત બુદ્ધિથી તદ્દન વિપરીત છે કે તમે એક વ્યક્તિનું પયગંબર હોવું સ્વીકારો પણ ખરા અને તેની વાત પણ ન માનો, એટલા માટે કે પયગંબર માનવાનો અર્થ એ છે કે તમે માની લીધું કે તે જે કંઈ કહી રહ્યો છે, ઈશ્વર તરફથી કહી રહ્યો છે અને જે કંઈ કરી રહ્યો છે, ઈશ્વરની ઈચ્છાનુસાર કરી રહ્યો છે. હવે તમે જે કંઈ તેનાથી વિરુદ્ધ કરશો

અથવા કહેશો, તે ઈશ્વરની વિરુદ્ધ હશે અને જે વાત ઈશ્વરની વિરુદ્ધ હોય, તે કદાપિ સત્ય અને ન્યાયયુક્ત હોઈ શકતી નથી. આમ, કોઈને પયગંબર માનવાથી એ વાત આપોઆપ અનિવાર્ય બની જાય છે કે તેની વાત વાદ-વિવાદ વગર માની લેવામાં આવે અને તેની આજ્ઞા સામે માથું ઝુકાવી દેવામાં આવે, ભલે તેનું તાત્પર્ય અને લાભ તમારી સમજમાં આવે કે ન આવે. જે વાત પયગંબર તરફથી છે, તેનું પયગંબર તરફથી હોવું જ એ વાતનું પ્રમાણ છે કે તે સાચી છે અને તમામ તત્ત્વદર્શિતા અને હિતની વાતો તેમાં મોજૂદ છે. જો કોઈ વાતનું પ્રયોજન કે હેતુ તમારી સમજમાં ન આવે, તો તેનો એ અર્થ નથી કે તે વાતમાં કોઈ દોષ છે. જે વ્યક્તિને કોઈ વિદ્યા કે કળામાં કુશળતા પ્રાપ્ત નથી, સ્પષ્ટ છે કે તેના ભેદ કે રહસ્ય કે તેની સૂક્ષ્મતાને સમજી શકતો નથી. પરંતુ તે કેટલો મૂર્ખ હશે, જો તે વિશેષજ્ઞની વાતને માત્ર એટલા માટે ન માને કે તેની સમજમાં તે વાત નથી આવતી. જુઓ, દુનિયાના દરેક કામમાં તેના જાણકારની આવશ્યકતા હોય છે અને જાણકાર વ્યક્તિની સંમતિ પછી તેના પર પૂરેપૂરો ભરોસો કરવામાં આવે છે અને તેના કામમાં હસ્તક્ષેપ કરવામાં આવતો નથી, કેમ કે બધા જ લોકો બધા કામોના વિશેષજ્ઞ નથી હોઈ શકતા અને ન તો દુનિયાભરની તમામ વસ્તુઓને સમજી શકે છે. તમારે તમારી તમામ બુદ્ધિ અને ચાતુર્યનો ઉપયોગ ફક્ત એ વાત માટે કરવો જોઈએ કે એક સારામાં સારા વિશેષજ્ઞને શોધો. જ્યારે કોઈના વિશે તમને વિશ્વાસ થઈ જાય કે તે સૌથી સારો જાણકાર છે તો તેના ઉપર તમારે સંપૂર્ણ ભરોસો કરવો જોઈએ. પછી તેના કામોમાં હસ્તક્ષેપ કરવો અને એક-એક વાત અંગે એમ કહેવું કે પહેલાં અમને સમજાવી દો, નહિં તો અમે નહીં માનીએ, તે સમજદારી નથી, બલ્કે તદન મૂર્ખતા છે. કોઈ વકીલને કેસ સુપ્રત કર્યા પછી, તમે આવા વાદ-વિવાદ કરશો તો તે તમને પોતાની ઓફિસમાંથી કાઢી મૂકશે. કોઈ ડૉકટરથી તમે તેની એક-એક સૂચનાના સંદર્ભમાં કારણ પૂછશો તો તે તમારી સારવાર કરવાનું છોડી દેશે. આવો જ મામલો ધર્મનો પણ છે. તમને ઈશ્વરીય જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર છે. તમે જાણવા માગો છો કે ઈશ્વરીય ઇચ્છાનુસાર જીવન વ્યતીત કરવાની રીત શું છે? તમારા પાસે સ્વયં આ વસ્તુઓને જાણવાનું કોઈ સાધન નથી. હવે તમારૂં કર્તવ્ય છે કે અલ્લાહના સાચા પયગંબરની શોધ કરો. આ શોધમાં તમારે અત્યંત બુદ્ધિમત્તા અને સૂઝ-બૂઝથી કામ લેવું જોઈએ, કેમ કે જો તમે કોઈ ખોટા માણસને પયગંબર સમજી લીધો, જે પયગંબર નથી, તો તે તમને ખોટા માર્ગ પર લગાવી દેશે. પરંતુ જ્યારે તમને ખૂબ સારી રીતે જાંચ-પડતાલ કર્યા પછી એ વિશ્વાસ થઈ જાય કે અમુક વ્યક્તિ અલ્લાહનો સાચો પયગંબર છે, તો તેના પર તમારે સંપૂર્ણ વિશ્વાસ કરવો જોઈએ અને તેના પ્રત્યેક આદેશનું પાલન કરવું જોઈએ.

પયગંબર પર ઈમાન લાવવાની આવશ્યકતા :

જ્યારે તમને જાણ થઈ ગઈ કે ઇસ્લામનો સાચો અને સીધો માર્ગ એ જ છે જે

અલ્લાહ તરફથી તેનો પયગંબર બતાવે, તો એ વાત તમે પોતે સમજી શકો છો કે પયગંબર પર ઈમાન લાવવું, તેનું આજ્ઞાપાલન અને અનુસરણ કરવું તમામ મનુષ્યો માટે આવશ્યક છે અને જે વ્યક્તિ પયગંબરની પદ્ધતિને છોડીને સ્વયં પોતાની બુદ્ધિથી કોઈ પદ્ધતિ ઘડે છે, તે નિશ્ચિતપણે પથભ્રષ્ટ છે.

આ બાબતમાં લોકો ચિત્ર-વિચિત્ર ભૂલો કરે છે. કેટલાક લોકો એવા છે, જેઓ પયગંબરની સચ્ચાઈને માને છે, પરંતુ ન તેના પર ઈમાન લાવે છે અને ન તો તેના આદેશોનું પાલન છે. તેઓ માત્ર 'કાફિર' જ નહિં, મૂર્ખ પણ છે; કારણ કે પયગંબરને સાચો માન્યા પછી તેના આદેશોનું પાલન ન કરવાનો અર્થ એ છે કે મનુષ્ય જાણી-સમજીને અસત્યનો અનુગામી હોય. સ્પષ્ટ છે કે આનાથી વધીને કોઈ મૂર્ખતા નથી હોઈ શકતી.

કેટલાક લોકો કહે છે કે અમને પયગંબરને અનુસરવાની જરૂર જ નથી. અમે સ્વયં અમારી બુદ્ધિથી સત્ય-માર્ગનું જ્ઞાન પ્રાપ્ત કરી લઈશું. આ પણ મોટી ભૂલ છે. તમે ભૂમિતિ ભણ્યા છો અને તમે એ જાણો છો કે એક બિંદુથી બીજા બિંદુ સુધી સીધી રેખા એક જ હોઈ શકે છે. તેના સિવાય જેટલી પણ રેખાઓ દોરવામાં આવશે, તે બધી કાં તો વાંકી હશે અથવા બીજા બિંદુ સુધી પહોંચશે નહીં. આવી જ સ્થિતિ સત્ય-માર્ગની પણ છે, જેને ઇસ્લામની પરિભાષામાં 'સિરાતે મુસ્તકિમ' (સીધો માર્ગ) કહેવામાં આવે છે. આ માર્ગ મનુષ્યથી શરૂ થઈને અલ્લાહ સુધી પહોંચે છે અને ભૂમિતિના આ જ નિયમ અનુસાર આ પણ એક જ માર્ગ હોઈ શકે છે. આના સિવાય જેટલા પણ માર્ગો હશે, કાં તો બધા વાંકા હશે અથવા તો અલ્લાહ સુધી નહીં પહોંચે. હવે વિચારો કે જે સીધો માર્ગ છે, તે તો પયગંબરે બતાવી દીધો છે અને તેના સિવાય બીજો કોઈ માર્ગ 'સિરાતે મુસ્તકીમ' (સીધો માર્ગ) છે જ નહીં. આ માર્ગને છોડીને જે માણસ પોતે કોઈ માર્ગ શોધશે, તેના સમક્ષ બેમાંથી કોઈ એક પરિસ્થિતિ જરૂર ઉપસ્થિત થશે, કાં તો તેને ઈશ્વર સુધી પહોંચવાનો કોઈ માર્ગ મળશે જ નહીં અથવા જો મળે, તો પણ તે ખૂબ લાંબો વળાંકવાળો માર્ગ હશે. સરળ અને સીધી રેખા નહીં હોય, બલ્કે વાંકીચૂકી રેખા હશે. પ્રથમ સ્થિતિમાં તો તેનો વિનાશ નિશ્ચિત છે. રહી બીજી સ્થિતિ, તો તે પણ મૂર્ખતાપૂર્ણ હોવા અંગે કોઈ સંદેહ કરી શકાય તેમ નથી. એક બુદ્ધિહીન પશુ પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે વાંકોચૂકો રસ્તો છોડીને સીધો રસ્તો જ અપનાવે છે. પછી તે મનુંષ્યને તમે શું કહેશો, જેને અલ્લાહનો એક નેક બંદો સીધો માર્ગ બતાવે અને તે કહે કે નહીં, હું તારા બતાવેલ માર્ગ ઉપર નહીં ચાલું, બલ્કે સ્વયં વાંકાચૂકા માર્ગ પર ભટકી-ભટકીને અંતિમ લક્ષ્યને શોધી લઈશ.

આ તો એ વાત છે, જે સામાન્ય નજર નાખવાથી દરેક વ્યક્તિ સમજી શકે છે. પરંતુ જો તમે વધારે વિચાર કરીને જોશો, તો તમને જણાશે કે જે વ્યક્તિ પયગંબર ઉપર

ઈમાન લાવવાનો ઈન્કાર કરે છે, તેને અલ્લાહ સુધી પહોંચવાનો કોઈ માર્ગ મળી શકતો નથી; ન વાંકોચૂકો, ન સીધો. તેનું કારણ એ છે કે જે વ્યક્તિ સાચા માણસની વાત માનવાનો ઈન્કાર કરે છે, તેના મગજમાં ચોક્કસ કોઈ એવી ખરાબી હશે, જેના કારણે તે સચ્ચાઈથી વિમુખ થાય છે, કાં તો તેની સમજ-બૂઝમાં દોષ હશે અથવા તેના હૃદયમાં અભિમાન હશે અથવા તો તેના સ્વભાવમાં એવી વિકૃતિ હશે કે તે સદાચાર અને સચ્ચાઈની વાતોને સ્વીકારવા માટે તૈયાર જ નહીં થાય, અથવા તે બાપ-દાદા અને પૂર્વજોના આંધળા અનુકરણમાં ગ્રસ્ત હશે અને જે ખોટી વાતો રીત-રસમોના રૂપમાં ચાલી આવે છે, તેના વિરુદ્ધ કોઈની વાત માનવા માટે તૈયાર નહીં થાય, અથવા તે પોતાની મનેચ્છાઓનો દાસ હશે અને પયગંબરની શિક્ષાને માનવાનો એટલા માટે ઈન્કાર કરશે કે તેને માની લીધા પછી પાપકર્મો અને અનુચિત કાર્યોની સ્વતંત્રતા રહેતી નથી. આ તમામ કારણો એવા છે કે જો આમાંથી કોઈ એક કારણ પણ કોઈ માણસમાં હોય તો તેને ઈશ્વરીય માર્ગ મળવો અસંભવ છે, અને જો કોઈ કારણ પણ મોજૂદ ન હોય, તો એ અસંભવ છે કે એક સાચો, નિષ્પક્ષ અને ભલો માણસ એક સાચા પયગંબરની શિક્ષાને સ્વીકારવાનો ઈન્કાર કરી દે.

સૌથી મોટી વાત એ છે કે પયગંબર અલ્લાહ તરફથી મોકલવામાં આવ્યો હોય છે અને અલ્લાહની જ એ આજ્ઞા છે કે તેના ઉપર ઈમાન લાવો અને તેની આજ્ઞાનું પાલન કરો. હવે જે કોઈ પયગંબર ઉપર ઈમાન નથી લાવતો, તો તે અલ્લાહની વિરુદ્ધ વિદ્રોહ કરે છે. જુઓ, તમે જે રાજ્યની પ્રજા છો, તેના તરફથી જે અધિકારી પણ નિયુક્ત થશે, તમારે તેના આદેશોનું પાલન કરવું પડશે. જો તમે તેને અધિકાર-પ્રાપ્ત વ્યક્તિ માનવાથી ઈન્કાર કરશો, તો તેનો અર્થ એ થશે કે તમે સ્વયં રાજ્યના સામે વિદ્રોહ કર્યો છે. રાજ્યને માનવું અને તેણે નિયુક્ત કરેલ અધિકારીને ન માનવું બંને પરસ્પર-વિરોધી વાતો છે. આવું જ ઉદાહરણ અલ્લાહ અને તેના મોકલેલા પયગંબરનું પણ છે. અલ્લાહ તમામ મનુષ્યોનો સાચો સમ્રાટ છે. જે વ્યક્તિને તેણે મનુષ્યના માર્ગદર્શન માટે મોકલેલ હોય અને જેના અનુસરણની આજ્ઞા આપી હોય, દરેક મનુષ્યનું કર્તવ્ય છે કે તે વ્યક્તિને પયગંબર માને અને પ્રત્યેક બીજી વસ્તુનું અનુકરણ ત્યજીને માત્ર તેનું જ અનુસરણ અપનાવે. તેનાથી વિમુખ થનાર દરેક રીતે 'કાફિર' છે, ભલે પછી તે અલ્લાહને માનતો હોય કે ન માનતો હોય.

પયગંબરીનો સંક્ષિપ્ત ઈતિહાસ :

હવે અમે તમને બતાવીએ છીએ કે માનવ-જાતિમાં પયગંબરીનો ક્રમ કેવી રીતે શરૂ થયો અને કેવી રીતે ઉન્નતિ કરતાં-કરતાં એક અંતિમ અને સૌથી મહાન પયગંબર પર સમાપ્ત થયો.

તમે સાંભળ્યું હશે કે અલ્લાહે સૌ-પ્રથમ એક મનુષ્યને પેદા કર્યો હતો. પછી

તે જ મનુષ્યથી તેની જોડ પેદા કરી અને તે જોડનો વંશ ચલાવ્યો, જે અગણિત સદીઓમાં ફેલાતાં-ફેલાતાં સંપૂર્ણ ધરતી પર છવાઈ ગયો. જગતમાં જેટલા પણ મનુષ્યોએ જન્મ લીધો છે, તે બધાં આ એક જ જોડના સંતાન છે. તમામ જાતિઓની ધાર્મિક અને ઐતિહાસિક પ્રણાલિકાઓ એકમત છે કે માનવ-જાતિનો આરંભ એક જ મનુષ્યથી થયો છે. વૈજ્ઞાનિક શોધખોળોથી પણ એ સિદ્ધ થયું નથી કે પૃથ્વીના વિભિન્ન ભાગોમાં અલગ-અલગ મનુષ્યો બનાવવામાં આવ્યા હતાં, બલ્કે વિજ્ઞાનના અધિકતર વિશેષજ્ઞોનું પણ એ જ અનુમાન છે કે પ્રથમ એક મનુષ્ય જ પેદા થયો હશે, અને મનુષ્યની વર્તમાન નસલ દુનિયામાં જ્યાં પણ જોવા મળે છે, તે જ એક મનુષ્યના સંતાનો છે.[1]

આપણી ભાષામાં આ પ્રથમ મનુષ્યને 'આદમ' (અલૈ.) કહીએ છીએ. આનાથી જ 'આદમી' શબ્દની ઉત્પત્તિ થઈ, જે 'માનવી'નો સમાનાર્થી છે. અલ્લાહે સૌપ્રથમ પયગંબર (ઈશદૂત) હઝરત આદમ (અલૈ.)ને જ બનાવ્યા અને તેમને આજ્ઞા આપી કે તેઓ પોતાના સંતાનોને ઈસ્લામની શિક્ષા આપે, અર્થાત્ તેમને એ બતાવે કે તમારો અને સમગ્ર વિશ્વનો ઈશ્વર એક છે. તેની જ તમે 'ઈબાદત' (ઉપાસના) કરો, તેના જ સામે શીશ ઝુકાવો, તેનાથી જ મદદ માગો અને તેની જ મરજી મુજબ દુનિયામાં ભલાઈ અને ન્યાયની સાથે જીવન વિતાવો. જો તમે આવું કરશો તો તમને સારૂં ઈનામ મળશે અને જો તેના આજ્ઞાપાલનથી વિમુખ થશો તો ખરાબ સજા પામશો.

હઝરત આદમ (અલૈ.)ના સંતાનોમાં જે લોકો સારા હતા, તે તેમના પિતાના દર્શાવેલા સીધા માર્ગ ઉપર ચાલતા રહ્યાં, પરંતુ જે લોકો ખરાબ હતા તેમણે તેને ત્યજી દીધો. કોઈએ સૂર્ય, ચંદ્ર અને તારાઓને પૂજવાનું શરૂ કરી દીધું. કોઈએ વૃક્ષો અને પશુઓ અને નદીઓની ઉપાસના શરૂ કરી દીધી. કોઈએ વિચાર્યું કે હવા અને પાણી અને અગ્નિ તથા બીમારી અને તંદુરસ્તી તેમજ પ્રકૃતિની અન્ય ચીજ-વસ્તુઓ અને શક્તિઓના ઈશ્વર અલગ-અલગ છે. દરેકની ઉપાસના કરવી જોઈએ, જેથી સૌ પ્રસન્ન થઈને આપણા માટે દયાળુ બની જાય. આ જ પ્રમાણે અજ્ઞાનના કારણે અનેકેશ્વરવાદ અને મૂર્તિપૂજાના ઘણાં સ્વરૂપો પેદા થઈ ગયા, જેનાથી અનેક ધર્મો ઉત્પન્ન થઈ ગયા. આ તે સમય હતો, જ્યારે કે હઝરત આદમ (અલૈ.)નો વંશ દુનિયાના વિભિન્ન ભાગોમાં ફેલાઈ ચૂક્યો હતો. વિભિન્ન જાતિઓ બની ગઈ હતી. દરેક જાતિએ પોતાનો એક નવો ધર્મ બનાવી લીધો હતો અને દરેકના રીત-રિવાજો જુદા-જુદા હતા. અલ્લાહને ભૂલવાની સાથે-સાથે લોકો તે કાનૂનને પણ ભૂલી ગયા હતાં, જે હઝરત આદમ

૧. આ એક ખૂબ મહત્ત્વનો અને ક્રાંતિકારી ખ્યાલ છે. તેનું તાર્કિક પરિણામ માનવ-એકતા અને માનવ-સમાનતા છે. વંશ, વર્ગ, રંગ, જાતિ અને પ્રદેશના આધારે મનુષ્યો વચ્ચે ભેદભાવ અને પક્ષપાત એ મૂર્ખતા છે. આ યુગમાં જ્યારે કે રાષ્ટ્રવાદ, સંકુચિત જાતિવાદ અને લોહીતરસ્યા ભાષા-રંગ અને વંશવાદે દુનિયાને ફાડી નાખી છે, ત્યારે માનવ-એકતા અને સમાનતાનો આ ખ્યાલ દુનિયાના ભવિષ્ય માટે એક શક્તિશાળી અને અસરકારક આશાનું કિરણ છે. (અંગ્રેજી અનુવાદ, Towards Understanding Islam, ખુર્રમ મુરાદ)

(અલૈ.)એ પોતાના સંતાનોને શિખવાડ્યો હતો. લોકોએ સ્વયં પોતાની તુચ્છ મનેચ્છાઓનું પાલન શરૂ કરી દીધું. દરેક પ્રકારના ખરાબ રિવાજોએ જન્મ લીધો. દરેક પ્રકારના અજ્ઞાનતાપૂર્ણ વિચારો ફેલાયાં. સારા-નરસાને ઓળખવામાં ભૂલો કરવામાં આવી. ઘણીબધી ખરાબ વસ્તુઓને સારી સમજી લેવામાં આવી અને ઘણીબધી સારી વસ્તુઓને ખરાબ ઠરાવી લેવામાં આવી.[2]

હવે અલ્લાહે પ્રત્યેક જાતિમાં પયગંબરો મોકલવાનું શરૂ કર્યું, જેઓ લોકોને તે જ ઈસ્લામનું શિક્ષણ આપવા લાગ્યા, જેનું શિક્ષણ સૌથી પહેલાં હઝરત આદમ (અલૈ.)એ મનુષ્યોને આપ્યું હતું. આ પયગંબરોએ પોત-પોતાની જાતિઓને ભૂલાયેલ પાઠનું સ્મરણ કરાવ્યું. તેમને એક અલ્લાહની ઉપાસનાની શિક્ષા આપી. અનેકેશ્વરવાદ અને મૂર્તિપૂજાથી રોક્યા. અજ્ઞાનતાપૂર્ણ રીત-રિવાજોને નાબૂદ કર્યા. અલ્લાહની ઈચ્છાનુસાર જીવવાની રીત દર્શાવી તેમજ સાચો કાનૂન અને નિયમ બતાવીને તેના પાલનનો આદેશ આપ્યો. ભારત, ચીન, ઈરાન, ઇરાક, ઇજિપ્ત, આફ્રિકા, યુરોપ; ટૂંકમાં દુનિયાનો કોઈ દેશ એવો નથી, જ્યાં અલ્લાહ તરફથી તેના સાચા પયગંબર ન આવ્યા હોય. આ સૌનો ધર્મ એક જ હતો અને તે એ જ ધર્મ હતો, જેને આપણે આપણી ભાષામાં 'ઇસ્લામ' કહીએ છીએ.[3] એટલું ચોક્કસ છે કે શિક્ષાની પદ્ધતિઓ અને જીવનના નીતિ-નિયમો થોડાંક ભિન્ન હતા. દરેક જાતિમાં જે પ્રકારની અજ્ઞાનતા ફેલાયેલ હતી, તેને જ દૂર કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો. જે પ્રકારના ખોટા વિચારો પ્રચલિત હતા, તેની જ સુધારણા ઉપર વધુ ધ્યાન આપવામાં આવ્યું. સભ્યતા અને સંસ્કૃતિ તથા જ્ઞાન અને બુદ્ધિને અનુલક્ષીને જ્યારે જાતિઓ પ્રાથમિક અવસ્થામાં હતી, તો તેમને સરળ શિક્ષા અને શરીઅત (ધર્મ-વિધાન) આપવામાં આવ્યા. જેમ-જેમ ઉન્નતિ અને વિકાસ થતો ગયો, શિક્ષા અને શરીઅતને પણ વિસ્તૃત અને વિકસિત રૂપ આપવામાં આવતું રહ્યું, પરંતુ આ અંતર માત્ર બાહ્ય હતું, આત્મા સૌની એક હતી;

---

૨. આનાથી ખ્યાલ આવે છે કે એ વિચાર સાચો નથી કે મનુષ્ય પહેલાં પ્રકૃતિની જુદી-જુદી ચીજ-વસ્તુઓનો ઉપાસક હતો અને અનેકેશ્વરવાદથી ઉન્નતિ કરીને તે એક ઈશ્વર સુધી પહોંચી શક્યો છે, બલ્કે આરંભમાં મનુષ્ય 'તૌહીદ' (એકેશ્વરવાદ)ને માનવાવાળો હતો. 'શિર્ક' (અનેકેશ્વરવાદ) તો માનવ-સમાજમાં તે સમયે ઘૂસી આવેલ છે, જ્યારે લોકોમાં બગાડ પેદા થઈ ગયો અને તેઓ પોતાના વાસ્તવિક ધર્મથી દૂર થઈ ગયા. વર્તમાન વૈજ્ઞાનિક સંશોધનોથી પણ આ જ વાતની પુષ્ટિ થાય છે કે એક ઈશ્વરની ઉપાસના જ ઉપાસનાનું આરંભિક સ્વરૂપ છે. ઉપાસનાના બીજા રૂપો તો વાસ્તવિક ધર્મના બગડેલાં રૂપો છે. જૂઓ : Prof. W. Schmidtનો લેખ *The Origin and Growth of Religions.* (હિન્દી અનુવાદ, 'ઇસ્લામ ધર્મ' મૌલાના ફારૂકખાં)

૩. સામાન્ય રીતે લોકો એ ભ્રમમાં છે કે ઈસ્લામનો આરંભ હઝરત મુહમ્મદ (સલ્લ.)થી થયો છે. ત્યાં સુધી કે આપને ઈસ્લામના સ્થાપક સુદ્ધાં કહી દેવામાં આવે છે. વાસ્તવમાં આ એક મોટી ગેરસમજ છે, જેને મગજમાંથી કાઢી નાખવાની જરૂર છે. દરેક વ્યક્તિએ એ વાત સારી રીતે જાણી લેવાની જરૂર છે કે ઈસ્લામ સનાતનથી મનુષ્યોનો એક માત્ર વાસ્તવિક ધર્મ છે અને જગતમાં જ્યારે અને જ્યાં પણ કોઈ પયગંબર (ઈશદૂત) ઈશ્વર તરફથી આવ્યો છે, તે આ જ ધર્મ લઈને આવ્યો છે.

અર્થાત્ આસ્થા અને વિશ્વાસમાં 'તૌહીદ' (એકેશ્વરવાદ), વ્યવહારમાં ભલાઈ અને સદાચાર તથા 'આખિરત' (પરલોક)માં ઈનામ અને સજા ઉપર દૃઢ વિશ્વાસ.

પયગંબરો સાથે પણ મનષ્યોએ વિચિત્ર વ્યવહાર કર્યો, પહેલાં તો તેમને તકલીફો આપવામાં આવી, તેમના માર્ગદર્શનને માનવાનો ઈન્કાર કરવામાં આવ્યો. કોઈને સ્વદેશમાંથી કાઢી મૂકવામાં આવ્યો, તો કોઈની હત્યા કરી દેવામાં આવી, કોઈને જીવનભરની શિક્ષા અને ઉપદેશ પછી મુશ્કેલીથી પાંચ-દસ અનુયાયીઓ જ પ્રાપ્ત થઈ શકયાં, પરંતુ અલ્લાહના આ પસંદ કરેલા પયગંબરો અવિરતપણે પોતાનું કાર્ય કરતા રહ્યાં, ત્યાં સુધી કે તેમની શિક્ષાઓની અસર થઈ અને મોટી-મોટી જાતિઓ તેમના સિદ્ધાંતો અને કાનૂનોનું પાલન કરવાવાળી બની ગઈ. તે પછી પથભ્રષ્ટતાએ બીજું રૂપ ધારણ કર્યું. પયગંબરોના દુનિયામાંથી ચાલ્યા ગયા પછી તેમના અનુયાયી સમુદાયોએ તેમની શિક્ષાઓને બદલી નાખી. તેમના ગ્રંથોમાં પોતાના તરફથી દરેક પ્રકારના વિચારો ભેળવી દીધાં. પૂજા અને ઉપાસનાની નવી-નવી રીતો અપનાવી. કેટલાકે સ્વયં પયગંબરોને પૂજવાનું શરૂ કરી દીધું. કોઈએ પોતાના પયગંબરને ઈશ્વરનો અવતાર ઠેરવી દીધો. (અર્થાત્ ઈશ્વર પોતે માનવના રૂપમાં અવતરિત થયો હતો.) કોઈએ પોતાના પયગંબરને ઈશ્વરનો પુત્ર કહ્યો. કોઈએ પોતાના પયગંબરને ઈશ-પ્રભુત્વમાં ભાગીદાર ઠેરવ્યો. ટૂંકમાં મનુષ્યએ વિચિત્ર અત્યાચારનું વલણ અપનાવ્યું કે જે લોકોએ મૂર્તિઓનું ખંડન કર્યુ હતું, મનુષ્યએ સ્વયં તેમની જ મૂર્તિઓ બનાવી લીધી. પછી જે 'શરીઅતો' (ધર્મ-વિધાન અને આચાર-શાસ્ત્ર) આ પયગંબરો પોત-પોતાના અનુયાયી સમુદાયોને આપી ગયા હતા, તેને પણ જુદી-જુદી રીતે બગાડી નાખવામાં આવી. તેમાં દરેક પ્રકારની અજ્ઞાનતાપૂર્ણ રૂઢિઓની મિલાવટ કરી દેવામાં આવી. દંતકથાઓ અને મિથ્યા પ્રણાલિકાઓને ભેળવી દેવામાં આવી. માનવ-નિર્મિત કાનૂનોની તેમાં ભેળ-સેળ કરી દેવામાં આવી. ત્યાં સુધી કે કેટલીક સદીઓ પછી એ જાણવાનું કોઈ સાધન જ બાકી ન રહ્યું કે પયગંબરની વાસ્તવિક શિક્ષા અને સાચી શરીઅત શું હતી અને પછીના લોકોએ તેમાં શું-શું ભેળવી દીધું ?[૪] સ્વયં પયગંબરોના જીવન-વૃતાંતો પણ લોકવાયકાઓમાં એવા ખોવાઈ ગયા કે તેમના વિશે કોઈ વસ્તુ પણ વિશ્વસનીય નથી રહી. તેમ છતાં પયગંબરોના પ્રયત્નો સર્વથા વ્યર્થ નથી ગયા. તમામ મિલાવટો છતાં કોઈ-ને-કોઈ વાસ્તવિક સચ્ચાઈ પ્રત્યેક જાતિમાં બાકી રહી ગઈ. ઈશ્વરમાં વિશ્વાસ અને પારલૌકિક (આખિરતના) જીવન અંગેની માન્યતા કોઈ-ને-કોઈ રૂપમાં

૪. અહીં એ વાત સારી રીતે સમજી લેવાની જરૂર છે કે પયગંબરોના અનુયાયીઓએ આ જ રીતે પોતાના સાચા ધર્મ (અર્થાત્ ઇસ્લામ)ને બગાડીને તે ધર્મો બનાવ્યા છે, જે આજે વિભિન્ન નામોથી દુનિયામાં જોવા મળે છે; જેમ કે હઝરત ઈસા (અલૈ.)એ જે ધર્મની શિક્ષા આપી હતી તે તો ઇસ્લામ જ હતો, પરંતુ તેમના પછી તેમના અનુયાયીઓએ સ્વયં હઝરત ઈસાને પૂજ્ય બનાવી લીધા અને તેમણે આપેલ શિક્ષાની સાથે બીજી વાતો ભેળવી-સેળવીને તે ધર્મ ઘડી લીધો, જેનું નામ આજે 'ખ્રિસ્તી ધર્મ' છે.

બધી જ જાતિઓમાં પ્રચલિત થઈ ગયાં. ભલાઈ અને સચ્ચાઈ અને નૈતિકતાના કેટલાક સિદ્ધાંતો સર્વસાધારણ રીતે દુનિયામાં સ્વીકારી લેવામાં આવ્યા તથા તમામ જાતિઓના પયગંબરોએ અલગ-અલગ એક-એક જાતિને ત્યાં સુધી તૈયાર કરી દીધી કે દુનિયામાં એક એવા ધર્મની શિક્ષાનો ફેલાવો કરી શકાય, જે કોઈ પણ જાતના ભેદભાવ વિના સમસ્ત માનવ-જાતિનો ધર્મ હોય.

જેમ કે અમે ઉપર દર્શાવ્યું છે, શરૂઆતમાં દરેક જાતિમાં અલગ-અલગ પયગંબરો આવતા હતા અને તેમની શિક્ષા તેમની જાતિ સુધી જ સીમિત રહેતી હતી. તેનું કારણ એ હતું કે તે સમયે બધી જાતિઓ એક બીજાથી અલગ હતી, તેમના વચ્ચે અધિક મેળમેળાપ ન હતો. દરેક જાતિ પોત-પોતાના દેશની સીમાઓમાં જાણે કેદ હતી. આવી પરિસ્થિતિમાં કોઈ સામાન્ય અને સંયુક્ત શિક્ષાનું તમામ જાતિઓમાં ફેલાવું અત્યંત મુશ્કેલ હતું. તદુપરાંત વિભિન્ન જાતિઓની સ્થિતિ પણ એકબીજાથી તદ્દન ભિન્ન હતી. અજ્ઞાનતા ખૂબ વધી ગઈ હતી. આ અજ્ઞાનતાના કારણે આસ્થા અને આચારના જે દોષ ઉદ્ભવ્યા હતા, દરેક જગ્યાએ જુદા-જુદા સ્વરૂપમાં હતાં. આથી જરૂરી હતું કે અલ્લાહના પયગંબરો દરેક જાતિને અલગ-અલગ શિક્ષા અને ઉપદેશ આપે. ધીમે-ધીમે ખોટા વિચારોને નાબૂદ કરીને સદ્-વિચારોને ફેલાવે, અજ્ઞાનતાપૂર્ણ રીતોનું ઉન્મૂલન કરીને ઉચ્ચ પ્રકારના કાનૂન અને નિયમોના પાલનની શિખામણ આપે અને તેમની શિક્ષા-દીક્ષાનો એવી રીતે પ્રબંધ કરે, જેવી રીતે બાળકો માટે કરવામાં આવે છે. અલ્લાહ જ જાણે છે કે આ પ્રકારે જાતિઓના શિક્ષણમાં કેટલા હજાર વર્ષો લાગ્યાં હશે. આમ, ઉન્નતિ કરતાં-કરતાં છેવટે એ સમય આવ્યો, જ્યારે માનવ-જાતિ બાલ્યાવસ્થામાંથી નીકળીને યુવાવસ્થામાં પહોંચવા લાગી. વેપાર અને ઉદ્યોગ તથા કળા-કૌશલ્યના વિકાસની સાથે-સાથે વિભિન્ન જાતિઓમાં પરસ્પર સંબંધો સ્થાપિત થયા. ચીન અને જાપાનથી લઈને યુરોપ અને આફ્રિકાના દૂર-સુદૂરના દેશો સુધી દરિયાઈ અને જમીન માર્ગે યાત્રાઓનો આરંભ થયો, મોટા ભાગની જાતિઓમાં લેખન-કળાનો પ્રચાર થયો, વિદ્યાઓ અને કળાઓનો પ્રસાર થયો તેમજ વિભિન્ન જાતિઓ વચ્ચે પરસ્પર વિચારો અને જ્ઞાન સંબંધી વિષયોનું આદાન-પ્રદાન થવા લાગ્યું. મોટા-મોટા વિજેતાઓ પેદા થયાં અને તેમણે વિશાળ રાજ્યોની સ્થાપના કરીને કેટલાય દેશો અને કેટલીય પ્રજાઓને એક રાજનૈતિક વ્યવસ્થાથી જોડી દીધાં. આ રીતે તે અંતર અને ભિન્નતા જે પહેલાં માનવ-જાતિઓમાં જોવા મળતાં હતાં, તે ધીમે-ધીમે ઓછા થતા ગયા અને એ સંભવ બની ગયું કે 'ઇસ્લામ'ની એક જ શિક્ષા અને એક જ શરીઅત (ધર્મ-વિધાન) આખા જગત માટે મોકલવામાં આવે. આજથી અઢી હજાર વર્ષ પૂર્વે મનુષ્યની સ્થિતિ એટલી હદ સુધી ઉન્નતિ કરી ચૂકી હતી કે તે પોતે જ સંયુક્ત અને સર્વસાધારણ ધર્મ માગી રહ્યો હતો. બૌદ્ધ મત, જો કે પૂર્ણ ધર્મ ન હતો અને તેમાં કેવળ

કેટલાક નૈતિક નિયમો જ હતા, છતાં ભારતથી નીકળીને તે એક તરફ જાપાન અને મોંગોલિયા અને બીજી તરફ અફઘાનિસ્તાન અને બુખારા સુધી ફેલાઈ ગયો અને તેનો પ્રચાર કરનારા દૂર-સુદૂરના દેશો સુધી પહોંચી ગયા. તેની કેટલીક સદીઓ પછી ખ્રિસ્તી ધર્મનો ઉદ્‌ભવ થયો. જો કે હઝરત ઈસા (અલૈ.) પણ ઇસ્લામનું જ શિક્ષણ લઈને આવ્યા હતાં, પરંતુ તેમના પછી 'ઈસાઇયત' (Christianity, ખ્રિસ્તી સંપ્રદાય)ના નામથી એક ત્રુટિઓથી ભરપૂર અને અપૂર્ણ ધર્મ ઘડી લેવામાં આવ્યો, અને ખ્રિસ્તીઓએ આ ધર્મને આફ્રિકા અને યુરોપના ખૂબ દૂરના દેશોમાં ફેલાવી દીધો. આ ઘટનાઓ દર્શાવી રહી છે કે તે સમયે વિશ્વ સ્વયં એક સામાન્ય માનવીય ધર્મની માંગ કરી રહ્યું હતું અને તેને માટે તે ત્યાં સુધી તૈયાર થઈ ગયું હતું કે જ્યારે તેને કોઈ પૂર્ણ અને સાચો ધર્મ ન મળ્યો, તો તેણે અપરિપક્વ અને અપૂર્ણ ધર્મોને જ માનવ-જાતિઓમાં ફેલાવવાનું શરૂ કરી દીધું.

હઝરત મુહમ્મદ સલ્લ.ની નુબૂવત (ઈશદૂતત્વ) :

આ સમય હતો, જ્યારે સમસ્ત જગત અને તમામ માનવ-જાતિઓ માટે એક પયગંબર, અર્થાત્ હઝરત મુહમ્મદ સલ્લ.ને અરબસ્તાનની ભૂમિમાં પેદા કરવામાં આવ્યા અને તેમને ઇસ્લામનું પૂરેપૂરૂં શિક્ષણ તેમજ સંપૂર્ણ કાનૂન અને નિયમ આપીને એ સેવા ઉપર નિયુક્ત કરવામાં આવ્યા કે તેને સમગ્ર દુનિયામાં ફેલાવી દે.

દુનિયાનો નકશો ઉઠાવીને જુઓ, તમે એક જ દૃષ્ટિમાં એ અનુભવ કરી લેશો કે આખી દુનિયાની પયગંબરી માટે પૃથ્વી પર અરબસ્તાનથી વધુ ઉચિત સ્થાન બીજું કોઈ હોઈ શકતું નથી. આ દેશ એશિયા અને આફ્રિકાની બરાબર મધ્યમાં આવેલો છે અને યુરોપ પણ અહીંથી ખૂબ નજીક છે. વિશેષતઃ તે જમાનામાં યુરોપની સભ્ય જાતિઓ અધિકાંશ યુરોપના દક્ષિણ ભાગમાં વસેલી હતી અને આ ભાગ અરબસ્તાનથી એટલો જ નજીક છે, જેટલું ભારત છે.

પછી તે યુગનો ઇતિહાસ વાંચો, તમને ખ્યાલ હશે કે આ 'નુબૂવત' (પયગંબરી) માટે તે જમાનામાં આરબ જાતિ કરતાં વધુ યોગ્ય બીજી કોઈ જાતિ ન હતી. બીજી મોત-મોટી જાતિઓ પોતાની તાકાત દેખાડીને અશક્ત થઈ ચૂકી હતી અને આરબ જાતિ જુસ્સાદાર તથા તાજગી અને સ્ફૂર્તિથી ભરપૂર હતી. સામાજિક ઉન્નતિથી અન્ય જાતિઓનો સ્વભાવ અને આદતો ખૂબ વધારે બગડી ગઈ હતી અને આરબ જાતિમાં તે વખતે કોઈ એવી સામાજિક વ્યવસ્થા ન હતી, જે તેને એશ-આરામી, વિલાસ-પ્રિય અને અધમ બનાવી દેતી. ઈસ્વી સન છઠ્ઠી સદીના આરબો તે જમાનાની તે જાતિઓની બૂરાઈઓથી તદ્દન બચેલા હતા, જે સભ્ય કહેવાતી હતી. તેમનામાં એ તમામ માનવીય ગુણો જોવા મળતા હતા, જે એક એવી જાતિમાં હોઈ શકે છે, જેને બનાવટી અને દોષયુક્ત સભ્યતાનો પડછાયો ન અડક્યો હોય. તેઓ શૂરવીર હતા, નિર્ભય હતા,

દાનશીલ અને ઉદાર હતા, પોતાની વાત ઉપર મક્કમતાથી વળગી રહેનારા હતા, વચનનું પાલન કરવાવાળા હતા, સ્વતંત્ર વિચાર રાખનારાં અને સ્વાતંત્ર્યપ્રિય હતા. કોઈ જાતિના દાસ ન હતા, પોતાની પ્રતિષ્ઠા માટે પ્રાણ ન્યોછાવર કરી દેવું તેમના માટે સરળ હતું. અત્યંત સાદું અને સરળ જીવન વ્યતીત કરતા હતા અને ભોગ-વિલાસથી તેમનો કોઈ સંબંધ ન હતો. તેમાં કોઈ સંદેહ નથી કે તેમનામાં ઘણી બૂરાઈઓ પણ હતી, જેની જાણ આગળ તમને થશે, પરંતુ આ બૂરાઈઓ એટલા માટે હતી કે અઢી હજાર વર્ષથી તેમના ત્યાં કોઈ પયગંબર આવ્યો ન હતો.[૫] ન કોઈ એવો નેતા પેદા થયો હતો, જે તેમના ચારિત્ર્યની સુધારણા કરતો અને તેમને સભ્યતાની શિખામણ આપતો. સૈકાઓ સુધી રણપ્રદેશમાં સ્વતંત્ર જીવન વિતાવવાના કારણે તેમનામાં અજ્ઞાનતા પ્રસરી ગઈ હતી અને તેઓ પોતાની અજ્ઞાનતામાં એટલા જકડાયેલા હતા કે કે તેમને માનવી બનાવવા કોઈ સામાન્ય માણસનું કામ ન હતું. પરંતુ તેના સાથે તેમનામાં એ યોગ્યતા જરૂર જોવા મળતી હતી કે જો કોઈ અસાધારણ શક્તિનો માણસ તેમની સુધારણા કરી દે અને તેની શિક્ષાના પ્રભાવથી તે કોઈ ઉચ્ચ પ્રકારના ઉદ્દેશ્યને લઈને ઊભા થઈ જાય, તો આખી દુનિયાને બદલીને મૂકી દે. વિશ્વ-સંદેષ્ટા (સલ્લ.)ના શિક્ષણને ફેલાવવા માટે આવા જ યૌવનથી ભરપૂર અને શક્તિશાળી લોકોની જરૂર હતી.

તે પછી અરબી ભાષાને જુઓ. તમે જ્યારે આ ભાષાને વાંચશો અને તેના સાહિત્યનું અધ્યયન કરશો, તો તમને જણાશે કે ઉચ્ચ વિચારોને વ્યક્ત કરવા માટે અને ઈશ્વરીય જ્ઞાનની અત્યંત નાજુક અને સૂક્ષ્મ વાતોના વર્ણન માટે તેમજ હૃદયોને મોહિત અને પ્રભાવિત કરવા માટે આનાથી વધુ ઉપયુક્ત કોઈ ભાષા નથી. આ ભાષાના સંક્ષિપ્ત વાક્યોમાં મોટા-મોટા વિષયોની અભિવ્યક્તિ થઈ જાય છે અને પછી તેમાં એટલું વજન હોય છે કે હૃદયોમાં તીર અને નસ્તરની જેમ પોતાનું કામ કરે છે. એવું માધુર્ય છે કે કાનોમાં રસ-સ્રાવ થતો હોય તેવું લાગે છે. એવું સૂરમેળાપ હોય છે કે મનુષ્ય મુગ્ધ બનીને ઝુમવા લાગે છે. કુર્આન જેવા ગ્રંથ માટે આવી જ ભાષાની આવશ્યકતા હતી.

આમ, અલ્લાહની આ મોટી તત્ત્વદર્શિતા હતી કે તેણે સમસ્ત જગતની 'નુબૂવત' (પયગંબરી) માટે આરબ દેશને પસંદ કર્યો. આવો, હવે અમે તમને બતાવીએ કે જે મહાન વ્યક્તિને આ કાર્ય માટે પસંદ કરવામાં આવ્યા, તે કેવા અદ્વિતીય હતા.

હઝરત મુહમ્મદ સલ્લ.ની નુબૂવત : તાર્કિક સમર્થન અને પ્રમાણ :

થોડી વાર માટે શારીરિક આંખો બંધ કરીને કલ્પનાની આંખો ખોલી લો અને એક હજાર ચારસો વર્ષ પાછળના વિશ્વને જુઓ.. તે કેવું વિશ્વ હતું ? મનુષ્ય અને

૫. હઝરત ઇબ્રાહીમ અલૈ. અને હઝરત ઈસ્માઈલ અલૈ.નો સમય હઝરત મુહમ્મદ સલ્લ.થી અઢી હજાર વર્ષ પહેલાં વીતી ગયો હતો. આ લાંબા ગાળામાં કોઈ પયગંબર (ઈશદૂત) અરબસ્તાનમાં પેદા થયો નથી.

મનુષ્ય વચ્ચે વિચાર-વિનિમયના સાધનો કેટલાં ઓછા હતા. દેશો અને જાતિઓ દરમ્યાન સંબંધોના માધ્યમો કેટલાં સીમિત હતા. મનુષ્યની જાણકારી કેટલી ઓછી હતી. તેમના વિચારો કેટલા સંકીર્ણ હતા. તેના ઉપર ભ્રમ અને અસભ્યતા કેટલી છવાઈ ગયેલ હતી. અજ્ઞાનના અંધકારમાં જ્ઞાનનો પ્રકાશ કેટલો ધુંધળો હતો અને તે ધુંધળો પ્રકાશ અંધકારને ધકેલી-ધકેલીને કેટલી મુશ્કેલીઓથી ફેલાઈ રહ્યો હતો. દુનિયામાં ન તાર અને ટેલીફોન હતો, ન રેડિયો હતો, ન ટ્રેન અને વિમાન હતા, ન પ્રેસ અને પ્રકાશનગૃહો હતા. ન શાળાઓ અને કૉલેજો હતી. ન સમાચારપત્રો અને સામયિકો પ્રસિદ્ધ થતા હતા. તે વખતના એક વિદ્વાન વ્યક્તિની જાણકારી પણ કેટલાક પાસાઓથી આધુનિક યુગના એક સાધારણ વ્યક્તિની તુલનાએ ઓછી હતી. તે સમયના ઉચ્ચ વર્ગના માણસમાં પણ આધુનિક યુગના એક મજૂરની સરખામણીએ સાજ-સજ્જા અને શણગાર ઓછા હતા. તે વખતનો ઉદાર વિચાર ધરાવનાર વ્યક્તિ પણ આજના ક્રૂર વ્યક્તિથી પણ વધારે ક્રૂર હતો. જે વાતો આજે દરેકને ખબર છે, તે વખતે તે વાતો વર્ષોના પરિશ્રમ, શોધખોળ અને તપાસ પછી પણ મુશ્કેલીથી જાણી શકાતી હતી. જે માહિતી આજે પ્રકાશની જેમ વાતાવરણમાં ફેલાયેલ છે અને બાળકની સમજ કેળવાયેથી મળી શકે છે, તેના માટે તે સમયે સેંકડો માઈલની યાત્રાઓ કરવામાં આવતી હતી અને જીવન તેની શોધમાં જ સમાપ્ત થઈ જતું હતું. જે વાતોને આજે અંધશ્રદ્ધા (Superstition) અને બકવાસ સમજવામાં આવે છે, તે સમયની તે 'સચ્ચાઈઓ' (Unquestionable Truth) હતી. જે કાર્યોને આજે અશિષ્ટ અને પશુતાભર્યા કહેવામાં આવે છે, તે વખતે તે રોજ-બ-રોજના મામૂલી કાર્યો હતા. જે રીત-રિવાજોથી આજે માણસનું દિલ નફરત કરે છે, તેને તે સમયની નૈતિકતામાં માત્ર ઉચિત જ સમજવામાં આવતા ન હતા, બલ્કે કોઈ વ્યક્તિ વિચાર પણ ન હતો કરી શકતો કે તેના વિરુદ્ધ પણ કોઈ રીત-રિવાજ હોઈ શકે છે. મનુષ્યની વિલક્ષણ-પ્રિયતા (અદ્ભૂત, અસાધારણ અને વિચિત્રતાને પસંદ કરવાની વૃત્તિ) એટલી વધી ગઈ હતી કે તે કોઈ પણ વસ્તુમાં ત્યાં સુધી કોઈ સચ્ચાઈ, કોઈ મહાનતા, કોઈ પવિત્રતા માની જ શકતો ન હતો, જ્યાં સુધી તે અપ્રાકૃતિક અને અલૌકિક ન હોય, અસ્વાભાવિક ન હોય, અસાધારણ ન હોય; ત્યાં સુધી કે મનુષ્ય સ્વયં પોતાની જાતને એટલો હીન સમજતો હતો કે કોઈ મનુષ્યનું ઈશ્વર સુધી પહોંચેલું હોવું અને ઈશ્વર સુધી કોઈ પહોંચેલ વ્યક્તિનું મનુષ્ય હોવું તેમની કલ્પનાની બહારની વસ્તુ હતી.

અરબસ્તાન – અંધકારની ઊંડી ખાઈ :

આ અંધકારમય યુગમાં ધરતીનો એક ખૂણો એવો હતો, જ્યાં અંધકારની બોલબાલા સૌથી વધારે હતી. જે દેશો તે વખતની સભ્યતાની કસોટી અનુસાર 'સભ્ય' હતા, તેમના વચ્ચે અરબસ્તાન બધાથી અલગ અને અલિપ્ત પડેલો હતો. તેના પાડોસમાં

ઈરાન, રશિયા અને ઇજીપ્ત દેશમાં વિદ્યા, કળા તથા સંસ્કૃતિ અને સભ્યતાનો કંઈક પ્રકાશ જોવા મળતો હતો, પરંતુ રેતીના મોટાં-મોટાં સમુદ્રોએ અરબસ્તાનને તેમનાથી જુદો કરી રાખ્યો હતો. આરબ સોદાગરો ઊંટો ઉપર મહીનાઓ સુધી ચાલીને આ દેશોમાં વેપાર માટે જતા અને માત્ર માલ-સામાનની લેવડ-દેવડ કરીને પાછા આવી જતા. જ્ઞાન અને સભ્યતાનો કોઈ પ્રકાશ તેમના સાથે આવતો ન હતો. તેમના દેશમાં ન કોઈ પાઠશાળા હતી, ન પુસ્તકાલય. લોકોમાં શિક્ષણની ચર્ચા પણ ન હતી. ન વિદ્યાઓ અને કળાઓથી કોઈ લગાવ હતો. આખા દેશમાં ગણ્યા-ગાંઠ્યા કેટલાક લોકો હતા, જેઓ કંઈક લખવા-વાંચવાનું જાણતા હતા, પરંતુ તે પણ એટલું નહીં કે તે સમયની વિદ્યાઓ અને કળાઓથી પરિચિત થઈ શકતા. તેમના પાસે એક ઉચ્ચ કોટિની ભાષા જરૂર હતી, જેમાં ઉચ્ચ વિચારોને વ્યક્ત કરવાની અસાધારણ શક્તિ હતી. તેમનામાં ઉત્તમ સાહિત્યિક અભિરુચિ પણ જોવા મળતી હતી, પરંતુ તેમના સાહિત્યના જે કોઈ ભાગો બચેલા આપણા સુધી પહોંચ્યા છે, તેને જોવાથી ખ્યાલ આવે છે કે તેમની જાણકારી કેટલી સીમિત હતી, સભ્યતા અને સંસ્કૃતિની દૃષ્ટિએ તેઓ કેટલા નિમ્ન દરજ્જામાં હતા, તેમના ઉપર અંધશ્રદ્ધા કેટલી છવાયેલ હતી. તેમના વિચારો, તેમની ધારણાઓ અને આસ્થાઓ તથા તેમના સ્વભાવમાં કેટલી અજ્ઞાનતા અને પશુતા હતી, તેમની નૈતિક કલ્પનાઓ કેટલી ભૂંડી હતી.

ત્યાં કોઈ સુવ્યવસ્થિત શાસન ન હતું. કોઈ બંધન, કોઈ નિયમ અને કોઈ કાનૂન ન હતો. દરેક કબીલો પોતાની જગ્યાએ સ્વતંત્ર હતો અને માત્ર 'જંગલના કાનૂન'નું પાલન કરવામાં આવતું હતું. જેનું જેના ઉપર જોર ચાલતું, તે તેને મારી નાખતો અને તેની ધનદોલત ઉપર કબજો કરી લેતો. એ વાત એક 'બંદૂદુ' (અરબસ્તાનના ગ્રામ્ય વિસ્તારનો નિવાસી) આરબની સમજથી બહાર હતી કે જે માણસ તેના કબીલાનો નથી, તેને તે કેમ મારી ન નાખે અને તેના માલ-સામાન ઉપર કેમ કબજો ન કરી લે.

નૈતિકતા, સભ્યતા અને શિષ્ટતાની જે કંઈ કલ્પનાઓ તે લોકોમાં હતી, તે ખૂબ જ ગઈગુજરી અને અત્યંત અણઘડ હતી. પવિત્ર અને અપવિત્ર, વૈધ અને અવૈધ, શિષ્ટ અને અશિષ્ટની પરખથી તેઓ તદ્દન અજાણ હતા. તેમનું જીવન અત્યંત મલિન હતું, તેમની રીત-રસમો તેમજ તેમનો વ્યવહાર ખૂબ જ અભદ્ર હતો. વ્યભિચાર, જુગાર, દારૂ, ચોરી, લૂંટફાટ, હિંસા અને રક્તપાત તેમના જીવનના દૈનિક કાર્યો હતા. તેઓ કોઈ પણ પ્રકારના સંકોચ વગર એક-બીજા સામે નગ્ન થઈ જતા હતા. તેમની સ્ત્રીઓ સુદ્ધાં નગ્ન થઈને 'કાબા'નો 'તવાફ' (પરિક્રમા) કરતી હતી. તેઓ પોતાની દીકરીઓને પોતાના હાથથી જીવતી દાટી દેતા હતા, માત્ર એ અજ્ઞાનતાપૂર્ણ ધારણાના કારણે કે કોઈ તેમનો જમાઈ ન બને. તેઓ પોતાના પિતાઓના મૃત્યુ પછી પોતાની સાવકી માતા સાથે લગ્ન કરી લેતા હતા. તેમને ભોજન, પહેરવેશ

અને સફાઈ અને શુદ્ધતાના સામાન્ય નિયમોનું પણ જ્ઞાન ન હતું.

ધર્મના વિષયે તેઓ તે તમામ અજ્ઞાનતાપૂર્ણ વાતો અને પથભ્રષ્ટતાઓમાં ગ્રસ્ત હતા, જેમાં તે વખતની દુનિયા સપડાયેલી હતી. મૂર્તિ-પૂજા, પ્રેત-પૂજા, નક્ષત્ર-પૂજા, ટૂંકમાં એક ઈશ્વરની પૂજા સિવાય જગતમાં જેટલાં પ્રકારની ઉપાસનાઓ જોવા મળતી હતી, તે બધી જ તેઓમાં પ્રચલિત હતી. પ્રાચીન 'નબીઓ' (પયગંબરો) અને તેમની શિક્ષાઓ અંગે કોઈ સાચું જ્ઞાન તેમના પાસે ન હતું. તેઓ એટલું અવશ્ય જાણતા હતા કે ઈબ્રાહીમ (અલૈ.) અને ઈસ્માઈલ (અલૈ.) તેમના પૂર્વજો હતા, પરંતુ એ નહોતા જાણતા કે આ બંને પિતા-પુત્રનો ધર્મ કયો હતો ? અને તેઓ કોની બંદગી કરતા હતા ? 'આદ' અને 'સમૂદ'[૬]ની કથાઓ પણ તેઓમાં પ્રસિદ્ધ હતી, પરંતુ તેમની જે કથાઓ આરબ ઈતિહાસકારોએ લખી છે, તેમને વાંચો, તેમાં 'સાલેહ' અને હૂદની શિક્ષાઓનો કોઈ અંશ તમને નહીં મળે.[૭] તેમના સુધી યહૂદીઓ અને ખ્રિસ્તીઓના માધ્યમથી 'બની ઈસરાઈલ'ની ગાથાઓ પણ પહોંચી હતી,[૮] પરંતુ તે જેવી પણ હતી, તેનું અનુમાન કરવા માટે માત્ર એક દૃષ્ટિપાત તે ઈસરાઈલી પરંપરાગત કથાઓ ઉપર કરી લેવાની જરૂર છે, જેનો કુર્આનના મુસ્લિમ ભાષ્યકારોએ ઉલ્લેખ કર્યો છે. તમને ખ્યાલ આવી જશે કે આરબો અને સ્વયં બની ઈસરાઈલ જે નબીઓ (પયગંબરો)થી પરિચિત હતા, તેઓ કેવા મનુષ્યો હતા અને 'નુબૂવત' (પયગંબરી) અંગે તે આરબ અને બની ઈસરાઈલના લોકોની કલ્પનાઓ કેટલી નિમ્ન કક્ષાની હતી.

તારણહાર અને મુક્તિદાતાનો જન્મ :

આવા અંધકારમય યુગમાં અને આવા અજ્ઞાન-ગ્રસ્ત દેશમાં એક વ્યક્તિ જન્મ લે છે. બાળપણથી જ માતા-પિતા અને દાદાની છત્રછાયા તેના માથા ઉપરથી ઉઠી જાય છે. તેથી આવી અત્યંત ખરાબ પરિસ્થિતિમાં એક આરબ બાળકને જે થોડીઘણી શિક્ષા-દીક્ષા મળી શકતી હતી, તે પણ તેને નથી મળતી. હોશ સંભાળે છે તો આરબ બાળકો સાથે બકરીઓ ચરાવવા લાગે છે, યુવાન થાય છે તો વેપારમાં લાગી જાય છે. ઉઠવું-બેસવું, હળવું-મળવું બધું જ તે આરબો સાથે છે, જેમની સ્થિતિ ઉપર તમે જોઈ ગયા છો. શિક્ષણનું નામ સુદ્ધાં નહીં, ત્યાં સુધી કે વાંચતા-લખતા પણ નથી આવડતું, કોઈ વિદ્વાનની સંગતિ પણ મળી નહીં, કેમ કે કોઈ 'વિદ્વાન'નું અસ્તિત્વ તે સમયે સમગ્ર અરબસ્તાનમાં ન હતું. તેને અરબસ્તાનથી બહાર નીકળવાના કેટલાક અવસર

૬. આદ અને સમૂદ બે પ્રાચીન જાતિઓના નામ છે. આ જાતિઓનો ઉલ્લેખ કુર્આનમાં વિભિન્ન જગ્યાએ કરવામાં આવેલો છે.

૭. હઝરત સાલેહ અલૈ. અને હઝરત હૂદ અલૈ. બંને અલ્લાહના પયગંબર હતા. હઝરત હૂદ અલૈ. આદ જાતિને સન્માર્ગ દેખાડવા આવ્યા હતા અને હઝરત સાલેહ અલૈ. સમૂદ જાતિના માર્ગદર્શન માટે આવ્યા હતા.

૮. બની ઈસરાઈલ એક મુખ્ય જાતિ, જેનો સંબંધ પયગંબર હઝરત યાકૂબ અલૈ.ની સંતાનથી હતો.
(તમામ ફૂટનોટ્સ હિન્દી અનુવાદ 'ઈસ્લામ ધર્મ'માંથી, મૌલાના ફારૂકખાં)

જરૂર મળ્યા, આ પ્રવાસ કેવળ સીરિયા સુધી સીમિત હતો અને આ પ્રવાસ એવો જ વેપારી પ્રવાસ હતો, જેવો તે વખતના આરબોના કાફલાઓ કરતા હતા. માની લો કે સંભવતઃ તે પ્રવાસો દરમ્યાન તેણે વિદ્યા અને સભ્યતાની કેટલીક બાબતોનું નિરીક્ષણ કર્યું અને કેટલાક વિદ્વાનોથી મળવાની તક પણ પ્રાપ્ત થઈ, તો પણ સ્પષ્ટ છે કે આવા ઉપરછલ્લાં નિરક્ષણો અને આવી સામયિક મુલાકાતોથી કોઈ મનુષ્યના ચરિત્રનું નિર્માણ નથી થઈ જતું. તેનો પ્રભાવ કોઈ વ્યક્તિ ઉપર એટલો પ્રબળ નથી હોઈ શકતો કે તે પોતાના માહોલથી બધી રીતે સ્વતંત્ર, તદ્દન વિપરીત અને એટલો ઉચ્ચ થઈ જાય કે તેનામાં તથા તેના આસપાસના માહોલ વચ્ચે કોઈ સંપર્ક જ ન રહે. તેનાથી એવું જ્ઞાન પ્રાપ્ત થવું અસંભવ છે, જે એક અશિક્ષિત આરબ બદ્દુને તેના દેશનો અને તેના યુગનો જ નહિં, બલ્કે આખા વિશ્વનો અને આવનારા તમામ યુગોનો નેતા બનાવી દે. જો કોઈ રીતે તેણે બહારના લોકોથી થોડું-ઘણું જ્ઞાન મેળવ્યું પણ હોય, તો પણ તેનાથી — જે જાણકારીઓ તે સમયે જગતમાં કોઈને પ્રાપ્ત ન હતી તે તથા ધર્મ, નૈતિકતા, સભ્યતા અને સંસ્કૃતિ તેમજ નાગરિકતાના જે ખ્યાલો અને સિદ્ધાંતો તે વખતે વિશ્વમાં ક્યાંય ન હતા તે મળી શકતા ન હતા; અને તેનાથી ઉચ્ચ અને સંપૂર્ણ માનવ-ચરિત્રનું નિર્માણ પણ અસંભવ હતું જે તે વખતે ક્યાંય જોવા મળતા ન હતા.

પથ્થરોના ઢગલામાં ચળકતો હીરો :

કેવળ અરબસ્તાનની જ નહિં, બલ્કે સમગ્ર વિશ્વની હાલતને દૃષ્ટિમાં રાખો અને વિચારો.

આ વ્યક્તિ જે લોકોમાં જન્મ્યો, જેમાં બાળપણ વીત્યું, જેમના સાથે રહીને ઉછરીને યુવાવસ્થાએ પહોંચ્યો, જેમના સાથે તેનો મેળ-મિલાપ રહ્યો, જેમના સાથે તેના વ્યવહારો અને મામલાઓ રહ્યા તે બધા કરતાં આરંભથી જ તે સ્વભાવમાં, આચરણમાં જુદો દેખાઈ રહ્યો હતો. તે કદી જૂઠ નથી બોલતો, તેની સચ્ચાઈ ઉપર તેની જાતિના બધા લોકો સાક્ષી આપે છે. તેના કોઈ ખરાબમાં ખરાબ શત્રુએ પણ ક્યારેય તેના ઉપર એ આરોપ નથી મૂક્યો કે તે અમુક વખતે જૂઠ બોલ્યો હતો. તે કદાપિ કોઈના સાથે અપશબ્દોનો પ્રયોગ નથી કરતો. કોઈએ તેના મુખેથી ગાળ કે કોઈ અશ્લીલ વાત નથી સાંભળી. તે લોકો સાથે દરેક પ્રકારનો વ્યવહાર કરે છે, પણ ક્યારેય કોઈથી કડવી વાતની અને વાદ-વિવાદનો પ્રસંગ જ નથી બન્યો. તેની વાણીમાં કટુતા અને કઠોરતાની જગ્યાએ માધુર્ય છે અને તે પણ એવું કે જે તેનાથી મળે છે, તે તેનો જ બનીને રહી જાય છે. તે કોઈના સાથે દુર્વ્યવહાર નથી કરતો, કોઈનો હક્ક નથી મારતો. વર્ષો સુધી વેપાર કરવા છતાં કોઈનો એક પૈસો અનુચિત રીતે નથી લેતો. જે લોકો સાથે તેના સંપર્કો રહ્યા, તે બધા તેની પ્રમાણિકતા ઉપર પૂર્ણ ભરોસો કરે છે. તેની જાતિના તમામ લોકો તેને 'અમીન' (અમાનતદાર, સત્યનિષ્ઠ) કહે છે. દુશ્મન સુદ્ધાં પોતાની કિંમતી ચીજ-

વસ્તુઓ તેના પાસે મૂકે છે અને તે તેને સાચવે છે. નિર્લજ્જ લોકોમાં તે એટલો લજ્જાવાન છે કે હોશ સંભાળ્યા પછી કોઈએ તેને નગ્ન નથી જોયો. દુરાચારીઓ વચ્ચે તે એટલો પવિત્ર આચરણવાળો છે કે ક્યારેય કોઈ કુકર્મમાં લિપ્ત થતો નથી. દારૂ અને જુગારને સ્પર્ષ સુદ્ધાં નથી કરતો. અશિષ્ટ લોકોના વચ્ચે તે એટલો શિષ્ટ અને સભ્ય છે કે અશિષ્ટતા અને ગંદકીથી નફરત કરે છે તથા તેના પ્રત્યેક કામોમાં પવિત્રતા અને શુદ્ધતા જોવા મળે છે. કઠોર હૃદયો વચ્ચે તે એવા કોમળ હૃદયવાળો છે કે દરેકના દુઃખ-દર્દમાં સહભાગી થાય છે, અનાથો અને વિધવાઓ મહિલાઓની મદદ કરે છે. મુસાફરોની સેવા કરે છે કોઈને તેનાથી દુઃખ નથી પહોંચતું અને તે સ્વયં બીજાઓના દુઃખ ઉઠાવે છે. બર્બરો અને જંગલી માણસોની વચ્ચે તે એવો શાંતિપ્રિય છે કે પોતાની જાતિના લોકોમાં બગાડ, ઉપદ્રવ અને રક્તપાતની બોલબાલા જોઈને તેને પીડા થાય છે, પોતાના કબીલાની લડાઈઓથી તે દૂર રહે છે તથા સંધિ અને સમજૂતી કરાવવાના પ્રયાસોમાં સૌથી આગળ રહે છે. મૂર્તિ-પૂજકોના વચ્ચે તે એવી શુદ્ધ પ્રકૃતિ અને ઠીકઠાક બુદ્ધિવાળો છે કે ધરતી અને આકાશમાં કોઈ વસ્તુ તેને પૂજવા-યોગ્ય નથી દેખાતી. સૃષ્ટિની કોઈ વસ્તુ અથવા જીવધારી સામે તેનું શીશ ઝુકતું નથી, મૂર્તિઓ ઉપર ચઢાવાતી ખાવાની વસ્તુ પણ ગ્રહણ કરતો નથી. તેનું મન સ્વયં 'શિર્ક' (અનેકેશ્વરવાદ) અને સૃષ્ટિ-પૂજાથી ઘૃણા કરે છે. તે વાતાવરણમાં આ વ્યક્તિ સૌથી જુદો દેખાય છે, જાણે ઘનઘોર અંધકારમાં એક દીપક સળગી રહ્યો છે અને પથ્થરોના ઢગલામાં એક હીરો ચમકી રહ્યો છે !

ક્રાંતિનું આગમન :

લગભગ ચાલીસ વર્ષ સુધી આવું પવિત્ર, સ્વચ્છ અને શિષ્ટ જીવન વિતાવ્યા પછી તેના જીવનમાં એક ક્રાંતિનો આરંભ થાય છે. તે અંધકારથી ગભરાઈ ઉઠે છે, જે તેને દરેક બાજુએથી ઘેરાયેલ દેખાતો હતો. તે અજ્ઞાનતા, અનૈતિકતા, દુરાચાર, અવ્યવસ્થા તેમજ 'શિર્ક' (અનેકેશ્વરવાદ)ના તે ભયાનક સમુદ્રથી નીકળી જવા માગતો હતો, જેણે તેને ઘેરી રાખ્યો હતો. તે માહોલમાં કોઈ વસ્તુ તેને પોતાની પ્રકૃતિના અનુકૂળ દેખાતી ન હતી. તે બધાથી અલિપ્ત થઈને વસ્તીથી દૂર પહાડોના સાનિધ્યમાં જઈ-જઈને બેસવા લાગે છે. એકાંત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં કેટલાય દિવસો અને રાત્રિઓ વિતાવ્યા કરે છે. રોઝા (ઉપવાસો) રાખીને પોતાની આત્મા અને મનો-મસ્તિષ્કને વધુ-ને-વધુ પવિત્ર અને શુદ્ધ કરે છે. વિચારે છે, ચિંતન-મનન કરે છે, કોઈ એવો પ્રકાશ શોધે છે જેનાથી આ ચોતરફ ફેલાયેલ અંધકારને દૂર કરી દે, એવી શક્તિ પ્રાપ્ત કરવા ચાહે છે જેનાથી આ બગડી ગયેલ દુનિયાને તોડી-ફોડીને ફરીથી સુંદર બનાવી દે.

અચાનક આ સ્થિતિમાં એક મહાન પરિવર્તન આવે છે. સહસા તેના હૃદયમાં તે પ્રકાશ આવી જાય છે, જે તેનાથી પહેલાં તેમાં ન હતો, જેને તેની પ્રકૃતિ માગતી હતી. એકાએક તેના અંદર તે શક્તિ આવી જાય છે, જે આનાથી પહેલાં તેનામાં ન

હતી. તે ગુફામાંથી નીકળીને પોતાની જાતિવાળાઓ પાસે આવે છે. તેમને કહે છે કે આ મૂર્તિઓ કોઈ કામની નથી, તેને ત્યજી દો. આ ધરતી, આ ચંદ્ર, આ સૂર્ય, આ તારાઓ, આ ધરતી અને આકાશની તમામ ચીજ-વસ્તુઓ એક ઈશ્વરની બનાવેલ છે. તે જ તમારો સર્જનહાર છે. તે જ આજીવિકા પ્રદાન કરવાવાળો છે, તે જ જીવન અને મૃત્યુ આપનાર છે. બધાને છોડીને તેની બંદગી અને ઉપાસના કરો, બધાને છોડીને તેનાથી મદદ માગો. આ ચોરી, આ લૂંટફાટ, આ દારૂ, આ કુકર્મો જે તમે આચરો છો, બધાં પાપ છે, તેને છોડી દો, કેમ કે અલ્લાહને તે પસંદ નથી. સાચું બોલો, ન્યાય કરો, ન કોઈના પ્રાણ હણો, ન કોઈની ધનદોલત છીનવો, જે કંઈ લો હક્કની સાથે લો, જે કંઈ આપો હક્કની સાથે આપો. તમે બધા મનુષ્યો છો અને તેથી સૌ સમાન છો. મોટાઈ અને શ્રેષ્ઠતા મનુષ્યના વંશ અને પરિવારમાં નહિં, રંગ-રૂપ અને ધન-દોલતમાં નહિં, બલ્કે અલ્લાહથી ડરવામાં (ઈશપરાયણતામાં), સદાચાર અને પવિત્રતામાં છે. જે વ્યક્તિ અલ્લાહથી ડરે છે, નેક અને પવિત્ર છે, તે જ ઉત્તમ દરજ્જાનો મનુષ્ય છે, અને જે આવો નથી તે કંઈ જ નથી. મૃત્યુ પછી તમારે સૌએ અલ્લાહ સમક્ષ ઉપસ્થિત થવાનું છે. તે સાચા ન્યાયીને ત્યાં ન કોઈ ભલામણ કામ આવશે અને ન લાંચ-રુશવત ચાલશે, ન કોઈનો વંશ પૂછવામાં આવશે. ત્યાં કેવળ 'ઈમાન' અને સદ્કાર્યોનું મહત્ત્વ હશે. જેના પાસે આ સામગ્રી હશે, તે 'જન્નત' (સ્વર્ગ)માં જશે અને જેના પાસે આમાંથી કંઈપણ નહીં હોય, તે દુર્ભાગીને 'જહન્નમ' (નર્ક)માં નાખી દેવામાં આવશે.

અજ્ઞાની જાતિવાળાઓએ તે નેક માણસને માત્ર એટલા માટે હેરાન કરવાનું શરૂ કર્યું કે તે વાતોને તે ખરાબ કેમ કહે છે, જે પૂર્વજોથી ચાલતી આવી રહી છે, અને તે વાતોની શિક્ષા કેમ આપે છે, જે પૂર્વજોની રીતના વિરુદ્ધ છે. તેમણે તેને ગાળો બોલી, પથ્થરો માર્યા, તેના માટે જીવવું મુશ્કેલ કરી દીધું. તેની હત્યાના ષડયંત્રો રચ્યા. એક-બે દિવસ નહિં, તેર-તેર વર્ષ સુધી તેના ઉપર ઘોર અત્યાચાર કર્યો. ત્યાં સુધી કે તેને જન્મ-ભૂમિ છોડી દેવા વિવશ કરી દીધો અને પછી વતનથી કાઢી મૂકવા ઉપર જ સંતોષ ન માન્યો, જ્યાં જઈને તેણે આશ્રય લીધો હતો, ત્યાં પણ તેને ઘણા વર્ષો સુધી સતાવતા રહ્યા.

આ વેર અને દુશ્મનાવટ કેમ ?

સારું, તો આ વ્યક્તિએ તકલીફો કેમ ઉઠાવી ? માત્ર એટલા માટે કે તે પોતાની જાતિવાળાઓને સીધો માર્ગ બતાવવા માગતો હતો. તેની જાતિવાળાઓ તેને પોતાનો રાજા બનાવી લેવા તૈયાર હતા. ધનના ઢગલા તેના ચરણોમાં કરી દેવા તૈયાર હતા.[૯]

---

૯. પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.) સત્ય કાજે સંકટોના મોટાં-મોટાં વાવાઝોડા સહન કરવા પડ્યા. તેમણે દરેક વિરોધ તથા જુલમ અને દમનને હસતાં-હસતાં સહન કર્યા. તેઓ દરેક (શેષ આગળના પાન ઉપર)

શરત એ હતી કે તે પોતાની આ શિક્ષાને ત્યજી દે, પરંતુ તેણે આ બધાને ઠોકર મારી દીધી અને પોતાની શિક્ષા માટે પથ્થરો ખાવાનું અને અત્યાચાર સહન કરવાનું સ્વીકારી લીધું. આવું છેવટે કેમ ? શું લોકોના ઈશપરાયણ અને સદાચારી બની જવામાં તેનો કોઈ અંગત લાભ હતો ? શું કોઈ એવો ફાયદો હતો, જેની સરખામણીમાં શાસન અને સત્તા તેમજ ધન અને સુખ-ચેનના બધા ફાયદાઓનું કોઈ મહત્ત્વ ન હતું ? શું કોઈ એવો લાભ હતો, જેના માટે એક માણસ કઠોરમાં કઠોર શારીરિક અને માનસિક યાતનાઓમાં ગ્રસ્ત રહેવાનું અને તે પણ પૂરા એકવીસ વર્ષ સુધી ગ્રસ્ત રહેવાનું સ્વીકારી શકતો હોય ? વિચાર કરો, શું સહૃદયતા, ત્યાગ અને માનવ-જાતિ પ્રત્યે સહાનુભૂતિના આનાથી પણ વધુ ઊંચા કોઈ દરજ્જાની કલ્પના તમે કરી શકો છો કે કોઈ વ્યક્તિ પોતાના લાભ કાજે નહિં, બલ્કે બીજાઓના ભલા માટે તકલીફો ઉઠાવે ? તે જેમની ભલાઈ અને કલ્યાણ માટે કોશિશ કરે છે, તેઓ જ તેને પથ્થરો મારે, અપશબ્દો કહે, ઘરથી બેઘર કરી દે અને જ્યાં જાય ત્યાં પણ તેનો પીછો ન છોડે અને આ બધું છતાં તે તેમનું ભલું ઇચ્છતો રહે ?

પછી જુઓ, શું કોઈ એવો જૂઠો માણસ કોઈ નિરાધાર વાત માટે આવા દુઃખોને સહન કરી શકે છે ? શું કોઈ તીર-તુક્કો લડાવવાવાળો માણસ અટકળ અને અનુમાનથી કોઈ વાત કહીને તેના ઉપર આટલો અડગ રહી શકે છે કે મુસીબતોના

(અગાઉની ફૂટનોટનું શેષ)

પ્રકારની ટીકા અને નિંદા તેમજ સખ્ખી અને અત્યાચાર સામે અડગતાથી ઊભા રહ્યા અને કદી નિરુત્સાહ ન થયા. જ્યારે તેમની જાતિવાળાઓએ જોયું કે ધમકી તેમને ડરાવવા-રોકવા અસમર્થ છે તથા ભારે અને અસહ્ય દુઃખો અને કષ્ટો પણ તેમના અનુયાયીઓ અને સમર્થકોને ટસ-થી-મસ કરી શકતા નથી અને તેમની સંખ્યા વધતી-ને-વધતી જઈ રહી છે, તો તેમણે બીજી યુક્તિ કરી, પરંતુ તે પણ નિષ્ફળ રહી.

અગ્રગણ્ય કુરૈશીઓનું એક પ્રતિનિધિ-મંડળે પયગંબર (સલ્લ.)ને બોલાવ્યા અને તેઓ જેટલી કલ્પના કરી શકતા હતા તેવાં દુનિયાના ઐશ્વર્ય અને પ્રલોભનોથી તેમને વશમાં કરવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું, 'જો તમને ધનદોલત જોઈએ તો તમને ઇચ્છા હોય તેટલો તેનો ઢગલો કરી દઈએ, જો તમને સત્તા અને સન્માન જોઈએ તો અમે તમને અમારા સર્વસત્તાધીશ અને રાજા બનાવવા તૈયાર છીએ, જો તમને સુંદરતાનું આકર્ષણ હોય તો તમારી પસંદગીની અત્યંત સ્વરૂપવાન કુમારિકાનો હાથ તમારા હાથમાં આપી દઈએ.'

પરંતુ તેઓ ઇચ્છતા હતા કે પયગંબર (સલ્લ.) પોતાના મિશનને ત્યજી દે. કોઈ પણ માણસ માટે શરતો અત્યંત આકર્ષક હતી. પરંતુ મહાન પયગંબર (સલ્લ.) માટે તેનું કોઈ મહત્ત્વ ન હતું. તેમનો પ્રત્યુત્તર એક ધડાકાની જેમ તે પ્રતિનિધિ-મંડળ સમક્ષ ફૂટયો : 'સાંભળો, હું ન સંપત્તિ ચાહું છું, ન સત્તા. મને અલ્લાહે લોકોને સચેત કરવા માટે નિયુક્ત કર્યો છે. હું તેનો સંદેશ તમને પહોંચાડું છું. શું તમે તેને સ્વીકારો છો ? તમે આ દુનિયામાં પણ આનંદ પામશો અને આખિરત (પુનર્જીવન)માં પણ શાશ્વત સ્વર્ગમાં હશો. શું તમે તેને રદ કરી દેશો ? નિશ્ચિતપણે અલ્લાહ મારો અને તમારો નિર્ણય કરશે.

બીજા એક પ્રસંગે, તેમણે પોતાના કાકા, જેઓ અરબસ્તાનના આગેવાનોના ખૂબ દબાણમાં હતા અને તેમને તેમના મિશનને ત્યજી દેવા સમજાવતા હતા — ને કહ્યું : હે કાકા ! જો તેઓ મને મારા મિશનથી ખસી જવા મારા જમણા હાથમાં સૂર્ય અને ડાબા હાથમાં ચંદ્ર પણ મૂકી દે, તો તેવું બનવાનું નથી. હું ક્યારેય આ કામ છોડવાનો નથી, ત્યાં સુધી કે મારો અલ્લાહ મારાથી પ્રસન્ન થઈને મને વિજયી કરે અથવા આ માર્ગમાં મારા પ્રાણ કેમ ન જતા રહે. (અંગ્રેજી પુસ્તકની ફૂટનોટમાંથી)

પહાડ તેના ઉપર તોડવામાં આવે, જમીન તેના માટે તંગ કરી દેવામાં આવે, આખો દેશ તેના વિરુદ્ધ ઊભો થઈ જાય, મોટાં-મોટાં સૈન્યો તેના ઉપર તૂટી પડે; પરંતુ તે પોતાની વાતથી સહેજ પણ હટવા તૈયાર ન થાય ? આ દૃઢતા, આ સંકલ્પ, આ મક્કમતા સ્વયં સાક્ષી છે કે તેને પોતાની સચ્ચાઈ ઉપર વિશ્વાસ અને પૂર્ણ વિશ્વાસ હતો. જો તેના મનમાં સહેજ પણ શંકા હોત, તો તે નિરંતર એકવીસ વર્ષ સુધી સંકટો અને કષ્ટોના લગાતાર આંધી-તોફાનમાં ક્યારેય મક્કમતાથી ઊભો રહી ન શકે.

આ તો તે વ્યક્તિમાં આવેલ ક્રાંતિનું એક પાસું હતું. બીજું પાસું તેનાથી પણ વધુ આશ્ચર્યજનક અને ધ્યાનાકર્ષક છે.

ચાલીસ વર્ષે એક બદલાયેલો માણસ, કેવી રીતે ?

ચાલીસ વર્ષ સુધી તે એક આરબ હતો, સામાન્ય આરબોની જેમ. આ દરમ્યાન કોઈએ આ વેપારીને વક્તા, એક એવા વક્તા તરીકે નહોતો ઓળખ્યો, જેનું વક્તવ્ય જાદુઈ અસર ધરાવતું હોય. કોઈએ તેને જ્ઞાન, બુદ્ધિમત્તા અને તત્ત્વદર્શિતા (Wisdom)ની વાતો કરતા નહોતો સાંભળ્યો. કોઈએ તેને અધ્યાત્મ અને નૈતિક દર્શન તથા કાનૂન અને રાજનીતિ, અર્થકારણ અને સમાજ સંબંધી વાતચીત કરતા નહોતો જોયો. કોઈએ તેનાથી અલ્લાહ અને ફરિશ્તાઓ, આકાશી ગ્રંથો અને અગાઉના નબીઓ (પયગંબરો) અને પ્રાચીન જાતિઓ, 'કયામત' (પ્રલય) અને મૃત્યુ પછીના જીવન તથા 'જહન્નમ' (નર્ક) અને 'જન્નત' (સ્વર્ગ) વિશે એક શબ્દ પણ નહોતો સાંભળ્યો. તેને શુદ્ધ આચરણ, શિષ્ટ વ્યવહાર અને ઉત્તમ ચરિત્ર તો અવશ્ય પ્રાપ્ત હતું, પરંતુ ચાલીસ વર્ષની વય સુધીમાં તેનામાં કોઈ અસામાન્ય વસ્તુ જોવા ન મળી, જેનાથી લોકોને એ આશા જાગતી કે આ વ્યક્તિ હવે કંઈક બનવાનો છે. તે સમય સુધી જાણવાવાળા તેને માત્ર મૌન, શાંતિપ્રિય અને અત્યંત સજ્જન વ્યક્તિના રૂપમાં જાણતા હતા, પરંતુ ચાલીસ વર્ષ પછી જ્યારે તે પોતાની ગુફામાંથી એક નવીન સંદેશ લઈને નીકળ્યો, તો પૂર્ણતઃ તેની કાયાપલટ થઈ ગઈ હતી.

હવે તે એક આશ્ચર્યજનક 'કલામ' (વાણી) સંભળાવી રહ્યો હતો, જેને સાંભળીને સમગ્ર અરબસ્તાન આશ્ચર્યચકિત થઈ ગયું. તે વાણીના પ્રભાવની તીવ્રતાની એ સ્થિતિ હતી કે તેના કટ્ટર શત્રુઓ પણ તે સાંભળવાથી ડરતા હતા કે ક્યાંક તે દિલમાં ન ઉતરી જાય. વાણીની સ-રસતા અને ઉત્તમતા તેમજ વર્ણન-શક્તિની સ્થિતિ એ હતી કે સમસ્ત આરબ જાતિને, જેમાં મોટાં-મોટાં કવિઓ, વક્તાઓ, વાક્-ચાતુર્યના દાવેદારો મોજૂદ હતા — તેણે પડકાર કર્યો અને વારંવાર પડકાર કર્યો કે તમે બધા મળીને એક 'સૂરઃ' (કુર્આનનો એક અધ્યાય, પ્રકરણ) આના જેવી લઈ આવો, પરંતુ કોઈ તેનો સામનો ન કરી શક્યું. આવી અનુપમ વાણી અરબસ્તાનના કાનોએ સાંભળી ન હતી.

સર્વગ્રાહી સંદેશ :

હવે અચાનક તે અપૂર્વ તત્ત્વદર્શી અને દાર્શનિક, નૈતિકતા-સભ્યતા અને સંસ્કૃતિનો એક અનન્ય સુધારક, એક આશ્ચર્યજનક રાજનીતિજ્ઞ, એક કાનૂનનો મહાન વિશેષજ્ઞ, એક ઉત્તમ દરજ્જાનો ન્યાયાધીશ, એક અદ્વિતીય સેનાપતિ બનીને પ્રગટ થયો. તે અશિક્ષિત રણનિવાસીએ તત્ત્વદર્શિતા (Wisdom) અને બુદ્ધિમત્તાની એવી વાતો કહેવાની શરૂ કરી, જે આનાથી પહેલાં ન કોઈએ કહી હતી, ન આના પછી કોઈ કહી શક્યું. તે અશિક્ષિત વ્યક્તિ અધ્યાત્મ અને બ્રહ્મ-જ્ઞાનના મહાન પ્રસંગો ઉપર નિશ્ચયાત્મક ભાષણ આપવા લાગ્યો. જાતિઓના ઈતિહાસથી જાતિઓના ઉત્થાન અને પતનના મૂળ સિદ્ધાંતો ઉપર વ્યાખ્યાન આપવા લાગ્યો. પ્રાચીન સુધારકોના કાર્યો ઉપર સમાલોચના કરવા લાગ્યો અને જગતના ધર્મોના સત્ય અને અસત્ય તત્ત્વો ઉપર પોતાના વિચારો પ્રગટ કરવા લાગ્યો તેમજ વિભિન્ન જાતિઓના પારસ્પારિક મતભેદો વિશે નિર્ણયો કરવા લાગ્યો. નૈતિકતા, સભ્યતા અને શિષ્ટતાનો ઉપદેશ આપવા લાગ્યો.

તે સામાજિક અને આર્થિક અને સામૂહિક મામલાઓ તથા આંતરરાષ્ટ્રીય સંબંધો અંગે નિયમ અને કાનૂન બનાવવા લાગી ગયો તેમજ તેણે એવા કાયદાઓ બનાવ્યા કે મોટાં-મોટાં વિદ્વાનો અને બુદ્ધિજીવીઓ ઊંડા ચિંતન-મનન અને જીવનભરના અનુભવો પછી ખૂબ મુશ્કેલીથી તેની અંતર્નિહિત તત્ત્વદર્શિતા (Wisdom)ને સમજી શકે છે, અને સાંસારિક અનુભવો જેટલા વધતા જાય છે, તેનું રહસ્ય વધારે-ને-વધારે ખૂલતું જાય છે.

તે મૌનધારી શાંતિપ્રિય વેપારી, જેણે જીવનમાં ક્યારેય તલવાર ચલાવી ન હતી, ક્યારેય કોઈ સૈનિક પ્રશિક્ષણ મેળવ્યું ન હતું, ત્યાં સુધી કે જીવનમાં માત્ર એક વાર એક લડાઈમાં કેવળ એ દર્શક રૂપે સામેલ થયો હતો, જોત-જોતામાં તે એક એવો શૂરવીર યોદ્ધો બની ગયો, જેના કદમ અત્યંત કઠિન યુદ્ધોમાં પણ પોતાની જગ્યાએથી એક ઈંચ ન હટ્યા. તે એવો મહાન સેનાપતિ બની ગયો, જેણે નવ વર્ષમાં સમગ્ર આરબ દેશને પરાજિત કરી દીધો. એવો અદ્‌ભૂત સૈનિક નેતા બની ગયો કે તેણે બનાવેલ સૈન્યની વ્યવસ્થા અને યુદ્ધ-પ્રવૃત્તિના પ્રભાવથી સામગ્રી-વિહિન આરબોએ અમુક જ વર્ષોમાં જગતની બે મહાન સૈન્ય શક્તિઓ (ઈરાન અને રોમ)ના તખ્તાઓ ઉલટાવીને મૂકી દીધો.

આ એકલો અને અલિપ્ત રહેવાવાળો શાંતિપ્રિય વ્યક્તિ, જેમાં કોઈએ ચાલીસ વર્ષ સુધી રાજનૈતિક રુચિની ગંધ સુદ્ધાં નહોતી જોઈ, અચાનક એટલો મહાન સુધારક અને નિષ્ણાંત બનીને પ્રગટ થયો કે ૨૩ વર્ષોમાં તેણે ૧૨ લાખ વર્ગ માઈલમાં ફેલાયેલ રણવિસ્તારના અસંગઠિત, લડાયક, અજ્ઞાની, ઉદ્દંડ, અસભ્ય અને હંમેશા પરસ્પર લડવાવાળા કબીલાઓને ટ્રેન, રેડિયો અને પ્રેસની મદદ વગર એક ધર્મ, એક સભ્યતા,

એક કાનૂન અને એક શાસન-વ્યવસ્થાના આધીન બનાવી દીધા.[૧૦]

તેણે તેમની ભાવનાઓ બદલી નાખી, તેમના સ્વભાવ બદલી નાખ્યા, તેમના આચાર-વિચાર બદલી નાખ્યા. તેમની અશિષ્ટતાને ઉત્તમ પ્રકારના શિષ્ટાચારમાં, તેમના પશુતાભર્યા આચરણને ઉત્તમ નાગરિકતામાં, તેમના ખરાબ ચારિત્ર્ય અને અનૈતિકતાને સદ્‌ચરિત્ર, ઈશ-ભક્તિ, સંયમ અને શ્રેષ્ઠ નીતિમત્તામાં તથા તેમની ઉદ્દંડતા અને નિરંકુશતાને અત્યંત નિયમબદ્ધતા અને આજ્ઞાપાલનમાં પરિવર્તિત કરી દીધા. તે વાંઝણી જાતિને, જેની ગોદમાં સદીઓથી કોઈ નોંધપાત્ર વ્યક્તિએ જન્મ નહોતો લીધો, એટલી ફળદ્રુપ બનાવી દીધી કે તેમાં હજારો મહાન મનુષ્યો ઊભા થઈ ગયા અને વિશ્વને ધર્મ, નૈતિકતા અને સભ્યતાનાા પાઠ શિખવાડવા માટે દુનિયામાં ચોતરફ ફેલાઈ ગયા.[૧૧]

આ કામ તેણે અત્યાચાર અને દમન ગુજારીને, બળજબરીપૂર્વક કે છેતરપિંડી અને ધોખો આપીને નથી કર્યું, બલ્કે મન મોહી લેનારા સ્વભાવ, આત્માઓને અંકૂશમાં કરી નાખનારી સજ્જનતા અને મસ્તિષ્કો ઉપર અધિકાર જમાવી દે તેવી શિક્ષાથી કર્યું. તેણે પોતાના સ્વભાવથી દુશ્મનોને દોસ્ત બનાવ્યા, દયા અને અનુકંપાથી હૃદયોને પીગળાવ્યા. ન્યાય અને ઇન્સાફની સાથે શાસન કર્યું. સત્ય અને સચ્ચાઈથી ક્યારેય પણ તસુભર ન હટ્યો. યુદ્ધમાં પણ કોઈની સાથે વિશ્વાસઘાત ન કર્યો અને ન તો વચનનો ભંગ કર્યો. પોતાના ખરાબમાં ખરાબ શત્રુઓ ઉપર અત્યાચાર નથી કર્યો, જેઓ તેના લોહીના તરસ્યા હતા, જેમણે પથ્થરો માર્યા હતા, તેને વતનથી કાઢ્યો હતો, તેના વિરુદ્ધ સમગ્ર અરબસ્તાનને ઊભો કરી દીધો હતો, ત્યાં સુધી કે જેઓ વૈમનસ્યના જુસ્સામાં આવીને તેમના કાકાનું કાળજું સુદ્ધાં કાઢીને ચાવી ગયા હતા,

---

૧૦. Sir William Muir, a staunch critic of Islam, admits in his book 'The Life of Muhammad' (p. xciv) "The first peculiarity, then, which attracts our attension is the subdivision of the Arabs into innumerable bodis... each independent of the others; restless and often at war amongst themselves; and even when united by blood or by interest, ever ready on some insignificant cause to seperate and give way to an implacable hostility. Thus at the era of Islam the retrospect of Arabian history exhibits, as in the kaleidoscope, an ever-varying state of combination and repulsion, such as had hitherto rendered abortive any attempt at a general union... The problem had yet to be solved, by what force these tribes could be subdued, or drawn to one common centre; and it was solved by Muhammad." (અંગ્રેજી પુસ્તકમાંથી, ખુર્રમ મુરાદ)

૧૧. અહીં પયગંબર સલ્લ.ના સાથી હઝરત જાફર બિન તય્યાર રદિ.ના મહત્ત્વના વક્તવ્યની નોંધ બોધદાયક રહેશે. જ્યારે મક્કાના મુસ્લિમો ઉપર જુલમ તેની ચરમસીમાએ હતો, ત્યારે પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.એ તેમનામાંથી કેટલાકને નજીકમાં આવેલ દેશ હબ્શા (એબીસિનિયા) હિજરત કરવાનું કહ્યું. એક જૂથે હિજરત કરી. પરંતુ કુરૈશ, જેઓ મુસલમાનો ઉપર દમન કરવાની કોઈ તક જવા દેવા માગતા ન હતા, આ જોઈને શાંત બેસી ન રહ્યા. તેમણે મુસલમાનોનો પીછો કર્યો અને એબીસિનિયાના રાજા નજ્જાશીને ભારપૂર્વક કહ્યું કે હિજરતીઓને પાછા ધકેલી દો. આ સંદર્ભે રાજા નજ્જાશીના દરબારમાં હઝરત જાફર રદિ.એ જે વક્તવ્ય આપ્યું હતું તે પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.એ આણેલ ક્રાંતિકારી પરિવર્તન ઉપર ઊંડો પ્રકાશ

તેમના ઉપર વિજય પ્રાપ્ત કરીને તેમને ક્ષમા કરી દીધા હતા. પોતાના માટે કદી તેણે કોઈનાથી બદલો નથી લીધો.[૧૨]

આ તમામ વાતોની સાથે તેના આત્મ-સંયમ, બલ્કે નિઃસ્વાર્થની સ્થિતિ એ હતી કે જ્યારે તે દેશનો શાસક બની ગયો, તો તે વખતે પણ તે જેવું પહેલાં સરળ અને સાદું જીવન જીવતો હતો, તેવું જ સરળ અને સાદું જીવન પછી પણ જીવતો રહ્યો અને તેણે તેની પ્રકૃતિ અને સ્વભાવને જાળવી રાખ્યો. ઘાસ-માટીની નાની ઝુંપડીમાં રહેતો હતો, ચટાઈ ઉપર સૂતો હતો, બરછટ અને જાડાં કપડાં પહેરતો હતો, ગરીબો જેવું ભોજન લેતો હતો, ઉપવાસ સુદ્ધાં કરતો હતો, રાતોની રાતો પોતાના અલ્લાહની બંદગીમાં ઊભો રહેતો હતો. ગરીબો અને મુસીબતોમાં સપડાયેલા લોકોની સેવા કરતો હતો.[૧૩] એક મજૂરની જેમ કામ કરવામાં તેને સહેજ પણ સંકોચ થતો ન હતો. અંતિમ સમય સુધી તેનામાં રાજકીય દંભ, અમીરીની શાન અને આડંબર તેમજ મોટાં લોકોના અહંકારની જરા પણ ગંધ સુદ્ધાં ન પેદા થઈ. તે એક સામાન્ય માણસની જેમ લોકોથી મળતો હતો. તેમના દુઃખ-દર્દમાં સહભાગી થતો હતો. પ્રજાની વચ્ચે એવી રીતે બેસતો કે કોઈ અજાણ્યા માણસ માટે એ જાણવું મુશ્કેલ બની જતું કે આ સભામાં જાતિનો નેતા, દેશનો શાસક કોણ છે. આટલો મહાન વ્યક્તિ હોવા છતાં નાનામાં નાના માણસ સાથે એ રીતે વ્યવહાર કરતો હતો કે જાણે તે તેમના જેવો જ એક માનવી છે. જીવનભરના કઠોર પરિશ્રમ અને પ્રયત્નમાં તેણે પોતાના માટે કંઈ જ ન રહેવા દીધું. પોતાનો સમગ્ર વારસો પોતાના સમુદાયને પ્રદાન કરી દીધો. પોતાના અનુયાયીઓ ઉપર પોતાના સંતાન માટે કોઈ પણ અધિકાર ન રાખ્યો, ત્યાં સુધી કે પોતાના સંતાનને

(ફૂટનોટ પાછળના પેજથી આગળ)

પાડે છે. તેમણે કહ્યું : ''હે રાજા ! અમે અજ્ઞાની લોકો હતા; મૂર્તિ-પૂજા કરતા હતા. અમે મૃત પશુનું માંસ ખાતા હતા અને દરેક પ્રકારના શરમજનક કૃત્યો કરતા હતા. અમે અમારાં વચનો નિભાવતા ન હતા અને પાડોસીઓ સાથે દુર્વ્યવહાર કરતા હતા. અમારામાંથી જે બળવાન હતો તે નબળાઓના ભોગે આગળ વધતો હતો. છેવટે તે વખતે અલ્લાહે અમારી સુધારણા માટે પયગંબર મોકલ્યો. તેના કુળ, તેની સચ્ચાઈ અને સત્યનિષ્ઠા, તેની પ્રમાણિકતા અને તેની ધર્મનિષ્ઠાથી અમે-સૌ પહેલાંથી જ વાકેફ હતા. તેણે અમને એક અલ્લાહની બંદગી કરવાનું અને મૂર્તિ અને પથ્થરોની પૂજાને છોડી દેવાનું કહ્યું. તેણે સાચું બોલવાની, અનાથોના માલ પ્રત્યે પ્રમાણિકતાની, સંબંધોનો આદર કરવાની અને પાડોસીઓ સાથે સદ્-વર્તનની આજ્ઞા આપી. તેણે ગંદા અને ભ્રષ્ટ કામોથી તથા રક્તપાતથી દૂર રહેવાનો ઉપદેશ આપ્યો. તેણે અનુચિત અને અશ્લીલતાના તમામ કામોની, જૂઠ બોલવાની, અનાથોના માલ ખાઈ જવાની અને સ્ત્રીઓના ચરિત્ર ઉપર ખોટાં આરોપો મૂકવાની મનાઈ કરી. તેથી અમે તેના ઉપર 'ઈમાન' લાવ્યા, તેનું અનુસરણ કર્યું અને તેની શિક્ષાઓનું પાલન કર્યું. (અંગ્રેજી પુસ્તકમાંથી, ખુર્રમ મુરાદ)

૧૨. ઉહદના યુદ્ધ પ્રસંગે, આરબ મુશ્રિકોના નેતાની પત્ની હિંદા પયગંબર સલ્લ.ના કાકા હઝરત હમઝહ રદિ.ના કાળજાને કાઢીને ચાવી ગઈ હતી. (અંગ્રેજી પુસ્તકમાંથી, ખુર્રમ મુરાદ)

૧૩. પયગંબર સલ્લ.એ કહ્યું : ''કોઈ વ્યક્તિ, જે દેવા સાથે મરણ પામ્યો કે પોતાના પાછળ પોતાના આશ્રિતોને છોડી ગયો, એ સ્થિતિમાં કે તેમના નિરાધાર બની જવાનો ડર છે, તેઓ મારા પાસે આવે, કેમ કે હું તેમનો વાલી છું.'' પયગંબર સલ્લ.નું આખું જીવન આ કથનનો આદર્શ પુરાવો છે. (અંગ્રેજી પુસ્તકમાંથી, ખુર્રમ મુરાદ)

'ઝકાત' લેવાના હક્કથી પણ વંચિત કરી દીધા, કેવળ એ ભયથી કે લોકો ક્યાંક આગળ ચાલીને તેમના સંતાનને જ બધી 'ઝકાત' આપવા ન લાગે.

માનવતા માટે મહાન યોગદાન :

હજુ આ મહાન વ્યક્તિના ચમત્કારો સમાપ્ત થયા નથી. તેની મહાનતાનું બરાબર અનુમાન કરવા માટે તમારે વિશ્વ ઉપર એક સર્વગ્રાહી દૃષ્ટિપાત કરવો જોઈએ. તમે જોશો કે આરબ મરુ-ભૂમિનો આ નિરક્ષર રણનિવાસી, જે એક હજાર ચારસો વર્ષ પહેલાં તે અંધકારમય યુગમાં જન્મ્યો હતો, વાસ્તવમાં નવીન યુગનો નિર્માતા અને અને સમસ્ત જગતનો નેતા છે, તે માત્ર તેમનો જ નેતા નથી, જે તેમને નેતા માને છે, બલ્કે તેમનો પણ નેતા છે, જેઓ તેને નથી માનતા. તેમને એ વાતની જાણકારી નથી કે જેના વિરુદ્ધ તેઓ મોઢું ખોલે છે, તેનું માર્ગદર્શન કેવી રીતે તેમના વિચારો અને ભાવનાઓમાં, તેમના જીવન-સિદ્ધાંતો અને કર્મના નિયમોમાં તેમજ તેમના આધુનિક યુગની આત્મામાં વિલીન થઈ ગયું છે.[૧૪]

આ જ વ્યક્તિ છે, જેણે જગતની કલ્પનાઓ અને ધારણાઓના પ્રવાહને પાખંડ, નિસર્ગાતીત વસ્તુઓ, વહેમ, ભ્રમણા, અંધશ્રદ્ધા અને વિલક્ષણપ્રિયતા તથા વૈરાગ્ય (Monasticism)થી બુદ્ધિવાદ (Rationalism) અને યથાર્થપ્રિયતા (Love for reality) તથા કર્તવ્યનિષ્ઠ અને સંયમિત ગૃહસ્થ જીવન તરફ ફેરવી નાખ્યું. તેણે જ આંખોથી દેખાતા ચમત્કારો માગવાવાળા જગતમાં બૌદ્ધિક ચમત્કારોને સમજવા અને તેને જ સચ્ચાઈની કસોટી માનવાની અભિરુચિ પેદા કરી. તેણે જ પ્રકૃતિ-વિરુદ્ધ ચીજ-વસ્તુઓમાં ઈશ્વરના ઈશ્વરત્વ (ખુદાઈ)ની નિશાનીઓ શોધવાવાળાઓની આંખો ખોલી અને તેમને પ્રાકૃતિક દૃશ્યો (Natural phenomena)માં ઈશ્વરના ચિહ્નો જોવાની ટેવ પાડી. તેણે જ કલ્પનાઓના ઘોડા દોડાવનારાઓને અટકળબાજી (Speculation)થી હટાવીને બુદ્ધિ, વિચાર, નિરીક્ષણ અને શોધખોળના રસ્તે લગાવ્યા. તેણે જ બુદ્ધિ,

---

૧૪. Arthur Leonard says, " Islam, in fact, had done a work. She had left a mark on the pages of human history, which is so indelible that it can never be effected... that only when the world grows will be acknowledged in full."

John Devenport, a leading scientist, obsereved, " It must be owned that all the knowledge, whether of physics, astronomy, philosophy or mathematics, which flourished in Europe from the 10th century, was originally derived from the Arabian schools, and the Spanish Saracen may be looked upon as the father of European philosophy." (Quoted by A.Karim in Islam's Contribution to Science and Civilisation).

Bertrand Russell, the famous british philosopher, wrote, "The supremacy of the East was not only military. Science, philosophy, poetry and the arts all flourished... in the Muhammedan world at a time when Europe was sunk in barbarism. Europeans, with unpardonable insularity, call this period 'The Dark Ages': but it was only in Europe that it was dar-indeed only in Christian Europe. For Spain, which was Muhammedan, had a brilliant culture." -- Pakistan Quarterly, Vol. IV, No. 3

Robert Brittfault, the renowned historian, acknowledgeds in his book The Making

અનુભવ અને અંતર્જ્ઞાનની વિશિષ્ટ સીમાઓ મનુષ્યને બતાવી. ભૌતિકવાદ અને અધ્યાત્મવાદ વચ્ચે સંતુલન ઊભું કર્યું. ધર્મથી જ્ઞાન અને કર્મનો તેમજ જ્ઞાન અને કર્મથી ધર્મનો સંપર્ક સ્થાપિત કર્યો. ધર્મની શક્તિથી વિશ્વમાં વૈજ્ઞાનિક ભાવ અને મિજાજ (Scientific Spirit) તથા સાયન્ટિફિક સ્પિરિટથી શુદ્ધ ધર્મવાદ ઉત્પન્ન કર્યો. તેણે જ 'શિર્ક' (અનેકેશ્વરવાદ) અને સૃષ્ટિ-પૂજાના પાયાને ઉખાડ્યો અને જ્ઞાનની શક્તિથી 'તૌહીદ' (એકેશ્વરવાદ)નો વિશ્વાસ એવી મજબૂતીથી સ્થાપિત કર્યો કે 'મુશ્રિકો' (અનેકેશ્વરવાદીઓ) અને મૂર્તિ-પૂજા કરવાવાળાઓનો ધર્મ પણ એકેશ્વરવાદનો રંગ ગ્રહણ કરવા વિવશ બની ગયો. તેણે જ નૈતિકતા અને આધ્યાત્મિકતાની મૌલિક કલ્પનાઓને બદલી. જે લોકો વૈરાગ્ય, સંન્યાસ અને ઇચ્છા-દમનને વિશુદ્ધ નૈતિકતા સમજતા હતા, જેમની દૃષ્ટિમાં મન અને શરીરનો હક્ક અદા કરવા અને સાંસારિક જીવનના વ્યવહારોમાં ભાગ લેવાની સાથે આધ્યાત્મિક ઉન્નતિ અને મુક્તિ સંભવ ન હતી, તેમને તેણે જ નાગરિકતા અને સમાજ અને સાંસારિક કર્મ વચ્ચે નૈતિકતાની શ્રેષ્ઠતા અને આધ્યાત્મિક વિકાસ અને મુક્તિની પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત કર્યો. પછી તે જ છે, જેણે મનુષ્યને તેના વાસ્તવિક મૂલ્યનું ભાન કરાવ્યું. જે લોકો ભગવાન અને અવતાર અને ઈશ્વરના પુત્ર સિવાય કોઈને માર્ગદર્શક અને નેતા માનવા માટે તૈયાર ન હતા, તેમને તેણે જ બતાવ્યું કે મનુષ્ય અને તમારા જેવો જ મનુષ્ય સ્વર્ગ-રાજ્યનો પ્રતિનિધિ અને અલ્લાહનો 'ખલીફા' (Vicegerent) હોઈ શકે છે. જે લોકો દરેક શક્તિશાળી મનુષ્યને પોતાનો ઈશ્વર બનાવી લેતા હતા, તેમને તેણે જ સમજાવ્યા કે મનુષ્ય સિવાય મનુષ્ય બીજું કંઈ નથી, ન કોઈ પવિત્રતા, શાસન અને સ્વામીત્વનો જન્મસિદ્ધ અધિકાર લઈને આવ્યો છે અને ન કોઈના ઉપર અપવિત્રતા, પરાધીનતા અને દાસતાનું જન્મજાત કલંક લાગેલું છે. આ જ શિક્ષણથી જગતમાં માનવ-એકતા અને સમાનતા તથા જનતંત્ર અને સ્વાધીનતાના વિચારોનો ઉદ્‌ભવ થયો છે.

—— કલ્પનાઓથી આગળ વધો, તમને આ નિરક્ષર વ્યક્તિના નેતૃત્વના વ્યવહારિક

(પાછળના પેજથી આગળ)

of Humanity, "It is highly probably that but for the Arabs, modern European civilisation would never have assumed that character which has enabled it to transcend all previous phases of evolution. For although there is not a single aspect of human growth in which the decisive influence of Islamic culture is not traceble, nowwhere is it so clear and momentous as in the genesis of that power which constitutes the paramount distinctive force of the modern world and the supreme source of its victory-natural sciences and the scientific spirit... What we call science rose in Europe as a result of a new spirit of inquiry; of new mathematics in a form unknown to the Greeks. That spirit and those methods were introduced into the European world by the Arabs."

Stanwood Cobb, former founder of the Progressive Education Association, says, "Islam... was the virtual creator of the Renaissance in Europe." -- Quoted by Robert L. Gullick, Jr. in Muhammad the Educator. (અંગ્રેજી પુસ્તકમાંથી, ખુર્રમ મુરાદ)

ફળો જગતના કાનૂનો અને રીતો અને મામલાઓમાં એટલા અધિક પ્રમાણમાં જોવા મળશે કે તેમની ગણના મુશ્કેલ બની જશે. નૈતિકતા અને સભ્યતા, શિષ્ટતા અને સ્વચ્છતા તથા પવિત્રતાના કેટલાય નિયમો છે, જે તેની શિક્ષાથી નીકળીને સમસ્ત સંસારમાં ફેલાઈ ગયા. સામાજિકતાના જે નિયમો તેણે બનાવ્યા હતા, તેનાથી જગતે કેટલો લાભ ઉઠાવ્યો અને આજ પર્યંત ઉઠાવતું જઈ રહ્યું છે. અર્થશાસ્ત્રથી સંબંધિત જે સિદ્ધાંતોની તેણે શિક્ષા આપી, તેણે જગતમાં કેટલા આંદોલનોને જન્મ આપ્યો અને હજુ સુધી જન્મતા જઈ રહ્યા છે. શાસનની જે પદ્ધતિ તેણે અપનાવી હતી, તેનાથી વિશ્વના રાજનૈતિક દૃષ્ટિકોણમાં કેટલું પરિવર્તન આવી ગયું અને આવતું જઈ રહ્યું છે. ન્યાય અને કાનૂનના જે સિદ્ધાંતો તેણે બનાવ્યા હતા, તેણે દુનિયાની ન્યાયિક વ્યવસ્થાઓ અને કાનૂન સંબંધી વિચારોને કેટલાં પ્રભાવિત કર્યા અને આજ પર્યંત તેની અસરો લગાતાર મૌન રૂપે થઈ રહી છે. યુદ્ધ અને સંધિ અને આંતરરાષ્ટ્રીય સંબંધોનું માળખું જે વ્યક્તિએ જગતમાં સ્થાપ્યું, તે વાસ્તવમાં આ જ આરબનો નિરક્ષર વ્યક્તિ છે, નહિં તો પહેલાં દુનિયા એ જાણતી ન હતી કે યુદ્ધના પણ કોઈ નીતિ-નિયમો અને શિષ્ટાચાર હોઈ શકે છે અને વિભિન્ન દેશો અને જાતિઓના સંબંધો સમાન અને સહિયારી માનવતા (Common humanity)ના આધારે પણ નિયમિત કે નિયંત્રિત થઈ શકે છે.[૧૫]

મહાન ક્રાંતિકારી :

માનવ-ઈતિહાસના પૃષ્ઠોમાં આ વિસ્મયકારી વ્યક્તિનું ઉચ્ચ અને મહાન વ્યક્તિત્વ એટલું ઉન્નત દેખાય છે કે આરંભથી લઈને આજ સુધી મોટાં-મોટાં ઐતિહાસિક માનવો, જેમની ગણના જગતના 'મહાન' વ્યક્તિઓ (Heroes)માં કરે છે, જ્યારે તેની તુલનામાં મૂકવામાં આવે છે, તો તેના સામે બધા વામન જેવા દેખાય છે. વિશ્વના મહાન વ્યક્તિઓમાંથી કોઈ એવો નથી, જેની પ્રતિભા-સંપન્નતાનો ઊંડો પ્રભાવ માનવ-જીવનના એક-બે ક્ષેત્રોથી આગળ વધી શક્યો હોય.કોઈ ધારણાઓ અને સિદ્ધાંતોનો સમ્રાટ છે, પરંતુ તેને વ્યવહારિક શક્તિ પ્રાપ્ત નથી. કોઈ કર્મનું પૂતળું છે, પણ ચિંતન-મનનમાં નબળો છે. કોઈના ચમત્કારો રાજકારણ સુધી સીમિત છે, કોઈ માત્ર સૈનિક સૂઝ-બૂઝનું પ્રતીક છે, કોઈની દૃષ્ટિ સામાજિક જીવનના એક પાસા ઉપર એટલી અધિક ઊંડી છે કે બીજા પાસાઓ ઓઝલ થઈ ગયા છે. કોઈએ નૈતિકતા અને આધ્યાત્મિકતાને લીધાં, તો આર્થિક અને રાજકીય ક્ષેત્રોને ભૂલાવી દીધા. કોઈએ રાજકીય અને આર્થિક ક્ષેત્રોને લીધા તો તેણે નૈતિકતા અને આધ્યાત્મિકતાની ઉપેક્ષા કરી. ટૂંકમાં, જગતમાં દરેક જગ્યાએ કોઈ એક ક્ષેત્રમાં નિપૂણ હીરો (Heroes) જ જોવા મળે છે. પરંતુ માત્ર એક જ વ્યક્તિત્વ એવું છે, જેમાં બધા ગુણો એકત્ર છે. તે સ્વયં જ દાર્શનિક અને

૧૫. વિસ્તૃત વિગતો માટે જુઓ લેખકનું પુસ્તક 'અલ-જિહાદ ફિલ ઈસ્લામ'

તત્ત્વદર્શી પણ છે અને સ્વયં જ પોતાના દર્શનને વ્યવહારિક જીવનમાં લાગુ કરવાવાળો પણ છે. તે રાજનીતિજ્ઞ પણ છે, સેનાપતિ પણ છે, કાનૂન બનાવવાવાળો પણ છે, નૈતિકતાનો ઉપદેશ આપવાવાળો પણ છે, ધાર્મિક અને આધ્યાત્મિક નેતા પણ છે. તેની દૃષ્ટિ મનુષ્યના સંપૂર્ણ જીવન ઉપર ફેલાય છે અને નાનામાં નાની વસ્તુઓ સુધી પહોંચે છે. ખાવા-પીવાના નિયમો અને શરીરને સ્વચ્છ રાખવાની રીતોથી લઈને આંતરરાષ્ટ્રીય સંબંધો સુધી એકે-એક વસ્તુ વિશે તે આદેશો આપે છે. પોતાની ધારણાઓ અનુસાર એક સ્થાયી સભ્યતા (Civilization)નું નિર્માણ કરે છે અને જીવનના સમસ્ત વિભિન્ન પાસાઓમાં એવું વાસ્તવિક સંતુલન (Equilibrium) સ્થાપિત કરે છે કે પ્રચુરતા (Excessive) તેમજ અપૂર્ણતા (Imperfect) અને ન્યૂનતા (Shortage, Deficiency)નું ક્યાંય નામો-નિશાન સુદ્ધાં જોવા મળતું નથી. શું કોઈ બીજો વ્યક્તિ આવા વ્યાપક ગુણોવાળો તમારી નજરમાં છે ?

વિશ્વના મોટાં-મોટાં ઐતિહાસિક વ્યક્તિઓમાંથી કોઈ એક એવો નથી, જે ઓછા-વત્તા અંશે પોતાના માહોલનો પેદા કરેલ ન હોય. પરંતુ આ વ્યક્તિની શાન અનોખી છે. તેને બનાવવામાં તેના વાતાવરણનો કોઈ હિસ્સો જોવા મળતો નથી અને કોઈ પ્રમાણથી એવું સાબિત કરી શકાય તેમ નથી કે અરબસ્તાનનું વાતાવરણ તે સમયે ઐતિહાસિક રૂપમાં એક આવા વ્યક્તિના જન્મની માંગ કરી રહ્યું હતું. ખૂબ ખેંચી-તાણીને તમે જે કાંઈ કહી શકો છો તે એનાથી વધારે કંઈ નહીં હોય કે ઐતિહાસિક કારણો અરબસ્તાનમાં એક એવા નેતાના ઉદ્ભવની માંગ કરી રહ્યા હતા, જે કબીલાઓની અવ્યવસ્થા અને વિવિધતાને નાબૂદ કરીને એક જાતિ અને એક રાષ્ટ્ર બનાવતો, અને દેશોને પરાજિત કરીને આરબોની આર્થિક ઉન્નતિના સાધનો ઊભા કરતો – અર્થાત્ એક રાષ્ટ્રવાદી નેતા (National Leader), જે તે સમયની સમસ્ત અરબી વિશિષ્ટતાઓથી પરિપૂર્ણ હોત; અન્યાય, નિર્દયતા, રક્તપાત, છેતરપિંડી, છળ-કપટ વગેરે દરેક સંભવ યુક્તિથી પોતાની જાતિને સંપન્ન અને સુખી બનાવતો અને એક સામ્રાજ્યનું નિર્માણ કરીને પોતાના ઉત્તરાધિકારીઓ માટે છોડી જતો. આના સિવાય તે સમયના અરબી ઇતિહાસની કોઈ માંગ તમે પુરવાર કરી શકો તેમ નથી. હીગલ (Hegel)ના ઐતિહાસિક દર્શન કે માર્ક્સ (Marx) દ્વારા કરવામાં આવેલ ઇતિહાસની ભૌતિક વ્યાખ્યાના દૃષ્ટિકોણથી તમે વધુમાં વધુ એમ કહી શકો છો કે તે સમયે તે વાતાવરણમાં એક રાષ્ટ્ર અને એક સામ્રાજ્ય બનાવનાર પેદા થવો જોઈતો હતો, અથવા પેદા થઈ શકતો હતો. પરંતુ હીગલ કે માર્ક્સના દર્શન (Hegelian or Marxian Philosophy) એ ઘટનાની શું વ્યાખ્યા કરશે કે તે સમયે તે માહોલમાં એવો વ્યક્તિ જન્મ્યો, જે ઉત્તમ નૈતિક ઉપદેશ આપવાવાળો, માનવતાનું ઉત્થાન કરવાવાળો અને આત્માઓને શુદ્ધ કરીને તેને વિકસિત કરવાવાળો તેમજ અજ્ઞાનતાના અંધવિશ્વાસો

અને ભેદભાવોને નાબૂદ કરવાવાળો હતો. જેની દૃષ્ટિ જાતિ, વંશ, અને દેશની સીમાઓને તોડીને સમગ્ર માનવતા ઉપર પ્રસરી ગઈ; જેણે પોતાની જાતિ માટે નહિં, બલ્કે માનવ-લોક માટે એક નૈતિક અને આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક અને રાજનૈતિક વ્યવસ્થાનો પાયો નાખ્યો; જેણે આર્થિક વ્યવહારો અને નાગરિક રાજનીતિ અને આંતરરાષ્ટ્રીય સંબંધોને કલ્પના અને અનુમાનોની દુનિયામાં નહિં, બલ્કે વાસ્તવિક જગતમાં નૈતિક આધારો ઉપર સ્થાપિત કરીને દેખાડી દીધું તથા આધ્યાત્મિકતા અને ભૌતિકતા વચ્ચે એક એવું સંતુલન સ્થાપ્યું, જે આજે પણ જ્ઞાન, તત્ત્વ-દર્શિતા અને બુદ્ધિની એવી જ મુખ્ય કૃતિ છે, જેવી તે સમયે હતી. શું આવા વ્યક્તિને તમે અરબસ્તાનના અજ્ઞાનતાપૂર્ણ વાતાવરણની ઉપજ કહી શકો છો ?

એટલું જ નહિં કે તે વ્યક્તિ પોતાના વાતાવરણની ઉપજ નથી લાગતો, બલ્કે જયારે આપણે તેની કીર્તિ અને ખ્યાતિ ઉપર વિચાર કરીએ છીએ તો ખ્યાલ આવે છે કે તે કાળ અને સ્થળની કેદથી પર છે. તેની દૃષ્ટિ સમય અને સ્થાનના બંધનોને તોડતી સદીઓ અને હજારો વર્ષો (Millenniums)ના પરદાઓને ચાક કરતી આગળ વધે છે. તે મનુષ્યને પ્રત્યેક યુગ અને દરેક વાતાવરણમાં જુએ છે અને તેના જીવન માટે એવા નૈતિક અને વ્યવહારિક આદેશો આપે છે, જે પ્રત્યેક અવસ્થામાં સમાન અનુકૂળતાની સાથે બરાબર લાગુ પડે છે. તે વ્યક્તિ તે લોકોમાંથી નથી, જેમને ઇતિહાસે જૂના-પુરાણા કરી નાખ્યા છે, જેમની પ્રશંસા આપણે કેવળ એ હેસિયતે કરી શકીએ છીએ કે તેઓ પોતાના સમયના સારા નેતા હતા. આ વ્યક્તિ સૌથી અલગ અને સૌથી ભિન્ન માનવતાનો એવો માર્ગદર્શક છે, જે ઇતિહાસની સાથે પ્રગતિ (March) કરે છે અને દરેક યુગમાં એવો જ આધુનિક (Modern) દેખાય છે, જેવો પહેલા યુગ માટે હતો.

તમે જે લોકોને ખૂબ વિશાળ હૃદયથી અને ઉદારતાથી 'ઇતિહાસના ઘડવૈયા' (Makers of History)ના ઇલકાબ આપો છો, તેઓ વાસ્તવમાં ઇતિહાસના પેદા કરેલાં (Creatures of History) છે. સાચું કહો તો ઇતિહાસ બનાવવાવાળો સમગ્ર માનવ-ઇતિહાસમાં આ જ એક માત્ર વ્યક્તિ છે. વિશ્વના જેટલાં નેતાઓ ઇતિહાસમાં ક્રાંતિ લાવી ચૂક્યા છે, તેમના વૃત્તાંતો ઉપર વિવેચનાત્મક દૃષ્ટિ નાખો, તમે જોશો કે ત્યાં દરેક એવી સ્થિતિમાં પહેલાંથી જ ક્રાંતિના કારણો ઉદ્‌ભવી રહ્યા હતા અને તે કારણો સ્વયં જ તે ક્રાંતિની દિશા અને માર્ગ પણ નિર્ધારીત કરી રહ્યા હતા, જેના આવવાની તેઓ માંગ કરી રહ્યા હતા. ક્રાંતિકારી નેતાએ માત્ર એટલું જ કર્યું કે સંજોગોની માંગને શક્તિથી કાર્યાન્વિત કરવા તે અભિનેતાની ભૂમિકા અદા કરી દીધી, જેના માટે સ્ટેજ અને કર્મ-કારણ બંને પહેલાંથી મોજૂદ હોય, પરંતુ ઇતિહાસના ઘડવૈયાઓ અથવા ક્રાંતિ લાવવાવાળાઓના આખા સમૂહમાં આ એક જ એવો વ્યક્તિ છે કે જયાં ક્રાંતિના કારણો જોવા મળતા ન હતા, ત્યાં તેણે સ્વયં કારણોનું સર્જન કર્યું; જયાં ક્રાંતિની

સામગ્રી ન હતી, ત્યાં તેણે સ્વયં સામગ્રી તૈયાર કરી; જ્યાં ક્રાંતિની સ્પિરિટ અને વ્યવહારિક યોગ્યતા લોકોમાં જોવા મળતી ન હતી, ત્યાં તેણે સ્વયં પોતાના ઉદ્દેશ્ય અનુસાર માણસો તૈયાર કર્યા, પોતાના મહાન અને પ્રબળ વ્યક્તિત્વને પીગળાવીને હજારો મનુષ્યોના શરીરમાં ઉતારી દીધું અને તેમને એવા બનાવી દીધા જેવાં તે બનાવવા ઈચ્છતો હતો. તેના સામર્થ્ય અને સંકલ્પ-શક્તિએ સ્વયં ક્રાંતિની સામગ્રી ઉપલબ્ધ કરાવી, સ્વયં તેના આકાર-પ્રકાર નિશ્ચિત કર્યા અને સ્વયં પોતાના મક્કમ ઈરાદાના જોરે સમયની ગતિને ફેરવીને તે રસ્તા ઉપર ચલાવી, જેના ઉપર તે તેને ચલાવવા માગતો હતો. આ શાનનો ઈતિહાસ બનાવવાવાળો અને આવો મહાન ક્રાંતિકારી વ્યક્તિ તમને બીજે ક્યાંય જોવા મળે છે ?

અંતિમ પ્રમાણ :

આવો, હવે એ પ્રશ્ન ઉપર વિચાર કરો કે એક હજાર ચારસો વર્ષ પહેલાંના અંધકારમય જગતમાં, અરબસ્તાન જેવા ઘોર અંધકારમય દેશના એક ખૂણામાં એક ગોવાળી અને વેપાર કરવાવાળો નિરક્ષર રણનિવાસી વ્યક્તિના હૃદયમાં સહસા આટલું જ્ઞાન, આટલો પ્રકાશ, આટલું સામર્થ્ય, આટલાં ચમત્કાર, આટલી જોરદાર અને પૂર્ણ શક્તિઓ ઉત્પન્ન થવાનાં કયા સાધનો હતા ? તમે કહો છો કે આ બધું તેના મન અને મસ્તિષ્કની ઉપજ હતી. હું કહું છું કે જો આ તેના મન અને મસ્તિષ્કની ઉપજ હતી, તો તેણે પોતાને ઈશ્વર હોવાનો દાવો કરવો જોઈતો હતો; અને જો તે એવો દાવો કરતો, તો તે દુનિયા, જેણે રામને ઈશ્વર બનાવી નાખ્યા, જેણે કૃષ્ણને ભગવાન કહેવામાં કોઈ સંકોચ ન કર્યો, જેણે બુદ્ધને સ્વયં પૂજ્ય બનાવી લીધા, જેણે ઈસા (અલૈ.)ને સ્વયં પોતાની ઈચ્છાથી ખુદાના પુત્ર માની લીધા, જેણે અગ્નિ, પાણી અને હવા સુદ્ધાંની પૂજા કરી નાખી, તે આવા મહાન કીર્તિમાન વ્યક્તિને ઈશ્વર માની લેવાથી કદાપિ ઈન્કાર ન કરતી. પરંતુ જુઓ, તે સ્વયં શું કહી રહ્યો છે ? તે પોતાના ચમત્કારો અને કીર્તિઓમાંથી એકનો પણ શ્રેય સ્વયં નથી લેતો. કહે છે : ''હું એક મનુષ્ય છું, તમારા જેવો જ મનુષ્ય, મારા પાસે કંઈ જ મારૂં નથી, બધું જ અલ્લાહનું છે અને અલ્લાહ તરફથી છે. આ વાણી, જેના સમાન કોઈ વાણી પ્રસ્તુત કરવા સમસ્ત માનવ-જાતિ અસમર્થ છે, મારી વાણી નથી, મારા મસ્તિષ્કની યોગ્યતાનું પરિણામ નથી, તેનો શબ્દે-શબ્દ અલ્લાહ તરફથી મારા પાસે આવ્યો છે અને તેની પ્રશંસા અલ્લાહ માટે જ છે. આ કાર્યો જે મેં કર્યા, આ કાનૂન જે મેં બનાવ્યા, આ સિદ્ધાંતો જે મેં તમને શીખવાડ્યા, તેમાંથી કોઈ વસ્તુ પણ મેં સ્વયં નથી ઘડી, હું કંઈ પણ મારી યોગ્યતાથી રજૂ કરવાનું સામર્થ્ય નથી ધરાવતો. દરેક વસ્તુમાં અલ્લાહના માર્ગદર્શનનો મોહતાજ છું. ત્યાંથી જે સંકેત આવે છે, તે જ કરૂં છું અને તે જ કહું છું.''

જુઓ, આ કેવી આશ્ચર્યજનક સચ્ચાઈ છે, કેવી ઈમાનદારી અને સત્યવાદિતા

છે ! જૂઠો માણસ તો મોટો બનવા માટે બીજાઓની એવી કૃતિઓનો શ્રેય પણ લઈ લેવામાં સંકોચ નથી કરતો, જેના વિશે સરળતાથી જાણકારી મેળવી શકાય છે કે તે ક્યાંથી લેવામાં આવી છે. પરંતુ આ વ્યક્તિ તે કીર્તિઓનો સંબંધ પણ પોતાની સાથે નથી જોડતો, જેને જો તે પોતાની કીર્તિ કહેતો, તો કોઈ તેને જૂઠો કહી શકતું ન હતું; કેમ કે કોઈની પાસે તેના વાસ્તવિક ઉદ્‌ગમ સુધી પહોંચવાનું સાધન નથી. સચ્ચાઈનો આનાથી વધુ સ્પષ્ટ પુરાવો બીજો કયો હોઈ શકે છે ? તે વ્યક્તિથી વધારે સાચો બીજો કોણ હશે, જેને એક અત્યંત ગુપ્ત માધ્યમ દ્વારા એવા અનુપમ ચમત્કારો પ્રાપ્ત હોય અને તે કોઈ પણ સંકોચ વગર એવું બતાવી દે કે તેને આ ચમત્કારો ક્યાંથી પ્રાપ્ત થયા છે ? બતાવો, શું કારણ છે કે આપણે તેને સાચો ન કહીએ ?

જુઓ આ છે આપણા નેતા, સંપૂર્ણ જગતના પયગંબર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ-સલ્લમ (અલ્લાહ તેમના ઉપર શાંતિ અને સલામતીની વર્ષા કરે). તેમની પયગંબરીનું પ્રમાણ સ્વયં તેમની સચ્ચાઈ છે. તેમના મહાન કાર્યો, તેમનો સ્વભાવ, તેમના પવિત્ર જીવનની ઘટનાઓ, બધું જ ઇતિહાસથી પ્રમાણિત છે. જે વ્યક્તિ શુદ્ધ-હૃદય, સત્ય-પ્રિયતા અને ન્યાયની સાથે તેનો અભ્યાસ કરશે, તેનું હૃદય કહી ઉઠશે કે તેઓ અલ્લાહના પયગંબર છે. તે 'કલામ' (વાણી) જે તેમણે પ્રસ્તુત કરી, તે આ જ કુર્આન છે, જેને તમે વાંચો છો. આ અનુપમ ગ્રંથને જે વ્યક્તિ પણ ખુલ્લા મનથી વાંચશે, તેને માનવું પડશે કે આ ગ્રંથ ચોક્કસ ઈશ્વરીય ગ્રંથ છે. કોઈ મનુષ્ય આવા ગ્રંથની રચના નથી કરી શકતો.

નુબૂવત (પયગંબરી)ની સમાપ્તિ :

હવે એ તદ્દન સ્પષ્ટ છે કે એક માત્ર હઝરત મુહમ્મદ સલ્લ. દ્વારા જ ઈસ્લામનો સીધો માર્ગ આપણે જાણી શકીએ છીએ. અલ્લાહની મરજી જાણવા માટે માનવ-જાત પાસે કુર્આન અને હઝરત મુહમ્મદ સલ્લ.નું જીવન-ચરિત્ર જ આધારભૂત માધ્યમો છે. હઝરત મુહમ્મદ સલ્લ. સમસ્ત માનવ-જાત માટે અલ્લાહના પયગંબર છે. તેમના ઉપર પયગંબરીનો ક્રમ સમાપ્ત કરી દેવામાં આવ્યો. અલ્લાહ મનુષ્યોના માર્ગદર્શન માટે જેટલી વ્યવસ્થા કરવા ઇચ્છતો હતો તે તેણે પોતાના અંતિમ પયગંબરના માધ્યમથી કરી દીધી છે. હવે જે વ્યક્તિ સત્યનો ઇચ્છુક હોય અને અલ્લાહનો મુસ્લિમ (આજ્ઞાંકિત) બંદો બનવા માગતો હોય, તેના માટે આવશ્યક છે કે અલ્લાહના આ અંતિમ પયગંબર પર ઈમાન લાવે. જે શિક્ષણ તેમણે આપ્યું છે, તેને માને અને જે રીત તેમણે દર્શાવી છે તેના ઉપર ચાલે.

નુબૂવતની સમાપ્તિ અંગેની દલીલો :

પયગંબરીની વાસ્તવિકતા અમે તમને ઉપર દર્શાવી દીધી છે. તેને સમજશો અને તેના ઉપર વિચાર કરશો, તો તમને સ્વયં જણાશે કે પયગંબરો પ્રતિદિન પેદા

થતા નથી અને ન એ જરૂરી છે કે દરેક પ્રદેશ માટે, દરેક જાતિ માટે અને દરેક સમયે એક પયગંબર હોય. પયગંબરનું જીવન અને તેનું શિક્ષણ લોકો માટે સન્માર્ગ ઉપર ચાલવા દીવાદાંડી છે, અને જ્યાં સુધી તેનું શિક્ષણ અને માર્ગદર્શન જીવંત છે, ત્યાં સુધી જાણે તે પોતે જીવંત છે, જેમ પહેલાં હતા. અગાઉના પયગંબરો એ હેસિયતથી જીવિત નથી, કેમ કે તેમના અનુયાયીઓએ, જે શિક્ષણ તેમણે આપ્યું હતું તેમાં ભેળસેળ કરી નાખી, જે માર્ગદર્શન તેમણે આપ્યું હતું તેને વિકૃત કરી નાખ્યું અને તેમના જીવન-આદર્શોને બગાડી નાખ્યા. અગાઉના ગ્રંથો તૌરાત, ઝબુર (Psalms of David), ઇંજિલ (Gospel of Jesus) તેમાંથી આજે એક પણ તેના વાસ્તવિક રૂપમાં મોજૂદ નથી. સ્વયં તેને માનવાવાળા પણ એ દાવો કરી શકતા નથી કે અમારા પાસે અમારા પયગંબરોએ આપેલાં મૂળ ગ્રંથો મોજૂદ છે. તેમણે પોતાના પયગંબરોના જીવન-ચરિત્રને પણ ભૂલાવી દીધું. અગાઉના પયગંબરોમાંથી એકની પણ સાચી અને પ્રમાણિત જીવન-ગાથા આજે ક્યાંય મળતી નથી. એ પણ વિશ્વાસપૂર્વક કહી શકાય તેમ નથી કે તેઓ ક્યા યુગમાં જન્મ્યા ? ક્યાં જન્મ્યા ? તેમણે શું કામ કર્યું ? કેવી રીતે જીવન વિતાવ્યું ? કઈ વાતોની શિક્ષા આપી ? અને કઈ વાતોની મનાઈ કરી ? આ જ વાસ્તવમાં તેમનું મૃત્યુ છે. આ રૂપમાં તેઓ જીવિત નથી, પરંતુ હઝરત મુહમ્મદ સલ્લ. જીવિત છે, કેમ કે તેમનું શિક્ષણ અને માર્ગદર્શન જીવિત છે. જે કુર્આન તેમણે આપ્યું હતું, તે તેના મૂળ સ્વરૂપમાં મોજૂદ છે. તેમાં એક અક્ષર, એક બિંદુ, એક માત્રાનો પણ ફરક નથી થયો. તેમની જીવન-ચર્યા, તેમના કથનો, તેમના કાર્યો બધું જ સુરક્ષિત છે અને તેરસો વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં પણ ઇતિહાસમાં તેમની છબી એવી સ્પષ્ટ જોવા મળે છે કે જાણે આપણે સ્વયં તેમને જોઈ રહ્યા છીએ. જગતના કોઈ પણ વ્યક્તિનું જીવન એટલું સુરક્ષિત નથી, જેટલું આપ સલ્લ.નું જીવન સુરક્ષિત છે. આપણે આપણા દરેક મામલામાં દરેક સમયે આપ સલ્લ.ના જીવનથી શિક્ષા ગ્રહણ કરી શકીએ છીએ. આ જ એ વાતનું પ્રમાણ છે કે હઝરત મુહમ્મદ સલ્લ. પછી કોઈ અન્ય પયગંબરની આવશ્યકતા નથી.

ઉપરાંત, એક પયગંબર પછી બીજાના આગમન માટે ત્રણ કારણ હોઈ શકે છે.

(૧) અગાઉના પયગંબરનું શિક્ષણ અને માર્ગદર્શન વિકૃત કે બગડી ગયા હોય, અને તેને ફરી રજૂ કરવાની જરૂર હોય, અથવા

(૨) અગાઉના પયગંબરનું શિક્ષણ પૂર્ણ ન હોય, અને તેમાં સુધારો કે કંઈક વધારાની જરૂર હોય, અથવા

(૩) અગાઉના પયગંબરનું શિક્ષણ એક વિશેષ જાતિ સુધી મર્યાદિત હોય,

અને બીજી જાતિ કે જાતિઓ માટે બીજા પયગંબરની જરૂર હોય.[૧૬]

આ ત્રણે કારણો હવે શેષ રહ્યા નથી.

(૧) હઝરત મુહમ્મદ સલ્લ.નું શિક્ષણ અને માર્ગદર્શન આજે જીવંત છે અને તે તમામ સાધનો પૂર્ણતઃ સુરક્ષિત છે, જેનાથી ગમે ત્યારે એ જાણી શકાય છે કે આપ સલ્લ.નો ધર્મ શું હતો ? કેવું માર્ગદર્શન અને આદેશ લઈને આપ આવ્યા હતા ? જીવનની કઈ રીતને આપ સલ્લ.એ પ્રચલિત કરી ? અને કઈ રીતોને આપ સલ્લ.એ નાબૂદ કરવાની અને બંધ કરવાની કોશિશ કરી ? આમ, હવે જ્યારે આપ સલ્લ.ની શિક્ષા અને માર્ગદર્શન નાશ પામ્યું જ નથી, તો તેને નવેસરથી પ્રસ્તુત કરવા કોઈ પયગંબરના આવવાની આવશ્યકતા નથી.

(૨) હઝરત મુહમ્મદ સલ્લ. દ્વારા જગતને ઈસ્લામનું સંપૂર્ણ શિક્ષણ આપી દેવામાં આવ્યું છે. હવે ન તેમાં કંઈ ઘટાડાની આવશ્યકતા છે અને ન તેમાં કોઈ ત્રુટિ બાકી રહી ગઈ છે, જેને પૂરી કરવા કોઈ પયગંબરના આવવાની જરૂર હોય. આમ, બીજું કારણ પણ રહેતું નથી.

(૩) હઝરત મુહમ્મદ સલ્લ.નું શિક્ષણ કોઈ વિશેષ જાતિ, વિશેષ સ્થળ કે વિશેષ યુગ સુધી સીમિત નથી. તેઓ સમગ્ર વિશ્વ માટે પયગંબર અને સત્યના સંદેશવાહક બનાવીને મોકલવામાં આવ્યા છે, અને તમામ મનુષ્યો માટે આપનું શિક્ષણ પર્યાપ્ત છે. તેથી હવે કોઈ વિશિષ્ટ જાતિ માટે અલગથી કોઈ પયગંબરના આવવાની આવશ્યકતા નથી. આમ, ત્રીજું કારણ પણ રદ થાય છે.

તેથી હઝરત મુહમ્મદ સલ્લ.ને 'ખાતિમુન્–નબીય્યિન' (પયગંબરોના સમાપક) કહેવામાં આવે છે, અર્થાત્ પયગંબરોના સિલસિલાને સમાપ્ત કરી દેનાર.[૧૭] હવે વિશ્વને કોઈ બીજા પયગંબરની આવશ્યકતા નથી, બલ્કે માત્ર એવા લોકોની જરૂર છે, જે હઝરત મુહમ્મદ સલ્લ.ના માર્ગ ઉપર પોતે ચાલે અને અન્યોને ચલાવે. આપની શિક્ષાઓને સમજે અને તેને વ્યવહારમાં ઉતારે અને જગતમાં તે કાનૂન અને સિદ્ધાંતોનું શાસન સ્થાપિત કરે, જેને લઈને આપ સલ્લ. આવ્યા હતા.[૧૮]

●

---

૧૬. એક ચોથું કારણ એ પણ હોઈ શકે છે કે પયગંબરની મોજૂદગીમાં તેમની સહાયતા માટે બીજા પયગંબરને મોકલવામાં આવે, પરંતુ અમે તેનો ઉલ્લેખ એટલા માટે નથી કર્યો કે કુર્આનમાં આવાં બે જ દૃષ્ટાંતોનો ઉલ્લેખ થયેલો છે અને અપવાદરૂપ દૃષ્ટાંતોથી એ નિર્ણય ન કરી શકાય કે સહાયક પયગંબર મોકલવાનો કોઈ સામાન્ય નિયમ અલ્લાહને ત્યાં છે.

૧૭. કુર્આન અને હદીષ આ સંદર્ભે સ્પષ્ટ છે. કુર્આનમાં ઉલ્લેખ છે, "મુહમ્મદ (સલ્લ.) અલ્લાહના રસૂલ છે અને પયગંબરોના સમાપક છે." (કુર્આન, સૂરઃ ૩૩, આ.૪૦)

પવિત્ર અને મહાન પયગંબર સલ્લ. સ્વયં ફરમાવે છે કે, ''મારા પછી કોઈ પયગંબર નથી.'' એક બીજા પ્રસંગે તેમણે કહ્યું, ''પયગંબરો (ના લાંબા સિલસિલા) સાથેના મારા સંબંધને એક મહેલના દૃષ્ટાંતથી સમજી શકાય છે. મહેલ ખૂબ જ સુંદર રીતે બાંધવામાં આવેલો છે. મહેલમાં એક જગ્યાએ એક મહત્ત્વની ઈંટ સિવાય તે બધી રીતે પૂર્ણ છે. મેં તે જગ્યાને પૂરી છે અને હવે તે કિલ્લો સંપૂર્ણ થઈ ગયો છે. (બુખારી અને મુસ્લિમ).

૧૮. કેટલાક લોકોને એ સંદેહ થાય છે કે ઇસ્લામે માનવ-જીવન માટે જે કાનૂન અને નિયમો આપ્યા છે, તે યુગો અને સમયાંતરે બદલાતી પરિસ્થિતિઓમાં કેવી રીતે આપણો સાથ આપી શકે છે? દરેક યુગ માટે નવીન કાનૂન અને નિયમો જ ઉચિત હોય છે. આ અને આના જેવી વાતો સામાન્યતઃ આમ જ કંઈ પણ વિચાર કર્યા વગર જ કહી દેવામાં આવે છે. આ સંદર્ભમાં જો કેટલીક મૌલિક વાતો સામે રહે, તો મનમાં આ આ પ્રકારનો કોઈ સંદેહ ઊભો થઈ શકતો નથી.

(૧) 'ઇસ્લામ' અલ્લાહનો ઉતારેલો ધર્મ છે. અલ્લાહનું જ્ઞાન પૂર્ણ છે. તેને 'સમય'ના આદિ અને અંત બંનેનું જ્ઞાન છે. તે જાણે છે કે માનવીને કયા સંજોગોનો સામનો કરવો પડશે ?

(૨) ઇસ્લામના સિદ્ધાંતો અને નિયમો વાસ્તવમાં માનવ-પ્રકૃતિ ઉપર નિર્ભર છે. સમયના પરિવર્તનથી માનવ-પ્રકૃતિમાં પરિવર્તન આવતું નથી.

(૩) એ વાત સમજી લેવાની જરૂર છે કે જીવનના મૌલિક સિદ્ધાંતો અને મૌલિક માન્યતાઓ (Values)માં અંતર આવતું નથી. સમયની પ્રગતિ અને પરિવર્તનથી સમાજ અને જીવનના બાહ્ય રૂપ (Outward form)માં પરિવર્તન આવી શકે છે, જીવનના મૌલિક અને સ્થાયી તત્ત્વોમાં કોઈ ફેરફાર થતો નથી. ઇસ્લામે માનવ-જીવન માટે જે સિદ્ધાંતો અને નિયમો આપ્યા છે, તે એવા છે, જે હંમેશા કામ આવવાવાળા છે. મનુષ્ય 'ઇજ્તિહાદ' દ્વારા અર્થાત્ મૂળ અને નિશ્ચિત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને પોતાની સૂઝ-બૂઝથી કામ લઈને તેને કોઈ પણ યુગ અને કોઈ પણ વિકસિત કે અવિકસિત સમાજમાં લાગુ (Apply) કરી શકે છે. ઇસ્લામના આપેલાં મૌલિક સિદ્ધાંતો અને તેણે નિશ્ચિત કરેલ જીવનની મૌલિક માન્યતાઓ તેને હંમેશા સીધા અને સાચા માર્ગ તરફ જ લઈ જશે. ઇસ્લામ મનુષ્યની સૂઝ-બૂઝનો આદર કરે છે. મનુષ્યના માનસિક વિકાસ માટે એ જરૂરી પણ હતું કે મનુષ્યને પોતાની સૂઝ-બૂઝથી કામ લઈને અલ્લાહના અવતરિત કરેલા પ્રકાશમાં પ્રત્યેક યુગ અને સમાજમાં પોતાના માટે રસ્તો કાઢી શકે છે. (હિન્દી પુસ્તકમાંથી, મૌલાના ફારૂકખાં)

(૪) વૈજ્ઞાનિક રીતે, માનવ-જાતિ, જ્યારથી પૃથ્વી ઉપર મનુષ્યને ઉતારવામાં આવ્યો, ત્યારથી અહીં જીવન વિતાવી રહી છે અને તેમાં તેના અસ્તિત્વ દરમ્યાન આજ સુધી મૂળભૂત રીતે ઉત્ક્રાંતિ-વિષયક કોઈ ફેરફાર થયો નથી. સંસ્કૃતિઓ ઉદ્ભવે છે અને પતનગ્રસ્ત થાય છે, સભ્યતાઓ વિકસે છે અને મૂરઝાય છે, સામ્રાજ્યો બને છે અને તૂટે છે; પરંતુ વૈશ્વિક વિકાસનો ક્રમિક યુગ યથાવત્ રહે છે. તેથી એ અનુમાન અને ધારણા કે કેટલીક સદીઓ પાછળનું માર્ગદર્શન સમયની સાથે આપોઆપ કાલગ્રસ્ત અને નકામું બની જાય છે, નિરાધાર અને ઉપરછલ્લી છે. (અંગ્રેજી પુસ્તક, ખુર્રમ મુરાદ)

પ્રકરણ – ૪

વિસ્તૃત ઈમાન

આગળ વધતાં પહેલા તમારે ફરી એક વાર તે જાણકારીઓ અને માહિતી ઉપર એક દૃષ્ટિપાત કરી લેવો જોઈએ, જે તમને અગાઉના પ્રકરણોમાં આપવામાં આવેલ છે.

(૧) આમ તો ઈસ્લામનો અર્થ અલ્લાહનું અનુસરણ અને તેનું આજ્ઞાપાલન છે; પરંતુ અલ્લાહની હસ્તી, ગુણો અને તેની ઇચ્છાનુસાર જીવન જીવવાની રીત તથા આખિરત (પરલોક)માં ઈનામ અને સજાનું સાચું જ્ઞાન માત્ર અલ્લાહના પયગંબરો દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે, તેથી ઈસ્લામ ધર્મની ખરી પરિભાષા એ થઈ કે પયગંબરની શિક્ષા ઉપર ઈમાન લાવવું અને તેણે દર્શાવેલ પદ્ધતિ મુજબ અલ્લાહની બંદગી (ઉપાસના) કરવી 'ઈસ્લામ' છે. જે વ્યક્તિ પયગંબરના માધ્યમને છોડીને પ્રત્યક્ષ અલ્લાહના અનુસરણ અને તેના આદેશોના પાલનનો દાવો કરે તે 'મુસ્લિમ' નથી.

(૨) પ્રાચીન યુગમાં જુદી-જુદી જાતિઓ માટે જુદા-જુદા પયગંબરો આવ્યા હતા અને એક જ જાતિમાં એક-પછી-એક બીજા ઘણા પયગંબરો આવ્યા કરતા હતા. તે વખતે પ્રત્યેક જાતિ માટે 'ઈસ્લામ' એ ધર્મનું નામ હતું, જે ખાસ તે જ જાતિના પયગંબર કે પયગંબરોએ શીખવાડ્યું, જો કે ઈસ્લામની વાસ્તવિકતા તો દરેક દેશમાં અને દરેક યુગમાં એક જ હતી; પરંતુ 'શરીઅત' (ધર્મ-વિધાન) અર્થાત્ કાનૂન અને 'ઈબાદત' (ઉપાસના)ની રીતો કંઈક જુદી હતી. તેથી એક જાતિ માટે બીજી જાતિના પયગંબરનું અનુસરણ જરૂરી ન હતું, અલબત્ત ઈમાન બધાની ઉપર લાવવું જરૂરી હતું.

(૩) જ્યારે હઝરત મુહમ્મદ સલ્લ.ને જ્યારે પયગંબર બનાવીને મોકલવામાં આવ્યા, તો આપના દ્વારા ઈસ્લામની શિક્ષાને પૂર્ણ કરી દેવામાં આવી અને સમગ્ર વિશ્વ માટે એક જ 'શરીઅત' (ધર્મ-વિધાન) મોકલવામાં આવી. આપની 'નુબૂવત' (પયગંબરી) કોઈ વિશેષ જાતિ કે દેશ માટે નહિં, બલ્કે 'આદમ'ના તમામ સંતાનો માટે છે અને હંમેશ માટે છે. 'ઈસ્લામ'ની જે શરીઅતો અગાઉના પયગંબરોએ પ્રસ્તુત કરી હતી, તે તમામ હઝરત મુહમ્મદ સલ્લ.ના આગમન સાથે નિરસ્ત કરી દેવામાં આવી

અને હવે પ્રલય (કયામત) સુધી ન કોઈ પયગંબર આવવાનો છે, અને ન કોઈ બીજી શરીઅત અલ્લાહ તરફથી અવતરિત થવાની છે. તેથી હવે 'ઇસ્લામ' કેવળ હઝરત મુહમ્મદ સલ્લ.ના અનુસરણનું નામ છે. આપની પયગંબરીને માનવું અને આપના વિશ્વાસ ઉપર તે તમામ વાતોને માનવી, જેના ઉપર ઈમાન લાવવાની આપ સલ્લ.એ શિક્ષા આપી છે તેમજ આપના બધા જ આદેશોનું ઈશ્વરીય આદેશો સમજીને તેમનું પાલન કરવું 'ઇસ્લામ' છે. હવે કોઈ એવી વ્યક્તિ અલ્લાહ તરફથી આવવાનો નથી, જેને માનવું 'મુસ્લિમ' (આજ્ઞાંકિત) બનવા માટે આવશ્યક હોય અને જેને ન માનવાથી મનુષ્ય 'કાફિર' થઈ જતો હોય.

આવો, હવે અમે તમને બતાવીએ કે હઝરત મુહમ્મદ સલ્લ.એ કઈ-કઈ વાતો ઉપર 'ઈમાન' લાવવાની શિક્ષા આપી છે, તે કેવી સાચી વાતો છે અને તેને માનવાથી મનુષ્યનો દરજ્જો કેટલો ઉચ્ચ થઈ જાય છે.

તૌહીદ : અલ્લાહ પર ઈમાન :

હઝરત મુહમ્મદ સલ્લ.ની સૌપ્રથમ અને સૌથી મહત્ત્વપૂર્ણ શિક્ષા આ છે : 'લા ઇલાહ ઇલ્લલ્લાહ'. અર્થાત્ અલ્લાહ સિવાય બીજો કોઈ 'ઇલાહ' (પૂજ્ય) નથી.

આ 'કલિમા' (વાક્ય) ઇસ્લામનો પાયો છે. જે વસ્તુ મુસ્લિમને એક 'કાફિર', એક મુશ્રિક (અનેકેશ્વરવાદી) અને એક નાસ્તિકથી અલગ કરે છે, તે આ જ છે. આ જ 'કલિમા'ને માનવા કે ન માનવાથી મનુષ્ય અને મનુષ્ય વચ્ચે મોટું અંતર થઈ જાય છે. તેના માનવાવાળા એક સમુદાય (Community) બની જાય છે અને ન માનવાવાળા બીજો સમૂહ. તેને માનવાવાળાઓ માટે દુનિયાથી લઈને આખિરત (પરલોક) સુધી પ્રગતિ, ઉન્નતિ, સફળતા અને પ્રતિષ્ઠા છે અને ન માનવાવાળાઓ માટે નિષ્ફળતા અને અપમાન અને તિરસ્કાર છે.

આટલું મોટું અંતર, જે મનુષ્ય અને મનુષ્ય વચ્ચે થઈ જાય છે, તે માત્ર થોડાંક શબ્દોના ઉચ્ચારણનું પરિણામ નથી. જો તમે દસ લાખ વાર 'ક્વિનાઈન, ક્વિનાઈન' પોકારતાં રહો, તેને ખાઓ નહીં, તો તમારો તાવ ક્યારેય ઉતરશે નહીં. આ જ રીતે જો મુખેથી 'લા ઇલાહ ઇલ્લલ્લાહ' કહી દીધું, પરંતુ એ ન સમજ્યા કે તેનો અર્થ શું છે અને આ શબ્દોનો ઉચ્ચાર કરીને તમે કેટલી મોટી વસ્તુને માની લીધી છે અને તેને માની લેવાથી તમારા ઉપર કેટલી મોટી જવાબદારી આવી ગઈ છે, તો આવું સમજ વગરનું ઉચ્ચારણ સહેજ પણ લાભદાયી નથી. વાસ્તવમાં અંતર તો તે સમયે થશે, જ્યારે 'લા ઇલાહ ઇલ્લલ્લાહ'નો અર્થ તમારા હૃદયમાં ઉતરી જાય, તેના અર્થ ઉપર તમને પૂર્ણ વિશ્વાસ થઈ જાય. તેના વિરુદ્ધ જેટલાં પણ વિચારો અને ધારણાઓ છે, તે તમામ તમારા હૃદયમાંથી નીકળી જાય અને આ 'કલિમા'નો પ્રભાવ તમારા મન અને મસ્તિષ્ક

ઉપર ઓછામાં ઓછો એટલો ઊંડો હોય, જેટલો કે એ વાતનો પ્રભાવ છે કે અગ્નિ બાળવાવાળી વસ્તુ છે અને ઝેર મારી નાખનારી વસ્તુ. અર્થાત જે રીતે આગની ખાસિયત ઉપર 'ઈમાન' તમને ચૂલામાં હાથ નાખવાથી રોકે છે અને ઝેરની ખાસિયત ઉપર 'ઈમાન' તમને ઝેર ખાવાથી બચાવે છે, તે જ રીતે 'લા ઇલાહ ઇલ્લલ્લાહ' ઉપર 'ઈમાન' તમને 'શિર્ક' (અનેકેશ્વરવાદ) અને 'કુફ્ર' (અધર્મ) અને નાસ્તિકતાની પ્રત્યેક નાનામાં નાની વાતથી પણ રોકી દે, ચાહે તે વિશ્વાસ સંબંધે હોય કે વ્યવહાર સંબંધે.

'લા ઈલાહ ઈલ્લલ્લાહ'નો અર્થ :

સૌથી પહેલા એ સમજો કે 'ઇલાહ' કોને કહે છે. અરબી ભાષામાં 'ઇલાહ'નો અર્થ છે 'ઇબાદત'ને લાયક. અર્થાત્ એ હસ્તી, જે પોતાના મહિમા, તેજ અને પ્રતાપ અને ઉચ્ચતાના કારણે એ યોગ્ય હોય કે તેની પૂજા કરવામાં આવે તથા તેની બંદગી અને 'ઇબાદત' (ઉપાસના)માં તેના સામે શીશ ઝુકાવી દેવામાં આવે. 'ઇલાહ'ના અર્થમાં એ ભાવ પણ સામેલ છે કે તે અપાર સામર્થ્ય અને શક્તિનો માલિક છે, જેના વિસ્તારને સમજવામાં માનવ-બુદ્ધિ આશ્ચર્યચકિત થઈ જાય. 'ઇલાહ'ના અર્થમાં એ વાત પણ સામેલ છે કે તે સ્વયં કોઈનો મોહતાજ અને આશ્રિત ન હોય અને સૌ પોતાના જીવન-સંબંધી મામલાઓમાં તેના આશ્રિત અને તેનાથી મદદ માગવા વિવશ હોય. 'ઇલાહ' શબ્દમાં 'છૂપું અને ગુપ્ત અને રહસ્ય હોવા'નો ભાવ પણ છે, અર્થાત્ 'ઇલાહ' તેને કહીશું, જેની શક્તિઓ રહસ્યમય હોય. ફારસી ભાષામાં 'ખુદા' અને હિંદીમાં 'દેવતા' અને અંગ્રેજીમાં 'ગોડ'નો અર્થ પણ આનાથી લગભગ મળતો આવે છે અને દુનિયાની અન્ય ભાષાઓમાં આ અર્થ માટે વિશિષ્ટ શબ્દો જોવા મળે છે.[1]

'અલ્લાહ' શબ્દ વાસ્તવમાં અલ્લાહની વ્યક્તિવાચક સંજ્ઞા છે. 'લા ઇલાહ ઇલ્લલ્લાહ'નો શાબ્દિક અર્થ એ થશે કે કોઈ 'ઇલાહ' નથી, સિવાય તે વિશેષ હસ્તીના જેનું નામ અલ્લાહ છે. મતલબ એ કે સમગ્ર સૃષ્ટિમાં અલ્લાહ સિવાય કોઈ એક સત્તા કે હસ્તી કે શક્તિ પણ એવી નથી, જે પૂજવા યોગ્ય હોય. તેના સિવાય કોઈ તેનો હક્ક ધરાવતો નથી કે 'ઇબાદત', ઉપાસના અને બંદગી તેમજ આજ્ઞાપાલનમાં તેના સામે માથું ઝુકાવવામાં આવે. માત્ર તે જ એક હસ્તી આખા વિશ્વનો માલિક અને સ્વામી અને શાસક છે. બધી વસ્તુઓ તેની મોહતાજ છે, બધા તેની જ સહાયતા મેળવવા લાચાર છે. તેનું જ્ઞાન ઇન્દ્રિયો દ્વારા સંભવ નથી અને તેની હસ્તી અને વ્યક્તિત્વને સમજવામાં બુદ્ધિ અસમર્થ છે.

---

૧ : ઉદાહરણાર્થ, ગ્રીકમાં તેના માટે ડેઓસ (Deo's) શબ્દ આવે છે. લેટિનમાં ડેઉસ (Deus), ગોથિક (Gothic)માં ગુથ (Guth), ડેનિશ (Danish)માં ગુડ (Gud), જર્મનમાં ગાટ (Gott) સંદર્ભ માટે જુઓ : Encyclopaedia Britanica (Chicago, 1956) Vol. X, p. 460. (હિન્દી પુસ્તકમાંથી).

'લા ઈલાહ ઈલ્લલ્લાહ'ની વાસ્તવિકતા :

આ તો માત્ર શબ્દોનો અર્થ હતો, હવે તેની હકીકતને સમજવાનો પ્રયત્ન કરો.

મનુષ્યના પ્રાચીનથી પ્રાચીન ઈતિહાસના જે વૃત્તાંતો આપણા સુધી પહોંચ્યા છે અને પ્રાચીનથી પ્રાચીન જાતિઓના અવશેષો અને નિશાનીઓ જોવા મળેલ છે, તેનાથી ખ્યાલ આવે છે કે મનુષ્યએ દરેક યુગમાં કોઈ-ને-કોઈ રીતે 'ઈશ' (ખુદા)ને માન્યો છે અને કોઈ-ને-કોઈની 'ઈબાદત' (ઉપાસના) જરૂર કરી છે. આજે પણ વિશ્વમાં જેટલી જાતિઓ છે, ચાહે તે અત્યંત જંગલી હોય કે પૂર્ણતઃ સભ્ય અને પ્રગતિશીલ, તે સૌમાં એ વસ્તુ જોવા મળે છે કે તે કોઈને ઈશ્વર (ખુદા) માને છે અને તેની 'ઈબાદત' (ઉપાસના) કરે છે. તેનાથી ખ્યાલ આવે છે કે માનવ-સ્વભાવમાં ઈશ્વરની કલ્પના બેસેલી છે. તેના અંતરમનમાં કોઈ એવી વસ્તુ છે, જે તેને વિવશ કરે છે કે કોઈને ઈશ્વર માને અને તેની ઉપાસના કરે.

પ્રશ્ન એ થાય છે કે તે કઈ વસ્તુ છે? તમે પોતે પોતાના અસ્તિત્વ અને તમામ મનુષ્યોની સ્થિતિને જોઈને આ પ્રશ્નનો ઉત્તર મેળવી શકો છો.

મનુષ્ય વાસ્તવમાં 'બંદો' (દાસ, સેવક, ઉપાસક) જ જન્મ્યો છે. તે સ્વભાવગત આશ્રિત અને મોહતાજ છે, નિર્બળ છે, નિર્ધન છે. અસંખ્ય ચીજ-વસ્તુઓ છે, જે તેના અસ્તિત્વને સુરક્ષિત રાખવા માટે જરૂરી છે, પરંતુ તેના ઉપર તેને અધિકાર પ્રાપ્ત નથી. આપોઆપ તે તેને મળે પણ છે અને તેનાથી છીનવાઈ પણ જાય છે.

ઘણી-બધી વસ્તુઓ છે, જે તેના માટે લાભદાયક છે. તે તેને પ્રાપ્ત કરવા ઈચ્છે છે, પરંતુ ક્યારેક તે તેને મળી જાય છે અને ક્યારેક નથી મળતી, કેમ કે તેને પ્રાપ્ત કરવું તદ્દન તેના અધિકારમાં નથી.

ઘણી વસ્તુઓ છે, જે તેને નુકસાન પહોંચાડે છે. તેના જીવનભરના પ્રયત્નોને ક્ષણવારમાં નષ્ટ કરી દે છે. તેની આકાંક્ષાઓને ધૂળધાણી કરી દે છે. તેને બીમાર કરે છે અને તબાહીમાં ગ્રસ્ત કરે છે. તે તેને દૂર કરવા ચાહે છે, ક્યારેક તે દૂર થઈ જાય છે અને ક્યારેક દૂર નથી થતી. તેનાથી તેને એ જાણ થઈ જાય છે કે તેનું આવવું અને ન આવવું, દૂર થવું કે દૂર ન થવું તેના અધિકારમાં નથી.

ઘણી વસ્તુઓ છે, જેનો વૈભવ અને મહાનતા જોઈને તે પોતે ભયભીત થઈ જાય છે. પહાડોને જુએ છે, નદીઓને જુએ છે. મોટાં-મોટાં ભયંકર અને હિંસક પ્રાણીઓને જુએ છે. હવાઓના સપાટા અને તોફાન અને પાણીના પૂર અને ભૂકંપને જુએ છે. વાદળોની ગર્જનાઓ અને તેની ઘટાઓની કાળાશ, વીજળીના કડાકા અને ચમકારા, મૂશળધાર વર્ષાના દૃશ્યો તેના સામે આવે છે. સૂર્ય, ચંદ્ર અને તારાઓ તેને ગતિશીલ દેખાય છે. તે જુએ છે કે બધી વસ્તુઓ કેટલી મોટી, કેટલી શક્તિશાળી, કેટલી વિરાટ અને ભવ્ય છે અને તેની તુલનામાં તે સ્વયં કેટલો નિર્બળ અને તુચ્છ છે.

આ વિભિન્ન દૃશ્યો અને સ્વયં પોતાની વિવશતાની વિભિન્ન સ્થિતિઓને જોઈને તેના હૃદયમાં આપોઆપ પોતાની દાસતા, ગુલામી અને દુર્બળતા અનુભવાય છે અને જ્યારે તે અનુભૂતિ થાય છે, તો તેના સાથે જ સ્વયં ઈશ્વરની કલ્પના પણ ઉભરી આવે છે. તે એ હાથોનો ખ્યાલ કરે છે, જે આટલી મોટી શક્તિઓના માલિક છે. તેમની મહાનતાની અનુભૂતિ તેને વિવશ કરે છે કે તે તેમની 'ઇબાદત'માં માથું નમાવી દે. તેમની શક્તિનો આભાસ તેને મજબૂર કરે છે કે તે તેમના આગળ પોતાની દીનતા અને લાચારી પ્રસ્તુત કરે. તેમની લાભ પહોંચાડનારી શક્તિઓની અનુભૂતિ તેને વિવશ કરે છે કે તે તેમના આગળ પરેશાની દૂર કરવા માટે હાથ ફેલાવે અને નુકસાન પહોંચાડનારી શક્તિઓની અનુભૂતિ તેને વિવશ કરે છે કે તે તેમનાથી ડરે અને તેમના પ્રકોપથી બચે.

અજ્ઞાનતાની નિમ્નતમ્ અવસ્થામાં મનુષ્ય એમ સમજે છે કે જે વસ્તુઓ તેને ભવ્ય અને શક્તિશાળી દેખાય છે અથવા કોઈપણ રીતે લાભ કે નુકસાન પહોંચાડનારી પ્રતીત થાય છે, એ જ ઈશ્વર (ખુદા) છે, તેથી તે પશુઓ અને નદીઓ અને પર્વતોને પૂજે છે. પૃથ્વીની પૂજા કરે છે. અગ્નિ અને વર્ષા અને વાયુ, ચંદ્ર અને સૂર્યની પૂજા કરવા લાગે છે.

આ અજ્ઞાનતા જ્યારે કંઈક અંશે ઓછી થાય છે અને કંઈક જ્ઞાનનો પ્રકાશ આવે છે, તો તેને ખબર પડે છે કે આ બધી વસ્તુઓ તો સ્વયં તેના જેમ જ મોહતાજ અને કમજોર છે. મોટામાં મોટું પ્રાણી પણ એક તુચ્છ મચ્છરની જેમ મૃત્યુ પામે છે. મોટી-મોટી નદીઓ સૂકાઈ જાય છે અને ચઢતી-ઉતરતી રહે છે. પહાડોને મનુષ્ય પોતે જ તોડે-ફોડે છે. ધરતીનું ફૂલવું-ફાલવું પણ સ્વયં તેના અધિકારમાં નથી. જ્યારે પાણી તેનો સાથ નથી આપતું, તે સૂકાઈને રહી જાય છે. પાણી પણ લાચાર છે. તેનું આવવું હવા ઉપર નિર્ભર કરે છે. હવાને પણ પોતાના પર અધિકાર પ્રાપ્ત નથી. તેનું ઉપયોગી કે નિરુપયોગી હોવું બીજા કારણો ઉપર અવલંબે છે. ચંદ્ર અને સૂર્ય અને તારાઓ પણ કોઈ નિયમને આધીન છે. તે નિયમના વિરુદ્ધ તેઓ સહેજ પણ ખસી શકતા નથી. હવે તેનું ધ્યાન ગુપ્ત અને રહસ્યમય શક્તિઓ તરફ જાય છે. તે વિચારે છે કે આ પ્રગટ વસ્તુઓ પાછળ કેટલીક ગુપ્ત શક્તિઓ છે, જે આમના ઉપર શાસન ચલાવે છે અને બધું જ તેમના અધિકારમાં છે. અહીંથી અનેક ખુદા અને દેવતાઓની કલ્પનાઓનો ઉદય થાય છે. પ્રકાશ અને હવા અને પાણી અને રોગ અને સ્વાસ્થ્ય અને વિભિન્ન બીજી ચીજ-વસ્તુઓના ઈશ્વર અલગ-અલગ માની લેવામાં આવે છે અને તેમને કાલ્પનિક રૂપ આપીને તેમની પૂજા કરવામાં આવે છે.

ત્યાર પછી જ્યારે તેનાથી વધુ જ્ઞાનનો પ્રકાશ આવે છે, તો મનુષ્ય જુએ છે કે વિશ્વના પ્રબંધ અને વ્યવસ્થામાં એક અટલ નિયમ અને એક મોટાં જાપ્તાની પાબંદી

જોવા મળે છે. હવાઓની ઝડપ, વર્ષાનું આગમન, ગ્રહોની ગતિ, ઋતુઓના પરિવર્તનમાં કેટલી નિયમબદ્ધતા છે? કેવી રીતે આ અસંખ્ય શક્તિઓ એક-બીજાની સાથે મળીને કામ કરી રહી છે? કેવો અટળ નિયમ છે કે જે સમય જે કામ માટે નિશ્ચિત કરી દેવામાં આવ્યો છે, બરાબર તે જ સમયે સૃષ્ટિની જરૂરી બધી વસ્તુઓ એકત્ર થઈ જાય છે અને કામોને પૂરા કરવાના હેતુસર એક-બીજાને પોતાનું યોગદાન આપે છે? સૃષ્ટિની વ્યવસ્થાનો આ તાલ-મેલ જોઈને 'મુશ્રિક' (અનેકેશ્વરવાદી) વ્યક્તિ એ માનવા વિવશ થઈ જાય છે કે એક મોટો ઈશ્વર પણ છે, જે આ બધા જ નાના-નાના ઈશ્વરો ઉપર શાસન કરી રહ્યો છે, નહિં તો જો બધા જ એક-બીજાથી અલગ હોય અને બિલકુલ સ્વતંત્ર હોય, તો સૃષ્ટિની આખી વ્યવસ્થા જ છિન્ન-ભિન્ન થઈને રહી જાય. તે આ મોટા ઈશ્વરને 'અલ્લાહ' અને 'પરમેશ્વર' અને 'ખુદા-એ-ખુદાયગાં' (ઈશ્વરનો ઈશ્વર) વગેરે નામોથી સંબોધિત કરે છે; પરંતુ 'ઈબાદત' અને પૂજામાં તેના સાથે નાના ઈશ્વરોને પણ સાથે રાખે છે. તે સમજે છે કે 'ખુદાઈ' અને 'ઈશ-રાજ્ય' (The divine kingdom of God) પણ દુનિયાના રાજ્ય જેવું છે. જે રીતે દુનિયામાં એક સમ્રાટ હોય છે અને તેના અનેક મંત્રીઓ, વિશ્વાસુ પ્રબંધકો અને વ્યવસ્થાપકો અને બીજા અધિકારીઓ હોય છે, તે જ રીતે સૃષ્ટિમાં પણ એક મોટો ઈશ્વર છે અને બીજા ઘણા નાના-નાના ઈશ્વરો તેના આધીન છે. જ્યાં સુધી નાના ઈશ્વરોને પ્રસન્ન ન કરવામાં આવે, મોટા ઈશ્વર સુધી પહોંચવું અસંભવ છે. તેથી તેમની પણ 'ઈબાદત' અને પૂજા કરો, તેમના સામે પણ હાથ ફેલાવો, તેમના ક્રોધથી પણ ડરો, તેમને મોટા ઈશ્વર સુધી પહોંચવાનું માધ્યમ બનાવો અને ભેટ-સોગાદથી તેમને પ્રસન્ન રાખો.

એ પછી જ્ઞાન હજુ વધે છે, તો ઈશ્વરોની સંખ્યા ઘટતી જાય છે. જેટલા કાલ્પનિક ઈશ્વરો અજ્ઞાનીઓએ ઘડી રાખ્યા છે, તેમાંથી એક-એક વિશે વિચાર કરવાથી મનુષ્યને ખબર પડતી જાય છે કે તેઓ ઈશ્વર નથી. આપણી જેમ બંદા (દાસ) છે, બલ્કે આપણાથી પણ વધારે મજબૂર છે. આમ, તે તેમને છોડતો જાય છે, ત્યાં સુધી કે અંતે માત્ર એક ઈશ્વર રહી જાય છે, પરંતુ આ એકના વિષયમાં તે પછી પણ તેના વિચારોમાં ઘણીખરી અજ્ઞાનતા બાકી રહી જાય છે. કોઈ એવો ખ્યાલ કરે છે કે ઈશ્વર આપણી જેમ શરીરધારી છે અને એક સ્થાન પર બેસીને ખુદાઈ (પ્રભુતા) ચલાવી રહ્યો છે. કોઈ એમ સમજે છે કે ઈશ્વર પત્ની અને સંતાનોવાળો છે અને મનુષ્યની જેમ તેના ત્યાં પણ સંતાનોની પરંપરા છે. કોઈ એવી કલ્પના કરે છે કે ઈશ્વર માનવ-રૂપમાં પૃથ્વી પર આવે છે, કોઈ કહે છે કે ઈશ્વર સૃષ્ટિના આ કારખાનાને ચલાવીને શાંત બેસી ગયો છે અને હવે ક્યાંક આરામ કરી રહ્યો છે. કોઈ સમજે છે કે ઈશ્વરને ત્યાં શ્રેષ્ઠ વ્યક્તિઓ અને મહાત્માઓની ભલામણ લઈને જવું જરૂરી છે અને તેમને 'વસીલા' (માધ્યમ) અને સાધન બનાવ્યા સિવાય કામ ચાલતું નથી. કોઈ પોતાની કલ્પનામાં ઈશ્વરનું એક

રૂપ નિર્ધારીત કરે છે અને 'ઈબાદત' અને ઉપાસના માટે તે રૂપને પોતાના સામે રાખવું જરૂરી સમજે છે. આ પ્રકારની અનેક ભ્રાંતિઓ 'તૌહીદ' (એકેશ્વરવાદ)ને અપનાવવા છતાં પણ મનુષ્યના મનમાં બાકી રહી જાય છે, જેના કારણે તે 'શિર્ક' (અનેકેશ્વરવાદ) અને 'કુફ્ર' (અધર્મ)માં લિપ્ત રહે છે અને આ બધું અજ્ઞાનતાનું પરિણામ છે.

સૌથી ઉપર 'લા ઈલાહ ઈલ્લલ્લાહ'નું સ્થાન છે. આ તે જ્ઞાન છે, જે સ્વયં અલ્લાહે દરેક યુગમાં પોતાના પયગંબરો દ્વારા મનુષ્ય પાસે પહોંચાડ્યું છે. આ જ જ્ઞાન સૌથી પ્રથમ મનુષ્ય હઝરત આદમ (અલૈ.)ને આપીને પૃથ્વી ઉપર મોકલવામાં આવ્યા હતા. આ જ જ્ઞાન હઝરત આદમ (અલૈ.) પછી હઝરત નૂહ (અલૈ.), હઝરત ઈબ્રાહીમ (અલૈ.), હઝરત મૂસા (અલૈ.) અને બીજા પયગંબરોને આપવામાં આવ્યું હતું. પછી આ જ જ્ઞાન લઈને સૌથી અંતમાં હઝરત મુહમ્મદ (સલ્લ.) આવ્યા. આ વિશુદ્ધ જ્ઞાન છે, જેમાં સહેજ પણ અજ્ઞાન નથી. ઉપર અમે 'શિર્ક' અને મૂર્તિ-પૂજા અને 'કુફ્ર'ના જેટલા રૂપ લખ્યા છે, તે બધામાં મનુષ્ય એ જ કારણે ગ્રસ્ત થયો કે તેણે પોતાના પયગંબરોની શિક્ષાથી મોઢું ફેરવીને સ્વયં પોતાની અનુભવ-શક્તિ અને પોતાની બુદ્ધિ ઉપર ભરોસો કર્યો. તો આવો, હવે અમે બતાવીએ કે આ નાના-સરખા વાક્યમાં કેટલી મોટી વાસ્તવિકતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૧) સૌપ્રથમ વસ્તુ 'ખુદાઈ' (ઈશ્વરત્વ, Divinity)ની ધારણા છે. આ વિશાળ સૃષ્ટિ, જેના આદિ અને અંત તથા વિસ્તારનો ખ્યાલ કરવાથી આપણી બુદ્ધિ થાકી જાય છે, જે કોણ જાણે કેટલા સમયથી ચાલી આવી રહી છે અને કોણ જાણે ક્યાં સુધી ચાલતી રહેશે, જેમાં અસંખ્ય જીવો વગેરેની ઉત્પત્તિ થઈ અને થતી જઈ રહી છે, જેમાં એવાં-એવાં આશ્ચર્યજનક ચમત્કારો થઈ રહ્યા છે કે જેને જોઈને બુદ્ધિ દંગ રહી જાય છે. આ સૃષ્ટિમાં આધિપત્ય અને સ્વામીત્વ તેનું જ હોઈ શકે છે જે અસીમ હોય, હંમેશાથી હોય અને હંમેશા રહે, કોઈનો આશ્રિત ન હોય, નિરપેક્ષ અને પરમ્ સ્વતંત્ર હોય, સર્વશક્તિમાન હોય. તત્ત્વદર્શી (All-wise) અને વિવેકશીલ હોય, સર્વજ્ઞ હોય અને કોઈ વસ્તુ તેનાથી છુપી ન હોય. બધા ઉપર તેનો કાબૂ હોય અને કોઈ તેના આદેશનું ઉલ્લંઘન ન કરી શકે. અપાર શક્તિનો સ્વામી હોય અને સૃષ્ટિની તમામ વસ્તુઓને તેનાથી જીવન અને આજીવિકા મળે. દોષ અને ત્રુટિ, અપૂર્ણતા અને દરેક પ્રકારની નબળાઈઓથી પવિત્ર હોય અને તેના કામોમાં કોઈ હસ્તક્ષેપ ન કરી શકે.

(૨) ખુદાઈના આ તમામ ગુણોનું કેવળ એક જ હસ્તીમાં એકત્રિત હોવું આવશ્યક છે. એ અસંભવ છે કે બે હસ્તીઓમાં આ ગુણો સમાન રૂપે જોવા મળતા હોય, કેમ કે બધા ઉપર પ્રભાવપૂર્ણ અધિકાર ધરાવનાર અને સૌનો શાસક તો એક જ હોઈ શકે છે. એ પણ સંભવ નથી કે આ ગુણો ઘણાં ઈશ્વરોમાં વહેંચાઈ જાય, કેમ કે જો શાસક એક હોય અને સર્વજ્ઞ બીજો અને દાતા ત્રીજો, તો પ્રત્યેક ઈશ્વર બીજા ઉપર

નિર્ભર કરશે; અને જો એકે બીજાને સાથ ન આપ્યો, તો સમગ્ર સૃષ્ટિ પળવારમાં છિન્ન-ભિન્ન થઈ જશે. એ પણ સંભવ નથી કે આ ગુણો એકથી બીજામાં મોકલી શકાય, અર્થાત્ ક્યારેક એક ઈશ્વરમાં હોય, તો ક્યારેક બીજા ઈશ્વરમાં, કેમ કે જે ઈશ્વર સ્વયં જીવિત રહેવાની શક્તિ ન ધરાવતો હોય, તે સમગ્ર સૃષ્ટિને જીવન પ્રદાન નથી કરી શકતો, અને જે ઈશ્વર સ્વયં પોતાની ઈશ્વરત્વ (ખુદાઈ)ની રક્ષા ન કરી શકતો હોય, તે આટલી વિશાળ સૃષ્ટિ ઉપર શાસન નથી કરી શકતો. આમ, તમને જ્ઞાનનો જેટલો વધારે પ્રકાશ મળતો જશે, તેટલો જ વધારે તમને વિશ્વાસ થતો જશે કે ખુદાઈના ગુણોનું માત્ર એક હસ્તીમાં હોવું આવશ્યક છે.

(૩) ખુદાઈની આ પૂર્ણ અને સાચી કલ્પનાને ધ્યાનમાં રાખો, પછી સંપૂર્ણ સૃષ્ટિ ઉપર નજર નાખો. જેટલી વસ્તુઓ તમે જુઓ છો, જેટલી વસ્તુઓનો અનુભવ કોઈ સાધનના માધ્યમથી કરો છો, જેટલી વસ્તુઓ સુધી તમારા જ્ઞાનની પહોંચ છે, તેમાંથી એક પણ આ ગુણોથી યુક્ત નથી. સૃષ્ટિની તમામ વસ્તુઓ બીજા ઉપર આશ્રિત છે, આધીન છે, બને છે અને બગડે છે, જીવે છે અને મરે છે. કોઈને એક અવસ્થામાં સ્થિરતા પ્રાપ્ત નથી. કોઈને પોતાના અધિકારથી કંઈ પણ કરવાની તાકાત નથી, કોઈને એક સર્વોચ્ચ નિયમ વિરુદ્ધ વાળ બરાબર હલવાનો પણ અધિકાર નથી. તેમની સ્થિતિ સ્વયં એ વાતની સાક્ષી છે કે તેમનામાંથી કોઈ ઈશ્વર નથી. કોઈમાં ઈશ્વરત્વ (ખુદાઈ)ની લેશ માત્ર પણ ઝલક સુદ્ધાં જોવા મળતી નથી, કોઈનો ઈશ્વરત્વમાં સહેજ પણ અધિકાર નથી. આ જ છે અર્થ 'લા ઈલાહ'નો.

(૪) સૃષ્ટિની તમામ વસ્તુઓનું ઈશ્વરત્વ (ખુદાઈ) છીનવી લીધા પછી તમને માનવું પડે છે કે એક બીજી હસ્તી છે જે સર્વોચ્ચ છે, માત્ર તે જ તમામ ઈશ્વરીય ગુણોથી સંપન્ન છે અને તેના સિવાય કોઈ ઈશ્વર નથી. આ અર્થ છે 'ઈલ્લલ્લાહ'નો.

આ સૌથી મોટું જ્ઞાન છે. તમે જેટલી તપાસ અને શોધખોળ કરશો, તમને એ જ જાણકારી મળશે કે આ જ જ્ઞાનનો આરંભ પણ છે અને આ જ જ્ઞાનની અંતિમ સીમા પણ. ભૌતિક વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર (Astronomy), ભૂસ્તરશાસ્ત્ર, જીવવિજ્ઞાન, પ્રાણીશાસ્ત્ર (Zoology), માનવશાસ્ત્ર (Anthropology) તાત્પર્ય એ કે સૃષ્ટિની વાસ્તવિકતાની ખોજ કરનારાં જેટલાં વિજ્ઞાન છે, તેમાંથી ચાહે કોઈ પણ વિજ્ઞાનને લઈ લો, તેના અધ્યયનમાં તમે જેટલાં આગળ વધતા જશો, 'લા ઈલાહ ઈલ્લલ્લાહ'ની સચ્ચાઈ તમારા ઉપર વધુ ખુલતી જશે અને તેના ઉપર તમારો વિશ્વાસ વધતો જશે. તમને શાસ્ત્રીય અનુસંધાનના ક્ષેત્રમાં ડગલે-ને-પગલે અનુભવ થશે કે આ સૌથી પ્રથમ અને સૌથી મોટી સચ્ચાઈથી ઇનકાર કર્યા પછી સૃષ્ટિની દરેક વસ્તુ નિરર્થક બની જાય છે.

મનુષ્યના જીવનમાં 'તૌહીદ' (એકેશ્વરવાદ)નો પ્રભાવ :

હવે અમે તમને એ બતાવીશું કે 'લા ઇલાહ ઈલ્લલ્લાહ'ને માનવાથી મનુષ્યના જીવન ઉપર કેવો પ્રભાવ પડે છે, અને તેને ન માનવાવાળા આલોક (દુનિયા) અને પરલોક (આખિરત)માં કેમ નિષ્ફળ જાય છે.

(૧) આ 'કલિમા' ઉપર 'ઈમાન' રાખનાર સંકીર્ણ દૃષ્ટિવાળો નથી હોઈ શકતો. તે એક એવા અલ્લાહને માને છે, જે ધરતી અને આકાશને બનાવનાર અને સમગ્ર જગતનું પાલન-પોષણ કરવાવાળો છે. આ ઈમાન પછી અખિલ સૃષ્ટિમાં તેને કોઈ વસ્તુ પણ તેને પરાઈ લાગતી નથી. તે સૌને પોતાની જેમ એક જ માલિક અને સ્વામીની સંપત્તિ અને એક જ સમ્રાટની પ્રજા સમજે છે. તેની હમદર્દી અને સહાનુભૂતિ અને પ્રેમ અને સેવા કોઈ સીમામાં કેદ નથી રહેતાં. તેની દૃષ્ટિ એવી જ વ્યાપક બની જાય છે, જે રીતે અલ્લાહનું રાજય છે. આ વાત કોઈ એવા વ્યક્તિને પ્રાપ્ત થઈ શકતી નથી, જે ઘણા-બધા નાના-નાના ઈશ્વરને માનતો હોય અથવા ઈશ્વરમાં મનુષ્યના સીમિત અને અપૂર્ણ ગુણને માનતો હોય અથવા મૂળેથી ઈશ્વરને જ માનતો ન હોય.

(૨) આ 'કલિમા' મનુષ્યમાં ઉચ્ચતમ્ કોટિનું સ્વાભિમાન અને આત્મ-ગૌરવ પેદા કરે છે. તેના ઉપર વિશ્વાસ રાખવાવાળો જાણે છે કે માત્ર એક અલ્લાહ તમામ શક્તિઓનો સ્વામી છે. તેના સિવાય હાનિ-લાભ પહોંચાડવાવાળું કોઈ નથી. કોઈ મારનાર અને જીવાડનાર નથી, કોઈ અધિકાર ધરાવનાર અને પ્રભાવશાળી નથી. આ જ્ઞાન અને વિશ્વાસ તેને અલ્લાહ સિવાય બીજી બધી જ શક્તિઓથી બેપરવા અને નિર્ભય બનાવી દે છે. તેનું માથું સૃષ્ટિના કોઈ જીવ વગેરે સામે નથી નમતું, તેનો હાથ કોઈની સામે નથી ફેલાતો, તેના હૃદયમાં કોઈની મહાનતાનો ભય નથી ટકતો. આ વિશેષતા 'તૌહીદ' (એકેશ્વરવાદ)ની ધારણા સિવાય બીજી કોઈ ધારણાથી પેદા નથી થતી. 'શિર્ક' (અનેકેશ્વવાદ) અને 'કુફ્ર' (અધર્મ) અને નાસ્તિકતાની અનિવાર્ય વિશેષતા એ છે કે મનુષ્ય સૃષ્ટિના જીવો વગેરે સામે ઝુકે, તેમને હાનિ-લાભનો માલિક સમજે, તેમનાથી ડરે અને તેમનાથી જ આશાઓ બાંધે.

(૩) સ્વાભિમાન સાથે આ 'કલિમા' મનુષ્યમાં વિનમ્રતા પણ પેદા કરે છે. તેને માનવાવાળો કદાપિ અહંકારી અને અભિમાની હોઈ શકતો નથી. પોતાની શક્તિ અને સંપત્તિ અને યોગ્યતાઓનું ઘમંડ તેના મનમાં હોઈ શકતું નથી, કેમ કે તે જાણે છે કે તેના પાસે જે કંઈ છે, અલ્લાહે જ પ્રદાન કરેલું છે અને અલ્લાહને જે રીતે પ્રદાન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત છે, તે જ રીતે છીનવી પણ શકે છે. તેનાથી વિપરીત નાસ્તિકતાની સાથે જયારે મનુષ્યને કોઈ પણ પ્રકારની સાંસારિક કુશળતા પ્રાપ્ત થાય છે, ત્યારે તે અહંકારી બની જાય છે, કેમ કે તે પોતાની કુશળતાને કેવળ પોતાની યોગ્યતાનું પરિણામ સમજે છે. એ જ રીતે 'શિર્ક' (અનેકેશ્વરવાદ) અને 'કુફ્ર' (અધર્મ)ની સાથે પણ

અભિમાનનું ઉત્પન્ન થવું અનિવાર્ય છે, કેમ કે 'મુશ્રિક' (અનેકેશ્વરવાદી) અને 'કાફિર' (અધર્મી) પોતાના મનમાં એવું સમજે છે કે ઈશ્વરો અને દેવતાઓ સાથે તેનો કોઈ વિશિષ્ટ સંબંધ છે, જે બીજાઓને પ્રાપ્ત નથી.

(૪) આ 'કલિમા' ઉપર વિશ્વાસ રાખવાવાળો સારી રીતે સમજતો હોય છે કે મનની શુદ્ધતા અને સદાચાર સિવાય તેના માટે મુક્તિ અને કલ્યાણનું કોઈ બીજું સાધન નથી, કેમ કે તે એક એવા અલ્લાહ ઉપર વિશ્વાસ રાખે છે, જે નિરપેક્ષ છે અને પરમ્ સ્વતંત્ર છે, કોઈથી તેનો સંબંધ નથી, સ્પષ્ટ ન્યાય કરવાવાળો છે અને કોઈને તેની ખુદાઈ (પ્રભુતા)માં અધિકાર કે પ્રભાવ પ્રાપ્ત નથી. તેનાથી વિપરીત 'મુશ્રિક' (અનેકેશ્વરવાદી) અને 'કાફિર' લોકો હંમેશા ખોટી આશાઓના સહારે જીવન વિતાવે છે. તેમનામાં કોઈ એવું સમજે છે કે ઈશ્વરનો પુત્ર અમારા માટે પ્રાયશ્ચિત બની ગયો છે. કોઈ એવો ખ્યાલ કરે છે કે અમે ઈશ્વરના પ્રિય છીએ અને અમને દંડ મળી શકતો જ નથી, કોઈ એમ સમજે છે કે અમે અમારા પૂર્વજોથી ખુદાના ત્યાં ભલામણ કરાવી લઈશું. કોઈ પોતાના દેવતાઓને ભેટ-સોગાદો અને પૂજાપો અપર્ણ કરીને સમજી લે છે કે હવે તેને સંસારમાં ગમે તે કરવાનું લાઇસન્સ મળી ગયું છે. આ પ્રકારની જૂઠી ધારણાઓ આ લોકોને હંમેશા ગુનાઓ, પાપો અને દુષ્કૃત્યોની જાળમાં ફસાવી રાખે છે અને તેઓ તેમના ભરોસા ઉપર આત્માની શુદ્ધતા અને સત્કર્મથી બેદરકાર થઈ જાય છે. રહ્યા નાસ્તિક, તો તેમનો તો એ વિશ્વાસ જ નથી કે કોઈ સર્વોચ્ચ સત્તા તેમનાથી સારા કે ખરાબ કાર્યો વિશે પૂછપરછ પણ કરવાની છે, તેથી તેઓ દુનિયામાં પોતાને આઝાદ સમજે છે, તેમની પોતાની તુચ્છ ઇચ્છાઓ તેમનો ખુદા હોય છે અને તેઓ તેના જ દાસ હોય છે.

(૫) આ 'કલિમા'ને માનવાવાળો કોઈ સંજોગોમાં નિરાશ થતો નથી અને ન તેનું દિલ તૂટે છે. તે એક એવા અલ્લાહ ઉપર 'ઈમાન' રાખે છે, જે ધરતી અને આકાશના સમસ્ત ખજાનાઓનો માલિક છે. જેની કૃપા અને મહેરબાની અસીમ અને અમર્યાદિત છે અને જેની શક્તિઓ અનંત છે. આ 'ઈમાન' તેને અસાધારણ શાંતિ પ્રદાન કરે છે, તેને પરિતુષ્ટથી સંપન્ન બનાવી દે છે અને હંમેશા આશાવાદી રાખે છે, ચાહે તેને દુનિયાના તમામ દરવાજાઓ પરથી ઠુકરાવી દેવામાં આવે, બધા આશરાઓ તૂટી જાય અને તમામ ઉપાયો અને સહારાઓ એક-એક કરીને તેનો સાથ છોડી દે, તેમ છતાં એક અલ્લાહનો સહારો કોઈ સ્થિતિમાં પણ તેનો સાથ છોડતો નથી અને તેના જ જોર અને તાકાતથી નવી આશાઓ અને ઉમંગો સાથે નિરંતર પ્રયત્નો કર્યે જાય છે. આ આત્મ-સંતોષ અને મનોબળ 'તૌહીદ' (એકેશ્વરવાદ)ની ધારણાથી અતિરિક્ત કોઈ બીજી ધારણાથી પ્રાપ્ત થઈ શકતું નથી. 'મુશ્રિકો' (અનેકેશ્વરવાદીઓ) અને 'કાફિરો' અને નાસ્તિકો નાના દિલના હોય છે, તેમનો ભરોસો મર્યાદિત શક્તિઓ ઉપર હોય છે, તેથી મુશ્કેલીઓમાં તરત જ તેમને નિરાશા ઘેરી લે છે અને ઘણા તો આવી સ્થિતિમાં

આત્મહત્યા સુદ્ધાં કરી નાખે છે.[૨]

(૬) આ 'કલિમા' ઉપર વિશ્વાસ મનુષ્યમાં સંકલ્પ, સાહસ અને ધૈર્ય અને અલ્લાહ ઉપર ભરોસાની પ્રબળ શક્તિ પેદા કરી દે છે. તે જ્યારે અલ્લાહની પ્રસન્નતા માટે દુનિયામાં મહાન કાર્યો કરવા માટે ઊભો થાય છે, તો તેના મનમાં એ વિશ્વાસ હોય છે કે મારી મદદ માટે ધરતી અને આકાશના સમ્રાટની શક્તિ છે. આ ભાવના તેનામાં પર્વતો જેવી મજબૂતી પેદા કરી દે છે અને દુનિયાની તમામ મુશ્કેલીઓ અને કષ્ટો અને વિરોધી શક્તિઓ મળીને પણ તેને પોતાના સંકલ્પથી વિચલિત કરી શકતી નથી. 'શિર્ક' (અનેકેશ્વરવાદ) અને 'કુફ્ર' અને નાસ્તકિતામાં આવી શક્તિ ક્યાં ?

(૭) આ 'કલિમા' મનુષ્યને શૂરવીર બનાવી દે છે. જુઓ, મનુષ્યને કાયર બનાવનાર બે વસ્તુઓ હોય છે. એક તો પ્રાણ, ધન અને બાળ-બચ્ચાંઓનો મોહ, બીજી એ ધારણા કે અલ્લાહ સિવાય કોઈ અન્ય મારનાર છે, અને એ કે મનુષ્ય પોતાના ઉપાયોથી મૃત્યુને ટાળી શકે છે. 'લા ઈલાહ ઇલ્લલ્લાહ'નો વિશ્વાસ આ બંને વસ્તુઓને હૃદયમાંથી દૂર કરી દે છે. પહેલી વસ્તુ તો એટલા માટે દૂર થઈ જાય છે કે તેને માનવાવાળો પોતાના પ્રાણ, ધન અને દરેક વસ્તુનો માલિક અલ્લાહને જ સમજે છે અને તેની પ્રસન્નતા માટે બધું જ ન્યોછાવર કરવા તૈયાર થઈ જાય છે. રહી બીજી વસ્તુ, તો તે એટલા માટે બાકી નથી રહેતી કે 'લા ઇલાહ ઇલ્લલ્લાહ' કહેવાવાળાની નજરમાં પ્રાણ લેવાની શક્તિ કોઈ મનુષ્ય કે પશુ કે તોપ કે તલવાર કે લાકડી અથવા પથ્થરમાં નથી. તેનો અધિકાર ફક્ત અલ્લાહનો છે અને તેણે મૃત્યુનો જે સમય નિશ્ચિત કરી દીધો છે, તે

---

૨. દિલના ભાંગી પડવાથી કેવી પીડાજનક પરિસ્થિતિ ઊભી થાય છે તેનું અનુમાન કરવા માટે આધુનિક જીવન-શૈલી ઉપર વિચાર-પ્રેરક અભ્યાસ Mr. Colin Wilsonના પુસ્તક *The Outsider* (11th impression, London, 1957)ને વાંચી જુઓ.

આ સંદર્ભમાં Prof. Joadની સાક્ષી પણ ખૂબ મહત્ત્વની છે. તેઓ લખે છે, "For the first time in history there is coming to maturity a generation of men and women who have no religion and fell no need for one. They are content to ignore it. Also they are very unhappy, and the suicide rate is abnormally high." (C.E.M. Joad, *The Present and Future of Religion*, quoted by Sir Arnold Lunn, And Yet So New, London, 1958, p. 228).

ઇસ્લામી વિશ્વ માટે, જો કે તેઓ કોઈપણ રીતે ઇસ્લામ માટે કોઈ સહાનુભૂતિ ધરાવતા નથી, તેમ છતાં બિનમુસ્લિમ ઇતિહાસકારોના અભિપ્રાયો ઉપર એક દૃષ્ટિપાત કરવો હિતાવહ છે. વાંચો : "In this uncompromising monotheism, with its simple, enthusiastic faith in the supreme rule of a transcendent being lies the chief strenght of Islam. Its adherents enjoy an conciousness of contentment and resignation unknown among followers of most creeds. Suicide is Rare in Muslim Lands." (Philip K. Hitti, *History of the Arabs*, 1951, p. 129).

(અંગ્રેજી અનુવાદિત પુસ્તક 'Towards Understanding Islam'માંથી)

પહેલા દુનિયાની તમામ શક્તિઓ એકઠી થઈને ઇચ્છે તો પણ કોઈના પ્રાણ લઈ શકતી નથી. આ જ કારણ છે કે અલ્લાહ ઉપર 'ઈમાન' રાખવાવાળાથી અધિક શૂરવીર જગતમાં કોઈ નથી હોતો. તેના મુકાબલામાં તલવારોનો ધોધ, ગોળીઓની ઝડી અને લશ્કરોના હુમલાઓ બધું જ વિફળ થઈ જાય છે. જ્યારે તે અલ્લાહના માર્ગમાં લડવા માટે આગળ વધે છે, તો પોતાનાથી દસ ગણી શક્તિનું મોઢું ફેરવી નાખે છે. 'મુશ્રિકો' (અનેકેશ્વરવાદીઓ) અને 'કાફિરો' (અધર્મીઓ) અને નાસ્તિકો આ શક્તિ ક્યાંથી લાવશે ? તેમને તો પ્રાણ સૌથી વધારે પ્રિય હોય છે અને તેઓ સમજે છે કે મૃત્યુ દુશ્મનોના લાવવાથી આવે છે અને તેમના ભગાવવાથી ભાગી શકે છે.

(૮) 'લા ઇલાહ ઇલ્લલ્લાહ'નો વિશ્વાસ મનુષ્યમાં સંતોષ અને નિઃસ્વાર્થતાનો ગુણ પેદા કરી દે છે. લોભ અને લાલચ તથા ઈર્ષ્યા અને અદેખાઈની તુચ્છ ભાવનાઓને હૃદયમાંથી કાઢી નાખે છે. સફળતા મેળવવાના અવૈધ અને અનુચિત તથા અધમ ઉપાયો અપનાવવાનો વિચાર સુદ્ધાં તેના મનમાં નથી આવવા દેતો. તે સમજે છે કે રોજી (આજીવિકા) અલ્લાહના હાથમાં છે, જેને ચાહે વધારે આપે, જેને ચાહે ઓછી આપે. ઇજ્જત અને પ્રતિષ્ઠા, યશ અને ખ્યાતિ તેમજ શક્તિ અને રાજ્ય બધું જ અલ્લાહના અધિકારમાં છે. તે હિત અને ભલાઈને ધ્યાનમાં રાખીને પોતાની વિવેકબુદ્ધિથી જેને જેટલું ચાહે, આપે છે. આપણું કામ માત્ર પોતાની મર્યાદામાં રહીને ઉચિત પ્રયાસો કરવાનું છે. સફળતા અને નિષ્ફળતા અલ્લાહની કૃપા પર નિર્ભર કરે છે. તે જો આપવા ઇચ્છે, તો દુનિયાની કોઈ શક્તિ તેને રોકી શકતી નથી અને ન આપવા ઇચ્છે, તો કોઈ શકિત તે અપાવી શકતી નથી. તેનાથી વિપરીત 'મુશ્રિકો' અને 'કાફિરો' અને નાસ્તિકો પોતાની સફળતા કે નિષ્ફળતાને પોતાના પ્રયત્નો અને દુનિયાની શક્તિઓની સહાયતા અથવા વિરોધ પર અવલંબિત સમજતા હોય છે, તેથી તેમના ઉપર લોભ અને લાલચ છવાયેલાં રહે છે. સફળતા પ્રાપ્ત કરવા માટે તેઓ લાંચ-રુશ્વત, ખુશામત, કાવત્રા અને દરેક પ્રકારની નીચમાં નીચ રીતો અપનાવવામાં તેમને સંકોચ થતો નથી. બીજાઓની સફળતા જોઈને ઈર્ષ્યા અને દ્વેષની આગમાં બળી મરે છે અને તેમને નીચું દેખાડવા કોઈ પણ ખરાબમાં ખરાબ યુક્તિ નથી છોડતાં.

(૯) સૌથી મહત્ત્વની વાત એ છે કે 'લા ઇલાહ ઇલ્લલ્લાહ' પર ઈમાન મનુષ્યને અલ્લાહના કાનૂનનો પાબંદ બનાવે છે. આ 'કલિમા' ઉપર 'ઈમાન' લાવવાવાળો વિશ્વાસ રાખે છે કે અલ્લાહ પ્રત્યેક છુપી અને જાહેર વસ્તુની ખબર રાખે છે. તે અમારી ધોરી નસ કરતાં પણ વધારે નજીક છે. જો અમે રાતના અંધારામાં અને એકાંત ઓરડા કે જગ્યામાં કોઈ પાપ કરીએ, તો અલ્લાહને તેની ખબર પડી જાય છે. જો આપણા હૃદયના ઊંડાણમાં પણ કોઈ ખરાબ ઇરાદો ઉદ્ભવે, તો અલ્લાહ સુધી તેની માહિતી પહોંચી જાય છે. અમે બધાંથી છુપાવી શકીએ છીએ, પણ અલ્લાહથી નથી

છુપાવી શકતા; બધાથી ભાગી શકીએ છીએ, પણ અલ્લાહના રાજ્યથી નથી નીકળી શકતા. બધાથી બચી શકીએ છીએ, પણ અલ્લાહની પકડથી બચવું અશક્ય છે. આ વિશ્વાસ જેટલો મજબૂત હશે, માનવી તેટલો જ વધારે પોતાના અલ્લાહના આદેશોનું પાલન કરશે. જે વસ્તુને અલ્લાહે હરામ (અવૈધ) કરી છે, તે તેના પાસે પણ નહીં ફરકે અને જે વસ્તુનો તેણે આદેશ આપ્યો છે, તે તેને એકાંત અને અંધકારમાં પણ માનશે, કારણ કે તેના સાથે એક એવી પોલીસ લાગેલી છે, જે કોઈ પણ હાલતમાં તેનો પીછો નથી છોડતી અને તેને એવી અદાલત (Court)નો ખટકો લાગેલો છે, જેના વૉરન્ટ (Warrant)થી તે ક્યાંય ભાગી શકતો નથી. આ જ કારણ છે કે 'મુસ્લિમ' થવા માટે સૌથી પ્રથમ અને અનિવાર્ય શરત 'લા ઇલાહ ઇલ્લલ્લાહ' ઉપર ઈમાન લાવવું છે, જેમ કે શરૂઆતમાં અમે તમને બતાવી ગયા છીએ. 'મુસ્લિમ'નો અર્થ છે અલ્લાહનો આજ્ઞાકારી બંદો (સેવક), અને અલ્લાહના આજ્ઞાકારી બનવું સંભવ જ નથી, જ્યાં સુધી મનુષ્ય એ વાત પર વિશ્વાસ ન કરે કે અલ્લાહ સિવાય કોઈ 'ઇલાહ' (પૂજ્ય) નથી.

હઝરત મુહમ્મદ સલ્લ.ના શિક્ષણમાં આ અલ્લાહ પર ઈમાન સૌથી મહત્ત્વપૂર્ણ અને મૌલિક વસ્તુ છે. આ ઇસ્લામનું કેન્દ્ર છે, તેનું મૂળ છે, તેની શક્તિનો સ્રોત છે. આના સિવાય ઇસ્લામની જેટલી ધારણાઓ અને આદેશો અને કાનૂન છે, તે તમામ આ જ આધાર ઉપર સ્થિત છે અને તે સૌને આ જ કેન્દ્રથી શક્તિ પહોંચે છે. તેને હટાવી દીધા પછી ઇસ્લામ કોઈ વસ્તુ જ નથી રહેતો.

અલ્લાહના ફરિશ્તાઓ પર ઈમાન :

અલ્લાહ ઉપર ઈમાન પછી બીજી વસ્તુ, જેના ઉપર હઝરત મુહમ્મદ સલ્લ.એ 'ઈમાન' લાવવાનો આદેશ આપ્યો છે, તે ફરિશ્તાઓનું અસ્તિત્વ છે, અને મોટો ફાયદો આ શિક્ષાનો એ છે કે તેનાથી 'તૌહીદ' (એકેશ્વરવાદ)ની ધારણાને 'શિર્ક' (Polytheism)ની તમામ આશંકાઓથી મુક્તિ મળી જાય છે.

ઉપર તમને બતાવી દેવામાં આવ્યું છે કે 'મુશ્રિકો' (અનેકેશ્વરવાદીઓ)એ ખુદાઈ (ઈશ્વરત્વ)માં સૃષ્ટિની બે પ્રકારની વસ્તુઓને સામેલ કરી છે : એક પ્રકાર તો તેમનો છે, જેમનું ભૌતિક (Material) અસ્તિત્વ છે અને જે નરી આંખે દેખાય છે, જેમ કે સૂર્ય, ચંદ્ર અને તારાઓ, આગ અને પાણી અને મનુષ્યોમાં મહાન લોકો વગેરે. બીજો પ્રકાર એમનો છે, જેમનું અસ્તિત્વ ભૌતિક નથી, બલ્કે તે નજરોથી ઓઝલ છે અને પરોક્ષ રૂપે સૃષ્ટિની વ્યવસ્થાનું કાર્ય કરી રહી છે, જેમ કે કોઈ હવાને ચલાવનાર અને કોઈ પાણી વરસાવનાર અને કોઈ પ્રકાશ કરનાર. આમાંથી પહેલા પ્રકારની વસ્તુઓ તો મનુષ્યની આંખો સામે મોજૂદ છે, તેથી તેમના ઈશ્વર હોવાની મનાઈ સ્વયં 'લા ઇલાહ ઇલ્લલ્લાહ'ના શબ્દોથી જ થઈ જાય છે, પરંતુ બીજા પ્રકારની વસ્તુઓ અપ્રત્યક્ષ અને રહસ્યમય છે. 'મુશ્રિક' (અનેકેશ્વરવાદી) મોટેભાગે તેના ઉપર જમેલા

છે. તેમને જ દેવતા અને ઈશ્વર અને ઈશ્વરના સંતાન સમજે છે, તેમની જ કાલ્પનિક મૂર્તિઓ બનાવીને ભેટ અને પૂજાપો ચઢાવે છે, તેથી એકેશ્વરવાદને 'શિર્ક' (અનેકેશ્વરવાદ)ના આ બીજા પ્રકારથી બચાવવા માટે એક સ્થાયી ધારણાનું વર્ણન કરવામાં આવ્યું છે.

હઝરત મુહમ્મદ સલ્લ.એ આપણને બતાવ્યું છે કે આ છુપાયેલી સૂક્ષ્મ સત્તાઓ (Spiritual beings) જેને દેવતા, ઈશ્વર અને ઈશ્વરના સંતાનો કહો છો, વાસ્તવમાં તે અલ્લાહના ફરિશ્તાઓ (Angels) છે. તેમનો ખુદાઈમાં કોઈ અધિકાર અને ભાગ નથી. આ બધા અલ્લાહના આજ્ઞાંકિત છે અને એટલા આજ્ઞાંકિત છે કે અલ્લાહના આદેશનું સહેજ પણ ઉલ્લંઘન કરી શકતા નથી. અલ્લાહ તેમના દ્વારા પોતાના રાજ્યનો પ્રબંધ કરે છે અને તેઓ તેના આદેશોનું બરાબર પાલન કરે છે. તેમને સ્વયં પોતાના અધિકારથી કંઈ પણ કરવાની શક્તિ પ્રાપ્ત નથી. તેઓ પોતાની શક્તિથી અલ્લાહની સેવામાં કોઈ પ્રસ્તાવ મૂકી શકતાં નથી. તેમનામાં એ સાહસ અને તાકાત નથી કે તેના સમક્ષ કોઈની ભલામણ કરે. તેમની પૂજા કરવી અને તેમનાથી મદદની યાચના કરવી તો મનુષ્ય માટે અપમાન છે, કેમ કે મનુષ્યના સર્જનના પ્રથમ દિવસે અલ્લાહે તેમને હઝરત આદમ (અલૈ.)ને 'સજદો' કરાવ્યો હતો અને હઝરત આદમ (અલૈ.)ને તેમનાથી વધારે જ્ઞાન પ્રદાન કર્યું હતું અને તેમને છોડીને હઝરત આદમ (અલૈ.)ને ધરતી ઉપર 'ખિલાફત' (અલ્લાહનું પ્રતિનિધિત્વ) પ્રદાન કરી હતી.[3] તો જે મનુષ્યની સામે આ ફરિશ્તાઓ માથું ઝુકાવે, તેમના માટે આનાથી વધીને કયું અપમાન હોઈ શકે છે કે તે ઉલટાનો તેમના આગળ સજદો કરે અને તેમનાથી ભીખ માગે ?

હઝરત મુહમ્મદ સલ્લ.એ એક તરફ તો ફરિશ્તાઓને પૂજવા અને ખુદાઈમાં તેમને ભાગીદાર ઠરાવવાથી રોકી દીધા, બીજી તરફ આપ સલ્લ.એ આપણને બતાવ્યું કે ફરિશ્તાઓ અલ્લાહના વ્હાલા બંદાઓ છે, ગુનાઓ અને પાપોથી પવિત્ર છે, તેમની પ્રકૃતિ જ એવી છે કે તેઓ અલ્લાહના આદેશોનું ઉલ્લંઘન કરી જ નથી શકતા, તેઓ હંમેશા અલ્લાહની બંદગી અને ઉપાસનામાં લાગેલા રહે છે. તેમનામાંથી જ એક ચૂંટેલા ફરિશ્તા દ્વારા અલ્લાહ પોતાના પયગંબરો ઉપર 'વહી' (ઈશ-વાણી) મોકલે છે, જેમનું નામ જિબ્રઈલ (અલૈ.) છે. હઝરત મુહમ્મદ સલ્લ.ના પાસે હઝરત જિબ્રઈલ (અલૈ.) દ્વારા જ કુર્આનની આયતો અવતરિત થઈ હતી. આ ફરિશ્તાઓમાંથી તે ફરિશ્તાઓ પણ છે, જે દરેક સમયે તમારા સાથે લાગેલા છે, તમારી દરેક સારી અને ખરાબ વાતને જોતાં રહે છે, તમારી દરેક સારી અને ખરાબ વાતને દરેક સમયે સાંભળતા અને નોંધ કરતા રહે છે. તેમના પાસે દરેક વ્યક્તિના જીવનનો રેકોર્ડ (નોંધ-વહી, દફતર,

---

૩. જુઓ : કુર્આન, સૂરઃ અલ-બકરહ, આ. ૩૪ અને સૂરઃ અલ-આ'રાફ, આ. ૧૧.

રજિસ્ટર) સુરક્ષિત રહે છે. મૃત્યુ પછી, જ્યારે તમે અલ્લાહ સમક્ષ હાજર થશો, તો તેઓ તમારી કર્મ-નોંધ પ્રસ્તુત કરી દેશે અને તમે જોશો કે જીવનભર તમે છુપી રીતે કે જાહેરમાં, જે પણ નેકીઓ (સત્કર્મો) કે બૂરાઈઓ કરી હતી, તે તમામ તેમાં મોજૂદ છે.

ફરિશ્તાઓની વાસ્તવિકતા આપણને બતાવવામાં આવી નથી, માત્ર તેમના ગુણો જ બતાવવામાં આવ્યા છે અને તેમના અસ્તિત્વ ઉપર વિશ્વાસ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. આપણા પાસે એ જાણવાનું કોઈ સાધન નથી કે તેઓ કેવા છે અને કેવા નથી. તેથી પોતાની બુદ્ધિથી તેમના વ્યક્તિત્વ વિશે કોઈ વાત ઘડી લેવી નાદાની છે અને તેમના અસ્તિત્વને ન માનવું 'કુફ્ર' (અધર્મ) છે, કેમ કે ન માનવા અને ઇન્કાર કરવા માટે કોઈના પાસે કોઈ દલીલ નથી અને ઇન્કારનો અર્થ અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.ને 'નઊઝુ બિલ્લાહ' (અલ્લાહ આપણા સૌને તેનાથી બચાવે) જૂઠા ઠેરવવાનો થાય છે. આપણે તેમના અસ્તિત્વ ઉપર કેવળ એટલા માટે ઈમાન લાવીએ છીએ કે અલ્લાહના સાચા પયગંબર સલ્લ.એ તેની સૂચના આપી છે.

અલ્લાહના ગ્રંથો પર ઈમાન :

ત્રીજી વસ્તુ, જેના ઉપર ઈમાન લાવવાની શિક્ષા હઝરત મુહમ્મદ સલ્લ. દ્વારા આપણને આપવામાં આવી છે, તે અલ્લાહના ગ્રંથો છે, જે તેણે પોતાના 'નબીઓ' (પયગંબરો) ઉપર અવતરિત કર્યા.

અલ્લાહે જે રીતે હઝરત મુહમ્મદ સલ્લ. ઉપર કુર્આન અવતરિત કર્યું છે, તે જ રીતે આપના પહેલાં જે રસૂલો (પયગંબરો) થઈ ગયા છે, તેમના પાસે પણ પોતાના ગ્રંથો મોકલ્યા હતા. તેમાંથી કેટલાક ગ્રંથોના નામ આપણને બતાવી દેવામાં આવ્યા છે, જેમ કે હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ના 'સહીફા' (દિવ્ય ગ્રંથ) જે હઝરત ઇબ્રાહીમ (અલૈ.) ઉપર અવતરિત થયા, તૌરાત (Torah) જે હઝરત મૂસા (અલૈ.) ઉપર અવતરિત થયો, ઝૂબુર (Psalms) જે હઝરત દાઊદ (અલૈ.) ઉપર અવતરિત થયો, ઇંજિલ (Gospel) જે હઝરત ઈસા (અલૈ.)ને આપવામાં આવ્યો. આ ઉપરાંત બીજા ગ્રંથો, જે પયગંબરો પાસે આવ્યા હતા, તેમના નામ આપણને બતાવવામાં આવ્યા નથી, તેથી કોઈ બીજા ધાર્મિક ગ્રંથો વિષે આપણે વિશ્વાસથી કહી શકતા નથી કે તે અલ્લાહ તરફથી છે અને ન એવું કહી શકીએ છીએ કે તે અલ્લાહ તરફથી નથી. અલબત્ત, આપણે ઈમાન લાવીએ છીએ કે જે ગ્રંથો પણ અલ્લાહ તરફથી આવ્યા છે, તે બધા જ સાચા હતા.

જે ગ્રંથોના નામ આપણને બતાવવામાં આવ્યા છે, તેમાં હઝરત ઇબ્રાહીમના સહીફા તો હવે દુનિયામાં મોજૂદ નથી. રહ્યા તૌરાત, ઝુબૂર અને ઇંજિલ, તો યહૂદીઓ અને ખ્રિસ્તીઓ પાસે મોજૂદ તો છે, પરંતુ કુર્આન-મજીદમાં બતાવવામાં આવ્યું છે કે આ તમામ ગ્રંથોમાં લોકોએ અલ્લાહની વાણીને બદલી નાખી છે અને પોતાના તરફથી

ઘણી-બધી વાતો તેના અંદર ભેળવી દેવામાં આવી છે. સ્વયં ખ્રિસ્તીઓ અને યહૂદીઓ પણ માને છે કે મૂળ ગ્રંથ તેમના પાસે નથી, ફકત તેના અનુવાદો બચેલા રહી ગયા છે, જેમાં સદીઓથી ફેરબદલ (Alteration) થતો રહ્યો છે અને આજ પર્યંત થઈ રહ્યો છે. ઉપરાંત આ ગ્રંથોને વાંચવાથી પણ સ્પષ્ટ જણાઈ આવે છે કે તેમાં ઘણી-બધી વાતો એવી છે, જે અલ્લાહ (ઈશ્વર) તરફથી નથી હોઈ શકતી. તેથી જે ગ્રંથો મોજૂદ છે, તે તદ્દન ઈશ્વરીય ગ્રંથો નથી, તેમાં અલ્લાહના કલામ (વાણી) અને માનવીય કલામનું મિશ્રણ થઈ ગયું છે, અને એ જાણવાનું કોઈ સાધન નથી કે અલ્લાહની વાણી કઈ છે અને મનુષ્યની વાણી કઈ છે. તેથી અગાઉના ગ્રંથો ઉપર ઈમાન લાવવાનો જે આદેશ આપણને આપવામાં આવ્યો છે, તે માત્ર એ હેસિયતે છે કે અલ્લાહે કુર્આનથી પહેલાં પણ દુનિયાની પ્રત્યેક જાતિ પાસે પોતાના આદેશો પોતાના પયગંબરો દ્વારા મોકલ્યા હતા અને તે બધા તે જ અલ્લાહના આદેશો હતા, જેના તરફથી કુર્આન આવેલ છે અને કુર્આન કોઈ નવીન કે અનોખો ગ્રંથ નથી, બલ્કે તે જ શિક્ષાને જીવંત કરવા માટે મોકલવામાં આવેલ છે, જે પહેલાંના જમાનાના લોકોએ મેળવી અને ખોઈ નાખી અથવા બદલી નાખી અથવા માનવીય વાણીથી સેળ-ભેળ કરી નાખી.

કુર્આન-મજીદ અલ્લાહનો સૌથી અંતિમ ગ્રંથ છે. આમાં અને અગાઉના ગ્રંથોમાં ઘણી રીતે ફરક છે.

(૧) પહેલાં જે ગ્રંથો આવ્યા હતા, તેમાંથી મોટાભાગની મૂળ પ્રતો દુનિયામાંથી ગૂમ થઈ ગઈ અને તેના માત્ર અનુવાદો જ રહી ગયા છે. પરંતુ કુર્આન જે શબ્દોમાં અવતરિત થયું હતું, બરાબર તે જ શબ્દોમાં મોજૂદ છે. તેના એક અક્ષર, બલ્કે એક મોત્રામાં પણ પરિવર્તન થયું નથી.

(૨) અગાઉના ગ્રંથોમાં લોકોએ ઈશ્વરીય વાણીમાં પોતાની વાણી મેળવી દીધી છે. એક જ ગ્રંથમાં ઈશ્વરીય વાણી પણ છે અને જાતીય ઇતિહાસ પણ, મહાપુરુષોના જીવન-વૃત્તાંતો પણ છે, ટીકા અને વ્યાખ્યા પણ અને ધર્મ-શાસ્ત્રીઓએ કાઢેલ પ્રશ્નો પણ છે; અને આ બધી વસ્તુઓ એવી રીતે સેળ-ભેળ છે કે ઈશવાણીને તેમાંથી અલગ છાંટવી સંભવ નથી, પરંતુ કુર્આનમાં વિશુદ્ધ ઈશ્વરીય વાણી (Words of God) આપણને મળે છે અને તેમાં કોઈ બીજાની વાણીની સહેજ પણ મિલાવટ નથી. તફસીર (કુર્આનની ટીકા અને સમજૂતી), હદીષ, ફિક્હ (સ્મૃતિશાસ્ત્ર), રસૂલ સલ્લ.ની સીરત (પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.નું જીવનચરિત્ર), સહાબા રદિ.ના જીવન-ચરિત્ર અને ઇસ્લામી ઇતિહાસ વિષે મુસલમાનોએ જે કંઈ લખ્યું છે, તે બધું કુર્આનથી તદ્દન અલગ, અન્ય ગ્રંથોમાં લખ્યું છે. કુર્આનમાં તેમનો એક શબ્દ પણ જોવા મળતો નથી.

(૩) જેટલાં ધાર્મિક ગ્રંથો વિશ્વની જાતિઓ પાસે છે, તેમાંથી એક વિશે પણ

ઐતિહાસિક પ્રમાણથી એ સિદ્ધ કરી શકાય તેમ નથી કે તેનો સંબંધ જે નબી (પયગંબર) સાથે જોડવામાં આવે છે, વાસ્તવમાં તે જ નબીનો છે; બલ્કે કેટલાક ધાર્મિક ગ્રંથો એવા પણ છે, જેમના વિશે મૂળભૂત રીતે એ પણ ખબર નથી કે તે કયા જમાનામાં કયા નબી ઉપર અવતરિત થયા હતા. પરંતુ કુર્આન વિશે એટલા અટલ ઐતિહાસિક પ્રમાણો મોજૂદ છે કે કોઈ વ્યક્તિ હઝરત મુહમ્મદ સલ્લ. સાથે તેનો સંબંધ હોવામાં સંદેહ કરી જ શકતો નથી. તેની 'આયતો' સુદ્ધાં વિશે એ ખબર છે કે કઈ આયત ક્યારે અને ક્યાં અવતરિત થઈ છે.

(૪) પહેલાંના ગ્રંથો જે ભાષામાં અવતરિત થયા હતા, તે ભાષા મુદ્દતથી મૃત થઈ ગઈ છે. હવે દુનિયામાં તેના બોલવાવાળા નથી રહ્યા અને તેને સમજવાવાળાઓ પણ ખૂબ ઓછા જોવા મળે છે. આવા ગ્રંથો, જો મૂળ અને વાસ્તવિક રૂપમાં જોવા પણ મળે, તો તેના આદેશોને બરાબર સમજવું અને તેનું પાલન કરવું શક્ય નથી. પરંતુ કુર્આન જે ભાષામાં છે, તે એક જીવિત ભાષા છે, દુનિયામાં કરોડો લોકો આજે પણ એ ભાષા બોલે છે અને કરોડો લોકો તેને જાણે અને સમજે છે. તેના શિક્ષણનો ક્રમ દુનિયામાં દરેક જગ્યાએ ચાલી રહ્યો છે. દરેક વ્યક્તિ તેને શીખી શકે છે અને જેને તે શીખવાની તક ઉપલબ્ધ નથી, તેને દરેક ઠેકાણે એવા વ્યક્તિઓ મળી શકે છે, જે કુર્આનનો અર્થ તેને સમજાવવાની યોગ્યતા ધરાવતાં હોય.

(૫) જેટલાં ધાર્મિક ગ્રંથો દુનિયાની વિભિન્ન જાતિઓ પાસે છે, તેમાંથી પ્રત્યેકમાં કોઈ વિશિષ્ટ જાતિને સંબોધન કરવામાં આવ્યું છે અને પ્રત્યેક ગ્રંથમાં એવા આદેશો જોવા મળે છે, જે એવું લાગે છે કે એક વિશેષ યુગની પરિસ્થિતિઓ અને આવશ્યકતાઓ માટે હતા, પરંતુ હવે ન તેની આવશ્યકતા છે, અને ન તેને વ્યવહારમાં લાગુ કરી શકાય છે. તેનાથી એ વાત આપોઆપ સ્પષ્ટ થઈ જાય છે કે આ બધા ગ્રંથો જુદી-જુદી જાતિઓ માટે જ હતા. તેમાંથી કોઈ ગ્રંથ સમગ્ર વિશ્વ માટે આવ્યો ન હતો. ઉપરાંત, જે જાતિઓ માટે આ ગ્રંથો આવ્યા હતા, તેમના માટે પણ તે હંમેશા માટે ન હતા, બલ્કે કોઈ વિશેષ યુગ માટે હતા. હવે કુર્આનને જુઓ, આ ગ્રંથમાં દરેક સ્થાન પર મનુષ્યને સંબોધન કરવામાં આવ્યું છે. તેના કોઈ એક વાક્યથી પણ એ સંદેહ નથી થઈ શકતો કે તે કોઈ વિશેષ જાતિ માટે છે, પછી આ ગ્રંથમાં જેટલાં આદેશો આપવામાં આવ્યા છે, તે તમામ એવા છે, જેનું દરેક યુગ અને દરેક જગ્યાએ પાલન કરી શકાય છે. આ વાત સાબિત કરે છે કે કુર્આન સપૂર્ણ વિશ્વ માટે અને હંમેશ માટે છે.

(૬) અગાઉના ગ્રંથોમાંથી પ્રત્યેકમાં ભલાઈ અને સચ્ચાઈની વાતોનું વર્ણન કરવામાં આવ્યું છે. નૈતિકતા અને સત્યવાદિતાના નિયમો શીખવાડવામાં આવ્યા હતા, ઈશ્વરની ઇચ્છાનુસાર જીવન વ્યતીત કરવાની રીતો દર્શાવવામાં આવી હતી, પરંતુ કોઈ એક ગ્રંથ પણ એવો ન હતો, જેમાં બધી જ વિશિષ્ટતાઓને એક જ સ્થાન પર

એકત્રિત કરી દેવામાં આવી હોય અને એક પણ વસ્તુ છોડી ન દીધી હોય. આ વાત માત્ર કુર્આનમાં છે કે જેટલી વિશેષતાઓ પહેલાંના ગ્રંથોમાં અલગ-અલગ હતી, તે તમામ આમાં એકત્ર કરી દેવામાં આવી છે અને જે વિશેષતાઓ પહેલાંના ગ્રંથોમાં નહોતી, તે પણ આ ગ્રંથમાં આવી ગઈ છે.

(૭) તમામ ધાર્મિક ગ્રંથોમાં માનવીના હસ્તક્ષેપથી એવી વાતો ભળી ગઈ છે, જે વાસ્તવિકતાની વિરુદ્ધ છે, બુદ્ધિના વિરુદ્ધ છે, અત્યાચાર અને અન્યાય ઉપર આધારિત છે, માનવીના વિશ્વાસ અને કર્મ બંનેને દૂષિત કરે છે; ત્યાં સુધી કે ઘણા ગ્રંથોમાં તો અશ્લીલ અને અનૈતિક વાતો પણ જોવા મળે છે. કુર્આન આ બધી વસ્તુઓથી સુરક્ષિત છે. તેમાં કોઈ વાત પણ એવી નથી, જે બુદ્ધિથી વિપરીત હોય, અથવા જેને પ્રમાણ કે અનુભવથી ખોટું સાબિત કરી શકાય તેમ હોય. તેના કોઈ આદેશમાં અન્યાય નથી, તેની કોઈ વાત મનુષ્યને ગુમરાહ કરનાર નથી. એમાં અશ્લીલતા અને અનૈતિકતાનું નામો-નિશાન નથી. આરંભથી અંત સુધી, આખું કુર્આન ઉચ્ચ પ્રકારની તત્ત્વદર્શિતા (Wisdom) અને બુદ્ધિમતા અને ન્યાય અને ઇન્સાફની શિક્ષા અને સન્માર્ગ-દર્શન, ઉત્તમ આદેશો અને નિયમોથી પરિપૂર્ણ છે.

આ જ વિશિષ્ટતાઓ છે, જેના કારણે સંપૂર્ણ વિશ્વની જાતિઓને આદેશ આપવામાં આવ્યો છે કે કુર્આન ઉપર ઈમાન લાવે અને બધા ગ્રંથોને છોડીને કેવળ આ જ એક ગ્રંથનું આજ્ઞાપાલન કરે, કેમ કે મનુષ્યને ઈશ્વરીય ઇચ્છાનુસાર જીવન વ્યતીત કરવા માટે જેટલાં આદેશોની આવશ્યકતા છે, તે બધા આમાં કોઈપણ પ્રકારની વધ-ઘટ વગર દર્શાવી દેવામાં આવ્યા છે, આ ગ્રંથના આવી ગયા પછી કોઈ અન્ય ગ્રંથની આવશ્યકતા જ રહી નથી.

જ્યારે તમને જાણ થઈ ગઈ કે કુર્આન અને બીજા ગ્રંથોમાં શું અંતર છે, તો એ વાત તમે પોતે સમજી શકો છો કે બીજા ગ્રંથો ઉપર 'ઈમાન' અને કુર્આન ઉપર ઈમાન લાવવામાં શું અંતર હોવું જોઈએ. અગાઉના ગ્રંથો ઉપર 'ઈમાન' માત્ર સ્વીકારની હદ સુધી છે, અર્થાત્ તે બધા ઈશ્વર તરફથી હતા અને સાચા હતા અને તે જ ઉદ્દેશ્યથી આવ્યા હતા, જેને પૂરો કરવા માટે કુર્આન આવ્યું છે, અને કુર્આન ઉપર ઈમાન એ હેસિયથી છે કે આ વિશુદ્ધ ઈશ્વરીય વાણી (અલ્લાહનો કલામ) છે, સર્વથા સત્ય છે, તેનો પ્રત્યેક શબ્દ સુરક્ષિત છે, તેની દરેક વાત સત્ય છે, તેના દરેક આદેશનું પાલન અનિવાર્ય છે અને દરેક તે વાત રદ કરી દેવાને લાયક છે, જે કુર્આનથી વિરુદ્ધ હોય.

અલ્લાહના રસૂલો (પયગંબરો) ઉપર ઈમાન :

ગ્રંથો પછી આપણને અલ્લાહના તમામ રસૂલો (પયગંબરો) ઉપર પણ ઈમાન લાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

એ વાત તમને ગત પ્રકરણમાં બતાવી દેવામાં આવી છે કે અલ્લાહના રસૂલો

દુનિયાની તમામ જાતિઓ પાસે આવ્યા હતા અને તે બધાએ તે જ ઇસ્લામની શિક્ષા આપી હતી, જેની શિક્ષા આપવા માટે અંતમાં હઝરત મુહમ્મદ સલ્લ. આવ્યા. આ દૃષ્ટિએ અલ્લાહના બધા જ પયગંબરો એક જ સમૂહના લોકો હતા. જો કોઈ વ્યક્તિ તેમાંથી કોઈ એકને પણ જૂઠો ઠેરવે, તો જાણે તેણે બધાને જૂઠા ઠેરવી દીધા અને કોઈ એકનો પણ સ્વીકાર કરે, તો આપોઆપ તેના માટે આવશ્યક થઈ જાય છે કે તે બધાનો સ્વીકાર કરે. ધારો કે દસ વ્યક્તિઓ એક જ વાત કહે છે, જયારે તમે એકને સાચો માની લીધો, તો આપોઆપ શેષ નવને પણ સાચા માની લીધા. જો તમે એકને જૂઠો કહેશો, તેનો અર્થ એ છે કે તમે તે વાતને જ જૂઠી માની છે, જેનું તે વર્ણન કરી રહ્યો છે અને તેમાં દસે-દસનું જૂઠું હોવું સાબિત થશે. આ જ કારણ છે કે ઇસ્લામમાં પણ તમામ રસૂલો ઉપર ઈમાન લાવવું આવશ્યક છે, જે વ્યક્તિ કોઈ એક રસૂલ ઉપર ઈમાન નહીં લાવે, તે 'કાફિર' હશે, ચાહે બાકી રસૂલોને માનતો હોય.

હદીષોમાં ઉલ્લેખ છે કે દુનિયામાં જે નબીઓ મોકલવામાં આવ્યા છે, તેમની સંખ્યા એક લાખ ચોવીસ હજાર છે. જો તમે વિચારો કે દુનિયા ક્યારથી આબાદ છે અને તેમાં કેટલી જાતિઓ થઈ ગઈ છે, તો આ સંખ્યા કંઈ પણ વધારે નહીં લાગે. આ સવા લાખ પયગંબરોમાંથી જેમના નામ કુર્આનમાં બતાવવામાં આવ્યા છે, તેમના ઉપર નિશ્ચયપૂર્વક ઈમાન લાવવું આવશ્યક છે, બાકી તમામ વિશે આપણને માત્ર એ વિશ્વાસ રાખવાની શિક્ષા આપવામાં આવી છે કે જે લોકો પણ અલ્લાહ તરફથી તેના બંદાઓના માર્ગદર્શન માટે મોકલવામાં આવ્યા, તે બધા સાચા હતા. ભારત, ચીન, ઈરાન, ઈજિપ્ત, આફ્રિકા, યુરોપ અને દુનિયાના બીજા દેશોમાં જે પયગંબરો આવ્યા હશે, આપણે તે બધા ઉપર ઈમાન લાવીએ છીએ, પરંતુ આપણે કોઈ ખાસ વ્યક્તિ વિશે એ નથી કહી શકતા કે તે પયગંબર હતા અને ન એવું કહી શકીએ છીએ તે પયગંબર નહોતા, એટલા માટે કે આપણને તેમના વિષે કંઈ બતાવવામાં આવ્યું નથી. અલબત્ત, વિભિન્ન ધર્મોના અનુયાયીઓ જે લોકોને પોતાના માર્ગદર્શક માને છે, તેમના વિરુદ્ધ કંઈ કહેવું આપણા માટે ઉચિત નથી, ખૂબ શક્યતા છે કે વાસ્તવમાં તેઓ પયગંબર હોય અને પછીથી તેમના અનુયાયીઓએ તેમના ધર્મને બગાડી નાખ્યો હોય, જે રીતે હઝરત મૂસા (અલૈ.) અને હઝરત ઈસા (અલૈ.)ના અનુયાયીઓએ બગાડ્યો. તેથી આપણે જે કંઈ પણ સંમતિ પ્રગટ કરીએ, તે ફક્ત તેમના મતો અને પ્રથાઓ વિશે જ કરીશું, પરંતુ પ્રવર્તકોના વિશે ચૂપ રહીશું, જેથી જાણ્યા-સમજ્યા વિના આપણાથી કોઈ રસૂલ (પયગંબર) વિશે અવિવેક ન થઈ જાય.

અગાઉના પયગંબરોમાં અને હઝરત મુહમ્મદ સલ્લ.માં એ દૃષ્ટિથી તો કોઈ અંતર નથી કે આપની જેમ જ તે બધા પણ સાચા હતા, અલ્લાહે મોકલેલ હતા, ઇસ્લામનો સીધો માર્ગ બતાવનારા હતા અને આપણને બધા ઉપર ઈમાન લાવવાનો

આદેશ આપવામા આવ્યા છે, પરતુ આ તમામ બાબતોમાં સમાનતા હોવા છતાં પણ હઝરત મુહમ્મદ (સલ્લ.)માં અને બીજા પયગંબરોમાં ત્રણ વાતોનું અંતર પણ છે.

(૧) પહેલાંના પયગંબરો વિશેષ જાતિઓમાં વિશેષ યુગો માટે આવ્યા હતા અને હઝરત મુહમ્મદ (સલ્લ.) સંપૂર્ણ વિશ્વ માટે અને હંમેશ માટે પયગંબર બનાવીને મોકલવામાં આવ્યા છે, જેનું વર્ણન ગત પ્રકરણોમાં વિગતવાર કર્યું છે.

(૨) પહેલાંના પયગંબરોની શિક્ષાઓ કાં તો દુનિયામાંથી તદન ગાયબ થઈ ગઈ છે અથવા કંઈક બાકી પણ રહી ગઈ છે, તો પોતાના વિશુદ્ધ રૂપમાં સુરક્ષિત નથી રહી. એ જ રીતે તેમના સાચા જીવન-વૃત્તાંતો પણ દુનિયામાં ક્યાંય નથી મળતા, બલ્કે તેમના ઉપર ઘણી કાલ્પનિક વાર્તાઓના થર ચડી ગયા છે. તેથી જો કોઈ તેમનું અનુકરણ કરવા ઇચ્છે તો નથી કરી શકતો. તેનાથી વિપરીત હઝરત મુહમ્મદ (સલ્લ.)ની શિક્ષા, આપનું પવિત્ર જીવન-ચરિત્ર, આપના મૌખિક આદેશો, આપની વ્યવહારિક રીતભાત, આપનું ચરિત્ર, આપની પ્રકૃતિ, સ્વભાવ અને આદતો, તાત્પર્ય એ કે દરેક વસ્તુ દુનિયામાં તદન સુરક્ષિત છે, તેથી તમામ પયગંબરોમાં કેવળ હઝરત મુહમ્મદ (સલ્લ.) જ એક જીવિત પયગંબર છે અને માત્ર આપનું જ અનુકરણ કરવું શક્ય છે.

(૩) પહેલાંના પયગંબરો દ્વારા ઇસ્લામની જે શિક્ષા આપવામાં આવી હતી, તે પૂર્ણ ન હતી. દરેક પયગંબર પછી બીજા પયગંબર આવીને તેમના ઉપદેશો અને કાનૂન અને શિક્ષાઓમાં પરિવર્તન અને વૃદ્ધિ કરતા રહ્યા અને સુધારણા અને પ્રગતિનો ક્રમ નિરંતર ચાલતો રહ્યો. આ જ કારણ છે કે તે પયગંબરોના શિક્ષણને તેમનો સમય વીતી ગયા પછી અલ્લાહે સુરક્ષિત રાખ્યું નથી, કારણ કે પ્રત્યેક પૂર્ણ શિક્ષણ પછી અગાઉના અપૂર્ણ શિક્ષણની કોઈ આવશ્યકતા જ ન રહી. અંતમાં હઝરત મુહમ્મદ (સલ્લ.) દ્વારા ઇસ્લામનું એવું શિક્ષણ આપવામાં આવ્યું, જે દરેક રીતે પૂર્ણ હતું. તે પછી તમામ પયગંબરોની શરીઅતો (ધર્મ-વિધાનો, Code of Life) આપો-આપ નિરસ્ત થઈ ગઈ, કારણ કે પૂર્ણને છોડીને અપૂર્ણનું અનુસરણ કરવું બુદ્ધિના વિરુદ્ધ છે. જે વ્યક્તિ હઝરત મુહમ્મદ (સલ્લ.)નું અનુસરણ કરશે, તેણે જાણે તમામ પયગંબરોનું અનુસરણ કર્યું, કેમ કે તમામ પયગંબરોની શિક્ષામાં જે કંઈ ભલાઈ હતી, તે બધી હઝરત મુહમ્મદ (સલ્લ.)ની શિક્ષાઓમાં મોજૂદ છે, અને જે કોઈ વ્યક્તિ આપનું આજ્ઞાપાલન છોડીને પહેલાંના કોઈ પયગંબરનું આજ્ઞાપાલન કરશે, તે ઘણી-બધી ભલાઈઓથી વંચિત રહી જશે, એટલા માટે કે જે ભલાઈઓ (કલ્યાણકારી વાતો) પાછળથી આવી છે, તે જૂના શિક્ષણમાં ન હતી.

આ કારણોસર સંપૂર્ણ વિશ્વના મનુષ્યો માટે અનિવાર્ય બની ગયું છે કે તેઓ માત્ર હઝરત મુહમ્મદ (સલ્લ.)નું આજ્ઞાપાલન કરે. મુસલમાન બનવા માટે આવશ્યક છે કે મનુષ્ય હઝરત મુહમ્મદ (સલ્લ.) ઉપર ત્રણ હેસિયતોથી ઈમાન લાવે :

એક એ કે આપ અલ્લાહના સાચા પયગંબર છે.

બીજું એ કે આપનું માર્ગદર્શન અને શિક્ષા તદ્દન પૂર્ણ છે, તેમાં કોઈ અપૂર્ણતા નથી અને તે પ્રત્યેક રીતે ભૂલરહિત અને ખામીરહિત છે.

ત્રીજું એ કે આપ અલ્લાહના અંતિમ પયગંબર છે. આપના પછી ક્યામત સુધી કોઈ પયગંબર કોઈ જાતિમાં આવવાના નથી, ન કોઈ વ્યક્તિ એવો આવનાર છે, જેના ઉપર ઈમાન લાવવું મુસલમાન બનવા માટે શરત હોય અને જેને ન માનવાથી વ્યક્તિ 'કાફિર' થઈ જાય.

આખિરત (પરલોક) ઉપર ઈમાન :

પાંચમી વસ્તુ, જેના ઉપર હઝરત મુહમ્મદ (સલ્લ.)એ ઈમાન લાવવાની શિક્ષા આપી છે, તે 'આખિરત' છે. આખિરત વિષે જે વસ્તુઓ ઉપર ઈમાન લાવવું આવશ્યક છે, તે આ પ્રમાણે છે :

(૧) એક દિવસ અલ્લાહ સંપૂર્ણ વિશ્વ અને સૃષ્ટિના જીવધારી વગેરેનો નાશ કરશે. તે દિવસનું નામ 'કયામત' છે.

(૨) પછી તે બધાને નવું જીવન આપશે અને બધા અલ્લાહ સમક્ષ રજૂ થશે, તેને 'હશ્ર' (પુનરુજ્જીવન, Resurrection) કહે છે.

(૩) તમામ લોકોએ પોતાના દુનિયાના જીવનમાં જે કાંઈ કર્યું છે, તેનો સંપૂર્ણ રેકોર્ડ (રજિસ્ટર) અલ્લાહની અદાલતમાં પ્રસ્તુત કરવામાં આવશે.

(૪) અલ્લાહ દરેક વ્યક્તિના સારા-નરસા કર્મોને તોલશે. જેની ભલાઈ અલ્લાહની તુલામાં વજનદાર હશે તેને ક્ષમા આપશે અને જેની બૂરાઈનું પલ્લું ભારે હશે, તેને સજા આપશે.

(૫) જે લોકોને ક્ષમા મળશે, તેઓ જન્નત (સ્વર્ગ)માં જશે અને જેમને સજા આપવામાં આવશે, તેઓ જહન્નમ (નર્ક)માં જશે.

આખિરત ઉપર ઈમાનની આવશ્યકતા :

આખિરતની આ ધારણા જે પ્રમાણે હઝરત મુહમ્મદ (સલ્લ.)એ પ્રસ્તુત કરી છે, તે જ રીતે પહેલાંના તમામ પયગંબરો પણ તેને પ્રસ્તુત કરતા આવ્યા છે, અને દરેક જમાનામાં તેના ઉપર ઈમાન લાવવું મુસલમાન થવા માટે અનિવાર્ય શરત રહી છે. તમામ પયગંબરોએ તે વ્યક્તિને 'કાફિર' કહ્યો છે, જે આનાથી ઈન્કાર કરે અથવા તેમાં સંદેહ કરે, કેમ કે આ ધારણા વગર અલ્લાહ અને તેના ગ્રંથો અને તેના 'રસૂલો'ને માનવું તદ્દન નિરર્થક બની જાય છે અને મનુષ્યનું આખું જીવન ખરાબ થઈ જાય છે. જો તમે વિચાર કરો, તો આ વાત સરળતાથી સમજમાં આવી શકે છે. તમને જ્યારે પણ કોઈ કામ માટે કહેવામાં આવે છે તો સૌથી પહેલો પ્રશ્ન, જે તમારા મનમાં ઉદ્ભવે છે,

તે એ જ છે કે આના કરવાથી શું લાભ થશે ? અને ન કરવાથી નુકસાન શું છે ? આ પ્રશ્ન કેમ ઉદ્ભવે છે ? તેનું કારણ એ છે કે માનવ-પ્રકૃતિ પ્રત્યેક એવા કાર્યને નકામું સમજે છે, જેનું કોઈ પરિણામ ન હોય. તમે કોઈ એવા કામ માટે તૈયાર નહીં થાઓ, જેના વિશે તમને વિશ્વાસ હોય કે તેનાથી કોઈ લાભ નહીં થાય, અને એ જ રીતે તમે કોઈ એવી વસ્તુથી બચવાનું પણ નહીં ઇચ્છો, જેના વિશે તમને વિશ્વાસ હોય કે તેનાથી કોઈ હાનિ પહોંચવાની નથી. આ જ બાબત સંદેહ વિશે પણ છે. જે કાર્યના લાભમાં સંદેહ હોય, તેમાં તમારૂં મન કદાપિ નહીં લાગે અને જે કાર્યના નુકસાનકારક હોવામાં સંદેહ હોય, તેનાથી બચવાની પણ તમે કોઈ વિશેષ કોશિશ નહીં કરો. બાળકોને જુઓ, તેઓ આગમાં કેમ હાથ નાખી દે છે ? એટલા માટે જ ને, કે તેમને એ વાતનો વિશ્વાસ નથી કે આગ બાળવાવાળી વસ્તુ છે, અને તેઓ ભણવાથી કેમ ભાગે છે ? એ જ કારણસર ને, કે જે કંઈ ફાયદો તેમનાથી મોટાં તેમને સમજાવવાનો પ્રયાસ કરે છે, તે તેમના દિલમાં ઉતરતું નથી. હવે વિચારો, જે વ્યક્તિ 'આખિરત' (પરલોક)ને નથી માનતો, તે અલ્લાહને માનવા અને તેની ઇચ્છાનુસાર ચાલવાને નિષ્ફળતા સમજે છે, તેની દૃષ્ટિમાં ન તો અલ્લાહના આજ્ઞાપાલનથી કોઈ લાભ છે અને ન તેની અવજ્ઞાથી કોઈ નુકસાન. પછી કેવી રીતે સંભવ છે કે તે વ્યક્તિ તે આદેશોનું પાલન કરે, જે અલ્લાહે પોતાના પયગંબરો અને પોતાના ગ્રંથો દ્વારા આપ્યા છે ? માની લો, જો તેણે અલ્લાહને માની પણ લીધો, તો આવું માનવું તદ્દન નિરર્થક હશે, કેમ કે તે અલ્લાહના કાનૂનનું પાલન નહીં કરે અને તેની ઇચ્છાનુસાર નહીં ચાલે.

આ મામલો અહીં સુધી સીમિત નથી રહેતો, તમે હજુ વધુ વિચાર કરશો, તો તમને જણાશે કે આખિરતને માનવા કે ન માનવાનો માનવ-જીવન ઉપર નિર્ણયાત્મક પ્રભાવ પડે છે. જેમ કે અમે ઉપર વર્ણન કર્યું છે, મનુષ્યની પ્રકૃતિ જ એવી છે કે તે પ્રત્યેક કાર્ય કરવા કે ન કરવાનો નિર્ણય તેના લાભા-લાભની દૃષ્ટિએ કરે છે. હવે એક વ્યક્તિ તો તે છે, જેની દૃષ્ટિ કેવળ આ જ દુનિયાના લાભ અને હાનિ ઉપર છે. તે કોઈ એવાં સારા કાર્ય માટે કદાપિ તૈયાર નહીં થાય, જેનાથી કોઈ લાભ આ દુનિયામાં પ્રાપ્ત થવાની આશા ન હોય, અને કોઈ ખરાબ કાર્યથી નહીં બચે, જેનાથી આલોકમાં કોઈ હાનિ પહોંચવાનો ભય ન હોય. એક બીજો વ્યક્તિ છે, જેની દૃષ્ટિ કર્મોના અંતિમ પરિણામ ઉપર છે, તે સાંસારિક લાભ અને હાનિને માત્ર અસ્થાયી અને ક્ષણિક વસ્તુ સમજશે અને આખિરતના શાશ્વત અને સ્થાયી લાભ કે હાનિનું ધ્યાન રાખીને ભલાઈ અને નેકીને અપનાવશે અને બૂરાઈને ત્યજી દેશે, ભલે આ દુનિયામાં ભલાઈ અને નેકીથી ગમે તેટલું મોટું નુકસાન અને બૂરાઈથી ગમે તેટલો મોટો લાભ થવાનો હોય. જુઓ, બંનેમાં કેટલું મોટું અંતર થઈ ગયું ! એકની નજરમાં નેકી તે છે, જેનું કોઈ સારૂં પરિણામ આ દુનિયાના ક્ષણિક જીવનમાં પ્રાપ્ત થઈ જાય, ઉદાહરણાર્થ, કેટલાક રૂપિયા

મળી જાય, કોઈ જમીન હાથમાં આવી જાય, કોઈ હોદ્દો મળી જાય, કંઈક ખ્યાતિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ જાય, કેટલાક લોકો વાહ-વાહ કરે અથવા કંઈક આનંદ અને ખુશી પ્રાપ્ત થઈ જાય, કેટલીક ઈચ્છાઓ પૂરી થઈ જાય, કેટલીક વાસનાઓ સંતોષાઈ જાય; અને બૂરાઈ તે છે, જેનાથી કોઈ ખરાબ પરિણામ આ જીવનમાં સામે આવે અથવા સામે આવવાની આશંકા હોય, ઉદાહરણાર્થ, પ્રાણ અને ધન-સંપત્તિનું નુકસાન, સ્વાસ્થ્યની ખરાબી, અપયશ અને બદનામી, રાજ્ય તરફથી સજા, કોઈ પ્રકારની તકલીફ, રંજ કે ખિન્નતા. તેનાથી વિપરીત બીજી વ્યક્તિની નજરમાં ભલાઈ અને નેકી તે છે, જેનાથી અલ્લાહ પ્રસન્ન થઈ જાય અને બૂરાઈ તે છે, જેનાથી અલ્લાહ નારાજ થઈ જાય. ભલાઈ જો દુનિયામાં તેને કોઈ પ્રકારનો લાભ ન પહોંચાડે, બલ્કે નુકસાન-જ-નુકસાન પહોંચાડે, તો પણ તે તેને ભલાઈ અને નેકી જ સમજે છે, અને વિશ્વાસ રાખે છે કે અંતે, અલ્લાહ તેને ક્યારેય ખતમ ન થવાવાળો લાભ પહોંચાડશે; અને બૂરાઈથી ભલે અહીં કોઈ પ્રકારનું નુકસાન ન થાય, ન નુકસાનનો ભય હોય, બલ્કે સંપૂર્ણપણે લાભ-જ-લાભ દેખાય, તેમ છતાં તે તેને બૂરાઈ જ સમજે છે અને વિશ્વાસ રાખે છે કે જો હું દુનિયાના ક્ષણિક જીવનમાં સજાથી બચી ગયો અને કેટલાક દિવસ આનંદ કરતો રહ્યો, તો પણ અંતે અલ્લાહને ત્યાં 'અઝાબ' (યાતના)થી નહીં બચું.

આ બે ભિન્ન વિચારધારાઓ છે, જેના પ્રભાવથી મનુષ્ય બે ભિન્ન રીતો અપનાવે છે. જે વ્યક્તિ આખિરત ઉપર વિશ્વાસ નથી રાખતો, તેના માટે સંભવ નથી કે તે એક ડગલું પણ ઈસ્લામના માર્ગ ઉપર ચાલી શકે. ઈસ્લામ કહે છે કે ઈશ્વરીય માર્ગમાં ગરીબોને 'ઝકાત' આપો, તે જવાબ આપે છે કે 'ઝકાત'થી મારૂં ધન ઓછું થઈ જશે, હું તો મારા ધન ઉપર વ્યાજ લઈશ અને વ્યાજની ડિગ્રીમાં ગરીબોના મકાનનું તણખલું પણ જપ્ત કરાવી લઈશ. ઈસ્લામ કહે છે : હંમેશા સાચું બોલો અને જૂઠથી બચો, ભલે સચ્ચાઈમાં ગમે તેટલું નુકસાન અને જૂઠમાં ગમે તેટલો ફાયદો થાય. તે જવાબ આપે છે કે હું એવી સચ્ચાઈને લઈને શું કરૂં, જેનાથી મને નુકસાન થાય અને ફાયદો કંઈ જ ન થાય ? અને એવા જૂઠથી કેમ બચું, જે લાભદાયક હોય અને જેમાં બદનામીનો ભય સુદ્ધાં ન હોય ? તે એક નિર્જન માર્ગથી પસાર થાય છે, એક કિમતી વસ્તુ પડેલી તેને દેખાય છે. ઈસ્લામ કહે છે કે આ તારી વસ્તુ નથી, તુ તેને ન લે. તે જવાબ આપે છે કે વિના મૂલ્યની મળેલ વસ્તુને કેમ છોડી દઉં. અહીં કોઈ જોવાવાળું નથી જે પોલીસને ખબર આપે અથવા અદાલતમાં ગવાહી આપે, અથવા લોકોમાં મને બદનામ કરે, પછી કેમ હું આ વસ્તુથી લાભ ન ઉઠાવું ? એક વ્યક્તિ કોઈને જાણ ન થાય તે રીતે તેના પાસે અમાનત મૂકે છે અને મૃત્યુ પામે છે. ઈસ્લામ કહે છે કે કોઈની અમાનતમાં અપ્રમાણિકતા ન આચરો, તેની વસ્તુ તેના બાળ-બચ્ચાઓને પહોંચાડી દો. તે કહે છે, કેમ ? કોઈ સાક્ષી આ વાતની નથી કે મરવાવાળાની વસ્તુ

મારા પાસે છે, સ્વયં તેના કુટુંબીજનોને તેની ખબર સુદ્ધાં નથી. જ્યારે હું સરળતાથી તેને પચાવી શકું છું અને કોઈ કેસ અને કોઈ બદનામીનો ડર પણ નથી, તો તેને કેમ ખાઈ ન જાઉં ? તાત્પર્ય એ કે જીવનના માર્ગમાં ડગલે-ને-પગલે ઈસ્લામ તેને એક પદ્ધતિ ઉપર ચાલવાની શિક્ષા આપશે, અને તે તેનાથી વિરુદ્ધ બીજો રસ્તો અપનાવશે, કેમ કે ઈસ્લામમાં પ્રત્યેક વસ્તુનું મહત્ત્વ અને મૂલ્ય આખિરતના શાશ્વત પરિણામની દૃષ્ટિથી છે, પરંતુ તે વ્યક્તિ દરેક મામલામાં તે પરિણામોને જુએ છે, જે આ દુનિયાના ક્ષણિક જીવનમાં સામે આવે છે. હવે તમે સ્વયં સમજી શકો છો કે આખિરત ઉપર ઈમાન લાવ્યા વગર મનુષ્ય કેમ મુસલમાન નથી બની શકતો. મુસલમાન તો મોટી વાત છે, સત્ય તો એ છે કે આખિરતને ન માનવું મનુષ્યને માનવતાથી નીચલી પાયરીએ ઉતારીને પશુતાથી ખરાબ અવસ્થામાં લઈ જાય છે.

આખિરતની ધારણા : તેની સત્યતા અને બુદ્ધિગમ્ય સમર્થન :

આખિરતની ધારણાની આવશ્યકતા અને તેના લાભની તમને જાણ થઈ ગઈ. હવે અમે સંક્ષિપ્તમાં તમને એ બતાવીએ છીએ કે હઝરત મુહમ્મદ (સલ્લ.)એ આખિરતની ધારણા વિશે જે કંઈ દર્શાવ્યું છે, બૌદ્ધિક દૃષ્ટિકોણથી પણ તે જ સત્ય પ્રતીત થાય છે, જો કે આખિરત ઉપર આપણું ઈમાન માત્ર અલ્લાહના રસૂલ (પયગંબર) (સલ્લ.) ઉપર વિશ્વાસના કારણે છે, બુદ્ધિ તેનો આધાર નથી. પરંતુ જ્યારે આપણે સમજ-બૂઝથી કામ લઈએ છીએ, તો આપણને આખિરતની તમામ ધારણાઓમાં સૌથી વધુ આ જ ધારણા બુદ્ધિ-સંગત લાગે છે.

આખિરત વિશે ત્રણ જુદી-જુદી ધારણાઓ જોવા મળે છે.

એક વર્ગ કહે છે કે મનુષ્ય મર્યા પછી નાશ પામે છે, પછી કોઈ જીવન નથી. આ નાસ્તિકોનો વિચાર છે, જેઓ વૈજ્ઞાનિક હોવાનો દાવો કરે છે.

બીજો વર્ગ કહે છે કે મનુષ્ય પોતાના કર્મોનું ફળ ભોગવવા માટે વારંવાર આ જ જગતમાં જન્મ લે છે. જો તેના કર્મો ખરાબ છે, તો તે બીજા જન્મમાં કોઈ પશુ, જેમ કે કૂતરો કે બિલાડી બનીને આવશે, અથવા કોઈ વૃક્ષ બનીને જન્મશે કે પછી નિમ્ન કોટિના મનુષ્યનું રૂપ ધારણ કરશે અને જો તેના કર્મો સારા છે, તો વધારે ઉચ્ચ કોટિમાં પહોંચશે. આ વિચાર કેટલાક અપરિપક્વ ધર્મોમાં જોવા મળે છે.

ત્રીજો વર્ગ કયામત (પ્રલય) અને હશ્ર (પુનરુજ્જીવન, Resurrection) તથા અલ્લાહની અદાલતમાં ઉપસ્થિત થવા અને ઈનામ અને સજા ઉપર ઈમાન રાખે છે. આ તમામ નબીઓ (પયગંબરો)ની સર્વમાન્ય ધારણા છે.

હવે પ્રથમ વર્ગની ધારણા ઉપર વિચાર કરો. આ લોકોનું એવું કહેવું છે કે મૃત્યુ પશ્ચાત કોઈને જીવતો થતો અમે નથી જોયો. અમે તો એ જોઈએ છીએ કે જે મરી જાય છે, તે માટીમાં ભળી જાય છે. તેથી મૃત્યુ પછી કોઈ જીવન નથી, પરંતુ વિચાર

કરો, શું આ કોઈ દલીલ છે ? મૃત્યુ પછી તમે કોઈને જીવિત થતો નથી જોયો, તો તમે વધુમાં વધુ એ કહી શકો છો કે – 'અમે નથી જાણતા કે મૃત્યુ પછી શું થશે ?' તેનાથી આગળ વધીને તમે એ દાવો જે કરો છો કે – 'અમે જાણીએ છીએ કે મૃત્યુ પછી કંઈ જ નહીં થાય' તેનો તમારા પાસે શું પુરાવો છે ? આની તમારા પાસે શું સાબિતી છે ? એક ગમારે - ગામડાંમાં રહેતા માણસે જો વિમાન નથી જોયું, તો તે કહે છે કે – 'મને ખબર નથી કે વિમાન કેવું હોય છે ?' પરંતુ જયારે તે આવું કહેશે કે – 'હું જાણું છું કે વિમાન જેવી કોઈ વસ્તુ જ નથી.' તો બુદ્ધિશાળીઓ તેને મૂર્ખ કહેશે. એટલા માટે કે તેના કોઈ વસ્તુને ન જોવાનો એ અર્થ નથી થતો કે તે વસ્તુનું અસ્તિત્વ જ નથી. એક વ્યક્તિ અથવા સમગ્ર વિશ્વના લોકોએ પણ કોઈ વસ્તુને ન જોઈ હોય, તો એ દાવો કરી શકાય તેમ નથી કે તે નથી અથવા નથી હોઈ શકતી.

તે પછી બીજી ધારણાને લો. આ ધારણા અનુસાર એક વ્યક્તિ જો હાલ મનુષ્ય છે, તે એટલા માટે મનુષ્ય બની ગયો છે કે જયારે તે પશુ હતો, તો તેણે સારા કર્મો કર્યા હતા; અને એક પશુ, જે હાલ પશુ છે, તે એટલા માટે પશુ બની ગયો છે કે મનુષ્ય યોનિમાં તેણે ખરાબ કર્મો કર્યા હતા. બીજા શબ્દોમાં મનુષ્ય, પશુ અને વૃક્ષ થઈ જવું બધું વાસ્તવમાં પૂર્વ જન્મના કર્મોનું ફળ છે.

હવે પ્રશ્ન એ છે કે પહેલાં શું વસ્તુ હતી ? જો એવું કહે છે કે પહેલાં મનુષ્ય હતો, તો માનવું પડશે કે તેનાથી પહેલાં પશુ કે વૃક્ષ હશે, નહિં તો પૂછવામાં આવશે કે મનુષ્યનું શરીર તેને કયા સારા કર્મોના બદલામાં મળ્યું ? જો એવું કહે છે કે પશુ કે વૃક્ષ હતો, તો માનવું પડશે કે તેનાથી પહેલાં મનુષ્ય હશે, અન્યથા પ્રશ્ન થશે કે વૃક્ષ કે પશુની યોનિમાં તે કયા ખરાબ કર્મોની સજા ભોગવવા આવ્યો છે ? મતલબ એ કે આ આસ્થા કે ધારણાને માનવાવાળા સૃષ્ટિના જીવધારી વગેરેનો આરંભ કોઈ યોનિથી પણ નિશ્ચિત કરી શકતા નથી, કેમ કે પ્રત્યેક યોનિથી પહેલાંની યોનિનું હોવું આવશ્યક છે, જેથી પછીની યોનિને પહેલાંની યોનિના વ્યવહારનું પરિણામ કહી શકાય. આ વાત સ્પષ્ટ રૂપે બુદ્ધિથી વિપરીત છે.

હવે ત્રીજી ધારણાને લો. તેમાં સૌથી પહેલા એવું કહેવામાં આવ્યું છે કે – એક દિવસ કયામત (પ્રલય) આવશે અને અલ્લાહ પોતાના આ કારખાનાને તોડી-ફોડીને નવેસરથી એક બીજું ઉચ્ચ કોટિનું સ્થાઈ કારખાનું બનાવશે. આ એવી વાત છે, જેના સાચા હોવામાં કોઈ સંદેહ હોઈ શકતો નથી. દુનિયાના આ કારખાના ઉપર જેટલો વિચાર કરવામાં આવે છે, તેટલો જ એ વાતનો વધુ પુરાવો મળે છે કે આ હંમેશા રહેવાવાળું કારખાનું નથી, કેમ કે જેટલી શક્તિઓ આમાં કામ કરી રહી છે, તે તમામ સીમિત છે અને એક દિવસ તે નિશ્ચિતપણે નાશ પામશે. તેથી બધા વૈજ્ઞાનિકો એ વાત ઉપર સંમત થઈ ગયા છે કે એક દિવસ સૂર્ય ઠંડો અને પ્રકાશહીન બની જશે,

ગ્રહો એક-બીજાથી ટકરાઈ જશે અને દુનિયા નષ્ટ થઈ જશે.

બીજી વાત એ કહેવામાં આવી છે કે મનુષ્યને પુનઃ જીવન આપવામાં આવશે. શું આ અસંભવ છે ? જો આ અસંભવ છે, તો અત્યારે જે જીવન મનુષ્યને પ્રાપ્ત છે, તે કેવી રીતે સંભવ બની ગયું ? સ્પષ્ટ વાત છે કે જે અલ્લાહે આ દુનિયામાં મનુષ્યને પેદા કર્યો છે, તે બીજી દુનિયામાં પણ પેદા કરી શકે છે.

ત્રીજી વાત એ છે કે મનુષ્યએ આ લૌકિક જીવનમાં જેટલાં કર્મો કર્યા છે, તે બધાનો રેકોર્ડ સુરક્ષિત છે અને તે 'હશ્ર'ના દિવસે પ્રસ્તુત થશે. આ એવી વસ્તુ છે, જેનું પ્રમાણ આજે આપણને આ દુનિયામાં પણ મળે છે. પહેલાં એવું સમજવામાં આવતું હતું કે જે અવાજ આપણા મુખેથી નીકળે છે, તે હવામાં થોડી-ઘણી લહેરો ઉત્પન્ન કરીને નષ્ટ થઈ જાય છે. પરંતુ હવે જાણકારી મળી છે કે પ્રત્યેક અવાજ પોતાના આસ-પાસની ચીજ-વસ્તુઓ ઉપર પોતાની અસર છોડી જાય છે, જેને પુનઃ ઉત્પન્ન કરી શકાય છે. ગ્રામોફોન રેકોર્ડ આ જ સિદ્ધાંત ઉપર બનેલ છે. આનાથી જ એ જાણવા મળ્યું કે આપણા પ્રત્યેક કૃત્ય અને હલન-ચલનનો રેકોર્ડ તે તમામ ચીજ-વસતુઓ ઉપર અંકિત થઈ રહ્યો છે, જેના સાથે જે-તે કૃત્ય અને હલચ-ચલનનો કોઈ પણ રીતે ટકરાવ થાય છે. જ્યારે પરિસ્થિતિ આ છે, તો એ વાત સર્વથા વિશ્વસનીય પ્રતીત થાય છે કે આપણા કર્મોનો તમામ રેકોર્ડ સુરક્ષિત છે અને તેને પુનઃ પ્રસ્તુત કરી શકાય છે.

ચોથી વાત એ છે કે અલ્લાહ 'હશ્ર' (પુનરુજ્જીવન)ના દિવસે અદાલત ઊભી કરશે અને સત્યતાપૂર્વક આપણા સારા-નરસા કર્મોનું ઈનામ કે સજા આપશે. આને કોણ અસંભવ કહી શકે છે ? આમાં કઈ વાત બુદ્ધિસંગત નથી ? બુદ્ધિ તો સ્વયં એ ચાહે છે કે ક્યારેક અલ્લાહની અદાલત ઊભી થાય અને બરાબર સત્યતાપૂર્વક ફેંસલાઓ કરવામાં આવે. આપણે જોઈએ છીએ કે એક વ્યક્તિ ભલાઈ કરે છે અને તેનો કોઈ લાભ તેને આ દુનિયામાં પ્રાપ્ત થતો નથી. એક વ્યક્તિ બૂરાઈ કરે છે અને તેનાથી તેને કોઈ નુકસાન થતું નથી. એટલું જ નહિં, બલ્કે આપણે હજારો દાખલાઓ એવા જોઈએ છીએ કે એક વ્યક્તિએ ભલાઈ કરી અને તેને ફાયદો થવાને બદલે નુકસાન થયું અને એક વ્યક્તિએ બૂરાઈ આચરી અને તે ખૂબ મોજ-મજા કરતો રહ્યો. આ પ્રકારની ઘટનાઓને જોઈને બુદ્ધિની એ માંગ હોય છે કે ક્યાંક-ને-ક્યાંક સારા માણસને ભલાઈનું અને દુષ્ટ માણસને તેની દુષ્ટતાનું ફળ મળવું જોઈએ.

અંતિમ વસ્તુ 'જન્નત' અને 'દોઝખ' (સ્વર્ગ અને નર્ક) છે. તેનું અસ્તિત્વ પણ અસંભવ નથી. જો સૂર્ય, ચંદ્ર, પૃથ્વી અને તારાઓને અલ્લાહ બનાવી શકતો હોય, તો છેવટે જન્નત અને દોઝખને ન બનાવી શકવાનું કારણ શું છે ? જ્યારે તે અદાલત ઊભી કરશે અને લોકોને ઈનામ અને સજા આપશે, તો ઈનામ મેળવનારાઓ માટે માન-સન્માન, આનંદ અને હર્ષની કોઈ જગ્યા તેમજ સજા મેળવનારાઓ માટે

અપમાન, દુ:ખ અને કષ્ટની કોઈ જંગ્યા પણ હોવી જોઈએ.

આ વાતો ઉપર જ્યારે તમે વિચાર કરશો, તો તમારી બુદ્ધિ સ્વયં કહી ઉઠશે કે મનુષ્યના અંજામ વિશે જેટલી પણ ધારણાઓ—માન્યતાઓ જગતમાં જોવા મળે છે, તે બધામાં સૌથી વધારે દિલમાં અસર કરતી ધારણા આ જ છે, અને આમાં કોઈ વસ્તુ બુદ્ધિના વિરુદ્ધ કે અસંભવ નથી.

પછી જ્યારે આવી એક વાત હઝરત મુહમ્મદ (સલ્લ.) જેવા સાચા નબી (પયગંબર)એ કહી છે, અને તેમાં સર્વથા આપણી જ ભલાઈ છે, તો સમજદારીની વાત એ છે કે તેના ઉપર વિશ્વાસ કરવામાં આવે, ન એ કે આમ જ અકારણ કોઈ પુરાવા વિના સંદેહ કરવામાં આવે.

કલિમા તય્યબહ :

આ પાંચ ''અકીદાઓ' (આસ્થાઓ, માન્યતાઓ, ધારણાઓ) છે, જે ઈસ્લામના આધાર-સ્તંભો છે.[૪] આ પાંચ અકીદાઓનો સારાંશ માત્ર એક 'કલિમા'માં આવી જાય છે :

'લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્-રસૂલુલ્લાહ'.

જ્યારે તમે 'લા ઈલાહ ઈલ્લલ્લાહ' કહો છો, તો તમામ અસત્ય પૂજ્યો-ઉપાસ્યોને છોડીને કેવળ એક અલ્લાહની પૂજા અને બંદગી પર સંમત થાઓ છો અને જ્યારે તમે 'મુહમ્મદુર્-રસૂલુલ્લાહ' કહો છો, તો એ વાતની પુષ્ટિ કરો છો કે હઝરત મુહમ્મદ (સલ્લ.) અલ્લાહના રસૂલ (પયગંબર) છે. 'રિસાલત' (પયગંબરી, ઈશદૂતત્વ)ની પુષ્ટિની સાથે સ્વયં એ વાત તમારા માટે અનિવાર્ય બની જાય છે કે અલ્લાહની હસ્તી અને સત્તા અને તેના ગુણો તેમજ ફરિશ્તાઓ અને આકાશી ગ્રંથો (ઈશ્વરીય ગ્રંથો) અને નબીઓ (પયગંબરો) અને આખિરત વિશે જે કંઈ અને જેવું પણ હઝરત મુહમ્મદ (સલ્લ.)એ કહ્યું છે, તેના ઉપર ઈમાન લાવો અને અલ્લાહની ઈબાદત (બંદગી, પૂજા-ઉપાસના વગેરે) અને આજ્ઞાપાલનની જે રીત આપ સલ્લ.એ દર્શાવી છે, તેનું પાલન કરો.

---

૪. અમે અહીં ધારણાઓ—આસ્થાઓની સંખ્યા પાંચ દર્શાવી છે. આ ગણત્રી કુર્આનના વર્ણન (સૂર: અલ-બકરહ: આ-૨૮૫, સૂર: અન્-નિસા: આ-૧૩૬) ઉપર આધારિત છે. તેમાં કોઈ શંકા નથી કે હદીષમાં 'તકદીર' (ભાગ્ય)ને પણ ધારણાઓમાં સામેલ કરવામાં આવેલ છે અને એ પ્રમાણે મૌલિક ધારણાઓ પાંચના બદલે છ થાય છે; પરંતુ વાસ્તવમાં 'તકદીર' ઉપર ઈમાન અલ્લાહ ઉપર ઈમાન લાવવાનો જ એક ભાગ છે અને કુર્આનમાં આ ધારણાનો ઉલ્લેખ આ જ હેસિયતથી થયો છે. તેથી અમે પણ આ ધારણાને 'તૌહીદ' (એકેશ્વરવાદ)ની ધારણાની વ્યાખ્યામાં સામેલ કરી દીધી છે. બરાબર આ જ પ્રમાણે કેટલીક હદીષોમાં 'જન્નત' અને 'દોઝખ' અને 'સિરાત' અને 'મીઝાન'ને અલગ ધારણાના રૂપમાં વર્ણવવામાં આવેલ છે. પરંતુ વાસ્તવમાં આ તમામ 'આખિરત' ઉપર ઈમાનનો ભાગ છે.

પ્રકરણ – ૫

ઈબાદતો

અગાઉના પાનાંઓમાં તમને બતાવવામાં આવ્યું હતું કે હઝરત મુહમ્મદ (સલ્લ.)એ પાંચ વાતો પર ઈમાન લાવવાની શિક્ષા આપી છે :–

(૧) અલ્લાહ ઉપર ઈમાન, જે એકલો છે, જેનો કોઈ ભાગીદાર નથી.

(૨) અલ્લાહના ફરિશ્તાઓ ઉપર ઈમાન.

(૩) અલ્લાહના ગ્રંથો ઉપર ઈમાન, અને વિશેષતઃ કુર્આન-મજીદ ઉપર (જે અલ્લાહનો અંતિમ ગ્રંથ છે.)

(૪) અલ્લાહના રસૂલો (પયગંબરો) ઉપર ઈમાન, અને વિશેષતઃ તેના અંતિમ રસૂલ હઝરત મુહમ્મદ (સલ્લ.) ઉપર, અને

(૫) આખિરત (પરલોક)ના જીવન ઉપર ઈમાન.

આ ઈસ્લામના આધાર-સતંભો છે. જ્યારે તમે આ પાંચ વસ્તુઓ ઉપર ઈમાન લઈ આવો, તો મુસલમાનોના સમૂહમાં સામેલ થઈ ગયા, પરંતુ હજુ સંપૂર્ણ 'મુસ્લિમ' નથી થયા. મનુષ્ય સંપૂર્ણ 'મુસ્લિમ' ત્યારે થાય છે, જ્યારે તે તે આદેશોનું પાલન કરે, જે હઝરત મુહમ્મદ (સલ્લ.)ને અલ્લાહ તરફથી આપવામાં આવ્યા છે, કેમ કે 'ઈમાન' લાવવાના સાથે જ 'ઇતાઅત' (અનુસરણ કરવું, આજ્ઞાઓનું પાલન કરવું) તમારા માટે અનિવાર્ય બની જાય છે અને આ આજ્ઞાપાલનનું નામ જ ઈસ્લામ છે.

જુઓ, તમે માન્યું કે અલ્લાહ છે, તેનો અર્થ એ છે કે તે તમારો પ્રભુ અને માલિક છે અને તમે તેના દાસ અને સેવક. તે તમારો શાસક છે અને તમે તેના આજ્ઞાંકિત. હવે જો તેને માલિક અને શાસક માનીને તમે અવજ્ઞા કરી, તો તમે સ્વયં પોતાના સ્વીકાર અનુસાર વિદ્રોહી અને ગુનેગાર થયા. તે પછી તમે માન્યું કે કુર્આન ઈશ્વરીય ગ્રંથ છે, તેનો અર્થ એ થયો કે કુર્આનમાં જે કંઈ છે, તમે માની લીધું કે તે અલ્લાહની જ વાણી છે. હવે તમારા માટે અનિવાર્ય બની ગયું છે કે તેની પ્રત્યેક વાતને માનો અને દરેક આદેશ સામે માથું નમાવી દો. પછી તમે એ પણ માન્યું કે હઝરત મુહમ્મદ (સલ્લ.) અલ્લાહના રસૂલ (પયગંબર) છે. આ વાસ્તવમાં એ વાતનો સ્વીકાર છે કે હઝરત મુહમ્મદ (સલ્લ.)નું કોઈ વાત માટે આજ્ઞા કરવું અને કોઈ વાતથી રોકવું

અલ્લાહ તરફથી છે. હવે આના સ્વીકાર પછી હઝરત મુહમ્મદ (સલ્લ.)નું આજ્ઞાપાલન તમારા માટે અનિવાર્ય બની ગયું. આમ, તમે પૂર્ણ 'મુસ્લિમ' તે વખતે થશો, જયારે તમારૂં આચરણ તમારા ઈમાનના અનુકૂળ હોય. અન્યથા જેટલું તમારા ઈમાન અને આચરણમાં અંતર હશે, તેટલું જ તમારૂં ઈમાન અપૂર્ણ હશે.

આવો, હવે અમે તમને બતાવીએ કે હઝરત મુહમ્મદ (સલ્લ.)એ તમને અલ્લાહની મરજી અનુસાર જીવન વિતાવવાની રીત શું બતાવી છે ? કઈ વાતોના આચરણનો આદેશ આપ્યો છે અને કઈ વાતોથી રોક્યા છે ? આ સંદર્ભમાં સૌથી પ્રથમ વાત તે 'ઇબાદતો' (ઉપાસનાઓ) છે, જે તમારા માટે 'ફર્ઝ' (ફરજીયાત) કરવામાં આવેલ છે.

ઇબાદતનો અર્થ :

'ઇબાદત'નો અર્થ વાસ્તવમાં બંદગી અને દાસતા છે. તમે 'અબ્દ' (બંદા, દાસ) છો. અલ્લાહ તમારો પ્રભુ અને ઉપાસ્ય છે. દાસ પોતાના ઉપાસ્ય અને પ્રભુ માટે જે કંઈ કરે તે 'ઇબાદત' છે, જેમ કે તમે લોકોથી વાતચીત કરો છો, આ વાતચીત દરમ્યાન જો તમે જૂઠથી, નિંદાથી, અશ્લીલતાથી એટલા માટે બચો કે અલ્લાહે આ વસ્તુઓથી રોક્યા છે અને હંમેશા સચ્ચાઈ, ન્યાય, નેકી અને પવિત્રતાની વાત કરી; એટલા માટે કે અલ્લાહ આ વાતોને પસંદ કરે છે, તો તમારી આ તમામ વાતો 'ઇબાદત' હશે, ભલે તે બધી દુનિયાના મામલાઓ અંગે જ કેમ ન હોય. તમે લોકોથી લેવડ-દેવડ કરો છો, બજારમાં ખરીદ-વેચાણ કરો છો, પોતાના ઘરમાં માતા-પિતા અને ભાઈ-બહેનો સાથે રહો છો, પોતાના મિત્રો અને સંબંધીઓથી હળો-મળો છો. જો પોતાના જીવનના આ તમામ વ્યવહારોમાં તમે અલ્લાહના આદેશોને અને તેના કાનૂનોને ધ્યાનમાં રાખ્યા, પ્રત્યેકનો હક્ક અદા કર્યો, એમ સમજીને કે અલ્લાહે તેનો આદેશ આપ્યો છે, અને કોઈનો હક્ક નથી માર્યો, એમ સમજીને કે અલ્લાહે તેનાથી રોક્યા છે, તો જાણે તમારૂં સંપૂર્ણ જીવન અલ્લાહની 'ઇબાદત'માં વ્યતીત થયું. તમે કોઈ ગરીબની મદદ કરી, કોઈ ભૂખ્યાને ભોજન કરાવ્યું, કોઈ બીમારની ચાકરી કરી અને આ તમામ કાર્યોમાં તમે પોતાના કોઈ વ્યક્તિગત લાભ કે સન્માન કે ખ્યાતિને નહિં, બલ્કે અલ્લાહની જ પ્રસન્નતાને ધ્યાનમાં રાખી, તો આ બધાની ગણના 'ઇબાદત'માં થશે. તમે વેપાર કે શિલ્પકાર્ય કે મજૂરીનું કાર્ય કર્યું અને તેમાં અલ્લાહથી ડરીને સંપૂર્ણ સત્ય-નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કર્યું, હલાલ (વૈધ)ની રોજી કમાવી અને હરામ (અવૈધ)થી બચ્યા, તો આ રોજી કમાવી પણ અલ્લાહની 'ઇબાદત'માં લખવામાં આવશે, જો કે તમે પોતાની આજીવિકા કમાવા માટે આ કાર્યો કર્યા હતા. તાત્પર્ય એ છે કે દુનિયાના જીવનમાં હર પળ દરેક મામલામાં અલ્લાહથી ડરવું, તેની પ્રસન્નતાને ધ્યાનમાં રાખવું, તેના કાનૂનનું પાલન કરવું, પ્રત્યેક એવા ફાયદાને ઠુકરાવી દેવો જે તેની અવજ્ઞાથી

પ્રાપ્ત થતો હોય અને પ્રત્યેક એવા નુકસાનને સહન કરી લેવું જે તેના આજ્ઞાપાલનમાં પહોંચે અથવા પહોંચવાનો ભય હોય, આ અલ્લાહની 'ઈબાદત' છે. આ પ્રકારનું જીવન બધી રીતે 'ઈબાદત' જ ઈબાદત છે, ત્યાં સુધી કે આવા જીવનમાં ખાવું-પીવું, ચાલવું-ફરવું, સૂવું-જાગવું, વાતચીત કરવી બધું જ 'ઈબાદત'માં સામેલ છે.

આ 'ઈબાદત'નો વાસ્તવિક અર્થ છે અને ઈસ્લામનો વાસ્તવિક ઉદ્દેશ્ય મુસલમાનને આવો જ ઉપાસક અને સેવક બનાવવાનો છે. આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે ઈસ્લામમાં કેટલીક એવી ઈબાદતો અનિવાર્ય કરવામાં આવી છે, જે મનુષ્યને આ મોટી ઈબાદત માટે તૈયાર કરે છે. એમ સમજી લો કે આ વિશેષ ઈબાદતો તે મોટી ઈબાદત માટેનો 'ટ્રેઈનિંગ કૉર્સ' છે, જે વ્યક્તિ આ ટ્રેઈનિંગ સારી રીતે પ્રાપ્ત કરશે, તે આ મોટી અને વાસ્તવિક ઈબાદતને એટલી જ સારી રીતે અદા કરી શકશે. તેથી આ વિશેષ ઈબાદતોને મુખ્ય કર્તવ્ય ઠરાવવામાં આવેલ છે અને તેને 'દીનના અરકાન' અર્થાત્ ધર્મ-સ્તંભો કહેવામાં આવે છે. જે રીતે એક ઈમારત કેટલાક સ્તંભો (Columns) ઉપર સ્થિત હોય છે, તે જ રીતે ઈસ્લામી જીવનની ઈમારત પણ આ સ્તંભો ઉપર કાયમ છે. તેને તોડી નાખશો, તો ઈસ્લામની ઈમારતને ધ્વસ્ત કરી નાખશો.

નમાઝ :

આ અનિવાર્ય ચીજોમાં સૌપ્રથમ 'નમાઝ' છે. આ નમાઝ શું છે ? દિવસમાં પાંચ વાર જબાનથી અને અમલથી તે જ વસ્તુઓને દોહરાવવી, જેના ઉપર તમે 'ઈમાન' લાવ્યા છો. તમે વહેલી પરોઢે ઉઠ્યા અને સૌથી પહેલા સ્વચ્છ અને શુદ્ધ થઈને પોતાના અલ્લાહની સેવામાં પહોંચી ગયા, તેના સામે ઊભા રહીને, બેસીને, નમીને, જમીન ઉપર માથું ટેકવીને પોતાના સેવક અને દાસ હોવાનો સ્વીકાર કર્યો, તેનાથી મદદ માગી, તેની પ્રસન્નતા પામવા અને તેના પ્રકોપથી બચવાની ઈચ્છાને વારંવાર દોહરાવી, તેના ગ્રંથના પઠનને દોહરાવ્યું. તેના રસૂલ (પયગંબર)ની સચ્ચાઈ ઉપર સાક્ષી આપી અને તે દિવસને પણ યાદ કરી લીધો, જ્યારે તમે તેની અદાલતમાં પોતાના કર્મો માટે ઉત્તરદાયીના રૂપમાં ઉપસ્થિત થશો. આ પ્રમાણે તમારો દિવસ શરૂ થયો. કેટલાક કલાકો તમે પોતાના કાર્યોમાં વ્યસ્ત રહ્યા, પછી 'જુહ્ર'[1]ના સમયે 'મુઅઝ્ઝીન'[2]એ તમને યાદ દેવડાવ્યું કે આવો અને કેટલીક મિનિટો માટે તે પાઠને ફરી દોહરાવી લો. ક્યાંક એવું ન થાય કે તેને ભૂલીને તમે અલ્લાહથી ગાફેલ થઈ જાઓ. તમે ઊભા થયા અને ઈમાન તાજું કરીને ફરી દુનિયા અને તેના કાર્યો તરફ પાછા ફર્યા. કેટલાક કલાક પછી ફરી 'અસ્ર'[3]ના સમયે તમને બોલાવવામાં આવે છે અને તમે ફરી

૧. દિવસ ઢળવાનો સમય, ત્રીજો પહોર.

૨. અઝાન આપનાર, બાંગ પોકારનાર.

૩. દિવસનો ચોથો પહોર, તે નમાઝ જે જુહ્ર પછી થોડોક દિવસ બાકી રહી જાય ત્યારે પઢવામાં આવે છે.

ઈમાન તાજું કરી લીધું. તે પછી 'મગ્રિબ' (સૂર્યાસ્ત) થયો અને રાત શરૂ થઈ ગઈ. વહેલી પરોઢે તમે દિવસનો આરંભ જે 'ઇબાદત'ના સાથે કર્યો હતો, રાતનો આરંભ પણ તેનાથી કર્યો, જેથી રાત્રે પણ તે પાઠને ભૂલી ન જવાય અને તેને ભૂલીને ભટકી ન જવાય. કેટલાક કલાકો પછી 'ઇશા'[૪] થઈ અને સૂવાનો સમય આવી ગયો. હવે છેલ્લી વાર ઈમાનની બધી શિક્ષાઓ યાદ કરાવી દેવામાં આવી, કેમ કે આ શાંતિનો સમય છે. દિવસના કોલાહલમાં જો તમને પૂર્ણ રૂપે ધ્યાન આપવાનો અવસર ન મળ્યો હોય, તો આ સમયે શાંતિથી ધ્યાન આપી શકો છો.

જુઓ, આ તે વસ્તુ છે, જે દરરોજ પાંચ વાર તમારા 'ઇસ્લામ'ના પાયાને મજબૂત કરે છે. આ વારંવાર તમને તે મોટી 'ઇબાદત' માટે તૈયાર કરે છે, જેનો અર્થ હમણાં કેટલીક લીટીઓ પહેલાં અમે તમને સમજાવી દીધો છે. આ તે તમામ ધારણાઓને તાજી કરતી રહે છે, જેના ઉપર તમારા મનની પવિત્રતા, આત્માનો વિકાસ, ચરિત્ર, સ્વભાવ અને આચરણની સુધારણાનો આધાર છે. વિચાર કરો, 'વુઝૂ'[૫]માં તમે તે રીતને કેમ અપનાવો છો, જે અલ્લાહના રસૂલે (પયગંબરે) દર્શાવી છે અને 'નમાઝ'માં તે તમામ વસ્તુઓ કેમ પઢો છો, જેની શિક્ષા અલ્લાહના રસૂલે આપી છે? એટલા માટે જ ને, કે તમે હઝરત મુહમ્મદ (સલ્લ.)ના આજ્ઞાપાલનને અનિવાર્ય સમજો છો. કુર્આન તમે જાણી-બૂઝીને કેમ ખોટું નથી પઢતા? એટલા માટે જ ને, કે તમને તેના અલ્લાહના કલામ (ઈશ્વરીય વાણી) હોવામાં વિશ્વાસ છે. નમાઝમાં જે વસ્તુઓ ખામોશીથી પઢવામાં આવે છે, જો તમે તેને ન પઢો અથવા તેના બદલે બીજું કંઈ પઢો, તો તમને કોનો ડર છે ? કોઈ મનુષ્ય તો સાંભળવાવાળો નથી. સ્પષ્ટ છે કે તમે એ જ સમજો છો કે ખામોશીથી જે કંઈ આપણે પઢીએ છીએ, તેને પણ અલ્લાહ સાંભળી રહ્યો છે અને તે આપણી કોઈ છૂપી ગતિવિધિથી અજાણ નથી. જ્યાં કોઈ જોવાવાળું ન હોય, ત્યાં કઈ વસ્તુ તમને નમાઝ માટે ઊભા કરી દે છે? તે એ જ વિશ્વાસ તો છે કે અલ્લાહ તમને જોઈ રહ્યો છે. નમાઝના સમયે અત્યંત જરૂરી કામો છોડાવીને કઈ વસ્તુ તમને નમાઝ તરફ લઈ જાય છે? તે એ જ તો અનુભૂતિ છે કે નમાઝને અલ્લાહે અનિવાર્ય કરી છે, ઠંડીમાં વહેલી પરોઢે અને ગરમીમાં બપોરે અને દરરોજ સંધ્યા-કાળે હૃદયંગમ મનોરંજનોમાં 'મગ્રિબ' (સૂર્યાસ્ત)ના સમયે કઈ વસ્તુ તમને નમાઝ પઢવા માટે વિવશ કરી દે છે? તે કર્તવ્ય-ભાન નથી તો શું છે? પછી નમાઝ ન પઢવા કે નમાઝમાં જાણી-બૂઝીને ભૂલ કરવાથી તમે કેમ ડરો છો? એટલા માટે કે તમને અલ્લાહનો ભય છે અને તમે જાણો છો કે એક દિવસ તેની અદાલતમાં ઉપસ્થિત થવાનું છે. તમે બતાવો,

---

૪. રાત્રિનો પહેલો પહોર, રાત્રિનો અંધકાર. તે નમાઝ જે મગ્રિબનો સમય સમાપ્ત થઈ ગયા પછી પઢવામાં આવે છે.

૫. નમાઝ અદા કર્યા પૂર્વે હાથ, પગ, ચહેરો વગેરે ધોવાની ક્રિયા.

નમાઝથી ઉત્તમ બીજી કઈ એવી ટ્રેઈનિંગ હોઈ શકે છે, જે તમને સંપૂર્ણ અને સાચો મુસલમાન બનાવનારી હોય? મુસલમાન માટે આનાથી સારૂં પ્રશિક્ષણ બીજું કયું હોઈ શકે છે કે તે દરરોજ વારંવાર અલ્લાહના સ્મરણ અને તેના ભય તથા તેના સર્વવ્યાપી અને સર્વજ્ઞ હોવાના વિશ્વાસ અને અલ્લાહની અદાલતમાં રજૂ થવાની ધારણાને તાજું કરતું રહે અને દરરોજ ઘણી વખત અનિવાર્ય રૂપે અલ્લાહના રસૂલ (સલ્લ.)ના અનુસરણનો અને પ્રાતઃકાળથી રાત્રિ સુધી પ્રત્યેક કેટલાક કલાકો પછી તેને કર્તવ્યપાલનનો અભ્યાસ કરાવવામાં આવતો રહે. આવા વ્યક્તિથી એ અપેક્ષા કરી શકાય છે કે જ્યારે તે નમાઝથી નિવૃત્ત થઈને સાંસારિક કાર્યોમાં વ્યસ્ત હશે, તો ત્યાં પણ તે અલ્લાહથી ડરશે અને તેના કાનૂનનું પાલન કરશે; અને દરેક ગુના અને પાપ વખતે તેને યાદ હશે કે અલ્લાહ મને જોઈ રહ્યો છે. જો કોઈ આવી ઉચ્ચ પ્રકારની ટ્રેઈનિંગ પછી પણ અલ્લાહથી ન ડરે અને તેના આદેશોનું ઉલ્લંઘન ન છોડે, તો તે નમાઝનો કસૂર નથી, બલ્કે સ્વયં તે વ્યક્તિના વિકૃત મનનો દોષ છે.

પછી જુઓ, અલ્લાહે નમાઝને 'જમાત' સાથે (સામૂહિક રૂપે) પઢવાની તાકીદ કરી છે અને વિશેષ રૂપે સપ્તાહમાં એક વાર 'જુમ્આ' (શુક્રવાર)ની નમાઝ જમાત સાથે પઢવાનું અનિવાર્ય કરી દીધું છે. આ મુસલમાનોમાં એકતા અને બંધુત્વ પેદા કરવાવાળી વસ્તુ છે. તેમને મેળવીને એક મજબૂત સમૂહ બનાવે છે. જ્યારે તે સૌ મળીને એક અલ્લાહની ઇબાદત કરે છે, એક સાથે ઉઠે છે અને બેસે છે, તો આપોઆપ તેમના હૃદય એક-બીજાથી જોડાઈ જાય છે અને તેમનામાં એ ભાવના જાગૃત થઈ જાય છે કે અમે-સૌ ભાઈ-ભાઈ છીએ. પછી આ જ વસ્તુ તેમનામાં એક નેતાના આજ્ઞાપાલનની ક્ષમતા ઉત્પન્ન કરે છે અને તેમને નિયમિતતાનો પાઠ ભણાવે છે. આનાથી તેમનામાં હમદર્દી અને સહાનુભૂતિ પેદા થઈ જાય છે, સમાનતા અને આત્મિયતાની ભાવના આવી જાય છે. ધનવાન અને નિર્ધન, મોટાં અને નાના, ઉચ્ચ પદાધિકારી અને સામાન્ય નોકર બધાં એક સાથે ઊભા હોય છે, ન કોઈ ઊંચી જાતિનો હોય છે, ન કોઈ નીચી જાતિનો.

આ તે અસંખ્ય લાભોમાંથી કેટલાક લાભ છે, જે તમારી નમાઝથી અલ્લાહને નહિં, બલ્કે સ્વયં તમને પ્રાપ્ત થાય છે. અલ્લાહે તમારા ફાયદા માટે આ વસ્તુઓને અનિવાર્ય કરી છે, અને ન પઢવાથી તે એટલા માટે નારાજ નથી થતો કે તમે તેને કોઈ નુકસાન પહોંચાડ્યું, બલ્કે એટલા માટે નારાજ થાય છે કે તમે પોતે પોતાને નુકસાન પહોંચાડ્યું. કેવી પ્રબળ શક્તિ નમાઝ દ્વારા અલ્લાહ તમને પ્રદાન કરી રહ્યો છે અને તમે તેને હાંસલ કરવાથી મોઢું ફેરવો છો! કેટલી શરમજનક વાત છે કે તમે જબાનથી તો અલ્લાહની પ્રભુતા અને રસૂલના આજ્ઞાપાલન અને આખિરતમાં પોતાના કર્મોના ઉત્તરદાયિત્વને માનો, અને તમારૂં આચરણ એ હોય કે અલ્લાહ અને રસૂલે જે વસ્તુઓને

તમારા માટે અનિવાર્ય કરી છે, તેનું પાલન ન કરો ! તમારી આ નીતિ પાછળ બેમાંથી કોઈ એક વાત અવશ્ય કામ કરી રહી છે, કાં તો તમને નમાઝના અનિવાર્ય હોવાનો ઈન્કાર છે, અથવા તમે તેને અનિવાર્ય તો સમજો છો, અને પછી તેનું પાલન કરવાથી દૂર રહો છો. જો અનિવાર્ય હોવાથી ઈન્કાર છે, તો તમે કુર્આન અને અલ્લાહના રસૂલ (સલ્લ.) બંનેને જૂઠા ઠેરવો છો અને પછી આ બંને ઉપર ઈમાન લાવવાનો જૂઠો દાવો કરો છો, અને જો તમે તેને અનિવાર્ય માનીને, પછી તેનું પાલન નથી કરતા, તો તમે મોટાં અવિશ્વસનીય માણસ છો, તમારા ઉપર દુનિયાના કોઈ મામલામાં પણ ભરોસો કરી શકાય તેમ નથી. જયારે તમે અલ્લાહની ડ્યૂટીમાં ચોરી કરી શકો છો, તો કોઈ શું આશા કરી શકે છે કે મનુષ્યોની ડ્યૂટીમાં ચોરી નહીં કરો.

રોઝા :

બીજી અનિવાર્ય વસ્તુ 'રોઝા' છે. આ 'રોઝા' શું છે ? જે પાઠને નમાઝ પ્રતિદિન પાંચ વાર યાદ દેવડાવે છે, તેને રોઝા વર્ષમાં એક વાર આખા મહિના સુધી હર પળ યાદ દેવડાવતા રહે છે. રમઝાન[૬] આવ્યો અને સવારથી લઈને સાંજ સુધી તમારૂં ખાવા-પીવાનું બંધ થયું. 'સેહરી'[૭]ના સમયે તમે ખાઈ-પી રહ્યા હતા, અચાનક અઝાન થઈ અને તમે તરત જ હાથ રોકી લીધો. હવે ગમે તેટલું સ્વાદિષ્ટ ભોજન તમારા સામે આવે, ગમે તેટલી ભૂખ-તરસ લાગી હોય, ગમે તેટલી ઈચ્છા હોય, તમે સંધ્યાકાળ સુધી કંઈ જ ખાતા નથી. એટલું જ નહિં કે લોકોની સામે નથી ખાતા; નહીં, એકાંતમાં પણ નહીં, જ્યાં કોઈ જોવાવાળું નથી હોતું. એક ટીપું પાણી પીવું કે એક દાણો ગળાની નીચે ઉતારી દેવો પણ તમારા માટે અસંભવ હોય છે. પછી આ તમામ રુકાવટો એક મુદ્દત સુધી જ રહે છે. એક તરફ મગ્‌રિબની અઝાન થઈ અને તમે 'ઈફતાર'[૮] તરફ ધસો છો. તમે કોઈ પણ જાતના ડર વિના રાત્રિભર જયારે અને જે વસ્તુ ચાહો, ખાઓ છો. વિચાર કરો, આ શું છે ? તેના પાછળ અલ્લાહનો ભય છે, તેના સર્વવ્યાપી અને સર્વજ્ઞાની હોવાનો વિશ્વાસ છે, આખિરતના જીવન અને અલ્લાહની અદાલત ઉપર ઈમાન છે, કુર્આન અને રસૂલનું પૂર્ણ આજ્ઞાપાલન છે, કર્તવ્યપાલનની પ્રબળ ભાવના છે, ધૈર્ય અને સંકટોના સામનાનો અભ્યાસ છે, અલ્લાહની પ્રસન્નતાના મુકાબલામાં મનની ઈચ્છાઓને રોકવા અને દબાવવાની શક્તિ છે. પ્રત્યેક વર્ષે 'રમઝાન' મહિનો આવે છે, જેથી આખા ત્રીસ દિવસ સુધી આ રોઝા તમને પ્રશિક્ષિત કરે અને તમારામાં તે તમામ ગુણો ઉત્પન્ન કરવાની કોશિશ કરે, જેથી

---

૬. તે અરબી મહિનો, જેમાં રોઝા રાખવાં અનિવાર્ય છે.

૭. સૂર્યોદયથી પહેલાનો વખત, જેમાં કંઈક ખાઈ-પી લેવામાં આવે છે, જેથી દિવસમાં રોઝા રાખવામાં વધુ કષ્ટ ન થાય.

૮. કંઈક ખાઈ-પીને રોઝા ખોલવું.

તમે સંપૂર્ણ અને સાચા મુસલમાન બનો, અને આ ગુણ તમને તે 'ઇબાદત'ના લાયક બનાવે, જે એક મુસલમાનને પોતાના જીવનમાં દરેક સમયે કરવી જોઈએ.

પછી જુઓ, અલ્લાહે તમામ મુસલમાનો માટે રોઝા એક જ વિશેષ મહિનામાં અનિવાર્ય કર્યા છે, જેથી બધા મળીને રોઝા રાખે, અલગ-અલગ ન રાખે. તેના અસંખ્ય બીજા ફાયદા પણ છે. સમસ્ત ઇસ્લામી આબાદીમાં આખો એક મહિનો પવિત્રતાનો મહિનો હોય છે, સમગ્ર વાતાવરણ ઉપર ઈમાન અને અલ્લાહનો ડર અને આદેશોનું પાલન અને ચારિત્ર્યની પવિત્રતા અને સદ્કાર્યો છવાઈ જાય છે. આ માહોલમાં બૂરાઈઓ દબાઈ જાય છે અને ભલાઈઓ ઉભરી આવે છે. સારા લોકો નેક કામોમાં એક-બીજાની મદદ કરે છે. ખરાબ લોકો ખરાબ કામો કરતા શરમાય છે. ધનવાન લોકોમાં ગરીબોની સહાયતા કરવાની ભાવના જાગૃત થાય છે. અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવામાં આવે છે. તમામ મુસલમાનો એક સ્થિતિમાં હોય છે અને તેમનામાં એ ભાવના ઉત્પન્ન થાય છે કે અમે-સૌ એક 'જમાત' (સમુદાય) છીએ. તેમનામાં ભાઈચારો, હમદર્દી અને સહાનુભૂતિ અને એકતા પેદા કરવાનો આ એક સચોટ ઉપાય છે.

આ તમામ આપણા જ ફાયદા છે. આપણને ભૂખ્યા રાખવામાં અલ્લાહનો કોઈ ફાયદો નથી. તેણે આપણી ભલાઈ અને હિત માટે જ રમઝાનના રોઝા આપણા ઉપર અનિવાર્ય કર્યા છે. આ 'ફર્ઝ' (અનિવાર્યતા)ને જે લોકો કોઈ ઉચિત કારણ વગર અદા નથી કરતા, તેઓ સ્વયં પોતાના ઉપર અત્યાચાર કરે છે અને સૌથી શરમજનક વલણ તેમનું છે, જેઓ રમઝાનમાં ખુલ્લંખુલ્લા ખાય-પીએ છે, તેઓ જાણે એ વાતનું એલાન કરે છે કે અમે મુસલમાનોના સમુદાયમાંથી નથી, અમને ઇસ્લામના આદેશોની કોઈ પરવા નથી, અને અમે એવા સ્વચ્છંદ છીએ કે જેને અલ્લાહ માનીએ છીએ, તેના આજ્ઞાપાલનથી પણ ખુલ્લંખુલ્લા મોઢું ફેરવીએ છીએ. બતાવો, જે લોકો માટે પોતાના સમુદાયથી અલગ થવું એક સરળ વાત હોય, જેમને પોતાના સર્જનહાર અને રોજી આપનારથી વિદ્રોહ કરતા સહેજ પણ શરમ ન આવે અને જેઓ પોતાના દીન (ધર્મ)ના સૌથી મોટાં પેશવા (આગેવાન)ના નિયત કરેલ કાનૂનને ખુલ્લંખુલ્લા તોડી નાખે, તેમનાથી કોઈ વ્યક્તિ કયા વચન-પાલન, સદાચાર અને વિશ્વસનીયતા, કઈ કર્તવ્ય-નિષ્ઠા અને કાનૂનના પાલનની આશા રાખી શકે છે?

ઝકાત :

ત્રીજી અનિવાર્ય વસ્તુ 'ઝકાત' છે. અલ્લાહે પ્રત્યેક મુસલમાન ધનવાન વ્યક્તિ માટે અનિવાર્ય કર્યું છે કે જો તેના પાસે ઓછામાં ઓછી સાડા બાવન તોલા ચાંદી હોય અને પોતાની પાસે રાખતાં તેના ઉપર આખું એક વર્ષ વીતી જાય, તો તે તેમાંથી ચાલીસમો ભાગ પોતાના કોઈ ગરીબ સગાં-સંબંધી અથવા કોઈ જરૂરતમંદ મોહતાજ, કોઈ અસહાય નિર્ધન, કોઈ નવમુસ્લિમ, કોઈ મુસાફર અથવા કોઈ દેવામાં ગ્રસ્ત

વ્યક્તિને આપી દે.[૯]

આ પ્રમાણે અલ્લાહે ધનવાનોની સંપત્તિમાં નિર્ધનો માટે ઓછામાં ઓછા અઢી ટકા ભાગ નિશ્ચિત કરી દીધો છે.[૧૦] આનાથી અધિક જો કોઈ કંઈક આપે, તો 'એહસાન' છે, જેનું પુણ્ય (સવાબ) ખૂબ વધુ હશે.

જુઓ, આ ભાગ અલ્લાહને નથી પહોંચતો. તેને તમારી કોઈ વસ્તુની આવશ્યકતા નથી. પરંતુ તે કહે છે કે જો તમે ખુશીથી મારા માટે પોતાના કોઈ ગરીબ ભાઈને કંઈક આપ્યું, તો જાણે મને આપ્યું; તેના તરફથી હું તમને અનેક ગણું વધારે વળતર આપીશ. અલબત્ત, શરત એ છે કે તેને આપીને તમે કોઈ ઉપકાર ન જતાવજો, તેનું અપમાન ન કરજો, તેનાથી આભારની અપેક્ષા ન રાખજો, એ કોશિશ પણ ન કરજો કે તમારા આ દાનની લોકોમાં ચર્ચા થાય અને લોકો તમારી પ્રશંસા કરે કે આ સાહેબ તો મોટાં સખીદાતા અને દાનશીલ છે. જો તમે આ તમામ અપવિત્ર વિચારોથી પોતાના હૃદયને શુદ્ધ રાખશો અને કેવળ મારી પ્રસન્નતા કાજે પોતાના ધનમાંથી નિર્ધનોને હિસ્સો આપશો, તો હું મારા પાસેથી તમને તે હિસ્સો આપીશ, જે કદાપિ સમાપ્ત નહીં થાય.

અલ્લાહે આ ઝકાતને પણ આપણા માટે તે જ પ્રમાણે અનિવાર્ય કરી છે, જે પ્રમાણે નમાઝ અને રોઝાને અનિવાર્ય કર્યા છે. આ ઈસ્લામનો ખૂબ મોટો સ્તંભ છે અને તેને સ્તંભ એટલા માટે માનવામાં આવે છે કે આ મુસલમાનોમાં અલ્લાહની ખુશી માટે બલિદાન અને ત્યાગનો ગુણ પેદા કરે છે. સ્વાર્થ, હૃદયની સંકુચિતતા અને ધન-લોલુપતાના દુર્ગુણોને દૂર કરે છે. ધનની પૂજા કરવાવાળો અને પૈસા ઉપર પ્રાણ ન્યોછાવર કરનારો લોભી અને કંજૂસ માણસ ઈસ્લામના કોઈ કામનો નથી. જે વ્યક્તિ અલ્લાહની આજ્ઞાથી પોતાના ઘટ્ટ પરસેવાની કમાણી કોઈ પણ પ્રકારના અંગત સ્વાર્થ વગર ન્યોછાવર કરી શકતો હોય, તે જ ઈસ્લામના સીધા માર્ગ ઉપર ચાલી શકે છે. ઝકાત મુસલમાનોને આ બલિદાન અને ત્યાગનો અભ્યાસ કરાવે છે અને તેને એ કાબેલ બનાવે છે કે અલ્લાહના માર્ગમાં જ્યારે ધન ખર્ચ કરવાની જરૂર પડે, તો તે પોતાના

---

૯. ઝકાત કેવળ ચાંદીમાં નહિં, બલ્કે સોના અને ચાંદી અને વ્યાપારિક માલ-સામાન અને પશુઓમાં પણ છે. આ બધી ચીજ-વસ્તુઓના કેટલા પરિમાણમાં કેટલી ઝકાત છે, તેની જાણકારી તમને 'ફિક્હ' (ધર્મશાસ્ત્ર)ના ગ્રંથોથી મળી શકે છે. અહીં માત્ર ઝકાતના શુભ-હેતુ અને લાભ સમજાવવાનો ઉદ્દેશ્ય છે. તેથી કેવળ ચાંદીને ઉદાહરણ રૂપમાં દર્શાવવામાં આવેલ છે.

૧૦. એ વાત નોંધનીય છે કે અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)એ પોતાના વંશના લોકો માટે અર્થાત્ 'સય્યિદો' અને 'હાશિમીઓ' માટે ઝકાત લેવું હરામ કરી દીધું છે. 'સય્યિદો' અને 'હાશિમીઓ' માટે ઝકાત આપવું તો અનિવાર્ય છે, પણ તેમના માટે ઝકાત લેવું નિષિદ્ધ છે. જે વ્યક્તિ કોઈ ગરીબ 'સય્યિદ' કે 'હાશિમી'ની મદદ કરવા માગતો હોય, તે ભેટ કે ઉપહાર આપી શકે છે. સદકા અને ઝકાત નથી આપી શકતો.

ધનને છાતીથી વળગાડીને બેસ્યો ન રહે, બલ્કે દિલ ખોલીને ખર્ચ કરે.

ઝકાતનો સાંસારિક લાભ એ છે કે મુસલમાનો પરસ્પર એક-બીજાની મદદ કરે. કોઈ મુસલમાન નિર્વસ્ત્ર, ભૂખ્યો અને અપમાનિત દશામાં ન હોય. જે ધનવાન છે, તે દીન-દુખિયાઓની સાર-સંભાળ રાખે અને જે નિર્ધન છે, તે ભીખ માગતો ન ફરે. કોઈ પોતાના ધનને માત્ર પોતાના ભોગ-વિલાસ અને ઠાઠ-માઠમાં ન ઉડાવી દે, બલ્કે એ પણ યાદ રાખે કે તેમાં તેની જાતિના અનાથો અને વિધવા મહિલાઓ અને ગરીબોનો પણ હક્ક છે. તેમાં એ લોકોનો પણ હક્ક છે, જેઓ કામ કરવાની યોગ્યતા તો રાખે છે, પણ ધનના અભાવને કારણે મજબૂર છે. તેમાં તે બાળકોનો પણ હક્ક છે, જેઓ પ્રાકૃતિક રૂપે પ્રતિભાશાળી અને કુશળ તો છે, પણ ગરીબ હોવાને કારણે શિક્ષણ પ્રાપ્ત નથી કરી શકતા. તેમાં તેમનો પણ હક્ક છે, જેઓ અપંગ બની ગયા છે અને કોઈ કામ કરવાને લાયક નથી રહ્યા. જે વ્યક્તિ આ હક્કને નથી માનતો, તે અત્યાચારી છે. તેનાથી વધીને અત્યાચાર શું હશે કે તમે તમારા પાસે નાણાની ગોદામો ભરીને બેસી રહો, ભવ્ય મકાનોમાં મોજ-મજા કરો, મોટરોમાં હરો-ફરો અને તમારી જાતિના હજારો લોકો મોહતાજ હોય અને કામ કરી શકતા હજારો માણસો બેકાર માર્યા-માર્યા ફરે ! ઈસ્લામ આવી ખુદગરજી અને સ્વાર્થનો દુશ્મન છે. 'કાફિરો' (અધર્મીઓ)ને તેમની સભ્યતા એ શીખવે છે કે જે કંઈ ધન-દોલત તેમના હાથ લાગે, તેને સમેટી-સમેટીને રાખે અને તેને વ્યાજ ઉપર ચલાવીને આસપાસના લોકોની કમાણી પણ પોતાના પાસે ખેંચી લે. પરંતુ મુસમાનોને તેમનો ધર્મ એ શીખવે છે કે જો અલ્લાહ તમને એટલી રોજી આપે, જે તમારી જરૂરતથી વધુ હોય, તો તેને એકઠી કરીને ન રાખો, બલ્કે પોતાના અન્ય ભાઈઓને આપો, જેથી તેમની જરૂરિયાતો પૂરી થાય અને તમારી જેમ તેઓ પણ કમાવા અને કામ કરવાના કાબેલ બની જાય.

હજ્જ :

ચોથી અનિવાર્ય વસ્તુ 'હજ્જ' છે. જીવનભરમાં માત્ર એક વાર તેનું પાલન આવશ્યક છે, અને તે પણ કેવળ તેમના માટે, જેઓ મક્કા-શરીફ સુધી જવાનો ખર્ચ કરી શકે.

જ્યાં હાલ મક્કા-શરીફ આબાદ છે, ત્યાં આજથી હજારો વર્ષ પહેલાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ અલ્લાહની ઈબાદત માટે એક નાનું-સરખું ઘર બનાવ્યું હતું. અલ્લાહે તેમની નિખાલસતા અને પ્રેમની એ કદર કરી કે તેને પોતાનું ઘર ઠેરવ્યું અને કહ્યું કે જેને અમારી ઈબાદત કરવી હોય, તે આ જ ઘરની દિશામાં મોઢું કરીને ઈબાદત કરે અને કહ્યું કે પ્રત્યેક મુસલમાન, ચાહે તે દુનિયાના કોઈ પણ ખૂણામાં રહેતો હોય, જો સામર્થ્ય ધરાવતો હોય, તો આયુષ્યભર ઓછામાં ઓછા એક વાર આ ઘરની 'ઝિયારત' (દર્શન) માટે આવે અને એ જ પ્રેમની સાથે આ ઘરનો 'તવાફ' (પરિક્રમા)

કરે, જેના સાથે અમારા પ્રિય બંદા હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તવાફ કરતા હતા. ઉપરાંત એ પણ આદેશ આપ્યો કે જ્યારે અમારા ઘરની તરફ આવો, તો પોતાના હૃદયોને શુદ્ધ કરો, મનેચ્છાઓને રોકો, રક્તપાત, દુરાચાર અને દુર્વચનથી બચો. તે જ આદર અને નમ્રતાની સાથે આવો, જેના સાથે તમને પોતાના માલિકના દરબારમાં હાજર થવું જોઈએ. એમ સમજો કે અમે તે સમ્રાટની સેવામાં જઈ રહ્યા છીએ, જે ધરતી અને આકાશનો શાસક છે અને જેના સન્મુખ સમસ્ત માનવો ભિખારી છે. આ નમ્રતાની સાથે જ્યારે આવશો અને હૃદયની શુદ્ધતાની સાથે અમારી ઈબાદત કરશો, તો અમે તમને અમારી કૃપાઓ અને બક્ષિસોથી સંપન્ન કરી દઈશું.

એક રીતે જોઈએ તો હજ્જ સૌથી મોટી ઈબાદત છે. અલ્લાહનો પ્રેમ, જો મનુષ્યના હૃદયમાં ન હોય, તો તે પોતાના વેપાર-ધંધાને છોડીને, પોતાના પ્રિય સગા-સંબંધીઓ અને મિત્રોથી અલગ થઈને આટલી લાંબી યાત્રાનું કષ્ટ જ કેમ ઉઠાવશે ? તેથી હજ્જનો ઇરાદો સ્વયં પ્રેમ અને નિષ્ઠાનું પ્રમાણ છે. પછી જ્યારે મનુષ્ય આ યાત્રા માટે નીકળે છે, તો તેની હાલત સામાન્ય મુસાફરો જેવી નથી હોતી, આ યાત્રામાં તેનું વધુ ધ્યાન અલ્લાહ તરફ રહે છે. તેના હૃદયમાં ઉત્સાહ અને ઉમંગ વધતાં ચાલ્યા જાય છે. જેમ-જેમ 'કાબા' નિકટ આવતો જાય છે, પ્રેમની આગ વધુ-ને-વધુ ભડકતી જાય છે, પાપ અને અવજ્ઞાથી હૃદય આપોઆપ નફરત કરે છે, અગાઉના ગુનાઓ ઉપર શરમ અનુભવાય છે. આગળ માટે તે અલ્લાહથી પ્રાર્થના કરે છે કે તે તેને આજ્ઞાપાલનની સદ્બુદ્ધિ અને પ્રેરણા આપે. ઈબાદત (ઉપાસના) અને અલ્લાહના ઝિક્ર (સ્મરણ)માં આનંદ આવવા લાગે છે. 'સિજદા'[૧૧] લાંબા-લાંબા થવા લાગે છે અને ખૂબ વાર સુધી માથું ઉઠાવવા મન કરતું નથી. કુર્આન પઢે છે, તો તેમાં કંઈક ઓર આનંદ આવે છે. રોઝા રાખે છે, તો તેનું માધુર્ય જ કંઈક ઓર હોય છે. પછી જ્યારે તે હિજાજ[૧૨]ની ધરતી ઉપર પગ મૂકે છે, તો ઈસ્લામના આરંભનો સંપૂર્ણ ઈતિહાસ તેની આંખો સમક્ષ ફરવા લાગે છે, ઠેક-ઠેકાણે અલ્લાહથી પ્રેમ કરવાવાળા અને તેના નામ ઉપર પ્રાણ ન્યોછાવર કરવાવાળાના ચિહ્નો જોવા મળે છે. ત્યાંની રેતીનો એક-એક કણ ઈસ્લામની મહાનતાની ગવાહી આપે છે અને ત્યાંની દરેક કાંકરી પોકારે છે કે આ જ છે તે પુણ્ય-ધરતી, જ્યાંથી અલ્લાહનો કલિમા (અલ્લાહનો બોલ) બુલંદ થયો. આ રીતે મુસલમાનનું હૃદય અલ્લાહના ઉત્કટ પ્રેમ અને ઈસ્લામની મહોબ્બતથી છલોછલ થઈ જાય છે અને ત્યાંથી તે એવો ઊંડો પ્રભાવ લઈને આવે છે, જે જીવનની અંતિમ ક્ષણ સુધી હૃદયથી દૂર નથી થતો.

---

૧૧. નમવું, દંડવત્, માથું જમીન ઉપર ટેકવી દેવું. 'સિજદા' નમાઝનું એક વિશેષ અંગ છે, જેમાં મનુષ્ય અલ્લાહની મહાનતા અને તેની મોટાઈ સામે પોતાનું માથું જમીન પર મૂકી દે છે.

૧૨. અરબસ્તાનનો તે પ્રદેશ, જ્યાં મક્કા-શરીફ અને મદીના-શરીફ આવેલાં છે.

ધાર્મિક લાભોની સાથે અલ્લાહે હજ્જમાં અગણિત સાંસારિક લાભો પણ મૂક્યા છે. હજ્જના કારણે મક્કા-શરીફને સંપૂર્ણ જગતના લોકોનું કેન્દ્ર બનાવી દેવામાં આવ્યું છે. ધરતીના પ્રત્યેક ભાગથી અલ્લાહનું નામ લેવાવાળા એક જ સમયે ત્યાં એકત્ર થાય છે, એક-બીજાથી મળે છે, પરસ્પર ઈસ્લામી પ્રેમની સ્થાપના થાય છે અને એ ચિહ્ન હૃદયમાં અંકિત થઈ જાય છે કે મુસલમાનો, ચાહે કોઈ પણ દેશ અને વંશના હોય, તમામ એક-બીજાના ભાઈ છે અને એક સમુદાય છે, આના કારણે હજ્જ એક તરફ અલ્લાહની ઈબાદત છે, તો તેના સાથે જ તે સંપૂર્ણ જગતના મુસલમાનોનું સંમેલન પણ છે અને મુસલમાનોના વિશ્વવ્યાપી બંધુત્વમાં એકતા પેદા કરવાનું સૌથી અસરકારક માધ્યમ પણ છે.

ઈસ્લામની હિમાયત :

અંતિમ અનિવાર્ય વસ્તુ, જે તમારા માટે નિશ્ચિત કરવામાં આવી છે, તે 'ઈસ્લામની હિમાયત' છે. જો કે આ ઈસ્લામના સ્તંભોમાંથી નથી, પરંતુ આ ઈસ્લામની અનિવાર્ય વસ્તુઓમાંથી એક મહત્ત્વપૂર્ણ વસ્તુ છે. કુર્આન અને હદીષમાં આના ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે.

ઈસ્લામની હિમાયત અને સહાયતા શું વસ્તુ છે અને કેમ તેને અનિવાર્ય કરવામાં આવેલ છે? તેને તમે એક ઉદાહરણ દ્વારા સરળતાથી સમજી શકો છો. માની લો, એક વ્યક્તિ તમારાથી મિત્રતાનો સંબંધ જોડે છે, પરંતુ દરેક પરીક્ષાની ઘડી વખતે એવું સાબિત થાય છે કે તેને તમારાથી કોઈ સહાનુભૂતિ નથી. તે તમારા લાભ અને નુકસાનની કોઈ ચિંતા કરતો નથી. જે કામમાં તમારૂં નુકસાન થાય છે, તેને તે પોતાના અંગત ફાયદા માટે નિઃસંકોચ કરી નાખે છે. જે કામમાં તમારો ફાયદો હોય છે, તેમાં સાથ-સહકાર આપવાથી કેવળ એટલા માટે દૂર રહે છે કે તેમાં તેનો કોઈ ફાયદો નથી. તમારા ઉપર કોઈ સંકટ આવે તો તે તમારી કોઈ મદદ નથી કરતો. ક્યાંક તમારી નિંદા કરવામાં આવી રહી હોય તો તે સ્વયં નિંદા કરનારાઓમાં સામેલ થઈ જાય છે, અથવા ઓછામાં-ઓછું તમારી નિંદાને ચુપચાપ સાંભળતો રહે છે. તમારા દુશ્મનો તમારા વિરુદ્ધ કોઈ કામ કરે તો તે તેમના સાથે સામેલ થઈ જાય છે, અથવા ઓછામાં-ઓછું તમને તેમની દુષ્ટતાઓથી બચાવવાની કોશિશ નથી કરતો. બતાવો, શું આવા માણસને તમે તમારો મિત્ર સમજશો? તમે અવશ્ય કહેશો, કદાપિ નહીં. એટલા માટે કે તે માત્ર જબાનથી મિત્રતાનો દાવો કરે છે, પણ હકીકતમાં મિત્રતા તેના હૃદયમાં નથી. મિત્રતાનો અર્થ તો એ છે કે મનુષ્ય જેનો મિત્ર હોય, તેનાથી પ્રેમ અને નિઃસ્વાર્થતા રાખે, તેનો હમદર્દ અને ભલું ચાહવાવાળો હોય, સમય ઉપર તેને કામ લાગે, શત્રુઓના મુકાબલામાં તેની મદદ કરે, તેની બૂરાઈ સાંભળવા સુદ્ધાં તૈયાર ન થાય. જ્યારે આ વાત તેનામાં ન હોય, તો તે 'મુનાફિક' (દંભી, કપટાચારી) છે, તેનો દોસ્તીનો દાવો જૂઠો છે.

આ દૃષ્ટાંતથી તમે સમજી શકો છો કે જ્યારે તમે મુસલમાન હોવાનો દાવો કરો છો, તો તમારા ઉપર કઈ વસ્તુ અનિવાર્ય થાય છે. મુસલમાન હોવાનો અર્થ એ છે કે તમારામાં ઈસ્લામી અને ઈમાની સ્વાભિમાન અને આત્મ-સન્માન હોય, ઈસ્લામથી પ્રેમ અને પોતાના મુસ્લિમ ભાઈઓ પ્રત્યે સાચી શુભેચ્છા હોય. તમે ચાહે દુનિયાનું કોઈ પણ કામ કરો, તેમાં ઈસ્લામનો ફાયદો અને મુસલમાનોની ભલાઈ અને હિત તમારા સામે રહે. પોતાના અંગત લાભ માટે કે પોતાના કોઈ અંગત નુકસાનથી બચવા માટે તમે ક્યારેય કોઈ એવું કામ ન કરી બેસો, જે ઈસ્લામના ઉદ્દેશ્ય અને મુસલમાનોના હિતના વિરુદ્ધ હોય. પ્રત્યેક તે કામમાં તન, મન અને ધનથી ભાગ લેતા રહો, જે ઈસ્લામ અને મુસલમાનો માટે લાભદાયી હોય અને પ્રત્યેક તે કામથી દૂર રહો, જે ઈસ્લામ અને મુસલમાનો માટે હાનિકારક હોય. પોતાના દીન (ઈસ્લામ ધર્મ) અને પોતાની દીની જમાઅત (મુસ્લિમ સમુદાય)ની ઈજ્જત અને આબરૂને પોતાની ઈજ્જત અને આબરૂ સમજો. જે પ્રમાણે તમે તમારા અપમાનને સહન કરી શકતા નથી, તે જ પ્રમાણે ઈસ્લામ અને ઈસ્લામના માનવાવાળાઓના અપમાનને પણ સહન ન કરો. જે રીતે તમે સ્વયં પોતાના વિરુદ્ધ પોતાના દુશ્મનોનો સાથ નથી આપતા, તે જ રીતે ઈસ્લામ અને મુસલમાનોના દુશ્મનોનો પણ સાથ ન આપો. જે રીતે તમે પોતાના ધન, પ્રાણ અને સન્માનની રક્ષા માટે પ્રત્યેક બલિદાન માટે તૈયાર થઈ જાઓ છો, તે જ રીતે ઈસ્લામ અને મુસલમાનોની રક્ષા માટે પણ પ્રત્યેક બલિદાન માટે તૈયાર રહો. આ ગુણો દરેક તે વ્યક્તિમાં હોવાં જોઈએ, જે પોતાને મુસલમાન કહેતો હોય, નહિં તો તેની ગણના 'મુનાફિકો' (દંભીઓ, કપટાચારીઓ)માં થશે અને તેનું આચરણ સ્વયં તેના મૌખિક દાવાને જૂઠો સિદ્ધ કરી દેશે.

આ જ ઈસ્લામની હિમાયતની એક શાખા તે છે, જેને 'શરીઅત' (ધર્મશાસ્ત્ર)ની ભાષામાં 'જિહાદ' કહે છે. જિહાદનો શાબ્દિક અર્થ છે, કોઈ કામમાં પોતાની સંપૂર્ણ શક્તિ લગાવી દેવી. આ અર્થની દૃષ્ટિએ જે વ્યક્તિ અલ્લાહના બોલને ઊંચો કરવા માટે નાણાથી, જબાનથી, કલમથી, હાથ-પગથી કોશિશ કરે છે તે પણ જિહાદ જ કરે છે, પરંતુ વિશેષતઃ 'જિહાદ' શબ્દ તે યુદ્ધ માટે પ્રયુક્ત કરવામાં આવ્યો છે, જે સમસ્ત સાંસારિક સ્વાર્થોથી હટીને કેવળ અલ્લાહ માટે ઈસ્લામના શત્રુઓથી કરવામાં આવે. 'શરીઅત'માં આ જિહાદને 'ફર્ઝે કિફાયઃ' કહે છે, અર્થાત્ આ એવું અનિવાર્ય કામ છે, જે તમામ મુસલમાનો માટે તો છે, પણ જો એક જૂથ તેનું પાલન કરી દે, તો બાકી લોકો પરથી તેના પાલનનો ભાર ઉતરી જાય છે. અલબત્ત, જો કોઈ ઈસ્લામી દેશ પર શત્રુઓનું આક્રમણ થાય તો આ સ્થિતિમાં તે દેશના તમામ નાગરિકો માટે નમાઝ અને રોઝાની જેમ અનિવાર્ય થઈ જાય છે, અને તેઓ જો મુકાબલાનું સામર્થ્ય ન ધરાવતા હોય તો તેમના નિકટ જે મુસ્લિમ દેશો સ્થિત હશે, ત્યાંના પ્રત્યેક

મુસલમાન માટે અનિવાર્ય થઈ જાય છે કે જાન અને માલથી તેમની સહાયતા કરે અને જો તેમની મદદથી પણ શત્રુના આક્રમણને રોકી ન શકાય તો સંપૂર્ણ જગતના મુસલમાનો માટે તેમની સહાયતા કરવી તે જ પ્રમાણે અનિવાર્ય થઈ જાય છે, જે પ્રમાણે નમાઝ, રોઝા અનિવાર્ય છે; અર્થાત્ જો કોઈ એક વ્યક્તિ પણ આ કર્તવ્ય-પાલનમાં ભૂલ કે ગફલત કરશે તો ગુનેગાર બનશે. આ પ્રકારના સંજોગોમાં 'જિહાદ'નું મહત્ત્વ નમાઝ અને રોઝાથી પણ વધી જાય છે, એટલા માટે કે તે સમય 'ઈમાન'ની કસોટીનો હોય છે. જે વ્યક્તિ સંકટના સમયે ઈસ્લામ અને મુસલમાનોનો સાથ ન આપે, તેના 'ઈમાન'માં જ સંદેહ છે. પછી તેની નમાઝ શું કામની અને તેના રોઝાનું શું મૂલ્ય ? અને જો કોઈ દુર્ભાગી એવો હોય કે તે સમયે ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ શત્રુઓને સાથ આપે, તો તે નિઃસંદેહ 'મુનાફિક' (દંભી, કપટાચારી) છે. તેની નમાઝ અને તેના રોઝા અને તેની ઝકાત અને તેની હજ્જ બધું જ નિરર્થક છે.

•

પ્રકરણ – ૬
દીન અને શરીઅત

અત્યાર સુધી અમે તમને જે વાતો બતાવી છે, તે બધી દીનની વાતો હતી. હવે અમે હઝરત મુહમ્મદ (સલ્લ.)ની 'શરીઅત' વિશે કંઈક જણાવીશું, પરંતુ સૌપ્રથમ તમારે એ સમજી લેવું જોઈએ કે 'શરીઅત' કોને કહે છે અને 'શરીઅત' અને 'દીન'માં અંતર શું છે?

'દીન' અને 'શરીઅત'માં તફાવત :

તમને અત્યાર સુધી બતાવી દેવામાં આવ્યું છે કે બધા નબીઓ (પયગંબરો) ઈસ્લામ ધર્મની જ શિક્ષા આપતા આવ્યા છે, અને ઈસ્લામ ધર્મ એ છે કે તમે અલ્લાહની હસ્તી અને તેના ગુણ અને આખિરતના (મળનારાં) ઈનામ કે સજા ઉપર તે જ પ્રમાણે ઈમાન લાવો, જે પ્રમાણે અલ્લાહના સાચા પયગંબરોએ શિક્ષા આપી છે. અલ્લાહના ગ્રંથોને માનો અને તમામ ઈચ્છા મુજબની રીતો છોડીને તે જ રીતોને સાચી માનો, જેના તરફ આ ગ્રંથોમાં માર્ગ-દર્શન કરવામાં આવેલ છે. અલ્લાહના પયગંબરોના આદેશોનું પાલન કરો અને બધાને છોડીને તેમનું અનુસરણ કરો. અલ્લાહની 'ઈબાદત'માં કોઈને ભાગીદાર ન બનાવો. આ જ ઈમાન અને ઈબાદતનું નામ 'દીન' છે અને આ વસ્તુ તમામ નબીઓ (પયગંબરો)ની શિક્ષાઓમાં સમાન છે.

તે પછી એક વસ્તુ બીજી પણ છે, જેને 'શરીઅત' કહે છે, અર્થાત્ ઈબાદતની રીતો, સામાજિક સિદ્ધાંતો, પરસ્પરના વ્યવહારો અને સંબંધોના કાયદાઓ, હરામ (અવૈધ) અને હલાલ (વૈધ) તથા ઉચિત અને અનુચિતની સીમાઓ વગેરે. આ વસ્તુઓ વિશે અલ્લાહે આરંભમાં વિભિન્ન યુગો અને વિભિન્ન જાતિઓની પરિસ્થિતિ અનુસાર પોતાના પયગંબરોને જુદી-જુદી 'શરીઅતો' મોકલી હતી, જેથી તેઓ પ્રત્યેક જાતિને અલગ-અલગ સભ્યતા અને નૈતિકતાની શિક્ષા અને પ્રશિક્ષણ આપીને એક અંતિમ કાનૂનના પાલન માટે તૈયાર કરતા રહે. જ્યારે આ કામ પૂરૂં થઈ ગયું, તો અલ્લાહે હઝરત મુહમ્મદ (સલ્લ.)ને તે અંતિમ કાનૂન આપીને મોકલ્યા, જેનાં તમામ સિદ્ધાંતો અને નીતિ-નિયમો સમગ્ર દુનિયા માટે છે. હવે 'દીન' તો તે જ છે, જે અગાઉના પયગંબરોએ શીખવાડ્યો હતો, પરંતુ પુરાણી શરીઅતો 'મન્સૂખ ' (નિરસ્ત, રદ) કરી દેવામાં આવી અને તેમની જગ્યાએ એવી શરીઅત સ્થાપિત કરવામાં આવી,

જેમાં સમસ્ત માનવતા માટે ઇબાદતની પદ્ધતિઓ અને સામાજિક સિદ્ધાંતો અને પરસ્પરના મામલાઓના નીતિ-નિયમો અને હરામ અને હલાલ (વૈધ અને અવૈધ)ની સીમાઓ સમાન છે.

શરીઅતના આદેશો જાણવાના સાધનો :

હઝરત મુહમ્મદ (સલ્લ.)ની શરીઅતના સિદ્ધાંતો અને આદેશો જાણવા માટે આપણા પાસે બે સાધનો છે : એક કુર્આન અને બીજું હદીષ. કુર્આન વિશે તો તમે જાણો છો કે તે અલ્લાહનો કલામ (ઈશ-વાણી) છે અને તેનો પ્રત્યેક શબ્દ અલ્લાહ તરફથી છે. રહી વાત હદીષની, તો તેનો અર્થ તે વાતો છે, જે અલ્લાહના પયગંબર (સલ્લ.)થી આપણા સુધી પહોંચી છે. અલ્લાહના પયગંબર (સલ્લ.)નું આખું જીવન કુર્આનની વ્યાખ્યા હતું. નબી (પયગંબર) બનવાથી લઈને ૨૩ વર્ષની મુદ્દત સુધી આપ દરેક સમયે શિક્ષા અને માર્ગદર્શનમાં લાગેલાં રહ્યા અને પોતાની વાણી અને પોતાના વ્યવહારથી લોકોને બતાવતા રહ્યા કે અલ્લાહની મરજી અનુસાર જીવન વ્યતીત કરવાની રીત શું છે ? આ મહત્ત્વપૂર્ણ જીવનમાં સહાબી[1] પુરુષ અને સ્ત્રીઓ અને સ્વયં હઝરત મુહમ્મદ (સલ્લ.)ના પ્રિય સગાં-સંબંધીઓ અને આપની પત્નીઓ બધાં આપની દરેક વાતને ધ્યાનથી સાંભળતા હતા, દરેક કામ ઉપર નજર રાખતા હતા અને દરેક મામલામાં જે તેમના સામે આવતો હતો, તે અંગે આપથી શરીઅતનો આદેશ જાણતા હતા. ક્યારેક આપ કહેતા કે આ કામ કરો અને આ કામ ન કરો, જે લોકો હાજર હતા, તેઓ આ આદેશને યાદ કરી લેતા હતા અને તે લોકોને સંભળાવી દેતા હતા, જેઓ આ પ્રસંગે હાજર ન હતા. તે જ પ્રમાણે ક્યારેક આપ કોઈ કામ કોઈ વિશેષ ઢંગથી કરતા હતા, જોવાવાળા તેને પણ યાદ રાખતા હતા અને ન જોવાવાળાઓને જણાવી દેતા હતા કે આપ (સલ્લ.)એ અમુક કાર્ય અમુક રીતે કર્યું હતું. તે જ રીતે ક્યારેક કોઈ વ્યક્તિ આપના સામે કોઈ કામ કરતો, તો આપ કાં તો તેના ઉપર મૌન રહેતા, અથવા પ્રસન્નતા પ્રગટ કરતા અથવા રોકી દેતા હતા. આ તમામ વાતોને પણ લોકો સુરક્ષિત રાખતા હતા. આવી જેટલી વાતો સહાબી પુરુષો અને સ્ત્રીઓથી લોકોએ સાંભળી, તેમને કેટલાક લોકોએ યાદ કરી લીધી અને કેટલાક લોકોએ લખી લીધી અને એ પણ યાદ કરી લીધું કે આ માહિતી અમને કોના માધ્યમથી પહોંચી છે. પછી આ તમામ ઉલ્લેખોને ધીમે-ધીમે ગ્રંથોમાં એકત્ર કરી લેવામાં આવ્યા. આ પ્રમાણે 'હદીષ'નો મોટો ભંડાર થઈ ગયો, જેમાં વિશેષ રૂપે ઇમામ માલિક, ઇમામ બુખારી, ઇમામ મુસ્લિમ, ઇમામ તિરમિઝી, ઇમામ અબૂ દાઉદ, ઇમામ નસઈ અને ઇમામ ઇબ્ને માજહ (રહમતુલ્લાહ અલયહિ, અર્થાત્ આ બધા ઉપર અલ્લાહ દયા કરે)ના ગ્રંથો વધુ પ્રમાણભૂત સમજવામાં આવે છે.

૧. પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.ના સાથીઓ

ફિક્હ :

કુર્આન અને હદીષના આદેશો ઉપર ચિંતન-મનન કરીને કેટલાક ધર્મજ્ઞ મહાપુરુષોએ સામાન્ય લોકોની સહુલત માટે વિસ્તૃત કાનૂન અને નિયમો બનાવી દીધા છે, જેને 'ફિક્હ' કહેવામાં આવે છે. એટલા માટે કે દરેક વ્યક્તિ કુર્આનની તમામ સૂક્ષ્મ વાતોને સમજી શકતો નથી અને ન દરેક વ્યક્તિના પાસે હદીષનું એવું જ્ઞાન છે કે તે સ્વયં શરીઅતના આદેશો જાણી શકે. ધર્મના આ મહાન લોકોએ વર્ષોના પરિશ્રમ અને ચિંતન-મનન તથા સંશોધન પછી 'ફિક્હ'નું સંપાદન કર્યું છે. તેમના ઉપકારથી દુનિયાના મુસલમાનો ક્યારેય ભારમુક્ત નહીં થઈ શકે. આ તેમના જ પરિશ્રમનું પરિણામ છે કે આજે કરોડો મુસલમાનો કોઈ પણ પ્રકારની તકલીફ વગર શરીઅતનું પાલન કરી રહ્યા છે, અને કોઈને અલ્લાહ અને રસૂલ (સલ્લ.)ના આદેશો જાણવામાં મુશ્કેલી પડતી નથી.

આરંભમાં ઘણા મહાન વ્યક્તિઓએ 'ફિક્હ'ને પોત-પોતાની રીતે સંકલિત કરી હતી, પરંતુ ધીમે-ધીમે ચાર 'ફિક્હ' દુનિયામાં બાકી રહી ગઈ અને દુનિયાના તમામ મુસલમાનો મોટાભાગે આનું પાલન કરે છે.

૧. ઇમામ અબૂ હનીફહ (રહ.)ની ફિક્હ, જેના સંકલનમાં અબૂ યૂસુફ અને ઇમામ મુહમ્મદ અને ઇમામ જાફર અને આવાં જ કેટલાક બીજા મોટાં-મોટાં વિદ્વાનોની સંમતિ પણ સામેલ હતી. તેને 'હનફી ફિક્હ' કહેવામાં આવે છે.

૨. ઇમામ માલિકની ફિક્હ, આ 'ફિક્હે માલિકી'ના નામથી પ્રચલિત છે.

૩. ઇમામ શાફઈની ફિક્હ, આ 'ફિક્હે શાફઈ' કહેવાય છે.

૪. ઇમામ અહમદ બિન હમ્બલની ફિક્હ, આને 'ફિક્હે હમ્બલી' કહે છે.[1]

આ ચારેય ફિક્હ અલ્લાહના રસૂલ (સલ્લ.) પછી બસો વર્ષના ગાળામાં

---

૧. હઝરત ઇમામ અબૂ હનીફા (રહ.)નો જન્મ હિ. ૮૦ (ઇ.સ.૬૯૯)માં થયો. આપનું અવસાન હિ. ૧૫૦ (ઇ.સ.૭૬૭)માં થયું. આ ફિક્હને માનવાવાળા મોટાભાગે તુર્કસ્તાન, પાકિસ્તાન, ભારત, અફઘાનિસ્તાન, ટ્રાન્સ જોર્ડન, ઇન્ડોચીન, ચીન, સોવિયેત સંઘમાં જોવા મળે છે.

હઝરત ઇમામ માલિક બિન અનસ (રહ.)નો જન્મ હિ. ૯૩ (ઇ.સ.૭૧૪)માં થયો અને દેહાન્ત હિ. ૧૭૯ (ઇ. સ. ૭૯૮)માં થયો. આ ફિક્હને માનવાવાળા વિશેષ રૂપે મોરક્કો, અલજીરિયા, ટ્યૂનીસ, સૂડાન, કુવૈત અને બહેરીનમાં જોવા મળે છે.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇદરીસ અસ્-શાફઈ હિ. ૧૫૦ (ઇ.સ. ૭૬૭)માં જન્મ્યા અને તેમનું અવસાન હિ. ૨૪૦ (ઇ.સ. ૮૫૪)માં થયું. આપના અનુયાયીઓ અધિકતર ફલસ્તીન, લેબનોન, ઇજીપ્ત, ઇરાક, સાઊદી અરબ, યમન અને ઇન્ડોનેશિયામાં રહે છે.

હઝરત ઇમામ અહમદ બિન હમ્બલનો જન્મ હિ. ૧૬૪ (ઇ.સ.૭૮૦)માં થયો અને તેમનું મૃત્યુ હિ. ૨૪૧ (ઇ.સ.૮૫૫)માં થયું. આપની ફિક્હનું પાલન કરવાવાળા મોટાભાગે સાઊદી અરબ, લેબનોન અને સીરિયામાં રહે છે.

સંકલિત થઈ ગઈ હતી. આ ચારેય ફિક્હમાં જે મતભેદ જોવા મળે છે, તે બધી રીતે સ્વાભાવિક છે. કેટલાક લોકો જ્યારે કોઈ મામલાની શોધખોળ આદરે છે અથવા કોઈ વાતને સમજવાનો પ્રયત્ન કરે છે, તો તેમની શોધખોળ અને સમજમાં થોડોઘણો મતભેદ અવશ્ય રહે છે. પરંતુ સમસ્ત મુસલમાનો આ ચારેય ફિક્હને સાચી માને છે, કેમ કે તેમના સંકલનકર્તા સત્ય-પ્રિય અને શુભ-સંકલ્પવાળા અને મુસલમાનોના શુભેચ્છક મહાન લોકો હતા.

અલબત્ત, એ સ્પષ્ટ છે કે એક વિષયમાં એક જ પદ્ધતિનું પાલન કરી શકાય છે, ચાર જુદી-જુદી પદ્ધતિઓનું પાલન કરી શકાતું નથી, તેથી મોટાભાગના વિદ્વાનો એવું કહે છે કે મુસલમાનોએ આ ચારમાંથી કોઈ એકનું અનુસરણ કરવું જોઈએ. આ ઉપરાંત વિદ્વાનોનો એક વર્ગ એવો પણ છે, જે એમ કહે છે કે કોઈ વિશેષ ફિક્હના અનુસાર આચરણ કરવાની જરૂર નથી. જ્ઞાન ધરાવનાર વ્યક્તિઓએ પ્રત્યક્ષ કુર્આન અને હદીષથી આદેશો જાણવા જોઈએ અને જે લોકો જ્ઞાની ન હોય તેમણે જે આલિમ (ધાર્મિક વિદ્વાન) ઉપર તેમને વિશ્વાસ હોય, તેમનું અનુસરણ કરવું જોઈએ. આ લોકો 'એહલે હદીષ' કહેવાય છે અને ઉપરોક્ત ચારેય જૂથોની જેમ આ લોકો પણ સાચા છે.

તસવ્વુફ :

'ફિક્હ'નો સંબંધ મનુષ્યના પ્રત્યક્ષ આચરણથી છે. તે કેવળ એ જુએ છે કે તમને જેવો અને જે પ્રકારનો આદેશ આપવામાં આવ્યો હતો, તેનું તમે પાલન કર્યું કે નહીં. જો પાલન કર્યું હોય, તો ફિક્હ તેની કોઈ ચર્ચા નથી કરતી કે તમારા હૃદયની સ્થિતિ શું હતી. મનોદશા ઉપર જે વસ્તુ વિચાર કરે છે, તેનું નામ 'તસવ્વુફ' છે.[૨] જેમ કે તમે નમાઝ પઢો છો, આ ઇબાદતમાં 'ફિક્હ' માત્ર એટલું જુએ છે કે તમે વુઝૂ બરાબર કર્યું છે, કાબા તરફ મોઢું કરીને ઊભા છો, નમાઝની તમામ જરૂરી વસ્તુઓનું બરાબર પાલન કર્યું છે, જે વસ્તુઓ નમાઝમાં પઢવામાં આવે છે તે તમામ પઢી લીધી છે અને જે સમયે જેટલી રકઅતો નિશ્ચિત કરી છે બરાબર તે જ સમયે એટલી જ રકઅતો પઢી છે. જ્યારે આ બધું તમે પૂરૂં કરી દીધું છે, તો ફિક્હની દૃષ્ટિએ તમારી નમાઝ પૂરી થઈ ગઈ; પરંતુ તસવ્વુફ એ જુએ છે કે આ ઇબાદતમાં તમારા મનની સ્થિતિ શું રહી? તમે અલ્લાહ તરફ ધ્યાન-મગ્ન થયા કે નહીં? તમારૂં મન સાંસારિક વિચારોથી પવિત્ર થયું કે નહીં? તમારા હૃદયમાં અલ્લાહનો ડર અને તેના સર્વવ્યાપી અને સર્વજ્ઞાની હોવાનો વિશ્વાસ અને માત્ર તેની જ પ્રસન્નતા ચાહવાની ભાવના

---

૨. કુર્આનમાં આ વસ્તુનું નામ 'તઝકીયઃ' (આત્મશુદ્ધિ) અને 'હિકમત' (તત્ત્વદર્શિતા, Wisdom) છે, હદીષમાં તેને 'એહસાન' (અત્યંત લગનપૂર્વકની કર્તવ્ય-નિષ્ઠા)નું નામ આપ્યું છે. પછીના લોકોમાં આ જ વસ્તુ 'તસવ્વુફ'ના નામથી પ્રચલિત થઈ.

ઉદ્‌ભવી કે નહીં ? આ નમાઝે તમારી આત્માને કેટલી પવિત્ર કરી ? તમારા આચરણ અને સ્વભાવની કેટલે અંશે સુધારણા થઈ ? તમને કેટલાં સાચાં અને પ્રમાણિક મુસલમાન બનાવી દીધા ? આ તમામ વાતો જે નમાઝના વાસ્તવિક ઉદ્દેશ્યથી સંબંધ રાખે છે, જેટલી અધિક પૂર્ણતાની સાથે તમને પ્રાપ્ત થશે, તસવ્વુફની દૃષ્ટિએ તમારી નમાઝ તેટલી જ અધિક પૂર્ણ હશે અને તેમાં જેટલી ખામી-ત્રુટિ હશે, તે અનુસાર તે તમારી નમાઝને અપૂર્ણ માનશે. આ જ પ્રમાણે શરીઅતના જેટલા આદેશો છે, તે બધામાં ફિક્હ માત્ર એ જુએ છે કે તમને જે આદેશ જે રૂપમાં આપવામાં આવ્યો હતો, તે જ રૂપમાં તમે તેનું પાલન કર્યું કે નહીં, અને તસવ્વુફ એ જુએ છે કે તે આદેશના પાલનમાં તમારા અંદર નિખાલસતા અને નિઃસ્વાર્થતા, અંતઃશુદ્ધિ અને ઈમાનદારી અને સાચું આજ્ઞાપાલન કેટલું હતું.

ફિક્હ અને તસવ્વુફમાં આ તફાવતને એક ઉદાહરણથી તમે સારી રીતે સમજી શકો છો. જ્યારે કોઈ માણસ તમને મળે છે, તો તમે તેને બે હસિયતોથી જુઓ છો. એક હેસિયત તો એ હોય છે કે તે શારીરિક રીતે સારો અને તંદુરસ્ત છે કે નહીં, આંધળો, લૂલો કે લંગડો તો નથી ને ? સુંદર છે કે કુરૂપ , સારા કપડાં પહેરેલો છે કે તે મેલાં-ગંદા છે ? બીજી હેસિયત એ હોય છે કે તેની મનોવૃત્તિ અને આચરણ કેવું છે ? તેનો સ્વભાવ કેવો છે ? તેની બુદ્ધિ અને સમજ-બૂઝ કેવી છે ? તે વિદ્વાન છે કે અજ્ઞાની ? સારો છે કે ખરાબ ? આમાં પ્રથમ દૃષ્ટિ, એમ સમજી લો કે ફિક્હની છે અને બીજી તસવ્વુફની છે. મિત્રતા માટે જ્યારે તમે કોઈ વ્યક્તિને પસંદ કરવા ઈચ્છશો, તો તેના વ્યક્તિત્વના બંને પાસાઓને જોશો. તમે ઈચ્છશો કે તેનું બાહ્ય રૂપ પણ સારૂં હોય અને આંતરિક રૂપ પણ સારૂં હોય. તે જ પ્રમાણે ઇસ્લામમાં પણ તે જ જીવનને પસંદ કરવામાં આવ્યું છે, જેમાં શરીઅતના આદેશોના પાલનની બાહ્ય અને આંતરિક બંને સ્થિતિ સાચી અને સારી હોય. જે વ્યક્તિનું બાહ્ય આજ્ઞાપાલન બરાબર હોય, પણ અંદરનું આજ્ઞાપાલન ભાવરહિત અને આત્માવિહિન છે, તો તેના આચરણનું દૃષ્ટાંત એવું છે, જાણે કોઈ વ્યક્તિ સુંદર હોય, પરંતુ મૃત હોય ! અને જે વ્યક્તિના કર્મમાં તમામ આંતરિક ગુણ જોવા મળતા હોય, પરંતુ બાહ્ય આજ્ઞાપાલન બરાબર ન હોય, તેનું દૃષ્ટાંત એવું છે, જાણે કોઈ વ્યક્તિ સજ્જન અને સારો હોય, પણ કદરૂપો અને અપંગ હોય !

આ દૃષ્ટાંતથી તમને ફિક્હ અને તસવ્વુફના પારસ્પારિક સંબંધની પણ ખબર પડી ગઈ હશે. પરંતુ અફસોસની વાત એ છે કે પછીના જમાનામાં જ્ઞાન અને નૈતિકતાની અધોગતિથી જ્યાં અન્ય ઘણી ખરાબીઓ પેદા થઈ, તસવ્વુફના પવિત્ર સ્રોતને પણ ગંદો કરી દેવામાં આવ્યો. લોકોએ વિભિન્ન પ્રકારના બિનઇસ્લામી દર્શનો અને ફિલસુફીઓ પથભ્રષ્ટ અને ભટકી ગયેલી જાતિઓ પાસેથી શીખી અને તેને તસવ્વુફના

નામથી ઈસ્લામમાં દાખલ કરી દીધી. ચિત્ર-વિચિત્ર પ્રકારની ધારણાઓ અને રીતોને તસવ્વુફ કહેવામાં આવી, જેનો કોઈ આધાર કુર્આન અને હદીષમાં જોવા મળતો નથી. પછી આ પ્રકારના લોકોએ ધીમે-ધીમે પોતાને શરીઅતની પાબંદીથી પણ આઝાદ કરી લીધા. તેઓ કહે છે – તસવ્વુફનો શરીઅતથી કોઈ સંબંધ નથી, આ માર્ગ બીજો છે. 'સૂફી'ને કાનૂન અને નિયમના પાલનથી શું લેવા-દેવા ? આ પ્રકારની વાતો વારંવાર અજ્ઞાની સૂફીઓથી સાંભળવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં આ તદ્દન ખોટું છે. ઈસ્લામમાં કોઈ એવા તસવ્વુફનો અવકાશ નથી, જે શરીઅતના આદેશોથી જોડાયેલ ન હોય. કોઈ સૂફીને એ અધિકાર નથી કે નમાઝ, રોઝા, હજ્જ અને ઝકાતની પાબંદીથી આઝાદ થઈ જાય. કોઈ સૂફી તે કાનૂન અને નિયમના વિરુદ્ધ આચરણ કરવાનો અધિકાર ધરાવતો નથી, જે સમાજ, રોજી, નૈતિકતા, પારસ્પારિક મામલાઓ અને કર્તવ્યો, હલાલ અને હરામ (વૈધ અને અવૈધ)ની સીમાઓના સંબંધમાં અલ્લાહ અને પયગંબરે બતાવ્યા છે. કોઈ એવો માણસ, જે અલ્લાહના રસૂલ (સલ્લ.)નું સાચું અનુસરણ ન કરતો હોય અને આપ દ્વારા નિશ્ચિત કરેલ પદ્ધતિનો પાબંદ ન હોય તે 'મુસલમાન સૂફી' કહેવડાવાને લાયક નથી. તસવ્વુફ તો વાસ્તવમાં અલ્લાહ અને રસૂલના સાચાં પ્રેમ, બલ્કે આસક્તિનું નામ છે, અને આસક્તિનો તકાદો એ છે કે અલ્લાહના આદેશો અને તેના રસૂલ (સલ્લ.)ના અનુસરણથી તસુભાર હટવામાં ન આવે. આમ, ઈસ્લામી તસવ્વુફ, શરીઅતથી કોઈ જુદી વસ્તુ નથી, બલ્કે શરીઅતના આદેશોનું અત્યંત નિષ્ઠા અને નિખાલસતાથી પાલન કરવાનું અને આજ્ઞાપાલનમાં અલ્લાહના પ્રેમ અને તેના ડરની ભાવના ભરી દેવાનું નામ જ તસવ્વુફ છે.

•

પ્રકરણ – ૭

શરીઅતના આદેશો

આ અંતિમ પ્રકરણમાં અમે શરીઅતના સિદ્ધાંતો અને મુખ્ય-મુખ્ય નિયમોનું વર્ણન કરીશું, જેનાથી તમે જાણી શકશો કે ઈસ્લામી શરીઅત માનવ-જીવનને કેવી રીતે એક ઉત્તમ પદ્ધતિનું પાબંદ બનાવે છે અને આ પદ્ધતિમાં કઈ-કઈ તત્ત્વદર્શિતા (Wisdom) મૂકવામાં આવેલ છે.

શરીઅતના સિદ્ધાંતો :

તમે સ્વયં પોતાની સ્થિતિ ઉપર વિચાર કરશો, તો ખ્યાલ આવશે જગતમાં તમે ઘણીબધી શક્તિઓ લઈને આવ્યા છો અને પ્રત્યેક શક્તિ ઈચ્છે છે કે તેનાથી કામ લેવામાં આવે. તમારામાં બુદ્ધિ છે, સંકલ્પ છે, ઈચ્છા છે, જોવાની શક્તિ છે, સાંભળવાની શક્તિ છે, આસ્વાદની શક્તિ છે, હાથ-પગની શક્તિ છે, ઘૃણા અને ક્રોધ છે, અભિરુચિ અને પ્રેમ છે, ભૂખ અને લાલચ છે, આમાંથી કોઈ શક્તિ પણ નિરર્થક નથી. દરેક વસ્તુ તમને એટલા માટે આપવામાં આવી છે કે તમને તેની આવશ્યકતા છે. દુનિયામાં તમારૂં જીવન અને જીવનની સફળતા એના જ ઉપર અવલંબે છે કે તમારી મનોવૃત્તિ અને પ્રકૃતિ જે કંઈ માગે છે તેને પૂરૂં કરો, અને આ ત્યારે જ થઈ શકે છે, જ્યારે તમે તે તમામ શક્તિઓથી કામ લો, જે અલ્લાહે તમને આપી છે.

પછી તમે જોશો કે જેટલી શક્તિઓ તમારા અંદર મૂકવામાં આવી છે, તેમાં કામ લેવાના સાધનો પણ તમને આપવામાં આવ્યા છે. સૌપ્રથમ તો તમારૂં પોતાનું શરીર છે, જેમાં બધી આવશ્યક વસ્તુઓ છે. તે પછી તમારા ચોતરફનું વિશ્વ છે, જેમાં દરેક પ્રકારના બેસુમાર સાધનો ફેલાયેલા છે. તમારી સહાયતા માટે સ્વયં તમારા સહજાતીય મનુષ્યો છે. તમારી સેવા માટે પશુ છે, વનસ્પતિઓ છે અને પથ્થર અને પહાડ, જમીન, પાણી અને હવા, ગરમી, પ્રકાશ અને આ જ પ્રકારની અસંખ્ય બીજી વસ્તુઓ છે. અલ્લાહે આ તમામનું એટલા માટે સર્જન કર્યું છે કે તમે આમનાથી કામ લો અને જીવન વ્યતીત કરવામાં તેમનાથી મદદ મેળવો.

હવે એક બીજા દૃષ્ટિકોણથી જુઓ. તમને જે શક્તિઓ પ્રદાન કરવામાં આવી છે, તે લાભ માટે આપવામાં આવી છે, નુકસાન માટે આપવામાં નથી આવી. તેના ઉપયોગની ઉચિત પદ્ધતિ એ જ હોઈ શકે છે, જેનાથી માત્ર લાભ થાય અને નુકસાન કાં તો તદન ન થાય, અથવા થાય તો પણ ઓછામાં ઓછું. તેના

સિવાય જેટલી પદ્ધતિઓ હશે, બુદ્ધિ કહે છે કે તે તમામ ખોટી હોવી જોઈએ. ઉદાહરણ રૂપે, જો તમે કોઈ એવું કામ કરો, જેનાથી સ્વયં તમને નુકસાન પહોંચે, તો આ પણ ભૂલ હશે. જો તમે પોતાની શક્તિથી એવું કામ લો, જેનાથી બીજા મનુષ્યોને નુકસાન પહોંચે, તો આ પણ ભૂલ હશે. જો તમે પોતાની શક્તિનો એવી રીતે ઉપયોગ કરો કે જે વસ્તુઓ તમને આપવામાં આવી છે, તે વ્યર્થ જ નષ્ટ થઈ જાય તો આ પણ ભૂલ હશે. તમારી બુદ્ધિ સ્વયં એ વાતની સાક્ષી આપી શકે છે કે નુકસાન ચાહે કોઈ પણ પ્રકારનું હોય, તેનાથી બચવું જોઈએ, અને તેને સહન કરી શકાય છે તો માત્ર એ સ્થિતિમાં કે જ્યારે તેનાથી બચવું કાં તો સંભવ જ ન હોય અથવા તેની સરખામણીમાં બીજો મોટો ફાયદો હોય.

આના પછી હજુ આગળ વધો. વિશ્વમાં બે પ્રકારના મનુષ્યો જોવા મળે છે. એક તો તેઓ, જેઓ જાણી-સમજીને પોતાની કેટલીક શક્તિઓનો એ રીતે ઉપયોગ કરે છે, જેનાથી કાં તો સ્વયં તેમની જ કેટલીક અન્ય શક્તિઓને હાનિ પહોંચે છે, અથવા તો બીજા મનુષ્યોને નુકસાન થાય છે, અથવા તેમના હસ્તે તે વસ્તુઓ વ્યર્થ નષ્ટ થાય છે, જે માત્ર લાભ ઉઠાવવા માટે તેમને આપવામાં આવી હતી, ન કે બરબાદ કરવા માટે. બીજા તે લોકો છે, જેઓ જાણી-બૂઝીને તો આવું નથી કરતા, પણ અજ્ઞાનને કારણે આવી ભૂલો તેમનાથી થઈ જાય છે. પહેલા પ્રકારના લોકો દુષ્ટ મનોવૃત્તિના છે અને તેમના માટે કાનૂન અને નિયમની આવશ્યકતા છે, જે તેમને અંકૂશમાં રાખે; અને બીજા પ્રકારના લોકો અજ્ઞાની છે અને તેમના માટે એવા જ્ઞાનની આવશ્યકતા છે, જેનાથી તેમને પોતાની શક્તિઓના ઉપયોગના ઉચિત ઢંગની જાણકારી મળી જાય.

અલ્લાહે જે શરીઅત પોતાના પયગંબર પાસે મોકલી છે, તે આ જ આવશ્યકતાને પૂરી કરે છે. તે તમારી શક્તિઓને નષ્ટ કરવા નથી માગતી, ન કોઈ ઇચ્છાને દબાવી દેવા માગે છે, ન કોઈ ભાવનાને ખતમ કરવા માગે છે. તે તમારાથી એવું નથી કહેતી કે દુનિયાને છોડી દો, જંગલો અને પહાડોમાં જઈને રહો, ભૂખ્યા રહો અને નિર્વસ્ત્ર ફરો, મનને મારીને પોતાની જાતને કષ્ટ પહોંચાડો અને સાંસારિક સુખ અને આરામને પોતાના ઉપર પ્રતિબંધિત કરી દો. કદાપિ નહીં, આ અલ્લાહની બનાવેલ શરીઅત છે અને અલ્લાહ તે જ છે, જેણે આ દુનિયા મનુષ્ય માટે બનાવી છે. તે પોતાના આ કારખાનાને નષ્ટ કરવા કે શોભાવિહિન અને સૌંદર્યહીન કરવાનું કેવી રીતે પસંદ કરશે? તેણે મનુષ્યમાં કોઈ શક્તિ નિરર્થક અને અનાવશ્યક મૂકી નથી, ન ધરતી અને આકાશમાં કોઈ વસ્તુ એટલા માટે ઉત્પન્ન કરી છે કે તેનાથી કોઈ કામ ન લેવામાં આવે. તે સ્વયં તો ઇચ્છે છે કે દુનિયાનું આ કારખાનું સુંદર અને સરસ રીતે ચાલે. પ્રત્યેક શક્તિથી મનુષ્ય પૂરે-પૂરૂં કામ લે, જગતની દરેક વસ્તુથી ફાયદો ઉઠાવે અને તે તમામ વસ્તુઓનો ઉપયોગ કરે જે ધરતી અને આકાશમાં મોજૂદ છે, પરંતુ એ રીતે કે અજ્ઞાનતા કે દુષ્ટતાથી ન પોતાને હાનિ

પહોંચાડે, ન બીજાઓને નુકસાન પહોંચાડે. અલ્લાહે શરીઅતના તમામ સિદ્ધાંતો એટલા માટે બનાવેલ છે કે જેટલી વસ્તુઓ મનુષ્ય માટે હાનિકારક છે, તે તમામને શરીઅતે હરામ (પ્રતિબંધિત, અવૈધ) કરી દીધી છે અને જે વસ્તુઓ લાભદાયી છે, તેને હલાલ (વૈધ) અને ઉચિત ઠેરવી છે. જે કામોથી મનુષ્ય સ્વયં પોતાને અને બીજાઓને નુકસાન કરે છે, તેનો શરીઅત નિષેધ કરે છે અને એવા બધા કામોની પરવાનગી આપે છે, જે તેમના માટે લાભદાયી હોય અને કોઈના માટે હાનિકારક ન હોય. તેના બધા કાનૂનો એ જ સિદ્ધાંત ઉપર બન્યા છે કે મનુષ્યને દુનિયામાં બધી ઈચ્છાઓ અને આવશ્યકતાઓ પૂરી કરવા અને પોતાના લાભ માટે દરેક પ્રકારની કોશિશ કરવાનો અધિકાર છે, પરંતુ આ અધિકારથી તેણે એ રીતે લાભ ઉઠાવવો જોઈએ કે અજાણતામાં કે દુષ્ટતાથી તે બીજાઓના અધિકારોનું હનન ન કરે, બલ્કે જ્યાં સુધી સંભવ હોય બીજાઓનો મદદગાર અને સહાયક બને. જે કામોમાં એક પાસું લાભનું અને બીજું પાસું નુકસાનનું હોય, તેમાં શરીઅતનો આદેશ એ છે કે મોટા લાભ માટે ઓછા નુકસાનને સ્વીકારી લેવામાં આવે અને મોટાં નુકસાનથી બચવા માટે ઓછા લાભને છોડી દેવામાં આવે.

પ્રત્યેક વ્યક્તિ, પ્રત્યેક યુગમાં, દરેક વસ્તુ અને દરેક કામ વિશે એ નથી જાણતો કે તેમાં શું ફાયદો અને શું નુકસાન છ. તેથી અલ્લાહે, જેના જ્ઞાનથી વિશ્વનું કોઈ રહસ્ય છૂપું નથી, મનુષ્યના જીવન માટે બરાબર અને યોગ્ય પદ્ધતિ બનાવી દીધી છે. આ પદ્ધતિની ઘણી ભલાઈઓ અને ફાયદાઓ આજથી કેટલીક સદીઓ પહેલાં લોકોની સમજમાં આવી ન હતી, પરંતુ હવે જ્ઞાનની ઉન્નતિ અને પ્રગતિએ તેમના ઉપરથી પરદો હટાવી દીધો છે. ઘણી છૂપી ભલાઈઓ અને ફાયદાઓ હજુ પણ લોકો નથી સમજતા, પરંતુ જેમ-જેમ જ્ઞાનની ઉન્નતિ અને વિકાસ થશે, તે સ્પષ્ટ થતા જશે. જે લોકો સ્વયં પોતાના અપૂર્ણ જ્ઞાન અને પોતાની અધૂરી બુદ્ધિ પર ભરોસો રાખે છે, તે સદીઓ સુધી ભૂલો કર્યા પછી અને ઠોકરો ખાધા પછી અંતે આ જ શરીઅતના કોઈ-ને-કોઈ નિયમને અપનાવવા વિવશ બન્યા છે, પરંતુ જે લોકોએ અલ્લાહના પયગંબર (સલ્લ.) ઉપર ભરોસો કર્યો, તેઓ અજ્ઞાન અને અનભિજ્ઞતાના નુકસાનથી સુરક્ષિત છે, કેમ કે તેમને ચાહે છૂપી ભલાઈઓ અને ફાયદાઓનું જ્ઞાન હોય કે ન હોય, તેઓ પ્રત્યેક સ્થિતિમાં માત્ર અલ્લાહના પયગંબર (સલ્લ.) ઉપર વિશ્વાસ કરીને એક એવા કાનૂનનું પાલન કરે છે, જે શુદ્ધ અને સાચા જ્ઞાન અનુસાર બનાવવામાં આવેલ છે.

ચાર પ્રકારના હક્કો :

શરીઅત અનુસાર દરેક વ્યક્તિ ઉપર ચાર પ્રકારના હક્કો હોય છે. એક અલ્લાહનો હક્ક, બીજો સ્વયં તેના મન અને શરીરનો હક્ક, ત્રીજો લોકોનો હક્ક અને ચોથો તે વસ્તુઓનો હક્ક, જેને અલ્લાહે તેના અધિકારમાં આપેલ છે, જેથી તે તેમનાથી કામ લે અને ફાયદો ઉઠાવે. આ જ ચાર પ્રકારના હક્કોને સમજવા અને તેને બરાબર

પૂરા કરવા એક સાચા મુસલમાનનું કર્તવ્ય છે. શરીઅત આ બધા હક્કોને અલગ-અલગ વર્ણવે છે અને તેને પૂરા કરવા માટે એવી પદ્ધતિ નિશ્ચિત કરે છે કે એકી સાથે તમામ હક્કો પૂરા થઈ જાય અને યથાસંભવ કોઈ અધિકારનું હનન ન થાય.

અલ્લાહના હક્કો :

અલ્લાહનો સૌપ્રથમ હક્ક એ છે કે મનુષ્ય માત્ર તેને જ અલ્લાહ માને અને તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવે. આ હક્ક 'લા ઈલાહ ઈલ્લલ્લાહ' (અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી) પર ઈમાન લાવવાથી પૂરો થઈ જાય છે, જેમ કે અમે અગાઉ તમને બતાવી દીધું છે.[1]

અલ્લાહનો બીજો હક્ક એ છે કે જે માર્ગદર્શન અને આદેશ તેના તરફથી આવે, તેને હૃદયપૂર્વક માનવામાં આવે. આ હક્ક 'મહમ્મદુર્-રસૂલુલ્લાહ' (મુહમ્મદ અલ્લાહના રસૂલ છે) પર ઈમાન લાવવાથી પૂરો થઈ જાય છે અને તેનું વિસ્તૃત વર્ણન અગાઉ આવી ચૂક્યું છે.[2]

અલ્લાહનો ત્રીજો હક્ક એ છે કે તેનું આજ્ઞાપાલન કરવામાં આવે. આ હક્ક તે કાનૂન ઉપર ચાલવાથી અદા થાય છે, જે ઈશ્વરીય ગ્રંથ અને રસૂલની 'સુન્નત'માં વર્ણવવામાં આવેલ છે. તેના તરફ પણ અમે અગાઉ અંગૂલીનિર્દેશ કરી ચૂક્યા છીએ.[3]

અલ્લાહનો ચોથો હક્ક એ છે કે તેની ઈબાદત કરવામાં આવે. આ જ હક્કને અદા કરવા માટે તે વસ્તુઓ અનિવાર્ય કરવામાં આવી છે, જેનો ઉલ્લેખ અમે પાછલા પ્રકરણમાં કરી ચૂક્યા છીએ.[4]

અલ્લાહના હક્કનું સ્થાન બીજા બધાં હક્કોથી ઉચ્ચ છે, એટલે જ તેને પૂરા કરવામાં બીજા હક્કોનું બલિદાન કોઈ-ને-કોઈ હદ સુધી આવશ્યક છે. ઉદાહરણાર્થ, નમાઝ, રોઝા વગેરે 'ફર્ઝ'ને પૂરી કરવામાં મનુષ્ય સ્વયં પોતાના મન અને શરીરના ઘણા હક્કોનો ત્યાગ કરે છે. નમાઝ માટે મનુષ્ય સવારે ઉઠે છે અને ઠંડા પાણીથી વુઝૂ કરે છે, દિવસ-રાતમાં ઘણી વખત પોતાના જરૂરી કામો અને પોતાને ગમતા મનોરંજનોને છોડે છે. રમઝાનમાં આખો મહિનો ભૂખ-તરસ અને ઇચ્છાઓને રોકવાની તકલીફ ઉઠાવે છે. ઝકાત આપવામાં પોતાના ધનના પ્રેમને અલ્લાહના પ્રેમ ખાતર કુરબાન કરે છે. હજ્જમાં મુસાફરીની તકલીફો અને ધનનું બલિદાન સહન કરે છે. જિહાદમાં સ્વયં પોતાના પ્રાણ અને સંપત્તિ કુરબાન કરી દે છે. એ જ પ્રમાણે બીજા લોકોના હક્કો પણ અલ્લાહના હક્કો ઉપર થોડે-ઘણે અંશે કુરબાન થઈ જાય છે. દૃષ્ટાંત રૂપે, નમાઝમાં એક સેવક પોતાના

---

૧. જુઓ, પ્રકરણ-૪   ૨. જુઓ, પ્રકરણ-૪

૩. જુઓ, અધ્યાય-૪, સુન્નત વાસ્તવમાં હઝરત મુહમ્મદ (સલ્લ.)ના કથનો, કાર્યો અને વ્યવહારોનું નામ છે. આપ (સલ્લ.)એ માર્ગદર્શન હેતુસર જે કંઈ પણ કર્યું, તે બધું જ મુસલમાનો માટે આદર્શ છે.

૪. જુઓ, પ્રકરણ-૫

માલિકનું કામ છોડીને પોતાના 'સર્વોચ્ચ માલિક'ની ઈબાદત માટે જાય છે. હજ્જમાં એક વ્યક્તિ પોતાના વેપારને છોડીને મક્કા-શરીફની યાત્રા કરે છે, જેની અસરો ઘણા લોકોના હક્કો પર પડે છે. જિહાદમાં મનુષ્ય માત્ર અલ્લાહ માટે પ્રાણ લે છે અને પ્રાણ આપે છે. એ જ રીતે ઘણી એવી તે વસ્તુઓ પણ અલ્લાહના હક્કો ઉપર ન્યોછાવર થઈ જાય છે, જે મનુષ્યના અધિકારમાં છે, જેમ કે પશુ, ધન-સંપત્તિ વગેરે.

પરંતુ મહાન અલ્લાહે પોતાના હક્કો માટે એવી સીમાઓ નિશ્ચિત કરી દીધી છે કે તેના હક્કોને પૂરા કરવામાં બીજાના હક્કોનું જેટલું બલિદાન જરૂરી છે, તેનાથી વધુ ન આપવામાં આવે. દાખલા તરીકે નમાઝને લો. અલ્લાહે જે નમાઝોને તમારા માટે અનિવાર્ય કરી છે, તેને અદા કરવામાં દરેક પ્રકારની સહુલતો આપી છે. વુઝૂ માટે પાણી ન મળે કે બીમાર હોવ, તો 'તયમ્મુમ'[૫] કરી લો, મુસાફરીમાં હોવ તો 'કસ્ર' (સંક્ષિપ્ત) કરી લો, બીમાર હોવ તો બેસીને કે સૂતા-સૂતા પઢી લો. ઉપરાંત નમાઝમાં જે કંઈ પઢવામાં આવે છે, તે પણ એટલું નથી કે એક સમયની નમાઝમાં કેટલીક મિનિટોથી વધુ સમય લાગે. શાંત સમયમાં મનુષ્ય ચાહે તો આખી સૂરઃ બકરહ પઢી લે, પરંતુ વેપારના સમયમાં લાંબી નમાઝ પઢવાથી રોકી દેવામાં આવ્યા છે. તે જ રીતે અનિવાર્ય નમાઝોથી વધારે જો કોઈ વ્યક્તિ 'નફ્લ' નમાઝો પઢવા ઈચ્છે, તો અલ્લાહ તેનાથી ખુશ થાય છે, પરંતુ અલ્લાહ એવું નથી ઈચ્છતો કે તમે રાતની ઊંઘ અને દિવસનો આરામ પોતાના ઉપર હરામ કરી લો, અથવા પોતાની રોજી કમાવાના સમયને નમાઝો પઢવામાં જ લગાવી દો, અથવા લોકોના હક્કોને નષ્ટ કરીને નમાઝો જ પઢતા રહો.

આ જ પ્રમાણે રોઝામાં પણ દરેક પ્રકારની સહુલતો આપવામાં આવી છે. માત્ર વર્ષમાં એક મહિનાના રોઝા અનિવાર્ય કરવામાં આવ્યા છે, તે પણ મુસાફરી કે બીમારીમાં છોડી શકાય છે. જો રોઝા રાખનાર બીમાર છે અને જીવ જોખમમાં હોય તો રોઝા તોડી શકે છે. રોઝા માટે જેટલો સમય નિર્ધારીત કરવામાં આવેલ છે, તેમાં એક મિનિટ વધારવી અનુચિત છે. 'સહરી'[૬]ના સમયે અંતિમ સમય સુધી ખાવા-પીવાનો આદેશ છે અને ઈફતાર (પારણા)નો સમય થતાં જ તરત જ રોઝા ખોલવાનો આદેશ આપવામાં આવેલ છે. અનિવાર્ય રોઝા ઉપરાંત જો કોઈ વ્યક્તિ નફ્લ રોઝા રાખે, તો તે અલ્લાહની પ્રસન્નતા માટે ખૂબ સારૂં છે, પણ અલ્લાહ તેને પસંદ નથી કરતો કે તમે નિરંતર રોઝા રાખતા જાઓ અને સ્વયં પોતાને એટલાં નબળાં બનાવી લો કે દુનિયાના કામકાજ ન કરી શકો.

ઝકાત માટે પણ અલ્લાહે ઓછામાં ઓછી માત્રા નિશ્ચિત કરી છે અને તે પણ તે લોકો માટે અનિવાર્ય કરેલ છે, જેમના પાસે એક નિર્ધારીત ધનરાશિ હોય. કોઈ

---

૫. શુદ્ધ માટી ઉપર હાથ મારીને તેને મોઢાં અને હાથ ઉપર ફેરવવું, આનું પારિભાષિક નામ 'તયમ્મુમ' છે. આ નમાઝનો આદર અને તેની પવિત્રતાની ભાવના બાકી રાખવાની એક ઉત્તમ વિધિ છે.

૬. સૂર્યોદયથી પહેલાનો સમય

વ્યક્તિ તેનાથી વધારે અલ્લાહના માર્ગમાં સદ્કા કે ખૈરાત (દાન) કરે તો અલ્લાહ તેનાથી વધુ પ્રસન્ન થશે, પરંતુ અલ્લાહ એવું નથી ઇચ્છતો કે તમે પોતાનો કે પોતાના પરિવારનો હક્ક કુરબાન કરીને બધું જ સદ્કા અને ખૈરાત કરી દો અને કંગાળ બનીને બેસ્યા રહો. તેમાં પણ મધ્યમ-માર્ગ અપનાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

પછી હજ્જને જુઓ. સૌપ્રથમ તો આ અનિવાર્ય જ એ લોકો માટે કરવામાં આવેલ છે, જેઓ હજ્જનો ખર્ચ ઉઠાવી શકતા હોય અને મુસાફરીની તકલીફોને સહન કરવા સમર્થ હોય. ઉપરાંત તેમાં એ સહુલત પણ આપવામાં આવી છે કે જીવનમાં માત્ર એક વાર જ્યારે સુવિધા હોય, જઈ શકો છો અને જો રસ્તામાં યુદ્ધ થઈ રહ્યું હોય કે અશાંતિ હોય, જેનાથી જીવના જોખમની વધુ આશંકા હોય તો હજ્જનો વિચાર સ્થગિત કરી શકાય છે. તેના સાથે માતા-પિતાની પરવાનગી પણ આવશ્યક દર્શાવવામાં આવી છે, જેથી વૃદ્ધ માતા-પિતાને તમારી અનુપસ્થિતિમાં કષ્ટ ન થાય. આ બધી વાતોથી ખ્યાલ આવે છે કે અલ્લાહે પોતાના હક્કોમાં બીજાઓના હક્કોનું કેટલું ધ્યાન રાખ્યું છે.

અલ્લાહના હક્કો માટે માનવીય હક્કોનું સૌથી મોટું બલિદાન જિહાદમાં આપવામાં આવે છે, કેમ કે તેમાં મનુષ્ય પોતાના પ્રાણ અને ધન પણ અલ્લાહના માર્ગમાં ન્યોછાવર કરે છે અને બીજાઓના પ્રાણ અને ધનને પણ ભેટ ચઢાવી દે છે. પરંતુ જેમ કે અમે ઉપર તમને જણાવ્યું છે, ઈસ્લામનો સિદ્ધાંત એ છે કે મોટાં નુકસાનથી બચવા માટે નાના નુકસાનને સહન કરવું જોઈએ. આ સિદ્ધાંતને સામે રાખો અને પછી જુઓ કે કેટલાક એકસો કે હજાર કે કેટલાક લાખ મનુષ્યોની મૃત્યુની અપેક્ષાએ ઘણું મોટું નુકસાન એ છે કે સત્યના મુકાબલામાં અસત્યની ઉન્નતિ થાય, અલ્લાહનો દીન 'કુફ્ર' અને 'શિર્ક' (અધર્મ અને અનેકેશ્વરવાદ) અને નાસ્તિકતાની તુલનામાં દબાઈને રહે અને જગતમાં પથભ્રષ્ટતાઓ અને અનૈતિકતાઓ ફેલાય. તે જોતાં આ મોટાં નુકસાનથી બચવા માટે અલ્લાહે મુસલમાનોને આદેશ આપ્યો છે કે પ્રાણ અને ધન-સંપત્તિના ખૂબ ઓછા નુકસાનને અમારી પ્રસન્નતા માટે સહન કરી લો, પરંતુ તેના સાથે એ પણ કહી દીધું કે જેટલો રક્તપાત આવશ્યક છે તેનાથી વધુ ન કરો. વૃદ્ધો, બાળકો અને મહિલાઓ અને ઘાયલ વ્યક્તિઓ અને બીમારો ઉપર હાથ ન ઉગામો. માત્ર તે લોકોથી લડો, જેઓ અસત્યના પક્ષકાર બનીને તલવાર ઉઠાવે છે. શત્રુના દેશમાં અનાવશ્યક તબાહી અને બરબાદી ન ફેલાવો, શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત થાય તો તેમના સાથે ન્યાય કરો. કોઈ વાત ઉપર તેમના સાથે સંધિ-કરાર થઈ જાય, તો તેનું પાલન કરો. જ્યારે તેઓ સત્યની શત્રુતાનો ત્યાગ કરી દે, તો લડાઈ બંધ કરી દો. આ બધી વાતોથી સ્પષ્ટ થાય છે કે અલ્લાહનો હક્ક પૂરો કરવા માટે માનવીય હક્કોનું જેટલું બલિદાન જરૂરી છે, તેનાથી વધુ અવૈધ કરવામાં આવેલ છે.

મનુષ્યનો પોતાનો હક્ક :

હવે બીજા પ્રકારના હક્કને લો, અર્થાત્ મનુષ્ય ઉપર સ્વયં તેનો પોતાનો

અને પોતાના શરીરનો હક્ક.

કદાચ તમે એ સાંભળીને આશ્ચર્ય થશે કે મનુષ્ય સૌથી વધારે સ્વયં પોતાના ઉપર અત્યાચાર કરે છે. આ વાત સાચે જ આશ્ચર્યજનક છે, કેમ કે પ્રત્યક્ષ રૂપે તો પ્રત્યેક વ્યક્તિ એવું સમજે છે કે તેને સૌથી વધારે પોતાનાથી પ્રેમ છે અને સંભવતઃ કોઈ વ્યક્તિ પણ એ વાતને નહીં માને કે તે સ્વયં પોતાનો શત્રુ છે, પરંતુ તમે સહેજ વિચાર કરશો, તો તેની હકીકત તમારા સામે સ્પષ્ટ થઈ જશે.

મનુષ્યની એક મોટી નબળાઈ એ છે કે તેના ઉપર જ્યારે ઇચ્છા છવાઈ જાય છે, તો તે તેનો ગુલામ બની જાય છે અને તેના માટે જાણી-બૂઝીને કે અજાણતામાં પોતાને ઘણું નુકસાન કરી બેસે છે. તમે જુઓ છો કે એક વ્યક્તિને નશાની લત લાગી જાય, તો તે તેના પાછળ પાગલ થઈ જાય છે અને સ્વાસ્થ્ય, ધન, પ્રતિષ્ઠા તમામ વસ્તુઓનું નુકસાન સહન કરતો રહે છે. એક બીજો માણસ ભોજનની લિજ્જતનો એવો રસિયો છે કે દરેક પ્રકારની ખરાબમાં ખરાબ વસ્તુ ખાઈ જાય છે અને પોતાના શરીરને નુકસાન પહોંચાડે છે. એક ત્રીજો માણસ કામવાસનાનો દાસ બની ગયો છે અને એવી હરકતો કરી રહ્યો છે, જેનું અનિવાર્ય પરિણામ તેની તબાહી છે. એક ચોથા માણસને આધ્યત્મિક ઉન્નતિ અને આત્મિક વિકાસની ધૂન લાગે છે તો તે પોતાની પ્રાણના પાછળ હાથ-પગ ધોઈને પડી ગયો છે. પોતાના મનની તમામ ઇચ્છાઓને દબાવી રહ્યો છે. પોતાના શરીરની જરૂરતોને પૂરી કરવાથી દૂર રહે છે. લગ્નથી ભાગે છે, ખાવા-પીવાથી દૂર રહે છે, કપડાં પહેરવાનો ઇન્કાર કરે છે, ત્યાં સુધી કે શ્વાસ લેવા પણ તૈયાર નથી, જંગલો અને પહાડોમાં જઈ બેસે છે અને એમ સમજે છે કે દુનિયા તેના માટે બનાવવામાં આવી જ નથી. અમે માત્ર ઉદાહરણ રૂપે આ કેટલાક દાખલાઓ પ્રસ્તુત કર્યા છે, નહિં તો તેના અસંખ્ય રૂપો છે, જેને આપણે રાત-દિવસ ચોતરફ જોઈએ છીએ.

ઇસ્લામી શરીઅત મનુષ્યની ભલાઈ, હિત અને સફળતા ઇચ્છે છે, તેથી તે તેને સચેત કરે છે.

"તારા ઉપર સ્વયં તારા પોતાના પણ હક્કો છે."

ઇસ્લામી શરીઅત તે તમામ વસ્તુઓથી મનુષ્યને રોકે છે, જે તેને નુકસાન પહોંચાડનારી છે; જેમ કે દારૂ, તાડી, અફીણ તેમજ અન્ય માદક દ્રવ્યો અને વસ્તુઓ, સુવ્વરનું માંસ, હિંસક અને ઝેરીલા જાનવર, અપવિત્ર જાનવર, રક્ત અને મૃત જાનવર વગેરે; કેમ કે મનુષ્યના સ્વાસ્થ્ય, સ્વભાવ, આચરણ, બૌદ્ધિક અને આધ્યાત્મિક શક્તિઓ પર આ વસ્તુઓનો ખૂબ ખરાબ પ્રભાવ પડે છે. તેના સામે તે પવિત્ર અને લાભદાયી વસ્તુઓને તેના માટે હલાલ (વૈધ) કરે છે અને તેનાથી કહે છે કે તુ પોતાના શરીરને પવિત્ર ખાદ્ય પદાર્થોથી વંચિત ન કરી લે, કેમ કે તારા શરીરનો તારા ઉપર હક્ક છે.

તે તેને નગ્ન રહેવાથી રોકે છે અને આજ્ઞા આપે છે કે અલ્લાહે તારા શરીર માટે જે શોભા (વસ્ત્ર) ઉતારી છે, તેનાથી લાભાન્વિત થા અને પોતાના શરીરના તે અંગોને ઢાંકેલા રાખ, જેને ખોલવું નિર્લજ્જતા છે.

તે તેને આજીવિકા કમાવાનો આદેશ આપે છે અને તેનાથી કહે છે કે બેકાર ન બેસી રહે, ભીખ ન માંગ, ભૂખ્યો ન મરી જા. અલ્લાહે જે શક્તિઓ તને આપી છે, તેનાથી કામ લે અને જેટલી વસ્તુઓ ધરતી અને આકાશમાં તારા પાલન-પોષણ અને સુવિધા અને આરામ માટે ઉત્પન્ન કરેલ છે, તેને ઉચિત ઉપાયોથી પ્રાપ્ત કર.

તે તેને કામેચ્છાને દબાવવાથી રોકે છે અને તેને આજ્ઞા આપે છે કે પોતાની ઈચ્છાઓને પૂરી કરવા લગ્ન કર.

તે તેને ઈન્દ્રિય-દમનથી મનાઈ કરે છે અને તેને કહે છે કે તુ આરામ, સહુલત અને જીવનના આનંદનો ત્યાગ ન કર. જો તુ આધ્યાત્મિક વિકાસ અને ઈશ્વરનું સામિપ્ય અને પરલોકની મુક્તિની ચાહના રાખે છે, તો તેના માટે દુનિયા છોડવાની જરૂર નથી, આ જ સંસારમાં પૂર્ણતઃ ગૃહસ્થ-જીવન વ્યતીત કરતા-કરતા ઈશ્વરનું સ્મરણ કરવું અને તેની અવજ્ઞાથી ડરવું અને તેના બનાવેલ કાનૂનનું પાલન કરવું આલોક-પરલોકની તમામ સફળતાઓનું સાધન છે.

તે આત્મહત્યાને હરામ ઠેરવે છે અને તેનાથી કહે છે કે તારા પ્રાણ વાસ્તવમાં અલ્લાહની સંપત્તિ છે અને આ અમાનત તને એટલા માટે આપવામાં આવી છે કે તું અલ્લાહની નિર્ધારીત કરેલ મુદ્દત સુધી તેનાથી કામ લે, એટલા માટે નહિં કે તુ તેને નષ્ટ કરી દે.

લોકોના હક્કો :

એક તરફ શરીઅતે (ધર્મશાસ્ત્રએ) મનુષ્યને પોતાની આત્મા અને શરીરના હક્કો પૂરાં કરવાનો આદેશ આપ્યો છે, તો બીજી તરફ એ પ્રતિબંધ પણ મૂક્યો છે કે આ હક્કોને પૂરાં કરવામાં તે કોઈ એવી રીત ન અપનાવે, જેનાથી બીજા લોકોના હક્કોને નુકસાન પહોંચે, કેમ કે આ પ્રકારે પોતાની ઇચ્છાઓ અને આવશ્યકતાઓને પૂરી કરવામાં મનુષ્યની પોતાની આત્મા પણ મલિન થાય છે અને બીજાઓને પણ વિભિન્ન નુકસાન પહોંચે છે. એટલા માટે શરીઅતે ચોરી, લૂંટ-ફાટ, લાંચ-રુશ્વત, અપ્રમાણિકતા અને વિશ્વાસઘાત, વ્યાજ, છળ-કપટને પ્રતિબંધિત કરેલ છે, કેમ કે આના દ્વારા મનુષ્ય જે કંઈ લાભ મેળવે છે, તે વાસ્તવમાં બીજાઓને નુકસાન કરીને મેળવે છે. જૂઠ, નિંદા, ચાડી-ચુગલી અને જૂઠો આરોપ લગાવવાની પણ મનાઈ કરી છે, કેમ કે આ બધા કાર્યો બીજાઓ માટે હાનિકારક છે. જુગાર, સટ્ટો અને લોટરીને પણ હરામ કરેલ છે, કેમ કે આમાં એક વ્યક્તિનો લાભ હજારો વ્યક્તિઓના નુકસાન ઉપર ટકેલો છે. ધોખો અને છળ-કપટની લેવડ-દેવડ તેમજ આવાં જ વેપારી કરારોને

પણ અવૈધ કરેલ છે, જેનાથી કોઈ એક પક્ષકારને હાનિ પહોંચવાની સંભાવના હોય. હત્યા, ઉપદ્રવ અને બગાડને પણ હરામ કરેલ છે, કેમ કે એક વ્યક્તિને પોતાના કોઈ લાભ કે પોતાની કોઈ ઇચ્છાની પૂર્તિ માટે બીજાઓના પ્રાણ લેવાનો કે તેમને કષ્ટ આપવાનો કોઈ અધિકાર નથી. વ્યભિચાર અને અપ્રાકૃતિક મૈથુનને પણ હરામ ઠેરવેલ છે, કેમ કે આ કાર્યો એક તરફ તો સ્વયં તે વ્યક્તિના સ્વાસ્થ્ય અને તેના ચરિત્રને બરબાદ કરે છે અને બીજી તરફ તેનાથી સમાજમાં નિર્લજ્જતા અને દુરાચાર ફેલાય છે, ગંદી બીમારીઓ પેદા થાય છે, નસલો ખરાબ થાય છે, ઉપદ્રવો વકરે છે, માનવીય સંબંધોમાં બગાડ ઉદ્ભવે છે અને સભ્યતા અને સંસ્કૃતિનો પાયો હચમચી જાય છે.

આ તો તે પાબંદીઓ છે, જેને શરીઅતે એટલા માટે લગાવી છે કે એક વ્યક્તિ પોતાના મન અને શરીરના હક્કો પૂરા કરવામાં બીજાઓના અધિકારોનું ઉલ્લંઘન ન કરે, પરંતુ માનવીય સભ્યતાની ઉન્નતિ અને ભલાઈ અને કલ્યાણ માટે માત્ર આટલું જ પૂરતું નથી કે એક વ્યક્તિ બીજી વ્યક્તિને હાનિ ન પહોંચાડે, બલ્કે તેના માટે એ પણ આવશ્યક છે કે લોકોના પારસ્પારિક સંબંધો એ રીતે સ્થપાય કે તેઓ બધાં એક-બીજાની ભલાઈમાં સહાયક હોય. આ ઉદ્દેશ્યથી શરીઅતે જે કાનૂન અને નિયમો બનાવ્યા છે, તેમનો કેવળ એક સારાંશ જ અમે અહીં પ્રસ્તુત કરીએ છીએ.

માનવીય સંબંધોનો આરંભ પરિવારથી થાય છે, એટલા માટે સૌપ્રથમ તેના ઉપર નજર નાખો. પરિવાર વાસ્તવમાં તે સમૂહને કહે છે, જે પતિ, પત્ની અને બાળકોથી મળીને બને છે. એટલા માટે ઇસ્લામી નિયમ એ છે કે રોજી (આજીવિકા) કમાવી અને પરિવારની જરૂરતોને પૂરી કરવી તથા પત્ની અને બાળકોની રક્ષા કરવી પુરુષનું કર્તવ્ય છે; અને સ્ત્રીનું કર્તવ્ય એ છે કે પુરુષ જે-કંઈ કમાવીને લાવે તેનાથી તે ઘરનો પ્રબંધ કરે, પતિ અને બાળકો માટે વધુમાં વધુ આરામ પહોંચાડે અને બાળકોનું પ્રશિક્ષણ કરે. બાળકોનું કર્તવ્ય એ છે કે માતા-પિતાની આજ્ઞાને માને, તેમનો આદર કરે અને જ્યારે તેઓ મોટાં થાય તો તેમની સેવા કરે. પરિવારની વ્યવસ્થા બરાબર રાખવા માટે ઈસ્લામે બે ઉપાય અપનાવ્યા છે. એક એ કે પતિ અને પિતાને ઘરનો મુખ્ય અધિકારી નિયુક્ત કરી દીધો છે, કેમ કે જે રીતે એક શહેરનો પ્રબંધ, પ્રબંધક વગર અને એક શાળાનો પ્રબંધ, એક પ્રિન્સિપાલ વગર બરાબર રહી શકતો નથી; તે જ રીતે ઘરનો પ્રબંધ એક પ્રબંધક વગર બરાબર રહી શકતો નથી. જે ઘરમાં પ્રત્યેક વ્યક્તિ પોતાની ઇચ્છાઓમાં સ્વતંત્ર હોય, તે ઘરમાં હંમેશા અવ્યવસ્થા સર્જાશે, સુખ અને ખુશી નામની કોઈ વસ્તુ નહીં રહે. પતિ મહોદય એક તરફ પધારશે, પત્ની બીજો રસ્તો પકડશે અને બાળકોની દુર્દશા થશે. આ તમામ બૂરાઈઓને દૂર કરવા માટે ઘરનો એક પ્રબંધક હોવો આવશ્યક છે અને તે પુરુષ જ હોઈ શકે છે, કેમ કે તે ઘરવાળાઓના પાલન-પોષણ અને સુરક્ષા માટે જવાબદાર છે. બીજો ઉપાય એ છે કે ઘરથી બહારના કામકાજનો બોજ પુરુષ ઉપર નાખીને સ્ત્રીને આદેશ આપવામાં આવ્યો

કે આવશ્યકતા વગર ઘરથી બહાર ન નીકળે. તેને ઘરથી બહારના કામોથી એટલા માટે મુક્તિ આપવામાં આવી કે તે શાંતિપૂર્વક ઘરના કામો કરી શકે અને તેના બહાર નીકળવાથી ઘરની સુખ-સુવિધા અને બાળકોના પાલન-પોષણ અને તેમની શિક્ષા-દીક્ષામાં અવરોધ ઊભો ન થાય. તેનો અર્થ એ નથી કે સ્ત્રીઓ તદન ઘરથી બહાર પગ જ ન મૂકે. આવશ્યકતા હોય તો તેમને બહાર જવાનો અધિકાર પ્રાપ્ત છે, પરંતુ શરીઅતનો ઉદ્દેશ્ય એ છે કે તેમનું કાર્ય-ક્ષેત્ર ઘર હોવું જોઈએ અને તેમની શક્તિઓ સંપૂર્ણપણે ઘરેલુ જીવનને સુંદર બનાવવામાં લાગવી જોઈએ.

લોહીના સંબંધો અને લગ્ન-સંબંધોથી પરિવારનું વર્તુળ ફેલાય છે. આ વર્તુળમાં જે લોકો એક-બીજાથી જોડાય છે, તેમના સંબંધોને બરાબર રાખવા અને તેમને એક-બીજાના સહયોગી બનાવવા માટે શરીઅતે જુદા-જુદા નિયમો નિર્ધારીત કર્યા છે, જે ઘણી તત્ત્વદર્શિતા (Wisdom) ઉપર આધારિત છે, તેમાંથી કેટલાક નિયમો આ પ્રમાણે છે.

(૧) જે સ્ત્રીઓ અને પુરુષોને સ્વભાવતઃ એક-બીજાના સાથે હળી-મળીને રહેવું પડે છે, તેમને એક-બીજા માટે હરામ કરી દીધા છે[૭], જેમ કે માતા અને પુત્ર, પિતા અને પુત્રી, સાવકો પિતા અને સાવકી પુત્રી, સાવકી માતા અને સાવકો પુત્ર, ભાઈ અને બહેન, કાકા અને ભત્રીજી, ફોઈ અને ભત્રીજો, મામા અને ભાણી, માસી અને ભાણો, સાસુ અને જમાઈ તથા શ્વસુર અને પુત્રવધુ. આ તમામ રિશ્તાઓને પરસ્પર હરામ (અભોગ્ય) કરવાના અસંખ્ય ફાયદાઓમાંથી એક ફાયદો એ છે કે આવા પુરુષો અને સ્ત્રીઓના સંબંધ અત્યંત પવિત્ર રહે છે અને તેઓ વિશુદ્ધ પ્રેમ સહિત નિખાલસ અને નિઃસંકોચ ભાવથી એક-બીજાથી હળી-મળી શકે છે.

(૨) હરામ રિશ્તાઓ ઉપરાંત કુટુંબના બીજા પુરુષો અને સ્ત્રીઓમાં લગ્નને વૈધ કરવામાં આવેલ છે, જેથી પરસ્પરના સંબંધ હજુ વધારે ગાઢ થાય. જે લોકો એક-બીજાની પ્રકૃતિ અને સ્વભાવથી વાકેફ હોય છે, તેમના દરમ્યાન લગ્નનો સંબંધ વધુ સફળ થાય છે. અપરિચિત કુટુંબોમાં જોડ કરવાથી મોટાભાગે પારસ્પારિક વિરોધ ઉત્પન્ન થઈ જાય છે, એટલા માટે ઈસ્લામમાં 'કુફૂ' (બરાબરી કે સમાન)વાળાને 'ગૈર-કુફૂ'(જે બરાબરીમાં કે સમાન ન હોય)ની અપેક્ષાએ સારૂં સમજવામાં આવે છે.

(૩) કુટુંબમાં નિર્ધન અને ધનવાન, સંપન્ન અને દુઃખી બધા પ્રકારના લોકો રહે છે. ઈસ્લામનો આદેશ એ છે કે પ્રત્યેક વ્યક્તિ ઉપર સૌથી વધુ અધિકાર તેના સગા-સંબંધીઓનો છે. તેનું નામ શરીઅતની ભાષામાં 'સ઼િલેહ-રહમી' છે, જેના પાલનની ખૂબ તાકીદ કરવામાં આવી છે. સગા-સંબંધીઓના સાથે વિશ્વાસઘાત કરવાને 'કતઅ્-રહમી' કહે છે અને આ ઈસ્લામમાં મોટો ગુનો છે. કોઈ સંબંધી ગરીબ હોય અથવા તેના ઉપર કોઈ મુસીબત આવે, તો સંપન્ન સગા-સંબંધીઓનું કર્તવ્ય છે કે તેની

૭. અર્થાત્ આ સંબંધોમાં એક-બીજાથી નિકાહ (લગ્ન) થઈ શકતા નથી.

મદદ કરે, સદ્કા-ખૈરાત (દાન)માં પણ વિશેષ રૂપે સગાઓના હક્કને પ્રાધાન્યતા આપવામાં આવેલ છે.

(૪) વારસાના કાનૂનને પણ એ જ રીતે બનાવવામાં આવેલ છે કે જે વ્યક્તિ કંઈક ધન-સંપત્તિ છોડીને મૃત્યુ પામે, ચાહે ઓછી હોય કે વધુ, તે એક જગ્યાએ સમેટાઈને ન રહી જાય, બલ્કે તેના સગાઓને થોડો કે વધારે હિસ્સો પહોંચી જાય. પુત્ર-પુત્રી, પતિ-પત્ની, માતા-પિતા, ભાઈ-બહેન મનુષ્યોના સૌથી વધુ નજીકના હક્કદારો છે. એટલા માટે વારસામાં પ્રથમ તેમના હિસ્સા નિશ્ચિત કરવામાં આવ્યા છે. તેઓ જો ન હોય તો તેમના પછી તેના જે સૌથી નજીકના સગા હોય, તેમને હિસ્સો પહોંચે છે. આ પ્રમાણે એક વ્યક્તિના મૃત્યુ પછી તેની છોડેલ સંપત્તિ ઘણા સગાઓના કામ આવે છે. ઈસ્લામના આ કાનૂનનું કોઈ બીજું ઉદાહરણ મળી શકે તેમ નથી. હવે બીજી જાતિઓ પણ તેની નકલ કરી રહી છે, પણ અફસોસ છે કે મુસલમાનો પોતાની અજ્ઞાનતા અને મૂર્ખતાના કારણે આ કાનૂનને તોડી રહ્યા છે. વિશેષતઃ છોકરીઓનો હિસ્સો ન આપવાની રસમ પાકિસ્તાન અને ભારતના મુસલમાનોમાં ખૂબ પ્રસરેલ છે, જો કે આ ખૂબ મોટો અત્યાચાર છે અને કુર્આનના સ્પષ્ટ આદેશનું ઉલ્લંઘન છે.

પરિવાર પછી મનુષ્યના સંબંધો પોતાના મિત્રો, પાડોસીઓ, મહોલ્લાવાળા અને શહેરવાળા અને તે લોકો સાથે હોય છે, જેમનાથી તેને કોઈ-ને-કોઈ રીતના વ્યવહારો થતાં હોય છે. ઈસ્લામનો આદેશ એ છે કે સૌના સાથે સચ્ચાઈ, ન્યાય અને નૈતિકતાનો વ્યવહાર કરો. કોઈને તકલીફ ન આપો, કોઈનું દિલ ન દુઃખાવો, નિર્લજ્જતા અને અશ્લીલતાની વાતોથી બચો. એક-બીજાની મદદ કરો, બીમારોની સેવા માટે જાઓ, કોઈનું મૃત્યુ થાય તો તેમના જનાઝામાં ભાગ લો, કોઈના ઉપર મુસીબત આવે તો તેના સાથે સહાનુભૂતિનો વ્યવહાર કરો, જે દીન-દુઃખી, મોહતાજ અને લાચાર હોય છૂપી રીતે તેમની સહાયતા કરો, અનાથો અને વિધવાઓનું ધ્યાન રાખો. ભૂખ્યાઓને ભોજન કરાવો, નિર્વસ્ત્રને કપડાં પહેરાવો, બેરોજગારોને કામ ઉપર લગાવવામાં તેમની મદદ કરો. જો તમને અલ્લાહે ધન આપ્યું છે તો તેને માત્ર પોતાના સુખ ભોગવવામાં ન ઉડાવી નાખો. સોના-ચાંદીના વાસણોના ઉપયોગ, રેશમી કપડાં પહેરવા અને પોતાના નાણાને વ્યર્થ મનોરંજન અને આરામ અને સુવિધાઓને સમેટવામાં નષ્ટ કરવાની ઈસ્લામમાં એટલા માટે મનાઈ કરવામાં આવી છે કે જે ધનથી અલ્લાહના હજારો બંદાઓ માટે રોજી એકત્ર કરી શકાય છે, તેને કોઈ વ્યક્તિ માત્ર પોતાના જ ઉપર ખર્ચ ન કરી નાખે, આ એક અન્યાય છે કે જે ધનથી ઘણાબધાંના પેટ પાળી શકાય છે, તે કેવળ એક આભૂષણના રૂપમાં તમારા શરીર ઉપર લટકેલું રહે, એક વાસણના રૂપમાં તમારી મેજ ઉપર સજેલું રહે અથવા એક ગાલીચો બનીને તમારા ઓરડામાં પડ્યું રહે, અથવા આતસબાજી બનીને આગમાં બળી જાય. ઈસ્લામ તમારાથી

તમારૂં ધન છીનવી લેવા માગતો નથી, જે કંઈ તમે કમાયા છો અથવા વારસામાં મળ્યું છે તેના વારસ તમે જ છો. તે તમને એ વાતનો સંપૂર્ણ અધિકાર આપે છે કે પોતાના ધનથી આનંદ ઉઠાવો. તે તેને પણ ઉચિત ઠરાવે છે કે જે વસ્તુઓ અલ્લાહે તમને પ્રદાન કરી છે, તેની નિશાનીઓ તમારા પહેરવેશ અને મકાન અને સવારીમાં દેખાય, પરંતુ તેની શિક્ષાનો હેતુ એ છે કે તમે એક સાદું, સરળ, સંતુલિત અને મધ્યમમાર્ગી જીવન અપનાવો. પોતાની આવશ્યકતાઓને એક હદથી આગળ ન વધારો અને પોતાના સાથે પોતાના સગા-વ્હાલાં, મિત્રો, પાડોસીઓ, દેશવાસીઓ અને જાતિ-બંધુઓ અને સામાન્ય માણસોના હક્કો અને અધિકારોનું પણ ધ્યાન રાખો.

આ નાના ક્ષેત્રોથી હવે તમે વિસ્તૃત ક્ષેત્ર ઉપર નજર નાખો, જેના અંતર્ગત વિશ્વના તમામ મુસલમાનો આવી જાય છે. આ ક્ષેત્ર માટે ઈસ્લામના એવા કાનૂન અને નિયમો નિર્ધારીત કરવામાં આવેલ છે, જેનાથી મુસલમાનો એક-બીજાના હિત અને ભલાઈમાં સહાયક બને અને બૂરાઈઓના પ્રગટ થવાની સંભાવનાઓને યથાસંભવ ઉત્પન્ન જ થવા દેવામાં ન આવે, દૃષ્ટાંત રૂપે તેમાંથી કેટલાક તરફ અમે અહીં અંગૂલીનિર્દેશ કરીએ છીએ.

(૧) જાતીય ચરિત્ર (Moral life of the nation)ની સુરક્ષા માટે એ નિયમ બનાવવામાં આવ્યો છે કે જે સ્ત્રીઓ અને પુરુષોમાં પરસ્પર લગ્ન અવૈધ નથી, તેઓ એક-બીજાથી સ્વતંત્ર મેળ-મિલાપ ન રાખે. સ્ત્રી-સમાજ અલગ રહે અને પુરુષ સમાજ અલગ, સ્ત્રીઓ મહદ્અંશે ગૃહસ્થ જીવન પ્રત્યે પોતાના કર્તવ્યો તરફ ધ્યાન આપે. જો જરૂરત અનુસાર બહાર નીકળે તો શ્રૃંગારની સાથે ન નીકળે. સાદા કપડાં પહેરીને આવે, શરીરને સારી રીતે ઢાંકે, ચહેરો અને હાથ ખોલવાની અત્યંત આવશ્યકતા ન હોય, તો તેને પણ છૂપાવે અને જો વાસ્તવમાં કોઈ જરૂરત આવી જાય તો માત્ર તેને પૂરી કરવાની હદ સુધી હાથ-મોઢું ખોલે. તેના સાથે પુરુષો માટે આદેશ છે કે પરાઈ સ્ત્રીઓ તરફ ન જુએ. અચાનક નજર પડી જાય તો હટાવી લે. ફરીથી જોવાનો પ્રયત્ન કરવો ગુનો છે, અને તેમને મળવાની કોશિશ ખૂબ જ ખરાબ છે. પ્રત્યેક પુરુષ અને સ્ત્રીનું એ કર્તવ્ય છે કે તે પોતાના ચરિત્રની રક્ષા કરે અને અલ્લાહે વિષય-વાસનાની પૂર્તિ માટે લગ્ન (નિકાહ)ની જે સીમા નિયત કરી છે, તેનાથી બહાર નીકળવાનો પ્રયાસ તો દૂરની વાત છે, તેની ઇચ્છા પણ પોતાના મનમાં ઉત્પન્ન ન થવા દે.

(૨) જાતીય નૈતિકતાની રક્ષા માટે એ નિયમ નિશ્ચિત કરવામાં આવ્યો છે કે કોઈ પુરુષ ઘૂંટણ અને નાભિ (દૂંટી)ના વચ્ચેનો ભાગ તથા કોઈ સ્ત્રી ચહેરા અને હાથ સિવાય પોતાના શરીરનું કોઈ પણ અંગ કોઈના સામે ન ખોલે, ચાહે તે તેનો નજીકનો સગો જ કેમ ન હોય. તેને શરીઅત (ધર્મશાસ્ત્ર)ની ભાષામાં 'સત્ર' કહે છે અને તેને છૂપાવવું પ્રત્યેક સ્ત્રી અને પુરુષ માટે અનિવાર્ય છે. ઈસ્લામનો ઉદ્દેશ્ય એ છે કે લોકોમાં

લજ્જા અને શરમની ભાવના ઉત્પન્ન થાય તથા નિર્લજ્જતા અને અશ્લીલતાને ફેલાવાની તક ન મળે, જેનાથી અંતે દુરાચાર અને અનૈતિકતા પ્રસરે છે.

(૩) ઇસ્લામ એવા મનોરંજનો અને એવી રમત-ગમતોને પણ પસંદ નથી કરતો, જે ચરિત્ર અને આચરણને બગાડનાર અને ખરાબ ઇચ્છાઓને ઉત્તેજીત કરનાર તેમજ સમય, સ્વાસ્થ્ય અને ધનને બરબાદ કરનાર હોય. મનોરંજન સ્વયં ખૂબ જરૂરી વસ્તુ છે. મનુષ્યમાં જીવનની તાજગી અને સત્વ તથા કર્મની શક્તિ ઉત્પન્ન કરવા માટે, કામ અને પરિશ્રમના સાથે તેનું હોવું પણ આવશ્યક છે, પરંતુ તે એવાં હોવા જોઈએ કે જે આત્માને સ્વસ્થ અને પ્રફુલ્લિત કરનાર હોય, ન કે તેને વધુ અપવિત્ર અને ખરાબ કરનાર હોય. બેહુદૂ અને અસભ્ય મનોરંજન, જેમાં હજારો વ્યક્તિઓ એક સાથે બેસીને અપરાધોની કૃત્રિમ ઘટનાઓ અને નિર્લજ્જ અને અશ્લીલ દૃષ્યો જુએ છે, સંપૂર્ણ કોમ (જાતિ, Nation) માટે ચરિત્ર અને સ્વભાવને બગાડનાર વસ્તુ છે, ભલે જોવામાં તે ગમે તેટલું શોભાયમાન અને સુંદર હોય.

(૪) જાતીય એકતા (Unity of Nation), ભલાઈ અને કલ્યાણ માટે મુસલમાનોને તાકીદ કરવામાં આવી છે કે પરસ્પરના વિરોધથી બચે, સાંપ્રદાયિકતા અને કોમવાદથી દૂર રહે, કોઈ મામલામાં મતભેદ હોય તો નિખાલસતાપૂર્વક કુર્આન અને હદીષથી તેનો ફેંસલો કરવાનો પ્રયત્ન કરે. જો ઉકેલ ન આવે, તો પરસ્પર લડવાના બદલે અલ્લાહ ઉપર તેનો નિર્ણય છોડી દે. જાતીય ભલાઈ અને કલ્યાણના કામોમાં એક-બીજાનો સાથ આપે. પોતાની જાતિના આગેવાનોનું અનુસરણ કરતા રહે. ઝઘડો કરનારાઓથી અલગ થઈ જાય અને પરસ્પરની લડાઈઓથી પોતાની શક્તિઓને નષ્ટ અને કલંકિત ન કરે.

(૫) મુસલમાનોને બિનમુસ્લિમ જાતિઓથી વિદ્યાઓ અને કળાઓને પ્રાપ્ત કરવા અને તેમની ઉપયોગી પદ્ધતિઓ શીખવાની સંપૂર્ણ પરવાનગી છે, પરંતુ જીવનમાં તેમનું અનુકરણ કરવાથી રોકી દેવામાં આવ્યા છે. એક જાતિ (સંસ્કૃતિ અને સભ્યતા વગેરેમાં) બીજી જાતિનું અનુકરણ ત્યારે જ કરે છે, જ્યારે તે પોતાની હીનતા અને લઘુતાને માની લે છે, આ દાસતાનો અત્યંત નિમ્ન પ્રકાર છે. પોતાના પરાજયની સ્પષ્ટ ઘોષણા છે અને તેનું અંતિમ પરિણામ એ છે કે અનુકરણ કરવાવાળી જાતિની સભ્યતા નષ્ટ થઈ જાય છે. એટલા માટે અલ્લાહના રસૂલ (સલ્લ.)એ અન્ય જાતિઓની રહેણી-કરણી અપનાવવાથી કડક રીતે રોક્યા છે. આ વાત સામાન્ય બુદ્ધિ ધરાવનાર વ્યક્તિ પણ સમજી શકે છે. કોઈ જાતિની શક્તિ તેના વસ્ત્રો કે તેની રહેણી-કરણીમાં નથી હોતી, બલ્કે તેની શક્તિ તેના જ્ઞાન, તેની શિસ્ત અને અનુશાસન અને તેની કાર્યશીલતાના કારણે હોય છે. તેથી જો તમે શક્તિ પ્રાપ્ત કરવા માગો છો, તો તે વસ્તુઓ લો, જેમાં જાતિઓ શક્તિઓ પ્રાપ્ત કરે છે, ન કે તે વસ્તુઓ, જેનાથી જાતિઓ ગુલામ બને છે અને અંતે બીજાઓમાં

ભળીને પોતાનું જાતીય અસ્તિત્વ જ ખોઈ નાખે છે.

બિનમુસ્લિમોના સાથે વર્તન-વ્યવહાર કરવામાં મુસલમાનોને પૂર્વગ્રહ અને પક્ષપાત અને સંકુચિતતાથી બચવાની શિક્ષા આપવામાં આવી છે. તેમના મહાપુરુષોને ખરાબ કહેવાની કે તેમના ધર્મનું અપમાન કરવાની મનાઈ કરવામાં આવી છે. અનાવશ્યક વિવાદ અને ઝઘડાની શોધથી પણ રોકવામાં આવ્યા છે, તેઓ જો આપણા સાથે મેળ-મિલાપ રાખે અને આપણા અધિકારો ઉપર હાથ ન નાખે તો આપણને પણ તેમના સાથે હેતસંબંધ રાખવા અને મિત્રતાપૂર્ણ વ્યવહાર કરવાની અને તેમના સાથે ન્યાયપૂર્વક વર્તવાની તાકીદ કરવામાં આવી છે. આપણી ઇસ્લામી સજ્જનતા ઇચ્છે છે કે આપણે સૌથી વધીને માનવીય સહાનુભૂતિ અને સદ્-વ્યવહારને અપનાવીએ. સ્વભાવ અને આચરણમાં કુટિલતા અને અન્યાય અને સંકુચિતતા મુસલમાનો માટે શોભાસ્પદ નથી. મુસલમાન વિશ્વમાં એટલા માટે પેદા કરવામાં આવ્યા છે કે સારા સ્વભાવ અને સજ્જનતા અને સદાચારનું આદર્શ રૂપ ધારણ કરે અને પોતાના સિદ્ધાંતોથી લોકો હૃદયોને જીતી લે.

સૃષ્ટિની તમામ વસ્તુઓના હક્કો :

હવે અમે સંક્ષિપ્તમાં ચોથા પ્રકારના હક્કોનું વર્ણન કરીશું.

અલ્લાહે સૃષ્ટિના અસંખ્ય સર્જનો ઉપર મનુષ્યને અધિકાર આપ્યો છે. મનુષ્ય પોતાની શક્તિથી તેમને આધીન કરે છે, તેમનાથી કામ લે છે, તેમનાથી ફાયદો ઉઠાવે છે. સર્વોચ્ચ પ્રાણી હોવાને કારણે તેને આવું કરવાનો પૂરેપૂરો હક્ક પ્રાપ્ત છે, પરંતુ તેના સામે તે વસ્તુઓ પ્રત્યે મનુષ્યના પણ કેટલાંક કર્તવ્યો છે અને તે એ છે કે મનુષ્ય તેને વ્યર્થ બરબાદ ન કરે. તેમને અનાવશ્યક નુકસાન કે તકલીફ ન પહોંચાડે. પોતાના ફાયદા માટે તેમને ઓછામાં ઓછી હાનિ પહોંચાડે, જે આવશ્યક હોય અને તેમનાથી કામ લેવામાં ઉત્તમોત્તમ ઢંગ અપનાવે.

શરીઅત (ધર્મશાસ્ત્ર)માં તેના માટે ઘણા આદેશો આપવામાં આવ્યા છે, જેમ કે પશુઓને માત્ર ત્યારે મારવાની પરવાનગી આપવામાં આવી છે, જ્યારે તેમનાથી નુકસાન થવાનો ભય હોય અથવા તો પછી ભોજન માટે તેમને મારી શકાય છે; પરંતુ અકારણ ખેલતમાશા અને મનોરંજન માટે તેમના જીવ લેવાથી રોકવામાં આવ્યા છે. ખાઈ શકાય તેવા પશુઓના વધ માટે 'જિબ્હ'ની પદ્ધતિ નિશ્ચિત કરવામાં આવી છે, જે પશુઓથી લાભદાયક માંસ પ્રાપ્ત કરવાની સૌથી સારી પદ્ધતિ છે. તેના સિવાય જે પદ્ધતિઓ છે, તે જો ઓછી કષ્ટદાયક છે, તો તેમાં માંસના અનેક લાભદાયી ગુણ નષ્ટ થઈ જાય છે અને જો તે માંસના લાભદાયી ગુણોને સુરક્ષિત રાખનારી છે, તો 'જિબ્હ'ની પદ્ધતિથી વધુ કષ્ટદાયક છે. ઇસ્લામ આ બંને બાબતોથી બચવા માગે છે. ઇસ્લામમાં પશુઓને તકલીફ આપીને નિર્દયી રીતે મારવાને ખૂબ ખરાબ સમજવામાં આવ્યું છે.

તે ઝેરીલા જાનવરો અને હિંસક પ્રાણીઓને માત્ર એટલા માટે મારવાનો આદેશ આપે છે કે મનુષ્યના પ્રાણ તેમના પ્રાણની તુલનામાં વધારે મૂલ્યવાન છે, પરંતુ તેમને પણ કષ્ટ આપીને મારવાની મનાઈ કરવામાં આવી છે. જે પશુઓ સવારી કે બોજ ઉઠાવવાના કામ આવે છે, તેમને ભૂખ્યા રાખવા અને તેમનાથી અત્યંત કઠિન કામ લેવા અને નિર્દયી રીતે મારવાથી રોકે છે. પક્ષીઓને અકારણ કેદ કરવાથી પણ રોકવામાં આવ્યા છે. પશુ તો પશુ, ઈસ્લામ તેને પણ પસંદ કરતો નથી કે વૃક્ષ અને વનસ્પતિઓને વ્યર્થ નુકસાન પહોંચાડવામાં આવે. તમે તેના ફળો તોડી શકો છો, પરંતુ તેને વિનાકારણ નષ્ટ કરવાનો તમને કોઈ અધિકાર નથી. વનસ્પતિઓમાં તો પ્રાણ પણ હોય છે. ઈસ્લામ કોઈ નિર્જીવ વસ્તુને પણ નિરર્થક બરબાદ કરવાને વૈધ ગણતો નથી, ત્યાં સુધી કે પાણીને પણ વ્યર્થ વહાવવાથી રોકે છે.

વિશ્વ-વ્યાપી અને સર્વકાલિન શરીઅત :

આ તે શરીઅત (ધર્મશાસ્ત્ર)ના આદેશો અને કાનૂનોનો અતિ-સંક્ષિપ્ત સારાંશ છે, જે હઝરત મુહમ્મદ (સલ્લ.) દ્વારા સંપૂર્ણ જગત માટે અને હંમેશ માટે મોકલવામાં આવી છે. આ શરીઅતમાં મનુષ્ય અને મનુષ્ય દરમ્યાન વિચારધારા અને કર્મ સિવાય કોઈ બીજી વસ્તુના આધારે ભેદ કરવામાં આવ્યો નથી. જે ધર્મો અને ધર્મશાસ્ત્રો (શરીઅતો)માં વંશ અને દેશ અને વર્ણની દૃષ્ટિએ મનુષ્યમાં ભેદ કરવામાં આવ્યો છે, તે કદાપિ વિશ્વ-વ્યાપી નથી હોઈ શકતા, કેમ કે એક વંશ-વિશેષનો મનુષ્ય બીજા વંશનો મનુષ્ય નથી બની શકતો, ન સંપૂર્ણ જગત સમેટાઈને એક દેશમાં સમાઈ શકે છે, ન હબ્શીની કાળાશ અને ચીનીની પીળાશ અને અંગ્રેજની સફેદી ક્યારેય બદલાઈ શકે છે. એટલા માટે આ પ્રકારના ધર્મ અને કાનૂન અનિવાર્યતઃ એક જ જાતિમાં હોય છે. તેમની તુલનામાં ઈસ્લામની શરીઅત એક વિશ્વ-વ્યાપી શરીઅત છે. પ્રત્યેક વ્યક્તિ, જે 'લા ઈલાહ ઈલ્લલ્લાહ, મુહમ્મદુર્-રસૂલુલ્લાહ'[૧૦] ઉપર ઈમાન લાવે, તે શરીઅતની દૃષ્ટિએ મુસ્લિમ જાતિમાં તદ્દન સમાન અધિકારની સાથે સામેલ થઈ શકે છે. અહીં વશં, ભાષા, દેશ, સ્વદેશ, વર્ણ કોઈ વસ્તુ માટે પણ કોઈ વિશેષતા નથી.

ઉપરાંત, આ શરીઅત એક સર્વકાલિન શરીઅત પણ છે. તેના કાનૂનો કોઈ વિશેષ જાતિ અને વિશેષ યુગના રીત-રિવાજો ઉપર આધારિત નથી, બલ્કે તે પ્રકૃતિના સિદ્ધાંતો ઉપર નિર્ભર છે, જેને લઈને મનુષ્ય દુનિયામાં જન્મ લે છે. જયારે આ પ્રકૃતિ પ્રત્યેક યુગ અને પ્રત્યેક સ્થિતિમાં કાયમ છે, તો તે કાનૂન અને નિયમ પણ પ્રત્યેક યુગ અને સ્થિતિમાં કાયમ રહેવાં જોઈએ, જે આ પ્રકૃતિ ઉપર આધારિત હોય.

●

મૌલાના સૈયદ અબુલ આ'લા મૌદૂદી

મૌલાના મૌદૂદી (૧૯૦૩ – ૧૯૭૯) વર્તમાન યુગમાં ઈસ્લામના મુખ્ય પ્રેરણા-સ્રોત રહ્યા છે. તેઓ પોતાના સમયના એક મહાન ઈસ્લામી ચિંતક અને લેખક હતા.

તેમણે પોતાનું સંપૂર્ણ જીવન યુગોપેક્ષિત ઈસ્લામની વ્યાખ્યા અને સમજૂતી કરવામાં, તેના સંદેશને ફેલાવવામાં તથા ઈસ્લામી જીવન-વ્યવસ્થાને સ્થાપિત કરવામાં લગાવી દીધુ. આ સંઘર્ષમાં તેમણે અનેક મુશ્કેલીઓ અને સંકટોનો સામનો કરવો પડ્યો. ઈ.સ. ૧૯૪૧માં તેમણે 'જમાઅતે ઈસ્લામી'ની સ્થાપના કરી, જેના તેઓ ઈ.સ. ૧૯૭૨ સુધી 'અમીર' (અધ્યક્ષ) રહ્યા. ઈ.સ.૧૯૪૮ થી ૧૯૬૭ સુધીની મુદ્દતમાં તેમને ચાર વાર જેલમાં જવું પડ્યું, જ્યાં પાકિસ્તાનની અનેક જેલોમાં પાંચ વર્ષનો સમય વ્યતીત થયો. ઈ.સ. ૧૯૫૩માં તો તેમના એક પુસ્તકને આધાર બનાવીને સૈનિક અદાલતે તેમને ફાંસીની સજા સંભળાવી હતી, જે પાછળથી આજીવન કારાવાસમાં બદલી નાખવામાં આવી.

મૌલાના મૌદૂદીએ ૧૦૦થી વધુ પુસતકો લખ્યા છે, જે જ્ઞાનવર્ધક અને અત્યંત લોકપ્રિય પુરવાર થયા છે. તેમના કેટલાક પુસતકોના વિશ્વની જુદી-જુદી ૪૦ ભાષાઓમાં અનુવાદ થઈ ચૂક્યા છે.

---

૧૦. અર્થાત્ અલ્લાહના સિવાય કોઈ પૂજ્ય નથી અને મુહમ્મદ (સલ્લ.) અલ્લાહના રસૂલ છે.